છેલ્લા ૩૭ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**
દિનેશ આર. મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**સાર સમાચાર**
શાંતિલાલ સંઘવી

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**સુડોકુ**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

**શબ્દ રમત**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

**મંગલમંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ**
ચંદ્રા મહેન્દ્ર શાહ (૦૭૯ - ૨૬૭૬૦૨૬૬)

### લેખકોને નમ્ર વિનંતી

'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.

એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.

ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.

– મુખ્યતંત્રી

# અનુક્રમણિકા

*લેખ* — *લેખક* — *પાના નં.*

તંત્રી લેખ :
- બ્રહ્માંડની રચના માટેનું મુળભૂત સૂક્ષ્મ કણ ........ અશોક મહેતા ........ ૭

★

- આગામી કાર્યક્રમો ........ ૧૦

**પર્યાવરણ**
- વૃક્ષારોપણ ........ અશોક મહેતા ..... ૧૧

**સંસ્થા : સુવર્ણ જયંતી મહોત્સવ**
- ગુજરાત સ્થિત કચ્છી જૈન યુવા વર્ગનું સંમેલન ........ પ્રતાપ નારાણજી દંડ ..... ૧૩
- પ્રાપ્ત થયેલ અન્ય નકરાઓની વિગત ........ ૧૩

*લેખ વિભાગ :*

**કચ્છ**
- ટપક સિંચાઈના સથવારે ખેતીમાં મુંદ્રા મોખરે ........ ૧૫
- કચ્છના લોકમેળાઓ ........ હરેશ ધોળકિયા ..... ૧૬
- કચ્છ રાજ્યની વકીલાતની પરીક્ષા ........ નરેશ અંતાણી ..... ૨૧
- કચ્છની ન્યાયતંત્ર વ્યવસ્થા ........ નરેશ અંતાણી ..... ૨૨

**સરદાર સરોવર - નર્મદા**
- જીવાદોરીને ટૂંપો દેવાનો કારસો ........ સનત મહેતા ..... ૨૬

**મહાપર્વ : પર્યુષણ**
- ક્ષમા કરીએ ખરા વેરીને ........ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ ..... ૨૭

**વિચાર વિમર્શ**
- ધર્મ : સિનેમાની ટિકિટનું અડધિયું ........ દિનેશ પાંચાલ ..... ૨૮
- ઈશ્વર નિષ્ઠ - ધર્મનિષ્ઠ ........ શાંતિલાલ સંઘવી ..... ૩૦

**વિચાર મંથન**
- માન્યતાની બીજી બાજુ : રાજવંશ અને રાજઅંશ ........ મુરજી ગડા ..... ૩૧

**સમાજની ક્ષિતિજો**
- કોણી તરી સાંગા, માઝી ચૂક, માઝા ગુન્હા! ........ ડૉ. ગિરીશ વીછીવોરા ..... ૩૩
- સંદેહ નિવારી શાશ્વત શાંતિ બક્ષે એ સદ્‌ગુરુ ........ પ્રા. સૂર્યકાંત ભટ્ટ ..... ૩૫

**તંદુરસ્તી**
- મનના અવયવો ન્યુરોટ્રાન્સમિટર્સ - દવાઓ (૪) ........ ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) ....... ૩૬

**માહિતી**
- રાષ્ટ્રપતિ ભવન ........ સંકલન : ભવાનજી શીવજી ..... ૩૮

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
(ઘર) ૨૬૬૦૩૪૫૮, (ઓ) ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## ઇતિહાસ

● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ
પ્રકરણ-૮ : સમાજની પ્રવૃત્તિનો વિસ્તાર અને
શ્રી કચ્છી વિશ્રામ ગૃહના નિર્માણનો આરંભ ................ સંકલન : પ્રતાપ નારાણજી દંડ ...... ૪૦

## પ્રવાસ વર્ણન

● "માંસાહારી જૈનોનો દેશ" ........ મયૂર દેઢિયા ..... ૪૨

## સાયન્સ અને ટેકનોલોજી

★ ઈનોવેશન : પેન ડ્રાઈવમાં સંપૂર્ણ કોમ્પ્યુટર ............ સંકલન : દિનેશ આર. મહેતા ..... ૪૪
★ ઈશ્વરીય તત્ત્વનું પ્રયોગશાળામાં સર્જન હિગ્ઝ બોઝોન નામના 'ગોડ્સ પાર્ટિકલ'નું નિર્માણ ........ ૪૪
★ વિજ્ઞાનના જ્ઞાન વિના રાષ્ટ્રપ્રગતિ અશક્ય ........ ૪૪
★ બારકોડ વિશે ........ ૪૫

## ફ્લેશ ચેનલ

★ એનર્જી ડ્રિંકની બોટલ પર 'કેફિન ડ્રિંક' લખવું પડશે ★ નકલી નોટની ઓળખ ........ ૪૬
★ ભારતીય સેનામાં કચ્છી લેફ્ટનન્ટ ★ સ્કોટલેન્ડ યાર્ડમાં કચ્છી ડિટેક્ટીવ ........ ૪૬
★ ભુજની વડી ટપાલ કચેરીમાં વિદેશી મનીઓર્ડર સહિતની સુવિધાઓ શરૂ ........ ૪૬
★ બાયપાસ સહિતની સર્જરીના દર ૧૦ થી ૫૦ ટકા ઘટાડવાનો 'એઈમ્સ'નો નિર્ણય........ ૪૬
★ આઈ.ટી.આઈ.ના અને અન્ય સંસ્થાઓના રોજગારી અપાવી શકે તેવા ૧૦૭ કોર્સ ....... ૪૭

## હળવાશની ક્ષણોમાં

● બાલુડેં જ્યું ગાલિયું ........ સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા ..... ૪૯

## નિયમિત વિભાગો

● આંજો કાગર ........ ૫૦
● અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૫૭
● 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ........ ૬૩
● ઓગસ્ટ-૨૦૧૨માં પૂરા થઈ રહેલ લવાજમના ગ્રાહકોની યાદી ........ ૬૩
● સાર સમાચાર ........ સંકલન : શાંતિલાલ સંઘવી ..... ૬૪
● શબ્દ રમત-૭૩ ........ સંકલન : રજનીકાંત પારેખ ..... ૬૭
● સુડોકુ – ૧૦૨૯ ........ સંકલન : રજનીકાંત પારેખ ..... ૬૯
● જાણવા જેવું ........ સંકલન : રજનીકાંત પારેખ ..... ૭૦
● વલોવતન ........ સંકલન : દિનેશ આર. મહેતા ..... ૭૨
● લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી ........ ૭૪
● સમાજ દર્પણ ........ ૭૭
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : ચૂંટણી પંચની જાહેરાત ........ ૭૯
● સંસ્થા સમાચાર ........ ૮૦
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
વાર્ષિક અહેવાલ : વર્ષ ૨૦૧૧-૨૦૧૨ ........ પ્રતાપ નારાણજી દંડ ..... ૯૧
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ........ ૯૭
● ઉડતી નજરે ........ ૧૦૦

Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## બ્રહ્માંડની રચના માટેનું મૂળભૂત સૂક્ષ્મ કણ

## હિગ્ઝ બોઝોન

***– અશોક મહેતા***



*પીટર હિગ્સ*



*સત્યેન્દ્રનાથ બોઝ*

સૂર્ય અને તેની આસપાસ ફરતા પૃથ્વી સહિતના ગ્રહો, ઉપગ્રહો, તારાઓ વગેરે મળીને જે વિશ્વ બને છે તેને આપણે ‘આકાશ ગંગા’ કહીએ છીએ. આપણી આકાશ ગંગાની બહાર પણ આપણા જેવી અનેક આકાશ ગંગાઓ છે. આ સમગ્ર આકાશ ગંગાની દુનિયાને બ્રહ્માંડ કહેવામાં આવે છે. બે આકાશ ગંગાની વચ્ચેના વિસ્તારને ડાર્ક ઝોન - બ્લેક હૉલ કહેવામાં આવે છે.

બ્રહ્માંડમાં પૃથ્વી સિવાય અન્યત્ર સજીવોની ઉત્પત્તિ છે કે નહીં તેનો તાગ મનુષ્ય હજુ સુધી મેળવી શકેલ નથી.

આદિકાળથી એ પ્રશ્ન ઉપસ્થિત થતો આવેલ છે કે આ બ્રહ્માંડની રચના કોણે કરી? શા માટે કરી? તે શાનું બનેલું છે? વગેરે.

પ્રાચીન કાળમાં ભારતના ઋષિ મુનિઓએ (ખરેખર તો તેઓ કદાચ ઉત્તમ કોટીના વૈજ્ઞાનિકો હતા) તેનો તાગ મેળવવા કોશિશ કરેલ હતી. તેઓએ તેનો તાગ મેળવી તેના તારણો આપણી સમક્ષ શાસ્ત્રો દ્વારા રજૂ પણ કરેલ હતા.

ભારતમાં કણાદ ઋષિ ઈસુની સદી પહેલા છઠ્ઠી સદીમાં થઈ ગયા. તેમનું મૂળ નામ કશ્યપ હતું અને તેઓ પ્રભાસ પાટણના હતા. તેમને બાળપણથી જ સૂક્ષ્માતિસૂક્ષ્મ કણોમાં વધારે રૂચિ પેદા થઈ હતી. **તેઓ માનતા કે પદાર્થ ગમે તેટલો સૂક્ષ્મ હોય પરંતુ તે બ્રહ્માંડનો જ એક ભાગ છે. બ્રહ્માંડ આ નગણ્ય સૂક્ષ્મ કણોનું જ બનેલું છે.** કશ્યપના આ જ્ઞાનના કારણે એ સમયે તેમનું નામ કણાદ રાખવામાં આવ્યું હતું. કણાદ ઋષિએ તેના ‘વૈશેષિક દર્શન’ નામના ગ્રંથમાં જણાવેલ છે કે આ સૃષ્ટિની ઉત્પત્તિ અણુ પરમાણુંથી થઈ છે અને આ સૃષ્ટિનો વિનાશ પણ અણુ પરમાણુથી થશે. વધુમાં મહર્ષિ કણાદે કહેલ છે કે આ સૃષ્ટિની ઉત્પત્તિ ૯ દ્રવ્ય અને ૨૪ ગુણથી થયેલ છે અને તે સૃષ્ટિ ઉત્પત્તિના મૂળભૂત પદાર્થ છે. ૯ દ્રવ્ય એટલે પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાર, કાળ, દિશા, આત્મા અને મન. ૨૪ ગુણ એટલે રૂપ, રસ, ગંધ, સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથકત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અમરત્વ, બુદ્ધિ, સુખ, દુઃખ, ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન, ગુરૂત્વ, દ્રુવત્વ, સ્નેહ, સંસ્કાર, ધર્મ, અધર્મ અને શબ્દ.



*કણાદ ઋષિ*

*મનના કહ્યાં પ્રમાણે ચાલે, તે ‘મિકેનિકલ’ કહેવાય.*

આ ગ્રંથમાં અણુ પરમાણુની વ્યાખ્યા એ રીતે અપાયેલ છે કે જે કણને કાપી ન શકાય તે પરમાણુ. ૯૦ પરમાણુનો એક અણુ, બે અણુનો દ્વય અણુ જે સ્થુળ વાયુ છે, દ્વય અણુથી અગ્નિ, ચાર દ્વય અણુથી જલ, પાંચ દ્વય અણુથી પૃથ્વી, ત્રણ દ્વય અણુથી પ્રસરેણુ અને તેના ડબલ થવાથી દૃશ્ય પૃથ્વીની ઉત્પત્તિ થયેલ છે. મહર્ષિ કણાદ પૃથ્વીની ઉત્પત્તિ આ રીતે દર્શાવે છે.

આજથી ૨૬૦૦ વર્ષ અગાઉ ઋષિ કણાદને અને તેઓના જેવા અન્ય અનેક ઋષિ મુનિઓને અણુ - પરમાણુ વિષે આ પ્રકારનું જ્ઞાન હતું તે જાણીને તાજ્જુબ થઈ જવાય છે.

આજના વૈજ્ઞાનિકોના દાવા પ્રમાણે સૃષ્ટિની ઉત્પત્તિ ૧૩.૭૦ અબજ વર્ષ અગાઉ થયેલ છે જ્યારે વેદશાસ્ત્ર પ્રમાણે આ સૃષ્ટિને ઉત્પન્ન થયે ૧,૯૬,૦૮,૫૩,૧૦૮ (એક અબજ છન્નુ કરોડ આઠ લાખ ત્રેપન હજાર એકસો આઠ) વર્ષ થયેલ છે. આ શાસ્ત્ર પ્રમાણે પૃથ્વીનું આયુષ્ય ૪,૨૯,૮૦,૪૦,૦૦૦ (ચાર અબજ ઓગણત્રીસ કરોડ એંસી લાખ ચાલીસ હજાર) વર્ષનું છે. અત્યાર સુધીના વીતી ગયેલા વર્ષો બાદ કરતાં પૃથ્વીનું બાકી આયુષ્ય ૨,૩૩,૭૧,૮૬,૮૯૨ (બે અબજ તેંત્રીસ કરોડ ઈક્કોત્તેર લાખ છ્યાંસી હજાર આઠસો બાણું) વર્ષનું બાકી રહે છે.

ઉપરોક્ત હકીકતો શાસ્ત્રોમાં છે પરંતુ વિજ્ઞાન માંગે તેવા કોઈ પુરાવા રજૂ કરી શકાતા નથી. વિજ્ઞાન નક્કર પુરાવા પર આધારિત છે અને તેથીજ આજના વૈજ્ઞાનિકો નવી નવી શોધખોળ કરીને પુરાવા સહિતની હકીકતો રજૂ કરે છે.

ગ્રીક વિદ્વાનો માનતા કે બ્રહ્માંડ ચાર તત્ત્વોનું બનેલું છે : જળ, વાયુ, અગ્નિ અને પૃથ્વી.

ભારતીય વિદ્વાનો માનતા કે બ્રહ્માંચ પાંચ તત્ત્વોનું બનેલું છે : જળ, વાયુ, અગ્નિ, પૃથ્વી અને આકાશ.

આજે વિજ્ઞાન ભારતીય વિદ્વાનોના તત્ત્વોની વાત સાથે સહમત થાય છે.

વિજ્ઞાનીઓ દ્વારા પાંચ તત્ત્વોનો ઊંડો અભ્યાસ કરવામાં આવ્યો અને **એવા નિષ્કર્ષ પર આવ્યા કે પદાર્થો તત્ત્વોના બનેલા છે અને તત્ત્વો અણુઓના બનેલા છે.** અણુનું વિભાજન કરવાથી તેમાંથી ઈલેક્ટ્રોન, પ્રોટોન અને ન્યુટ્રોન નીકળ્યા. આગળ જતાં ખ્યાલ આવ્યો કે પ્રોટોન મુળભૂત પદાર્થ નથી. તેથી તેને તોડવામાં આવ્યો તો તેમાંથી ૬ પ્રકારના ક્વાર્ટઝ નીકળ્યા. આ પદ્ધતિને છેલ્લા ૫૦ વર્ષથી વિકસાવવામાં આવેલ છે અને તેના કારણે કેટલાક નવા પદાર્થકણો શોધાયા પણ છે.

**આધુનિક વૈજ્ઞાનિકોના મત પ્રમાણે બ્રહ્માંડની રચના માટે ૧૨ સૂક્ષ્મ કણને જવાબદાર ગણવામાં આવે છે.** ઉપરોક્ત પ્રયોગથી ૧૧ કણને તો શોધી શકાયા કે જે વજનમાં હલકા હતા અથવા તો તેઓમાં દ્રવ્ય ન હતું. **બારમા કણને શોધવાનું બાકી હતું.** માન્યતા પ્રમાણે તે વજનમાં થોડું ભારે એટલે કે દ્રવ્ય વાળું હતું. તેને "હિગ્ઝ બોઝોન" કણ નામ આપવામાં આવ્યું. તેને શોધવા માટે ખૂબજ ઊર્જાથી પ્રોટોનને વિરુદ્ધ દિશાએથી ટકરાવવા પડે અને તોજ તેના દર્શન થઈ શકે તેવી વૈજ્ઞાનિકોની માન્યતા હતી. હિગ્ઝ બોઝોન પાર્ટીકલ બ્રહ્માંડ જન્મ્યું ત્યારે ઉત્પન્ન થયા હતા. માટે તેના દર્શન કરવા હોય તો બ્રહ્માંડ જન્મ્યું ત્યારે જે બિગ બેંગની પરિસ્થિતિ હતી તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવું પડે.



*આલ્બર્ટ આઈન્સ્ટાઈન અને સત્યેન્દ્રનાથ બોઝ*

તે માટે જીનિવા સ્થિત યુરોપિયન ઓર્ગેનાઈઝેશન ફોર ન્યુક્લિયર રીસર્ચ - "સર્ન" નામની સંસ્થા દ્વારા "લાર્જ હેડ્રોન કોલાઈડર" નાનું એક્સેલેટર બનાવવામાં આવ્યું. ફ્રાંસ અને સ્વિટ્ઝરલેન્ડની સરહદ પર જમીનમાં ૩૦૦ મીટરની ઊંડાઈએ, ૨૮ કિલોમીટર લાંબી અર્ધગોળાકાર ટનલનું નિર્માણ કરવામાં આવ્યું. ત્યાં ઉત્પન્ન થનાર ભયંકર ઊર્જા અને ગતિને નિયંત્રિત કરવા માટે ૭૦૦૦ ટન ચુંબકો ગોઠવવામાં આવ્યા. એ સ્થિતિને સમતુલનમાં રાખવા -૨૭૧ અંશ ઉષ્ણતામાન ઉત્પન્ન કરવામાં આવ્યું.

*જે પોતાના ધ્યેય પ્રમાણે ચાલે તે મનુષ્ય કહેવાય.*

તેમાં અબજો પ્રોટોન ભરેલા વાદળોને એકબીજાની વિરૂધ્ધ દિશામાં પ્રકાશની ગતિએ દોડાવી ટકરાવવામાં આવ્યા. એક સેકન્ડમાં પ્રોટોન કણોએ સુરંગના અગિયાર હજાર ચક્કર મારી દીધા. તેનાથી ૧૦ અબજ સેલ્સિયસનું તાપમાન સર્જાયું. આ તાપમાન સૂરજના કેન્દ્રના તાપમાનથી લાખો ઘણું વધું છે. **તાપમાન વધતાં, પ્રોટોન કણ તૂટી, હિગ્ઝ બોઝોન જેવા કણો અસ્તિત્વમાં આવ્યા કે જેણે બીજા કણોને પણ જોડ્યા.** આ બધું કોમ્પ્યુટર પર નોંધાઈ ગયેલ છે. આ નવો કણ હિગ્ઝ બોઝોન કણ જેવો છે પરંતુ તે હિગ્ઝ બોઝોન કણ જ છે કે નહીં તેની વૈજ્ઞાનિકોએ ચોક્કસતા કરવાની બાકી છે.

આ પદાર્થ કણ બ્રહ્માંડના બીજા બધા જ કણોને દ્રવ્ય એટલે કે વજન આપે છે, અસ્તિત્વ આપે છે માટે તેને બ્રહ્માંડનો એક અંશ પણ કહેવાય છે અને તેથી જ તેને ગોડ પાર્ટીકલ પણ કહેવાય છે. આ કણની શોધથી બ્રહ્માંડની રચના કઈ રીતે થયેલ છે તેની વધુ ચોક્કસ માહિતી આવતા દિવસોમાં મળી શકશે.

૫૦૦ અબજ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ લાર્જ હેડ્રોન કોલાઈડર ૨૦૦૮માં શરૂ થયું પણ થોડા દિવસમાં તેમાં ખામી નજરે પડતાં, તેને બંધ કરી દેવામાં આવ્યું. ૨૦૦૯માં તેને ફરીથી શરૂ કરી દેવામાં આવ્યું અને આજે તેના પરિણામો વિશ્વને સાંપડી ચૂકેલ છે.

આ પ્રયોગના મશીનો અને ડિટેક્ટરો બનાવવા ભારતીય વિજ્ઞાનીઓ અને ઉદ્યોગોનું પણ મોટું યોગદાન છે. ‘‘ફોટોન મલ્ટીપ્લીસિટી ડિટેક્ટર’’ અને ‘‘મુઓન ચાર્મ’’ એમ બે સાધનો કલકત્તાની ‘‘ન્યુક્લિયર ફિઝિક્સ અને એનર્જી’’ સાથે સંકળાયેલી બે સંસ્થાના વિજ્ઞાનીઓએ જ બનાવી આપ્યા છે અને તે સફળતાપૂર્વક કામ કરે છે. આ પ્રયોગે આપેલ માહિતીનું પૃથક્કરણ કરવામાં પણ ભારતીય વિજ્ઞાન સંસ્થાઓ જોડાયેલી છે. (૧) તાતા ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફન્ડામેન્ટલ રિસર્ચ, (૨) શાહ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ન્યુક્લિયર ફિઝિક્સ, (૩) સત્યેન્દ્રનાથ બોઝ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફિઝિકલ સાયન્સીસ, (૪) વેરીયેબલ એનર્જી સાઈક્લોટ્રોન, (૫) ભાભા એટમિક રિસર્ચ સેન્ટર અને (૬) દિલ્હી યુનિવર્સિટી જેવી સંસ્થાઓ પોતાનું યોગદાન આપી રહેલ છે.

આ પ્રયોગ ભારતીય ઋષિઓના જ્ઞાન, વિજ્ઞાન અને ધારણા સાથે એકાત્મતા સાધે છે તે આપણા માટે ગર્વ લેવા જેવી વાત છે.

દરમ્યાન, ગયા વર્ષે ડિસેમ્બરમાં જેની જાહેરાત કરવામાં આવી હતી તે ન્યુટ્રીનો નામના કણની હાજરી તપાસવા અને તેની માહિતી મેળવવાના પ્રયોગો ભારતના વિજ્ઞાનીઓ ચાલુ કરી રહ્યા છે. આ માટે ભારતીય વિજ્ઞાનીઓએ સ્વિટ્ઝરલેન્ડમાં આવેલી સર્ન પ્રયોગશાળા જેવી, પરંતુ થોડી નાની પ્રયોગશાળા તામિલનાડુના થેની જિલ્લામાં બનાવવાની યોજના તૈયારી કરી લીધા બાદ તેની રચના કરવા આગળ વધી રહ્યા છે.

**આવતા દસકમાં બ્રહ્માંડની ઉત્પત્તિ માટે અને તેની રચના તથા અસ્તિત્વ માટે અવનવી વાતો જાણવા મળશે.** કદાચ નાસ્તિક અને આસ્તિકની વિચારસરણીની ચર્ચા પણ વધુ જોર પકડશે. આવતો દસકો આ દૃષ્ટિએ ખૂબ જ રસદાયક બની રહેશે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

## વિજ્ઞપ્તિ

***‘‘મંગલ મંદિર’’માં પ્રકાશિત કરવા અર્થે મોકલાતી કોઈપણ સામગ્રી જે - તે મહિનાની તા. ૧૫ સુધી મળશે તો જ તે માસના અંકમાં પ્રસિધ્ધ કરી શકાશે. અન્યથા તે સામગ્રી ત્યાર પછીના અંક માટે રાખવામાં આવશે.***

- અત્રે મોકલાતી સામગ્રી ખૂબ અવ્યવસ્થિત હોય છે. હવે પછી આવી સામગ્રીને પ્રસિધ્ધિ માટે સ્થાન મળશે નહીં.
- અત્રે મોકલાતી સામગ્રીને ‘મંગલ મંદિર’માં સ્થાન મળશે જ, તેવું માનવાને કાંઈ કારણ નથી. ‘મંગલ મંદિર’ને અનુકૂળ ન હોય તેવી સામગ્રી પ્રસિધ્ધ થશે નહીં અથવા તો કાપકૂપ સુધારા-વધારા સાથે લેવાશે.
- કોઈપણ વિભાગ અથવા અન્ય હેતુ માટે એકથી વધારે સામગ્રી એક સાથે મોકલાશે તો તેમાંથી માત્ર એક જ યોગ્ય સામગ્રી પ્રકાશિત થશે. વધારાની સામગ્રી રદબાત્તલ થશે.
- કોઈપણ પ્રકારના અહેવાલ અથવા નોંધ સાથે તસવીર પ્રસિધ્ધ કરવાનો આગ્રહ નહીં રાખવા વિનંતી છે. જરૂર જણાશે તેવા કિસ્સામાં તસવીરને અવશ્ય સ્થાન મળશે.
- ઉપરોક્ત વિગત ‘મંગલ મંદિર’ના તમામ વિભાગો જેવાં કે લેખ, માહિતી, અન્ય સંસ્થાઓના સમાચાર, સંસ્થાના સમાચાર, સમાજ દર્પણ, આંજો કાગર, અન્ય નોંધ, સમિતિઓના અહેવાલો, કાર્યક્રમોની જાહેરાત વગેરે તમામ વિભાગ - કોલમને લાગુ પડે છે.

***સંપૂર્ણ સહકારની અપેક્ષા સાથે.... આભાર.***

***– મુખ્યતંત્રી***

# આગામી કાર્યક્રમો

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| • બુધવાર, તા. ૧૫-૮-૨૦૧૨<br>સવારે ૯.૦૦થી ૯.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. | મધ્યસ્થ કાર્યાલય દ્વારા<br>સ્વાતંત્ર્ય દિન - ધ્વજ વંદન કાર્યક્રમ. |
| • બુધવાર, તા. ૧૯-૮-૨૦૧૨<br>સવારે ૯.૦૦થી ૧૨.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. | શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ આયોજિત "હું અને મારું પ્રદાન" વિષય ઉપર ૪૫ વર્ષથી ઉપરની વ્યક્તિઓ માટે પરિસંવાદ. (નંદક પંડ્યા દ્વારા) |
| • રવિવાર, તા. ૨૬-૮-૨૦૧૨<br>બપોરે ૩.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. | વિદ્યાર્થી પુરસ્કાર સમિતિ આયોજિત<br>સરસ્વતી સન્માન કાર્યક્રમ (વક્તવ્ય સહિત) |
| • રવિવાર, તા. ૨૮-૮-૨૦૧૨<br>સાંજે ૪.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. | વયસ્ક સમિતિ આયોજિત<br>અંતાક્ષરી અને વિવિધ રમતો. |
| • રવિવાર, તા. ૯-૯-૨૦૧૨<br>સવારે ૧૦.૦૦થી ૬.૦૦ | એ.સી. ઓડીટોરિયમ, અમદાવાદ | મધ્યસ્થ કાર્યાલય દ્વારા :<br>ગુજરાત સ્થિત કચ્છી જૈન યુવતીઓ અને યુવાઓનું સંમેલન.<br>(શનિવાર તા. ૮-૯-૨૦૧૨ સાંજ સુધી અમદાવાદ પહોંચવું) |
| • રવિવાર, તા. ૩૦-૯-૨૦૧૨<br>સવારે ૧૦.૦૦થી ૧.૦૦ | એ.સી. ઓડીટોરિયમ, અમદાવાદ | મધ્યસ્થ કાર્યાલય દ્વારા :<br>વાર્ષિક સ્નેહમિલન, ક્ષમાપના કાર્યક્રમ તથા સ્વામિવાત્સલ્ય જમણ. |
| • રવિવાર, તા. ૩૦-૯-૨૦૧૨<br>સવારે ૧૦.૦૦થી ૧.૦૦ | એ.સી. ઓડીટોરિયમ, અમદાવાદ | મહિલા ઉત્કર્ષ સમિતિ આયોજિત કન્સેશનલ દરે માત્ર મહિલાઓ માટે સંપૂર્ણ બોડી ચેક-અપ નોંધણી કાર્યક્રમ. |
| • શુક્રવાર, તા. ૫-૧૦-૨૦૧૨થી<br>સોમવાર, તા. ૮-૧૦-૨૦૧૨ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી ગુરુવાર, તા. ૪-૧૦-૨૦૧૨ રાત્રિના ૧૦.૦૦ વાગે પ્રવાસ શરૂ થશે. | વયસ્ક સમિતિ આયોજિત યાત્રા પ્રવાસ<br>(અમદાવાદ, જોધપુર, જેસલમેર, નાકોડાજી, ભીનમાલ, જોધપુર, અમદાવાદ) |
| • રવિવાર, તા. ૧૪-૧૦-૨૦૧૨થી<br>સવારે ૯.૦૦થી ૧૨.૦૦ | મેડિકલ સેન્ટર,<br>શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.<br>૧૦.૦૦ વાગે પ્રવાસ શરૂ થશે. | તબીબી સેવા સમિતિ આયોજિત તબીબી નિદાન નિઃશુલ્ક કેમ્પ.<br>(૧) જનરલ સર્જરી, (૨) ગાયનેક તથા કેન્સર (૧૮ વર્ષથી ઉપરની કોઈપણ મહિલા માટે) જરૂરિયાત મુજબ પૅપ ટેસ્ટ નિઃશુલ્ક કરી આપવામાં આવશે. (૩) કેન્સર નિઃશુલ્ક નિદાન (૫ વર્ષથી ઉપરની કોઈપણ વ્યક્તિ માટે.) (૪) ગેસ્ટ્રો એન્ટ્રોલોજી (૫) યુરોલોજી. |
| • શનિવાર, તા. ૨૧-૧૦-૨૦૧૨<br>રાત્રિના ૮.૦૦થી | ઑપન પાર્ટી પ્લોટ, અમદાવાદ | મધ્યસ્થ કાર્યાલય દ્વારા :<br>નવરાત્રિ મહોત્સવ, રાસ-ગરબા તથા હરીફાઈ. |
| • સોમવાર, તા. ૨૯-૧૦-૨૦૧૨<br>રાત્રિના ૮.૦૦થી ૧૨.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | યુવા વિકાસ સમિતિ આયોજિત<br>શરદોત્સવ, દાંડિયા-રાસ હરીફાઈ. |
| • બુધવાર, તા. ૩૧-૧૦-૨૦૧૨<br>બપોરે ૩.૦૦થી ૬.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | કુકિંગ ડેમોન્સ્ટ્રેશન (નૂતન વર્ષની નવી વાનગીઓ) |
| • રવિવાર, તા. ૨૫-૧૧-૨૦૧૨ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | યુવા વિકાસ સમિતિ આયોજિત<br>(૧) સંગીતની વિવિધ હરીફાઈઓ (નૃત્ય, કંઠ્ય અને વાદ્ય)<br>(૨) નિબંધ હરીફાઈ. |

*માનવ ધર્મ કોને કહેવાય કે તમે સામાને સુખ આપો તો તમને સુખ મળે ને સામાને દુઃખ આપો તો તમને દુઃખ મળે.*

અપીલ

# વૃક્ષારોપણ

**પર્યાવરણમાં ફેલાતા દૂષિત કાર્બન સામે વૃક્ષારોપણ એક ઈચ્છનીય પગલું છે**
**વૃક્ષારોપણના ક્ષેત્રે આગળ વધવા આ સમાજને સહકાર આપવા અપીલ કરવામાં આવે છે**

થોડા દિવસ અગાઉ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના એક સક્રિય કાર્યકર તથા હિતચિંતક એવા શ્રી હરખચંદભાઈ સાવલાનો યુ.એસ.એ.થી ફોન આવ્યો કે આ સમાજે તેના સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાન એક દૂરોગામી નિર્ણય લેવો જોઈએ. વધુમાં તેમણે જણાવેલ કે એ હકીકત હવે સ્વયં સ્પષ્ટ થયેલ છે કે વાતાવરણમાં કાર્બન વધુ માત્રામાં ફેલાઈ જવાના કારણે **સમગ્ર દુનિયાનું પર્યાવરણ દૂષિત થયેલ છે અને પૃથ્વી ફરતે કાર્બનના આવરણના કારણે ગ્લોબલ વોર્મિંગની વાતો થતી રહે છે.** તેના પ્રતિસાદ સ્વરૂપે દરેક સરકારે, સંસ્થાઓએ, સમાજે, ઉદ્યોગગૃહોએ કે નાગરિકોએ વ્યક્તિગત સ્વરૂપે તેના ઉપાયો પોતાની ફરજ સમજીને યોજવા જોઈએ. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે તેના સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાન ૧,૦૦,૦૦૦ વૃક્ષ વાવી, તેને ઉછેરીને મોટા કરવાનો નિર્ણય લેવો જોઈએ અને ત્યારબાદ પણ તેની કાર્યવાહી આગળ ધપાવવી જોઈએ.

શ્રી હરખચંદભાઈની રજૂઆત યોગ્ય અને ખૂબજ સારી હોવાના કારણે તે અંગેના તમામ પ્રયાસો આદરી દેવામાં આવ્યા.

સૌપ્રથમ બિદડા સ્થિત શ્રી એલ.ડી. શાહનો સંપર્ક સાધી વાત કરવામાં આવી. તેઓએ વૃક્ષારોપણ અંગેના પોતાના અત્યાર સુધીના અનુભવો જણાવ્યા અને જો આ સમાજ તે માટે આગળ વધવા ઈચ્છા ધરાવતો હોય તો તે માટે પોતાનો સંપૂર્ણ સહકાર આપવાની વાત પણ ઉચ્ચારી.

શ્રી એલ.ડી. શાહના કહેવા અનુસાર કચ્છમાં આ ક્ષેત્રે કાર્યરત એવા શ્રી વસનજીભાઈ સોનીનો સંપર્ક સાધવામાં આવ્યો અને તેઓને પણ 'શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ' આ ક્ષેત્રે આગળ વધે તેવી ખુશી દર્શાવી.

ત્યારબાદ આ ક્ષેત્રે અનુભવી અને માહેર અન્ય ૬-૮ વ્યક્તિઓ સાથે ચર્ચા કરવામાં આવી.

તેઓ સહુની વાત સાંભળ્યા બાદ નીચે મુજબના મુદ્દા તરી આવ્યા :

★ કચ્છમાં હાલે ૮૨ પાંજરાપોળો છે. અનેક પાંજરાપોળ પાસે પોતાના ગામમાં સારી એવી જમીન છે. અગર કોઈ પાંજરાપોળ ઈચ્છે તો જે તે જમીનમાં વૃક્ષવાટિકા, વૃક્ષવન કે વૃક્ષગાર્ડન ઊભું કરી શકાય.
★ કચ્છના અનેક ગામોમાં કમ્પાઉન્ડ વોલ અને ચોગાન સાથેની શાળાઓ છે. આ શાળાઓની કમ્પાઉન્ડ વોલ ફરતે યોગ્ય રીતે વૃક્ષારોપણ કરી શકાય.
★ કચ્છના અનેક ગામોમાં એક કે એકથી વધુ તળાવો છે. આ તળાવોની પાળ ફરતે વૃક્ષારોપણ કરી શકાય.
★ મુખ્ય રસ્તાથી ગામમાં જતા નાના રસ્તાની બંને બાજુએ વૃક્ષારોપણ કરી શકાય.
★ કોઈ પોતાની ૪-૫ એકર જમીન ઉપર વૃક્ષો ઉગાડવાની ઈચ્છા ધરાવતા હોય તો ત્યાં પણ વૃક્ષારોપણ કરી શકાય.
★ ભુજ કે ગાંધીધામ જેવા શહેરો કે જ્યાં વૃક્ષારોપણની ખાસ જરૂરિયાત દેખાઈ આવે છે ત્યાં વૃક્ષારોપણ કરી શકાય.
★ અમદાવાદ જેવા શહેરમાં પણ આ પ્રકારના કાર્યો હાથ પર લઈ શકાય.
★ જાહેર મંદિર અથવા ધર્મશાળાઓને પણ આવરી શકાય.
★ કચ્છના અનેક ગામના સ્મશાનના વિસ્તારમાં વૃક્ષારોપણ કરવામાં આવે તો તેના અનેક ફાયદા મળી શકે.

ઉપરોક્ત વિગતો મળ્યા બાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટી મંડળની મિટિંગમાં આ યોજના રજૂ કરવામાં આવેલ હતી. ચર્ચા વિચારણાના અંતે સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાન હાલના તબક્કે ૧૦,૦૦૦ વૃક્ષો વાવીને તેને ઉછેરવાની દરખાસ્તને મંજૂર કરવામાં આવેલ હતી. આ વૃક્ષો કચ્છ કે અમદાવાદમાં વાવી શકાય તેવું પણ નક્કી કરવામાં આવેલ હતું. જરૂરિયાત અનુસાર ભલે ઓછા ઝાડ

*'સર્વ દુઃખોથી મુક્તિ શી રીતે થાય' એ જાણવા માટે જ આ જીવન જીવવાનું છે.*

રોપીએ પરંતુ જેટલા વૃક્ષો રોપીએ તેનો ઉછેર કરવા પૂરેપૂરા પ્રયાસ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. સુવર્ણ જયંતી વર્ષ બાદ પણ આ કાર્યક્રમ ચાલુ રાખવાનું નક્કી કરવામાં આવેલ હતું.

ઉપરોક્ત હકીકતને નજર સમક્ષ રાખીને એક વૃક્ષ દીઠ અંદાજિત ખર્ચ રૂા. ૨,૦૦૦/-ની ગણના કરવામાં આવેલ હતી. (જરૂરત પડે ત્યાં રૂા. ૧,૦૦૦/- પિંજરા દીઠ ખર્ચ થાય છે. જ્યાં વાયર ફેન્સીંગની જરૂરિયાત હોય ત્યાં પણ વૃક્ષ દીઠ રૂા. ૭૦૦/-થી ઉપર જ ખર્ચ થાય છે.) તેથી એક વૃક્ષ દીઠ રૂા. ૨,૦૦૦/-નું ડોનેશન પ્રાપ્ત કરવું તેવું નક્કી કરવામાં આવેલ હતું.

ઉપરોક્ત પહેલનો કેટલાક મહાનુભાવોએ અનુકૂળ પ્રતિસાદ આપેલ છે, જેની વિગત નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| **રૂા.** | **૧,૦૦,૦૦૦/-** | **શ્રી હરખચંદ કુંવરજી સાવલા (તલવાણા - અમદાવાદ)**<br>**(૨ થી ૪ એકર જમીનમાં વૃક્ષવાટિકા ઊભી કરવાની ઓફર પણ તેમના તરફથી પ્રાપ્ત થયેલ છે.**<br>**(૨૦ ફૂટ x ૨૦ ફૂટના અંતરે વૃક્ષો વાવવામાં આવે તો સામાન્ય સંજોગોમાં એક એકરે ૧૨૫ વૃક્ષો વાવીને ઉછેરી શકાય.)** |
| **રૂા.** | **૧,૦૦,૦૦૦/-** | **દીપ ઈન્ડસ્ટ્રીઝ - અમદાવાદ. હા. શ્રી શાંતિલાલભાઈ સાવલા તથા શ્રી કાંતિલાલભાઈ સાવલા.** |
| **રૂા.** | **૭૯,૦૦૦/-** | **શ્રી એલ.ડી. શાહ (ડુમરા - બિદડા)**<br>**(તેમના ધર્મપત્ની શ્રીમતી સાકરબેન (જયાબેન) લક્ષ્મીચંદ દેવજી શાહ**<br>**તા. ૨૬-૬-૨૦૧૨ના ૭૯ વર્ષ પૂર્ણ કર્યા હોવાના પ્રસંગે)** |
| **રૂા.** | **૧૦,૦૦૦/-** | **શ્રી પંકજ મગનલાલ દેઢિયા (વૃક્ષ - ૫ x રૂા. ૨૦૦૦ પ્રતિ વૃક્ષ)** |
| **રૂા.** | **૨,૦૦૦/-** | **યોજનાની શુભ શરૂઆત માટે શ્રી શાંતિલાલ મોતીચંદ સંઘવી (મુંદ્રા - અમદાવાદ)** |
| **રૂા.** | **૧,૦૦૦/-** | **શ્રી મધુભાઈ બજરીયા - રાઉરકેલા.** |

વૃક્ષારોપણને જેઓ કોઈપણ સ્વરૂપે સમર્થન આપવાની ઈચ્છા ધરાવે છે અને જેઓ પ્રદૂષિત વાતાવરણને સુધારવાની ઈચ્છા ધરાવી રહ્યા છે તે સહુ પર્યાવરણ પ્રેમીઓને અપીલ કરવામાં આવે છે કે ઓછામાં ઓછા ૧૦,૦૦૦ વૃક્ષો "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ" ચાલુ વર્ષ દરમ્યાન રોપીને ઉછેરી શકે એ રીતે પોતાની ઈચ્છા અનુસારનો ચેક "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"ના નામનો લખીને સંસ્થાના કાર્યાલય શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલી આપે કે જેનાથી આ કાર્યને સુંદર રીતે આગળ ધપાવી શકાય.

**અશોક મહેતા**
**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## રક્ષાબંધન

રક્ષા બંધનનો પવિત્ર તહેવાર એટલે કે ભાઈ-બહેનના પ્રેમ અને વિશ્વાસની ઉજવણીનો તહેવાર. નાળિયેરી પૂર્ણિમાએ ઊજવાતા આ તહેવારની શરૂઆત થઈ બલીરાજા અને લક્ષ્મીજીથી. બલીરાજા ભગવાન વિષ્ણુના પરમ ભક્ત હતા. તેમની ભક્તિ પર પ્રસન્ન થઈ વિષ્ણુજીએ તેમનું રાજ્ય સંભાળવાનું વચન આપ્યું. આ વચન નિભાવવા વિષ્ણુજી વૈકુંઠ છોડી બલીરાજાના સ્થળે આવ્યા. આ વાતથી ચિંતિત ભગવાન વિષ્ણુના પત્ની દેવી લક્ષ્મી, એક ગરીબ બ્રાહ્મણ મહિલાના સ્વરૂપે બલીરાજા પાસે ગયા અને નાળિયેરી પૂર્ણિમાના દિવસે લક્ષ્મીજીએ બલીરાજાને રાખડી બાંધી. આ બંધનથી લાગણીવશ થઈ બલીરાજાએ લક્ષ્મીજીને ભેટ આપવાની ઈચ્છા દર્શાવી. લક્ષ્મીજીએ બલીરાજાને સચ્ચાઈની જાણ કરી અને ભગવાન વિષ્ણુને પરત માંગ્યા. બલીરાજાએ તુરંત વિષ્ણુજીને પરત જવાનું કહ્યું અને દર વર્ષે એ જ દિવસે વિષ્ણુજી અને લક્ષ્મીજી પાસેથી પોતાને ત્યાં આવવાનું વચન લીધું.

આ રીતે આપણે આજ સુધી નાળિયેરી પૂર્ણિમાના દિવસે રક્ષાબંધન મનાવીએ છીએ. બહેન - ભાઈના પવિત્ર સંબંધની ખુશીઓ ભરી ઉજવણી એટલે રક્ષાબંધન. સૌની આ ખુશીઓ બની રહે અને સહુના પવિત્ર સંબંધને કોઈની નજર ના લાગે, તેવી શુભેચ્છા વ્યક્ત કરીએ છીએ. ■

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સુવર્ણ જયંતી મહોત્સવ સમિતિ દ્વારા ગુજરાત સ્થિત કચ્છી જૈન યુવાવર્ગનું સંમેલન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેની કારકિર્દીના ૪૯ વર્ષ પૂર્ણ કરીને હાલે તેની સુવર્ણ જયંતી ઉજવી રહ્યું છે. તે પ્રસંગના યાદગાર વર્ષમાં વિવિધ સમાજોપયોગી કાર્યક્રમો દ્વારા ઉજવવાનું સમાજના ટ્રસ્ટ મંડળે નિર્ણય કરી સમગ્ર વર્ષભરનાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરેલ છે. તે પૈકી અત્યાર સુધી યોજાયેલા તમામ મુખ્ય કાર્યક્રમોની સર્વત્ર પ્રશંસા થઈ છે. આ પ્રકારના એક અન્ય રસપ્રદ અને જ્ઞાનવર્ધક કાર્યક્રમનું આયોજન રવિવાર, તા. ૯-૯-૨૦૧૨ના રોજ અમદાવાદ ખાતે કરેલ છે. જેમાં ગુજરાત સ્થિત દરેક કચ્છી જૈન સમાજમાંથી ૨૧થી ૩૦ વર્ષના યુવક અને યુવતીઓ સામેલ થશે. આજના સમયને અનુરૂપ "Career Guidance - Opportunity - સહજીવનની સમજ - જનરેશન ગેપ - લગ્નસાથી શોધવા સંબંધી મૂંઝવણ" જેવા ઉપયોગી વિષયોનાં નિષ્ણાતો પાસેથી Lecture, Games, Workshops, Debate દ્વારા માહિતીની આપ-લે કરવામાં આવશે. આ કાર્યક્રમમાં આવનાર યુવક અને યુવતીઓ માટે આ કાર્યક્રમ એક જીવનભરનું સંભારણું બની રહેશે એવી અમને સંપૂર્ણ શ્રદ્ધા છે. ગુજરાત સ્થિત દરેક કચ્છી જૈન સંસ્થામાંથી ઉપરોક્ત કાર્યક્રમમાં ૨ યુવકો અને ૨ યુવતીઓ (કુલ-૪) ભાગ લેશે તેવી ગણતરી રાખેલ છે.

શનિવાર, તા. ૮-૯-૨૦૧૨ના રાત્રે ૯.૦૦ કલાકે એક કાર્યક્રમ અને રવિવાર, તા. ૯-૯-૨૦૧૨ના સવારના ૧૦.૦૦થી સાંજે ૬.૦૦ વાગ્યા સુધીના કાર્યક્રમોનું આયોજન છે. કાર્યક્રમમાં ભાગ લેનાર યુવક અને યુવતીઓના નામ બહારગામની દરેક સંસ્થા તેમજ અમદાવાદ - ગાંધીનગર સ્થિત ઉપરોક્ત વયવાળા દરેક યુવક - યુવતીઓ પોતાના નામ તા. ૨૦-૮-૨૦૧૨ સુધીમાં અત્રે મોકલાવી આપે તેવી વિનંતી છે, જેથી તે સંબંધી તમામ વ્યવસ્થાના આયોજનમાં સરળતા રહે.

**પ્રતાપ નારાણજી દંડ**
માનદ્ મંત્રી
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

---

## સુવર્ણ જયંતી મહોત્સવ

### પ્રાપ્ત થયેલ અન્ય નકરાઓની વિગત

| | | |
|---|---|---|
| રૂા. ૧.૫૧ લાખ | દાવડા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લિ. હ. શ્રી હિતેશભાઈ દાવડા | નવરાત્રી મહોત્સવ પ્રસંગે |
| રૂા. ૧.૦૦ લાખ | મે. નવભારત સાહિત્ય મંદિર, હ. શ્રી જયેશભાઈ કોરડિયા | સુવર્ણ જયંતી વર્ષ પ્રસંગે |

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ઉપરોક્ત દાનોનો સહર્ષ સ્વીકાર કરે છે અને દાનવીર ગૃહસ્થોનો ખૂબ ખૂબ આભાર માને છે.*

**પ્રતાપ નારાણજી દંડ**
માનદ્ મંત્રી
**શ્રી ક.જૈ.સે.સમાજ - અમદાવાદ**

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

# અમદાવાદનું આગવું આકર્ષણ એટલે.... "કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ"

★

## અમદાવાદ શહેરમાં સર્વપ્રથમ આકાર પામેલું અને.... જોવાલાયક સ્થળોની યાદીમાં.... અગ્ર ક્રમે....

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા તેની સુવર્ણ જયંતીની ઉજવણીના વર્ષ દરમ્યાન તા. ૧૪-૪-૨૦૧૨ના રોજ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ખાતે "કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ"નું લોકાર્પણ કરવામાં આવેલ છે.

## આ મ્યુઝિયમમાં આપ શું નિહાળશો?

કચ્છ જિલ્લાને સંબંધિત માહિતી તેમજ ભૂસ્તર, જીવ અશ્મિઓ, વહાણ કામ, માટી કલા, કચ્છી ચલણ, વાજિંત્રો, વિવિધ કોમોના ડાયોરમા, બે-મિશાલ હસ્તકલાના અદ્‌ભુત નમૂના વગેરે નિહાળીને આપ પ્રસન્ન થશો.

દરરોજ સંખ્યાબંધ લોકો આ મ્યુઝિયમની વિવિધ વિભાગો નિહાળીને પ્રશંસા કરી રહ્યા છે.

**યાદ રાખશો.... એક નવી અજાયબી.... કચ્છ દર્શન. અને કચ્છ દર્શન એટલે કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ - અમદાવાદ...**

● સ્થળ ●

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહ**

રાજસ્થાન હોસ્પિટલ પાસે, ગાંધી વિદ્યાલયની ગલીમાં, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : (૦૭૯) ૨૨૮૮૪૫૪૭

**સમય : સવારે ૯.૦૦થી ૧૨.૦૦ ● સાંજે ૪.૦૦ થી ૭.૦૦**

**પ્રતાપ નારાણજી દંડ**
માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ


*M/s. Jethabhai Doongarshi Transport Pvt. Ltd.*



*M/s. J. D. Roadlines*
*M/s. J. D. Logistics*
*M/s. J. D. Transport Co.*



**TRANSPORT CONTRACTORS & FLEET OWNERS**

**DAILY SERVICE FROM**
**RAJKOT, JAMNAGAR, AHMEDABAD, SURAT, VAPI**
**TARAPURE, MUMBAI TO PUNE & CHINCHWAD**

**Full Truck Load Service All Over Maharashtra & Gujarat**

**PUNE**
708/18, Bhavani Peth,
Gurunanak Nagar, Pune-411 042
**Ph. : 26434611**

**CHINCHWAD**
128/B, Mohan Nagar, Sanghvi Compound,
Chinchwad, Pune-411 019.
**Ph. : 27471378, 27475167**

**MUMBAI**
Khajurwala Chambers, Gr. Floor, 313/315,
N.N. Street, Mumbai - 400 009.
**Ph. : 23426818, 23448705, 23400597**

- **VAPI** : (0250) 3244993, 2023291
- **SURAT** : (0261) 2367670, 2367287
- **BHIWANDI** : (02522) 270194, 271987
- **ANDHERI** : (022) 28509760, 93703 19692
- **VASHI** : (022) 27889527, 69517538
- **WAGOLI** : (020) 27052309
- **FURSUNGI** : (020) 26980361
- **VADGAON MAVAL** : (02114) 225629, 9372074359

**E-mail : jdtcompany@gmail.com**

# ટપક સિંચાઈના સથવારે ખેતીમાં મુંદ્રા મોખરે

એક તરફ ઔદ્યોગિકરણના ધમધમાટથી જમીનના ઊંચકાયેલા ભાવોના પગલે એકસામટો રૂપિયાનો દલ્લો મેળવી લેવાની લાલચમાં જમીનો બિનખેતીમાં ફેરવીને વેચી મારવાની વટાળ પ્રવૃત્તિ થઈ રહી છે તો બીજી તરફ દરિયાકાંઠે આવેલી ખારાશવાળી જમીનમાં પાણીની તંગી સામેય સામા પૂરે તરવાની તૈયારી સાથે ધીંગા ધરતીપુત્રો ટપક સિંચાઈના સથવારે 'મબલખ મોલ'નું સ્વપ્ન સાકાર કરી રહ્યા છે. ટપક સિંચાઈના ક્ષેત્રે મુંદ્રા મોખરાનું સ્થાન મેળવી રહ્યો છે.

આ કાંઠાળ તાલુકાની જમીન ગોરાડુ અને રેતાળ છે. સરેરાશ ૪૦૦ મિ.મી. વરસાદ વચ્ચેય ભૂગર્ભજળ ૫૦૦થી ૬૦૦ ફૂટ ઊંડા ગયા છે, ત્યારે ઓછા પાણીએ સારી ખેતી માટે ચાવીરૂપ પરંતુ મધ્યમવર્ગીય કિસાનના ગજવાં માટે ભારી ટપક સિંચાઈ માટે ૨૫ ટકા સરકારી સબસિડી ઉપરાંત અદાણી ફાઉન્ડેશન તરફથી મળતી વધુ ૨૫ ટકા સહાય આશીર્વાદરૂપ બની છે.

એકબાજુ નવી ટેકનિક વિશેની સમજણનો અભાવ અને બીજી બાજુ આર્થિક મર્યાદાને કારણે ખેડૂતો ખોટા અભિપ્રાય બાંધી બેસતા હોય છે. સામાન્ય રીતે ટપક સિંચાઈ બેસાડવા માટે હેક્ટરદીઠ રૂા. ૧,૦૭,૦૦૦/- ખર્ચ થતો હોય છે. સરકાર તરફથી ટપક સિંચાઈ માટે ૫૦ ટકાની આર્થિક સબસિડી જાહેર કરવામાં આવી જે ખેડૂતો માટે વરદાનરૂપ બની. આમ છતાં કેટલાય ખેડૂતો એવા હોય છે, જેમના માટે બાકી રહેતી રકમ ચૂકવવા માટેની નાણાકીય સગવડ નથી હોતી.

તાલુકામાં આ સમસ્યાના નિવારણ સમાન વિકલ્પ અદાણી ફાઉન્ડેશને ખેડૂત વર્ગને આપ્યો છે. તાલુકાના ગ્રામ્ય વિકાસમાં હંમેશાં સહભાગી બનતાં અદાણી ફાઉન્ડેશન દ્વારા સૌ પ્રથમ મુશ્કેલીનો તાગ મેળવવા માટે ખેડૂતો સાથે સંવાદ કરી ટપક સિંચાઈથી થતા લાભ, ઉત્પાદન, આર્થિક વૃદ્ધિની સમજ અને તાલીમ આપવામાં આવી. સિંચાઈ બેસાડવામાં થતાં ખર્ચને પહોંચી વળવા માટે સરકાર તરફથી આપવામાં આવતી સબસિડીના ૫૦ ટકા જેટલી જ રકમ અદાણી ફાઉન્ડેશન તરફથી લાભાર્થી ખેડૂત પરિવારને ૩ હેક્ટર સુધીની જમીનમાં ટપક પિયત માટે આપવામાં આવે તેવું નક્કી કરાયું.

જૂન ૨૦૧૦થી શરૂ થયેલી આ યોજના તળે મુંદ્રા તાલુકાના ૫૫૦ ખેડૂત પરિવારોએ ટપક સિંચાઈ માટે થતા ખર્ચની આશરે ૨૫ ટકા જેટલી રકમ અદાણી ફાઉન્ડેશન તરફથી મેળવી છે. આથી ખેડૂતોને માત્ર ૨૫ ટકા રકમ ચૂકવ્યેથી ટપક પિયત મેળવી ખેત ઉત્પાદનમાં વૃદ્ધિ અને વધુ આર્થિક વળતર મળવા લાગ્યું છે.

હાલ તાલુકાના ૪૩ ગામોમાં અદાણી ફાઉન્ડેશન તરફથી આર્થિક લાભ અપાયો હોય તેવા કુલ ૧૪૫૦ હેક્ટરમાં ટપક સિંચાઈ બેસાડવામાં આવી છે. ફાઉન્ડેશનના પ્રોજેક્ટ ઓફિસર જયરામભાઈ રબારી ખેડૂતોની વાડીએ જઈ ડ્રીપ ઈરિગેશન સિસ્ટમ કેવી રીતે બેસાડવી, તેની માવજત કેવી રીતે કરવી એ માટે સમયાંતરે માર્ગદર્શન આપે છે. આજે ૫૫૦ જેટલા ખેડૂતોએ ૧૪૫૦ હેક્ટર જમીનમાં ટપક સિંચાઈ મેળવી ખેતીમાં જમીનની ફળદ્રુપતામાં અને પોતાની આર્થિક સ્થિતિમાં સુધારાની સિદ્ધિ મેળવી છે.

ટપક સિંચાઈના એક કે બે નહીં પરંતુ અનેક ફાયદાઓ ખેડૂતોને મળી રહ્યા છે. અત્યારે ખેતીમાં ખેતમજૂરોની ભારે તંગી સર્જાઈ છે. જમીનમાં પાણીના તળ દિવસે દિવસે ઊંડા જવા લાગ્યા છે. પાણીનો કરકસરભર્યો ઉપયોગ કરવા અને આધુનિક ખેતી તરફ વાળવા ટપક સિંચાઈ જાણે એકમાત્ર વિકલ્પ રહ્યો છે.

કણઝરા ગામના પ્રગતિશીલ ખેડૂત દાનાભાઈ ચાવડા ૬ એકર જમીનમાં એરંડાનો પાક વાવે છે. સરકાર અને અદાણી ફાઉન્ડેશન તરફથી ટપક સિંચાઈમાં મળતી આર્થિક સહાયનો લાભ મેળવી તેમણે તેમની વાડીમાં ટપક પદ્ધતિ અપનાવી, ખેતમજૂરોને ચૂકવવી પડતી રકમ જેટલી જ રકમ ખર્ચતાં સંપૂર્ણ ટપક પદ્ધતિનો ખર્ચ એક જ વર્ષમાં વસૂલ થઈ ગયો. વાંકી ગામના જાગૃત ખેડૂત વાલજીભાઈ વેકરિયાએ ૩ એકરમાં ટપક પદ્ધતિથી ઘઉંની ખેતી કરીને ૭૪ મણ ઘઉંનું ઉત્પાદન કર્યું છે. અગાઉ તેઓને ત્યાં માત્ર દોઢ કલાક ચાલે તેટલાં પાણી માટે મોટરની સગવડ હતી, જ્યારે ટપક સિંચાઈ દ્વારા જમીનનો વ્યાપ પણ વધારી શકાયો અને માત્ર એક કલાક માટે પાણી શરૂ કરી દરેક છોડવા સુધી પૂરતા પ્રમાણમાં પાણી અને ભેજની માત્રા પહોંચતાં આમ કરવાથી પાણીનો બચાવ પણ થયો.

ઉપરાંત ખેતીમાં ગૌમૂત્રના ઉપયોગ દ્વારા જમીનને વધુ ફળદ્રુપ બનાવવાની નવી દિશા બતાવી. અદાણી ફાઉન્ડેશનના આ નવીન વિચાર અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને અન્ય સંસ્થાઓના સહકાર અને પ્રેરણા પ્રવાસ અને શિબિરોના અંતે ખેતીવાડીમાં ટપક સિંચાઈના પાણી સાથે થોડી માત્રામાં ગૌમૂત્રનો પણ ઉપયોગ કરવાનો આરંભ થયો છે.

ગૌમૂત્ર એકઠું કરી અને ડ્રીપમાં તેનો ઉપયોગ કરવાને એક નવું નામ સજીવ ગમાણ આપવામાં આવ્યું. જેનો અર્થ થાય સજીવ ખેતી તરફનું પ્રથમ પગલું. અત્યાર સુધી ૪ ખેડૂતોએ આવા મોડેલ સજીવ ગમાણનું નિર્માણ કરી મહત્તમ ઉપજ મેળવી છે.

વર્ષ ૨૦૧૦-૧૧માં થયેલી ગણતરી મુજબ કચ્છ જિલ્લામાં ટપક પદ્ધતિથી ખેતી કરનાર લાભાર્થીઓ પૈકી ૩૦૧ ખેડૂતો સાથે મુંદ્રા તાલુકો પ્રથમ ક્રમાંકે હતો. જ્યારે સરકારના વર્તમાન આંકડાઓ બહાર પડવાના બાકી છે, તેવામાં મુંદ્રા તાલુકામાં સરકાર તરફથી મળતા લાભ ઉપરાંત અદાણી ફાઉન્ડેશનની ૨૫ ટકા સબસિડીનો ઉપયોગ કરી ટપક સિંચાઈનો ઉપયોગ કરનારનાની જ સંખ્યા માર્ચ ૨૦૧૨ સુધીમાં ૫૫૦ જેટલી પહોંચી છે.

***"કચ્છમિત્ર", તા. ૨૨-૪-૨૦૧૨ના સૌજન્યથી***

# કચ્છના લોકમેળાઓ

• હરેશ ધોળકિયા •

કોઇ પણ પ્રદેશની સંસ્કૃતિનો પરિચય મેળવવા જે વિવિધ માધ્યમો છે, તેમાં લોકમેળો એક પ્રબળ માધ્યમ છે. **લોકમેળો એક એવું સ્થળ છે જ્યાં દેશી તિથિ પ્રમાણે અને મોટા ભાગે, ધાર્મિક કે સાંસ્કૃતિક મહત્ત્વ ધરાવતી દેવી-દેવતા કે વ્યક્તિના નામે મેળો ભરાતો હોય છે.** એટલે આવનાર લોકો ભલે મનોરંજન મેળવવા કે આનંદ કરવા આવતા હોય, પણ તેઓ એ બાબતથી સભાન હોય છે કે તે સ્થળ આદરણીય અને પૂજનીય છે અને મેળાનો આનંદ લેતા પહેલાં તે સ્થળની મુલાકાત લઇ તે દેવ-દેવી કે વ્યક્તિને વંદન કરવાનાં છે. તેમની પવિત્રતાને યાદ કરી, તેમનું કીર્તન કરી, તેમના આશીર્વાદ લઇ પછી જ મેળાના પરિસરમાં જવાનું હોય અને પછી જે આનંદ લેવાનો હોય તે લઇ શકાય છે.

બીજું, લોકમેળા મુખ્યત્વે ગ્રામ્ય પ્રજા માટે વધારે મહત્ત્વ ધરાવે છે. શહેરોમાં તો આમે પ્રગતિ તથા ભીડને કારણે મેળા જેવું જ, સતત મનોરંજન પૂરું પાડતું, વાતાવરણ હોય જ છે. પણ ગ્રામ્ય જીવન, સામાન્ય રીતે, એકધારું અને શાંત રીતે જીવાતું હોય છે. એટલે કોઇ સ્થળ કે વ્યક્તિ આસપાસ મેળો ખડો કરી શકાય છે. તે નિમિત્તે ગ્રામ્ય પ્રજા ત્યાં આવી હળવાશ અનુભવે છે. દૈનિક જીવનનાં કાર્યો વગેરેથી જુદી પડે છે. ખાસ તો મહિલા વર્ગ ભારે હળવાશ અનુભવે છે. ત્યાં સ્થળની મુલાકાત લે, મેળામાં મહાલે તથા ત્યાં યોજાતા વિશિષ્ટ કાર્યક્રમોમાં ભાગ લઇ કે પ્રેક્ષક બની તેને માણે છે. પછી ઘેર પાછાં ફરે છે. મેળો તેમના આવનારા દિવસોમાં તાજગી ભરી દે છે.

સમગ્ર ભારતમાં આ સંકલ્પનાને ધ્યાનમાં રાખી વિવિધ સ્થળોએ અને વિવિધ સમયે મેળા ભરાય છે. ગુજરાતના એક વિશાળ જિલ્લા કચ્છમાં પણ સમગ્ર વર્ષ દરમિયાન થોડા થોડા સમયના અંતરે વિવિધ ખૂણાઓમાં મેળાઓ ભરાય છે. **તે દૈનિક જીવનના કંટાળામાંથી લોકોને હળવાશ આપે છે અને વિવિધ સ્થળોએ હોવાથી પ્રવાસનો આનંદ પણ આપે છે.**

## • ધ્રંગનો મેળો :

આવો એક અગત્યનો મેળો એટલે 'ધ્રંગનો મેળો'. ધ્રંગ એક સ્થળ છે. કચ્છના પાટનગર ભુજથી ઉત્તરે લગભગ ચાલીસ કિલોમીટર દૂર અને રણ પાસે આવેલ નાનકડું ગામ છે. આમ તો તે સાદું અને જરા પણ ધ્યાન ન ખેંચે તેવું ગામ છે, પણ ત્યાં કચ્છના એક મહાન સંત મેકણનો આશ્રમ આવેલ છે. પોતાના જીવનના ઉત્તર કાળમાં તેઓ અહીં રહ્યા હતા અને સમાજસેવા કરી હતી. અહીં જ તેમણે સમાધિ લીધી હતી. તેથી આ સ્થાન ધાર્મિક રીતે મહત્ત્વનું બની ગયું અને મેળો ભરાવો શરૂ થયો હતો જે આજ સુધી દર વર્ષે મહાશિવરાત્રીના રોજ યોજાય છે.

સંત મેકણનો આછો પરિચય મેળવીએ તો તે ઇ.સ. ૧૬૬૭ (સંવત ૧૭૨૩)માં વિજયાદશમીના દિવસે કચ્છના એક નાના ગામ ખોંભડીમાં જન્મ્યા હતા. બાળપણથી જ તેમને ધાર્મિક સંસ્કાર મળ્યા હતા. બારમા વર્ષે પ્રખ્યાત મંદિર આશાપુરાના મઢના અધ્યક્ષ અને તેમના ગુરૂ કાપડી ગાંગારાજાના હસ્તે તેમણે કાપડી પંથની દીક્ષા લીધી અને હવે તે 'મોકાજી'માંથી 'મેકણ' બન્યા. પછી તે યાત્રાએ ઊપડી ગયા. ગિરનારમાં તેમણે કઠોર સાધના કરી અને દત્તાત્રેયની ટુંક પર તેમને 'જ્ઞાન' થયું. ત્યાં તેમને કાવડ ભેટ મળી. પોતે જ તેનું વર્ણન કરતાં કહે છે....

*"દાતા મેરે દત્તાત્રેય, મેકણ માંગણહાર,*
*કાવડ દીધી પ્રેમસે, દેખ રહા સંસાર."*

જ્ઞાનપ્રાપ્તિ પછી તેમણે આધ્યાત્મિક પ્રચાર 'જી-નામ' દ્વારા શરૂ કર્યો અને કાવડના માધ્યમથી દીન-દુખિયાંઓની સેવા કરવા લાગ્યા. થોડી યાત્રાઓ પછી તે કચ્છ પાછા ફર્યા. પ્રથમ આશ્રમ જંગી ગામમાં સ્થાપ્યો. પછી લોડાયમાં કર્યો. બન્ને સ્થળે બાર-બાર વર્ષ રહી સેવા અને સાધના કરી. છેલ્લે ધ્રંગમાં આશ્રમ શરૂ કર્યો. અહીં શિષ્યો સાથે પોતાનાં બે પ્રિય પ્રાણીઓ લાલિયો ગધેડા અને મોતિયો કૂતરાની મદદથી કચ્છના રણમાં ભૂલા પડેલા તથા ભૂખ્યા-તરસ્યા લોકોને માર્ગ બતાવતા કે ખોરાક-પાણી આપતા. તત્કાલીન કચ્છના મહારાવ દેશળજી પહેલાના તે ગુરૂ બન્યા. ૯૩ વર્ષની વયે તેમણે પોતાના અગિયાર શિષ્યો અને બે પ્રિય પ્રાણીઓ સાથે જીવંત સમાધિ લીધી. આ બધી સમાધિઓ આજે પણ ધ્રંગમાં મોજૂદ છે.

સમય જતાં આ સમાધિઓ પર સુંદર મંદિર બનાવવામાં આવ્યું. તેમાં વચ્ચે મેકણની તથા આસપાસ શિષ્યોની સમાધિઓ જોવા મળે છે. મંદિર બહાર બંને પ્રાણીઓની સમાધિઓ છે. મંદિર પાસે મેકણનો સાધનાખંડ છે. ત્યાં તેમનાં સાધનો — કાવડ, ચાખડી, પાવડી વગેરે રાખ્યાં છે. છેલ્લે ૨૦૦૧માં ભૂકંપમાં મંદિરને ખૂબ નુકસાન થયું હતું, પણ તેને પુનઃ સ્થાપિત કરી દેવામાં આવ્યું છે.

## • મેળો :

આમ તો સમગ્ર વર્ષ દરમિયાન અનેક યાત્રાળુઓ ધ્રંગમાં મેકણના સ્થાને આવતા રહે છે. પણ દર મહાશિવરાત્રીના અહીં પરંપરાગત લોકમેળો ભરાય છે. આ મેળામાં માત્ર કચ્છના જ નહીં, પણ સૌરાષ્ટ્ર તથા ગુજરાતના ભાવિકો પણ આવે છે.

*તમને દુઃખ કોણ દે છે? તમારાં ક્રોધ, માન, માયા, લોભ. એમાં કુદરતનો શો દોષ?*

આ મેળો પરંપરાગત સંદર્ભમાં લોકમેળો એટલા માટે છે કે અહીં લોકસંસ્કૃતિનાં આબેહૂબ દર્શન થાય છે. અહીં મેળા દરમિયાન ખેલકૂદ, દોડ, કુસ્તી વગેરે યોજાય છે. લોકસંગીતની રમઝટ પણ થાય છે. પણ જે અદ્‌ભુત દૃશ્ય જોવા મળે છે તે છે કચ્છના આહીરપટ્ટીના આહીર લોકો મોટી સંખ્યામાં ત્યાં ઊમટી પડે છે. તેમની મહિલાઓનાં વિવિધ રંગોથી છલકાતાં વસ્ત્રોથી સમગ્ર વિસ્તારમાં જાણે રંગોનું તોફાન જ ઊભું થાય છે. આ વસ્ત્રોમાંનાં આભલામાં સૂર્યનાં કિરણો પરિવર્તિત થાય છે ત્યારે સમગ્ર પર્યાવરણ ઝળહળી ઊઠે છે. આ અદ્‌ભુત દૃશ્યોથી આંખો રંગથી છલકાઇ જાય છે. પળભર પણ નજર ઉઠાવવાની ઈચ્છા નથી થતી. પુષ્કળ દેશી-વિદેશીઓ આ દૃશ્ય જોવા જ મેળામાં આવે છે અને પોતાના કેમેરામાં આ દૃશ્યો કંડારી લે છે. સાથે ત્યાં ગ્રામ્ય વસ્તુઓનું વેચાણ પણ કરવામાં આવે છે. હજારો ભાવિકો સમાધિ પર મસ્તક મૂકી ધન્યતા અનુભવે છે.

થોડાં વર્ષોથી ગુજરાત રાજ્યના પ્રવાસન નિગમે પણ આ મેળામાં રસ લેવા માંડ્યો છે.

ધ્રંગના મેળાની મુલાકાત લેવી એટલે એક બાજુ મેકણના ભગવા રંગથી પવિત્ર થવાનો તો બીજી બીજું રંગબેરંગી વસ્ત્રોથી પૂર્ણ ઉલ્લાસનો અનુભવ કરવો. તે ચૂકવા જેવું નથી.

● **રવેચીનો મેળો :**

કચ્છના પૂર્વ-ઉત્તર વિસ્તારમાં જે જાણીતા લોકમેળાઓ ભરાય છે, તેમાં ‘રવેચીનો મેળો’ ખૂબ જાણીતો છે.

કચ્છના પૂર્વ વિસ્તારને ‘વાગડ’ કહે છે. તેમાં બે તાલુકાઓ છે : રાપર અને ભચાઉ. આ રાપર તાલુકાના મુખ્ય મથક રાપરથી લગભગ અઢાર કિલોમીટર અને જિલ્લા મુખ્યમથક ભુજથી લગભગ ૧૬૦ કિલોમીટર દૂર રવ નામનું એક નાનકડું ગામ આવેલ છે. ત્યાં આ રવેચી માતાનું મંદિર આવેલ છે, જ્યાં દર વર્ષે ભાદરવા સુદ સાતમ અને આઠમે મેળો ભરાય છે.

આ સ્થળનો ઈતિહાસ અસ્પષ્ટ છે. જૂના સમયમાં આ સ્થળે એક માતાજીની મૂર્તિ હતી. તેની પાસે મીઠાં પીલુનું ઝાડ હતું. તેથી આ માતાજી ‘મીઠા ઝાડવાળાં માતાજી’ તરીકે ઓળખાતાં હતાં. તેની પૂજા પણ કરાતી હતી. સમય જતાં આ ઝાડ નાશ પામ્યું અને તેની જગ્યાએ નવું ઝાડ રાયણનું ઊગ્યું. તેથી તેનું નવું નામ ‘રાયણવાળાં માતાજી’ પડ્યું. પૌરાણિક માન્યતા પ્રમાણે પાંડવોએ ત્યાં મંદિર બંધાવ્યું હતું. ઐતિહાસિક હકીકત પ્રમાણે અત્યારે પાકિસ્તાનમાં આવેલ સિંધ પ્રદેશના કટેસર ગામના વતની થેબા મકવાણા નામના એક ભાવિકે આ મંદિર કરાવ્યું અને તેની જાળવણીની વ્યવસ્થા કરી. પછી વારંવારના આક્રમણોના કારણે આ મંદિર તૂટતું રહ્યું. સંવત ૧૩૨૮માં પાટણના રાજા માલદેવે તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો. આ ઘટના સૂચવે છે કે આ માતાજીનો પ્રભાવ છેક ગુજરાત સુધી હતો. સંવત ૧૮૭૮માં કોઇ સામબાઇ માતાએ કચ્છી નાણાં ૨૭૦૦૦ કોરીમાં પાકું મંદિર બંધાવ્યું.

આ મંદિરના પરિસરમાં પ્રવેશ કરીએ તો એક આનંદની અનુભૂતિ થાય છે. તેનો દરવાજો તો નાનો છે. પ્રાંગણ પણ બહુ વિશાળ નથી. પણ અંદર પ્રવેશીને મંદિરના ગર્ભદ્વાર સામે ઊભા રહીએ તો મૂર્તિનાં દર્શન થાય છે. જ્યારે મેળો ભરાય છે ત્યારે તો ભીડ ખૂબ થતી હોય છે. તેથી ત્યાં વધારે સમય ઊભા રહી શકાતું નથી. મંદિર પાસે એક સરસ તળાવ આવેલ છે. જે વર્ષે સારો વરસાદ પડે છે, ત્યારે આ તળાવને હિલોળા લેતું જોવાનો વિશિષ્ટ આનંદ મળે છે. હવે તો તળાવના મોટા ભાગમાં પુષ્કળ કમળ જોવા મળે છે, જે જોનારની આંખને સૌંદર્યથી ભરી દે છે.

અહીં ભાદરવા સુદ સાતમ-આઠમના મેળો ભરાય છે. કચ્છ જ નહીં, સૌરાષ્ટ્ર અને ગુજરાતમાંથી પણ પુષ્કળ ભાવિકો અહીં એકઠા થાય છે. રાપર-ભચાઉ વિસ્તારના લોકો તો વિશાળ સંખ્યામાં અહીં આવે છે. એવી માન્યતા છે કે રવેચી માની કોઇ માનતા માનવામાં આવે તો તે અવશ્ય ફળે છે. તેથી જેમની માનતા ફળી હોય યા માનતા માનવી હોય તેવા અનેક શ્રદ્ધાળુ ભાવિકો અહીં વધારે આવે છે. ચોમાસા પછી ખેતીમાં વ્યસ્ત એવા ખેડૂતો પણ પોતાનો આનંદ વ્યક્ત કરવા અને સારા વર્ષને મનાવવા અહીં આવે છે.

પરંપરાગત રીતે લોકો બળદગાડાં કે ઊંટ પર બેસી આવે છે. જોકે હવે તો લોકો મોટર તથા બાઇક પર પણ આવે છે. ત્યાં પહોંચી આસપાસનાં વૃક્ષોની છાયામાં આસન વગેરે પાથરી બધા બેસે છે. જૂના લોકો પોતાની સાથે ખાવાનું ભાથું પણ લાવે છે. ન લાવ્યા હોય તો ત્યાં ચૂલા પેટાવી રાંધે છે. હવે તો મોટા ભાગે લોકો મેળામાં જે પદાર્થો વેચાય છે તેને જ ખરીદીને ખાય છે. સાથે શરબત, અન્ય ઠંડાં પીણાં કે આઇસક્રીમ અને કુલ્ફીનો આનંદ પણ માણે છે.

ત્યાં બાળકો માટે રમકડાં વેચાય છે. તો સાથે મહિલાઓ માટે કુમકુમ, ચાંલ્લા, અરીસા, પાવડર, બંગડીઓ, દાંતિયા, કાજળ વગેરે જેવા શૃંગારના પદાર્થો પણ વેચાય છે. સ્ત્રીવર્ગ તેને ખૂબ જ રસથી જુએ છે અને ખરીદે પણ છે. બધા જ લોકો ચારે બાજુ ફરી ફરીને મેળાને નિહાળે છે અને માણે છે. તરૂણ - તરૂણીઓ પણ પોતાના મિત્રો સાથે મહાલે છે અને ક્યાંક તો આંખો પણ લડાવે છે. **ગ્રામ્ય પ્રજાની નિર્દોષતા, માણવાની શક્તિ અને ઉત્સાહ શહેરી આંખો માટે નવાઇનું દૃશ્ય બની રહે છે.**

અહીં જે લોકો પોતાનાં બળદ કે ઊંટ વગેરે જે પ્રાણીઓ લાવે છે, તેને તેઓ રંગબેરંગી વસ્ત્રોથી શણગારે છે. તેઓ પોતે પણ પરંપરાગત વસ્ત્રોમાં શોભતા હોય છે. ચારે બાજુના સૂકા વાતાવરણ વચ્ચે આ રંગોથી ભરપૂર લોકોનું દૃશ્ય મેઘધનુષી વાતાવરણ ખડું કરે છે.

હવે તો એસ.ટી. બસોની પણ વ્યવસ્થા કરાય છે. તેથી પણ દૂરદૂરથી લોકો આવી તેમાં ભાગ લે છે. સાથે જાગીર તરફથી રહેવા

*આપણને કિંચિત્‌માત્ર દુ:ખ થાય છે, તે આપણે દીધેલા પ્રત્યાઘાત છે. માટે અનુકૂળ આવે તે કરજો.*

ભોજનની વ્યવસ્થા કરાતી હોવાથી પણ આકર્ષણ વધે છે.

આ મેળા ઉપરાંત થોડાં વર્ષોથી ભૂતપૂર્વ ધારાસભ્ય શ્રી મોહન શાહના પ્રયાસોથી ચૈત્ર નવરાત્રી દરમિયાન ભુજ અને અન્ય સ્થળેથી પદયાત્રા શરૂ કરવામાં આવી છે. તેમાં પણ હવે તો સેંકડો ભાવિકો જોડાય છે અને બળબળતા તડકામાં પગે ચાલીને અહીં આવે છે અને પોતાની શ્રદ્ધા વ્યક્ત કરે છે. અલબત્ત, રસ્તામાં તેમને સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. માતાના મઢની પદયાત્રા પછી આ પદયાત્રા મહત્ત્વની મનાય છે.

**આ મેળો શ્રદ્ધા અને સૌંદર્યનું મિલનસ્થાન છે.** માતાજીની શ્રદ્ધા છે, તો તળાવનાં કમળ કે રંગબેરંગી વસ્ત્રોનું સૌંદર્ય માણવા જેવું છે.

- **હાજીપીરનો મેળો :**

સામાન્ય રીતે મોટા ભાગના મેળાઓ હિંદુ ધર્મનાં દેવ-દેવીઓ કે સંતો આસપાસ ગોઠવાતા હોય છે. અન્ય ધર્મોના જૂજ મેળાઓ ભરાયા હોય છે. ત્યારે કચ્છ જિલ્લામાં એક મેળો વિશિષ્ટ છે જે એક મુસ્લિમ સંત-ઓલિયા અને કોમી એકતાના પ્રતીક એવા હાજીપીર વલીના ઉર્સ મુબારક પ્રસંગે ભરાય છે. આ મેળામાં પણ દરેક કોમના લોકો હજારોની સંખ્યામાં આવે છે.

આ મેળો કચ્છના મધ્ય-પશ્ચિમે આવેલ નખત્રાણા તાલુકાની ઉત્તરે રણકાંઠે આવેલ સ્થળે ભરાય છે. તે સ્થળ ભુજથી લગભગ ૧૨૦ કિલોમીટરના અંતરે આવેલ છે. આ મેળો ચૈત્ર સુદ બીજથી પાંચમ વચ્ચે અથવા તો બીજા કે ત્રીજા સોમવારે ભરાય છે.

ઓલિયા હાજીપીર વલી મૂળે વર્તમાન પાકિસ્તાનમાં આવેલ મુલતાન શહેરના વતની. તેમનું આખું નામ હઝરત સૈયદ અલી અકબરશા ઝકરિયા. બાળપણમાં જ ઇસ્લામની તાલીમ મેળવી. મોટા ભાગનો સમય ઇબાદત અને દીન-દુખિયાંની સેવામાં પસાર કરતા. વ્યવસાયે પશુપાલક. તેમાં નિષ્ણાત. થોડો સમય લશ્કરમાં પણ રહેલા, પણ વ્યર્થ સંહાર થતો જોઇ તેમનું કુમળું હૃદય સહન ન કરી શક્યું અને સૈનિક કામ છોડી ફરવા નીકળી પડ્યા અને કચ્છના નરા ગામ પાસે આવી કાયમી વસવાટ કર્યો.

અહીં પણ તેમણે ગોપાલનનો જ વ્યવસાય શરૂ કર્યો. આમ પણ પહેલેથી કચ્છનો આ પ્રદેશ માલધારીઓ માટે ઉત્તમ પ્રદેશ. એટલે આ ગોપાલકને પણ અહીં ફાવી ગયું. ત્યારે આ નરા વિસ્તારમાં સોલંકી રાજપૂતોનું પ્રાબલ્ય વધારે. તેમના પાસે પણ પુષ્કળ પશુઓ. જ્યારે હાજીપીરે ત્યાં વસવાટ કરી ભેંસો ચરાવવાનું શરૂ કર્યું, તો સોલંકીઓ ગુસ્સે થયા અને તેમને તે સ્થળ છોડી જવા કહ્યું. તેમનાં પોતાનાં પશુઓ માટે પણ પૂરતું પાણી ન હતું, ત્યાં આ વળી નવી વ્યક્તિનાં પશુઓ આવે તે તેમને પસંદ ન હતું.

સૈયદ અલી અકબરશાએ તેમને શાંતિથી સમજાવ્યા છતાં ન માનતાં તેમણે ત્યાં એક તળાવ ખોદાવી આપ્યું અને તેને પોતાના ચમત્કારથી ભરી દીધું. તેમાં અખૂટ પાણી આવી ગયું. રાજપૂતો તો આ જોઇ ચકિત થઇ ગયા. તેમને તેમના પ્રત્યે માન થયું અને પોતાને સંતોષ થયો છે એમ કહી તેમને તેનાં પશુઓ ચરાવવાની પરવાનગી આપી. એટલું જ નહીં, તેમને ‘સોદાણાના શહેનશાહ’નું પદ પણ આપ્યું.

હવે આ ઓલિયા અહીં સ્થાયી થયા. ધર્મ તથા સેવાનું કામ કરવા લાગ્યા. બીમારોને પણ રોગમુક્ત કરતા. તેમની પ્રસિદ્ધિ ચારે બાજુ પ્રસરી ગઇ. તેમના પરચાઓથી તેમના પર શ્રદ્ધા વધવા લાગી. કેટલાકે તો તેમનાથી પ્રભાવિત થઇ ઇસ્લામ પણ ગ્રહણ કર્યો.

ત્યારે કચ્છમાં અંધાધૂંધી ખૂબ હતી. લૂટારા અને બહારવટિયાનો ખૂબ ત્રાસ હતો. એક વાર આ લૂટારા નરા પર ચડી આવ્યા અને મિલકત સાથે પશુઓ પણ ઉપાડી ગયા. તેમાં એક હિન્દુ વૃદ્ધાની એક માત્ર ગાય પણ ઉપાડી ગયા. તેનું આજીવિકાનું એકમાત્ર સાધન લૂંટાઇ જતાં તે વૃદ્ધા રડતી-રડતી હાજીપીર પાસે ગઇ. તરત તેમણે તલવાર લઇ લૂંટારાઓ પર હુમલો કર્યો અને શૂરવીરતાથી લડી લૂંટનો બધો જ માલ કબજે કર્યો. **પણ આ ધીંગાણામાં પોતે શહીદ થઇ ગયા. કહેવાય છે કે તેમનું મસ્તક કપાઇ ગયા પછી પણ તેમનું ધડ થોડા સમય લડતું રહ્યું હતું.**

લોકો તેમના આ બલિદાનથી ખૂબ જ પ્રભાવિત થયા અને તેમની યાદમાં એ સ્થળે દરગાહ ઊભી કરી, જે હાજીપીર વલીની દરગાહ તરીકે ઓળખાઇ.

સંયોગવશાત્, નાના રણના કાંઠે પણ વરણુદાદા પણ આ જ રીતે શહીદ થયા હતા. આમ રણકાંઠે બન્ને શૂરવીરોની યાદ ખડી છે.

આ સ્થળે દર વર્ષે મેળો ભરાય છે.

કચ્છમાં કેટલાક લોકો મેળા પૂર્વે પગે ચાલી ત્યાં આવે છે. પછી મેળો ભરાય છે. કચ્છના ખૂણેખૂણામાંથી મુસ્લિમો જ નહીં, હિન્દુઓ પણ પદયાત્રા કરી ત્યાં આવે છે. હવે તો ધાર્મિક સજાગતા વધવાથી બહારના લોકો પણ પોતાના સ્થળેથી પગે ચાલીને આવે છે. ત્યાં મુખ્યત્વે બે રસ્તેથી પહોંચાય છે. એક, ભુજ થઇ નખત્રાણા રસ્તે જવાય છે. બીજો રસ્તો નિરોણા થઇ જાય છે. નખત્રાણા માર્ગ વાડીવાળો હોવાથી તકલીફ ઓછી પડે છે. નિરોણા રસ્તો રણ માર્ગે થઇ જતો હોવાથી ગરમી ખૂબ પડવાથી હેરાની ભોગવવી પડે છે. પણ આ માર્ગે અંતર ઓછું હોવાથી મહદ્ અંશે લોકો તેને વધુ પસંદ કરે છે. હવે તો પદયાત્રા દરમિયાન કચ્છના સૂરજબારી પુલથી થોડા થોડા અંતરે પદયાત્રીઓ માટે કેમ્પો ઊભા કરવામાં આવે છે. ત્યાં તેમના માટે મફત ખાવા પીવા તથા આરામની સરસ વ્યવસ્થા કરવામાં આવે છે.

મેળા દરમિયાન ખૂબ જ ભીડ થતી હોવાથી વ્યવસ્થાને પહોંચી વળવા શ્રી હાજીપીર મેળા સમિતિ તેનું આયોજન કરે છે.

દર વર્ષે અહીં લગભગ લાખથી પણ વધારે યાત્રાળુઓ આવે છે. તેમના આરામ અને ભોજનની વ્યવસ્થા કરાય છે. શ્રદ્ધાળુઓ તથા સ્વૈચ્છિક સંસ્થાઓ તે વ્યવસ્થા સંભાળે છે. ઉત્તમ વ્યવસ્થા હોવા છતાં ધસારો એટલો

*જેમ વકીલ થવાની દરેકને છૂટ છે તેમ ભગવાન થવાની પણ દરેકને છૂટ છે. જે ભગવત્ ગુણો પ્રાપ્ત કરે, તે ભગવાન થાય.*

હોય છે કે તે અપૂરતી બની જાય છે. પણ શ્રદ્ધાળુઓ તેની ચિંતા કર્યા વિના જ જ્યાં પણ જગ્યા મળે ત્યાં લંબાવી દે છે અને આરામ કરી લે છે.

અહીં એવો આદેશ છે કે મજારની સલામ ભર્યા પછી કોઇ પણ રાતવાસો કરી ન શકે. તેથી યાત્રાળુઓ દર્શન કરી, થોડો આરામ કરી, તરત એસ.ટી. કે અન્ય વાહનો દ્વારા પાછા વળી જાય છે. પોતા સાથે લાવેલ મીઠાઇ કે નાળિયેર વગેરે મજાર પર ચડાવે છે. તેની દુવા માગે છે. મજાર પાસે અત્યંત ગંભીર વાતાવરણ હોય છે. બંધ આંખે અને ફફડતા હોઠે ઇબાદત કરતા ભાવિકો જોવા લહાવો છે. સાથે રોશનીસભર વાતાવરણ ભવ્યતા વધારે છે. લોબાનની સુગંધ મનને પવિત્ર બનાવે છે. જેમની માનતા પૂરી થઇ છે તેવા શ્રદ્ધાળુઓ તો પુષ્કળ ભેટો મૂકે છે. બહાર નીકળી દાન પણ આપે છે.

બિનમાંસાહારી હિન્દુઓ માટે લોજ વગેરેની વ્યવસ્થા પણ કરવામાં આવે છે.

હવે તો એસ.ટી. પૂરતી વ્યવસ્થા કરે છે. દરેક તાલુકામાંથી ભરાઇ ભરાઇને બસો અહીં આવે છે.

એક ગરીબનવાઝ ઓલિયાને નામે ભરાતો મેળો કચ્છનો એક વિશિષ્ટ મેળો છે.

શ્રી મોરારીબાપુએ પણ અહીં કથા કરી તેમને સલામ ભરી છે અને ધર્મસમન્વયની આહલેક પોકારી છે.

### ● મોટા યક્ષનો મેળો

કચ્છમાં જે લોકમેળાઓ ભરાય છે, તે મોટા ભાગે લોકસંસ્કૃતિને પ્રતિબિંબિત કરે છે. પણ એક મેળો એવો છે જે મૂળે ગ્રામ્ય મેળો હોવા છતાં તે ગ્રામ્ય અને શહેરી સંસ્કૃતિ બન્નેની ઝાંખી કરાવે છે. તે છે મોટા યક્ષનો મેળો. આ મેળો ભુજથી નખત્રાણા જતાં રાજમાર્ગ પર જ ૩૮ કિલોમીટર પર આવેલ મોટા યક્ષના મંદિર પાસે ભરાય છે. તે ભાદરવા સુદ ચૌદસથી વદ એકમ દરમિયાન અથવા તો ભાદરવાના ત્રીજા સોમવાર આસપાસ યોજાય છે. આ મેળો જેમ શહેરી અને ગ્રામ્ય સંસ્કૃતિનું સંગમસ્થાન છે, તે જ રીતે ઇતિહાસ અને લોકકથાનું પણ સંગમસ્થાન છે. ભૂતકાળમાં થયેલ યક્ષોની યાદમાં આ મેળો ભરાય છે.

આ યક્ષો વિશે ઇતિહાસમાં અસ્પષ્ટતા છે. તે કોણ હતા અને ક્યાંથી આવ્યા તે વિશે પૂરું સંશોધન નથી થયું. અભિપ્રાયો પ્રમાણે તેઓ ઇરાનથી આવ્યા હતા. તે શ્વેત ચામડી ધરાવતા હતા. તે જખૌ બંદરેથી પ્રવેશ્યા હશે તેવી માન્યતા છે. માટે જ બંદરનું નામ જખૌ પડ્યું હશે. અથવા તો જખૌ બંદરેથી પ્રવેશ્યા, માટે 'જખ'-યક્ષ નામ પડ્યું હશે.

આ યક્ષોની સંખ્યા બોત્તેરની હતી તેમ મનાય છે. તેઓ સારા વૈદ પણ હતા. તેથી લોકપ્રિય બન્યા હતા. તેઓ ઘોડેસ્વારીમાં પણ નિષ્ણાત હતા. તેઓ ત્યારના કચ્છના રાજવી પુંઅરાના વિસ્તારમાં પ્રવેશ્યા હતા. તેમના અને પુંઅરા વચ્ચે સંઘર્ષ થયો હતો. તેમાં તેમણે પુંઅરાનો વધ કર્યો હતો. પણ સાથે તે બધા પણ ખપી ગયા હતા. સંભવ છે, ત્યારે પુંઅરાથી લોકો વિરોધી હશે એટલે યક્ષોએ તેને મારી નાખ્યો હશે ત્યારે લોકો ખુશ થયા હશે, પણ યક્ષો ખપી ગયા **એટલે તેમની યાદમાં તે સ્થળે પથ્થરના બોંતેર ઘોડાઓ મૂકવામાં આવ્યા.**

રસ્તા પરથી જ ઊંચું યક્ષનું મંદિર દેખાય છે. પગથિયાં ચડીને ઉપર જઇએ તો તે મંદિરમાં એક મોટી શિલા જોવા મળે છે. એવી લોકવાયકા છે કે તેના પર ઊભા રહીને યક્ષોએ બાણો દ્વારા પુંઅરાનો વધ કર્યો હતો. યક્ષોએ ઘણા ચમત્કારો પણ કર્યા હતા એમ મનાય છે, પણ તેમણે આપેલ આજ્ઞા અનુસાર તેને વર્ણવાની પૂજારીને મનાઇ હોવાથી તે કહેવાતા નથી. યક્ષોની પૂજા સંગાર કોમની વ્યક્તિ જ કરી શકે છે.

આ મેળો ત્રણ દિવસ ચાલે છે. આસપાસનાં ગામોના લોકો સવારે અથવા સાંજે કામ પતાવી મેળામાં આવે છે. સવારે આવે તો મેળામાં આખો દિવસ ફરી સાંજે પાછા ગામ ચાલ્યા જાય છે. સાંજે આવે તો રાત્રે મેળો અને તેમાં થતા કાર્યક્રમો માણે છે અને વહેલી સવારે ગામ પાછા ચાલ્યા જાય છે. ત્રણે દિવસ આવું કરે છે. આ રસ્તે રાજમાર્ગ હોવાથી બસ-વ્યવહાર પણ સારો છે. તેથી દૂર દૂરના લોકો પણ પુષ્કળ સંખ્યામાં મેળો જોવા આવે છે.

**આ એક એવો મેળો છે જેમાં શ્રદ્ધાનો વધારે પડતો પ્રભાવ નથી. અહીં યક્ષના બહાને મનોરંજન અર્થે જ લોકો વધારે આવે છે.** રસ્તાની બન્ને બાજુ નદીના પટ પર વ્યવસ્થિત રીતે હારબંધ દુકાનો તૈયાર કરવામાં આવે છે. તેમાં વિવિધ પ્રકારની વસ્તુઓ વેચાય છે. ત્યાં દૈનિક વસ્તુઓનું પણ વેચાણ થાય છે. તે ખરીદનારા પણ પુષ્કળ હોય છે. સ્ટીલનાં વાસણો પણ ખૂબ વેચાય છે. મીઠાઇની દુકાનો પર પણ ગિરદી હોય છે.

આગળ કહ્યું તેમ આ મેળો મૂળે લોકમેળો હોવા છતાં હવે ત્યાં લોકસંસ્કૃતિનાં દર્શન ખાસ જોવા મળતાં નથી. ભુજ અને નખત્રાણા જેવાં શહેરોની અસર મેળા પર વધતી દેખાય છે. ત્યાં અન્ય મેળાઓ જેમ દરેક કોમ પોતાનાં પરંપરાગત વસ્ત્રોમાં જ હોય એવું નથી દેખાતું. આધુનિક વસ્ત્રો વધારે જોવા મળે છે.

તે જ રીતે મેળાનું વિશિષ્ટ પાસું છે ગ્રામ્ય કળાઓ અને મનોરંજન. આ મેળામાં ગ્રામીણ સ્ત્રીઓ રાસ-ગરબા લેતી જોવા મળે જ એવું નથી. અથવા તો ઠેરઠેર દુહા-છંદની રમઝટ સંભળાય એમ પણ નથી. ગામડાના તરુણો વાંસળી વગાડે અને તેની આસપાસ તરવરાટથી યુવતીઓ ફરે અને સાંભળે એવાં દૃશ્યો હવે વિરલ બનતાં જાય છે. મોટા ભાગના લોકો પણ શેરડી જેવા પરંપરાગત પદાર્થ ખાવાને બદલે હવે પાઉંભાજી, દાબેલી, ભેળપૂરી, પિત્ઝા, રગડાપેટીસ વગેરે ખાતાં જોવા મળે છે.

સાથે આ મેળામાં જાયન્ટ વ્હીલ પણ જોવા મળે છે. તેના પર બેસી આકાશમાં હિલોળા લેવાની આતુરતા આબાલવૃદ્ધ બધામાં જોવા મળે છે. જૂના સમયમાં ફોટા પાડતા સ્ટુડિયો હવે ઘટતા જાય છે. ક્યાંક જાદુના

*'ભૂલ' ભાંગે તે, 'ભગવાન.'*

ખેલો હજી જોવા મળે ખરા.

છતાં, મેળામાં જવું, ફરવું અને મહાલવું તે લહાવો તો છે જ. ભલે ઝાંખી, પણ ગ્રામ્ય સંસ્કૃતિનાં દર્શન તો થાય જ છે.

તેનાથી થોડે દૂર પુંઅરેશ્વર મહાદેવનું એક પ્રાચીન મંદિર પણ જોવાલાયક છે.

- **માતાના મઢનો મેળો**

ગુજરાતમાં કેટલાક લોકમેળાઓ એવા છે, જે વિશિષ્ટ રીતે શરૂ થઇ અંતે મેળામાં ફેરવાઇ જાય છે. તે 'પદયાત્રા'થી શરૂ થાય છે. કોઇ એવું ધાર્મિક સ્થળ હોય જ્યાં કોઇ વિશિષ્ટ તહેવાર દરમિયાન તેના થોડા દિવસો પહેલાં પદયાત્રા શરૂ થાય. આ પદયાત્રીઓનો પ્રવાહ ત્યાં સતત આવતો રહે. તેથી ત્યાં સતત ઉત્સવનું વાતાવરણ રહે. છેલ્લા દિવસે તેની ખાસ વિધિઓ દ્વારા પદયાત્રા અને મેળો પૂરો થાય. ગુજરાતમાં ડાકોર, ગિરનાર કે અંબાજી વગેરે સ્થળે આવા મેળાઓ યોજાય છે.

કચ્છમાં પણ આવા ત્રણ 'પદયાત્રા'ના સંદર્ભમાં ઉત્સવો કે મેળાઓ યોજાય છે. હરિજનો પદયાત્રા દ્વારા 'મતિયા દેવ'નો મેળો યોજે છે. મુસ્લિમો 'હાજીપીર'નો આવો જ મેળો ભરે છે. પણ આ બધાથી વિરાટ અને આ બધાના પાયારૂપ અને પ્રેરણારૂપ એવો ઉત્સવ માતાના મઢમાં થાય છે. આ માતાના મઢનો મેળો ભુજથી લગભગ ૯૬ કિલોમીટર પશ્ચિમે આવેલ માતાના મઢ ગામના આશાપુરાના મંદિર આસપાસ કરવામાં આવે છે. તે આસો સુદ એકમથી નોમ દરમિયાન ચાલુ રહે છે.

'માતાનો મઢ' કે 'મઢ' મૂળે કચ્છના જાડેજા લોકોની કુળદેવી આશાપુરા માતાજીનું સ્થાનક છે. લોકવાયકા પ્રમાણે કચ્છના પ્રથમ જાડેજા અથવા તો જાડેજા વંશના સ્થાપક મનાતા મોડ અને મનાઇના પુત્ર સમા બાવની કચ્છમાં આવેલ ત્યારે એક રાત અહીં રોકાયો હતો. ત્યારે તે રાત્રે હિંગળાજ માતાએ તેવા સ્વપ્નમાં આવી કહેલ કે, "**તારી આશા પૂર્ણ થઇ છે. કાલે પ્રાતઃકાળે તને માતાની મૂર્તિનાં દર્શન થશે.** તું તેની પ્રતિષ્ઠા કરજે." આ મૂર્તિ તે આશાપુરા માતાજીની મૂર્તિ. તેના પર મંદિર બાંધવામાં આવેલ છે. સમય જતાં અહીં પ્રાણીનાં બલિદાનની શરૂઆત પણ કરવામાં આવી હતી. ખેંગારજી પહેલાને માતાજીએ સહાય કરેલ. તેની કૃતજ્ઞતારૂપે તેમનાથી બધા વંશજો દ્વારા આજ સુધી દર નવરાત્રીએ માતાજીને ચમર ધરાવવામાં આવે છે.

મંદિરની પૂજા ભૂવા અને 'કાપડી'ઓ કરે છે. કાપડીને 'રાજા' કે 'બાવા' તરીકે સંબોધન કરાય છે. મંદિરને દર ભૂકંપ દરમિયાન નુકસાન થતું રહ્યું છે અને તરત જ તેનો જીર્ણોદ્ધાર પણ થતો રહ્યો છે. ૨૦૦૧ના ભૂકંપ પછી પણ તેનો જીર્ણોદ્ધાર થયો છે.

તેના પાસે ચાચરા કુંડ અને ચાચરા માતાનું મંદિર જોવાલાયક સ્થળો છે.

તેની ભૂમિમાંથી જે ખનીજ નીકળે છે તેને 'આશાપુરી ધૂપ' કહે છે. તે ખૂબ જ સુગંધી હોય છે.

આ મેળાની શરૂઆત તો ઘણા દિવસો પહેલાંથી થઇ જાય છે. શરૂમાં તો માત્ર કચ્છમાંથી જ પદયાત્રીઓ આશાપુરા જતા હતા. ભાદરવા વદ અમાસથી કચ્છના ખૂણેખૂણેથી પદયાત્રાઓ શરૂ થઇ જાય છે. આગળના સમયમાં તો રસ્તામાં કશી જ સગવડો ન હતી. તેથી પદયાત્રીઓ ખૂબ જ મુશ્કેલી અનુભવતા, છતાં પહોંચતા. હવે તો દર થોડા અંતરે કેમ્પોનું આયોજન કરાય છે જ્યાં યાત્રાળુઓને આરામ કરવાની, જમવાની, પાણીની સગવડો અપાય છે. અરે, તેઓ માંદા પડે તો દવાની સગવડ પણ અપાય છે. થાક્યા હોય તો તેમના પગ પણ ચાંપી દેવામાં આવે છે. હવે તો પદયાત્રીઓ ખૂબ જ આરામથી અને થાક્યા વિના પહોંચે છે.

થોડાં વર્ષોથી છેક મુંબઇ કે દક્ષિણ ભારતમાંથી પણ પદયાત્રીઓ આવવા શરૂ થયા છે. તેઓ પગે કે સાઇકલથી યાત્રા શરૂ કરે છે અને છેક મઢ સુધી પહોંચે છે. આ પદયાત્રા આસો વદ ચોથ સુધી ચાલુ રહે છે. આસો સુદ સાતમ સુધી બધા તેની મુલાકાત લઇ લે છે. દર્શન કરે છે અને પછી પાછા વળે છે.

જેમને પગે ન ચાલવું હોય તો તેમને એસ.ટી.ની વ્યવસ્થાનો પણ લાભ મળે છે. સાતે દિવસ એસ.ટી.ની બસો ચાલુ રહે છે. વળતે પણ એસ.ટી. કે ખાનગી વાહનોમાં બધા પાછા વળે છે.

આ દિવસો દરમિયાન ત્યાં ચોવીસે કલાક હજારો લોકોની ભીડ થાય છે. પરિણામે ઉત્સવ જેવું વાતાવરણ રહે છે. ત્યાં પણ ખાણીપીણીની ખૂબ સારી સગવડો હોય છે. તે દિવસો દરમિયાન દુકાનવાળા ખૂબ કમાય છે. ત્યાં ચાલવાની તસુભર પણ જગ્યા નથી હોતી. પણ બધા જ શિસ્તપૂર્વક આવે છે, લાઇનમાં ઊભા રહી દર્શન કરે છે અને વિદાય લે છે.

**સાતમ તથા આઠમના કચ્છના ભૂતપૂર્વ રાજવી કુટુંબના સભ્યો હાજરી આપે છે.** તેઓ ભુજના તેમના મહેલમાંથી ચામરની યાત્રા કાઢે છે અને મઢ પહોંચે છે. ત્યાં 'પત્રી'નાં દર્શન કરે છે. જો માતાજીના મસ્તક પરથી પત્રી નીચે પડે, તો તે શુભ મનાય છે. પછી ત્યાં હોમહવન કરાય છે. તેમાં નાળિયેર હોમાય છે. આ છેલ્લી વિધિ હોય છે. નાળિયેર હોમાયા પછી નવરાત્રીના આ મેળાનો અંત આવે છે.

આ નવ દિવસ દરમિયાન માત્ર માતાના મઢમાં જ નહીં, કચ્છના કોઇ પણ ખૂણાની મુલાકાત લેવાય, તો દરેક માર્ગ પરથી સેંકડો શ્રદ્ધાળુઓ માતાજીની ધજા હાથમાં લઇ ધૂન-ભજન કરતા કે 'જય માતાજી' બોલતા જતા જોવા મળે છે. આ સાર્વત્રિક શ્રદ્ધા નવાઇ પમાડે તેવી છે. ગરમીમાં સો-બસો કિલોમીટર પગે ચાલવું તે હકીકતે તપસ્યા જ ગણી શકાય. અને હવે તો દર વર્ષે આ પદયાત્રીઓની સંખ્યા વધતી જ જાય છે. વિજ્ઞાનના યુગમાં આ ચમત્કાર જ માની શકાય.

આ દશ્ય જોવું કે તેમાં ભાગ લેવો એ લહાવો છે.

*ન્યુ મિન્ટ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૭૦૪૬*

*જે માણસ પારકાને 'સિન્સિયર' રહેતો નથી, તે પોતાની જાતને 'સિન્સિયર' રહેતો નથી!*

# કચ્છ રાજ્યની વકીલાતની પરીક્ષા

• નરેશ અંતાણી •

નિજી વ્યવસાયોમાં આજે તબીબી, ઈજનેર કે ધારાશાસ્ત્રીનું સ્થાન મોભાભર્યું છે. આ વ્યવસાયો માટે યોગ્યતા મેળવવા ઉચ્ચ શિક્ષણ મેળવવું જરૂરી છે. આજે વ્યવસાયો પૈકી ધારાશાસ્ત્રીની વાત કરવાની છે. ધારાશાસ્ત્રી તરીકેની લાયકાત મેળવવા આજે સ્નાતક પછી ત્રણ વર્ષનો વકીલાતનો અભ્યાસ કર્યા પછી પણ ગુજરાત બાર એસોસિએશને ઠરાવેલી પરીક્ષા પસાર કર્યા પછી જ ધારાશાસ્ત્રીની સનદ મેળવી શકાય છે પરંતુ કચ્છ રાજ્યના વખતમાં આ સનદ કઈ રીતે મળતી એ જાણવું નવી પેઢીને રસપ્રદ બને એ માટે આજે તે વાત કરવી છે.

કચ્છ રાજ્યના ઈસવીસન ૧૮૮૨ અગાઉ વકીલાતની સનદ મેળવવા કોઈ ચોક્કસ ધારાધોરણ ન હતા. પરિણામે વકીલ તરીકે કામ કરતી વ્યક્તિઓની સંખ્યા ખૂબ જ પ્રમાણમાં વધી ગઈ. જેથી કોર્ટની કાર્યવાહીમાં પણ મુશ્કેલી પડવા લાગી. આથી કચ્છ રાજ્યે આ તકલીફ નિવારવા અને યોગ્યતા ધરાવતી વ્યક્તિ જ ધારાશાસ્ત્રી તરીકે કાર્ય કરે તો અરજદારને સારો અને ઝડપી ન્યાય અપાવી શકાય એ માટે કચ્છ રાજ્યે ૨૯મી ઓગસ્ટ, ૧૮૮૨થી ખાસ ઠરાવ પદ્ધતિ દાખલ કરી. આ પરીક્ષા પાસ કરનારને જ સનદ આપવાનું ઠરાવાયું.

કચ્છ રાજ્યના દીવાન નંદશંકર તુલસીશંકરે તા. ૩૦મી ઓગસ્ટ, ૧૮૮૨ના કચ્છ રાજ્યના દરબારી ગેઝેટમાં પ્રસિદ્ધ કરેલા જાહેરનામામાં જણાવ્યા પ્રમાણે વકીલાત માટેની આ પરીક્ષા આગલા પાંચ વર્ષ એટલે કે ૧૮૭૮ પછી જે વ્યક્તિઓએ વકીલાતની સનદ મેળવી હશે તેમને પણ આ પરીક્ષા પાસ કરવાની ફરજિયાત બનાવાઈ હતી.

આ પરીક્ષા દર વર્ષે માગશર મહિનામાં યોજાતી અને તેની જાહેરાત બે માસ અગાઉથી કરવામાં આવતી. જેથી પરીક્ષા આપવા ઈચ્છતી વ્યક્તિ ફોર્મ ભરી શકે અને પરીક્ષાની પૂર્વ તૈયારી પણ કરી શકે. પરીક્ષાની જાહેરાત દરબારી ગેઝેટમાં કરવામાં આવતી.

પરીક્ષા માટે નક્કી કરવામાં આવેલા વિષયો આ પ્રમાણે હતા.

★ કચ્છ કાયદો અને કચ્છી પીનલ કોડ, કચ્છ રાજ્યના રજિસ્ટ્રેશન એક્ટ, સ્ટેમ્પ એક્ટ, કોર્ટ ફી એક્ટ, અફીણનો કાયદો અને ઈસ્લામિક કોર્ટ એક્ટ.

★ કચ્છ ન્યાયખાતાને લગતી બાબતો અને તેના ઠરાવો.

★ કચ્છ રાજ્યનો શિરસ્તા સંગ્રહ, વારસા પ્રકરણના કચ્છમાં પ્રવર્તતા રિવાજો.

★ જાડેજા કોર્ટના કાયદા - તેની કામ કરવાની પદ્ધતિ.

આ ઉપરાંત સામાન્ય જ્ઞાન અને હિસાબી પદ્ધતિને લગતા પ્રશ્નો પણ આ પરીક્ષામાં દાખલ કરવામાં આવતા.

આ પરીક્ષા કચ્છ વરિષ્ઠ કોર્ટના મુખ્ય જજ, અન્ય એક ન્યાયાધીશ અને એકાઉન્ટ જનરલની બનેલી સમિતિ દ્વારા લેવામાં આવતી.

પરીક્ષા પાસ કરવા માટે પ્રતિ વિષયમાં ઓછામાં ઓછા ૨૫ ટકા ગુણ મેળવવા જરૂરી હતા અને કુલ પરિણામના ૫૦ ટકા ગુણ મેળવવા ફરજિયાત બનાવાયા હતા. એટલે કે જે વિષયમાં ૨૫ ટકાથી ઓછા ગુણ હોય તો તે વિષયની પરીક્ષા ફરીથી આપવી પડતી.

પરીક્ષા પૂર્ણ થયે તેનો સંપૂર્ણ અહેવાલ તથા પાસ થનાર ઉમેદવારોની યાદી દરેક પોષ મહિનાના અંત સુધી વરિષ્ઠ કોર્ટ તૈયાર કરી કચ્છ રાજ્યના દીવાનની મંજૂરી માટે મોકલી આપતી જેને મંજૂર કરી ઉત્તીર્ણ થનારના નામો મહા મહિનામાં દરબારી ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવતા.

વકીલાતની સનદ મેળવવા માટેની પરીક્ષામાં નિષ્ફળ જનારને બીજીવાર પરીક્ષા આપવાની તક આપવામાં આવતી અને આ પરીક્ષા પસાર કરનારને જ ન્યાયાધીશના શિરસ્તેદારની જગ્યા પણ નિમણૂક મેળવવાલાયક ગણવામાં આવતા. પરંતુ કચ્છ રાજ્યના કર્મચારીઓમાંથી જ જેમણે આ પરીક્ષા પાસ કરી હોય તેમને જ શિરસ્તેદાર તરીકે નિમવામાં આવતા અને આ પરીક્ષા પાસ કરવા તેમણે કચ્છ રાજ્યના રજન્સી કાઉન્સિલની ખાસ પરવાનગી મેળવવી પડતી.

પરીક્ષામાં બેસવા ઈચ્છુક વ્યક્તિને દર વર્ષે કારતક સુદ બીજ પહેલાં વરિષ્ઠ કોર્ટને અરજી કરવાની રહેતી. પરીક્ષાની પ્રક્રિયા પૂર્ણ થયા પછી જે જે ઉમેદવારો પાસ થયા હોય તેમને જ સનદ આપવામાં આવતી અને તે જ વકીલાત કરી શકતા.

પરીક્ષામાં બેસવા ઈચ્છતા વ્યક્તિઓએ કાયદાનાં પુસ્તકો મેળવવા દર વર્ષે ભાદરવા સુદ સાતમ સુધી પોતાનાં નામો દરબારી છાપખાનાના મેનેજરને મોકલી આપવાના રહેતા. જેથી એ પ્રમાણે જ પુસ્તકો છાપવામાં આવતા. વળી વીસ નકલ મંગાવનારને એક નકલ વિના મૂલ્યે આપવામાં આવતી.

*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ્ પાર્ક,*
*નાના યક્ષ મંદિર પાસે,*
*માધાપર રિંગ રોડ, ભુજ, કચ્છ.*
*ફોન : (૦૨૮૩૨) ૨૪૩૨૪૨, ૨૦૪૩૭૨*

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

# કચ્છની ન્યાયતંત્ર વ્યવસ્થા

• નરેશ અંતાણી •

કચ્છમાં કચ્છ રાજયના સમયમાં ન્યાયતંત્રનો વ્યવસ્થિત ઉદ્‌ભવ અને વિકાસ થયો હતો. દેશની આઝાદી પહેલાંનો કચ્છના ન્યાય તંત્રનો ઈતિહાસ ઘણો જ રસપ્રદ છે. આ અંગેની વિગતો ભુજના વરિષ્ઠ ધારાશાસ્ત્રી સ્વ. કિશોરચંદ્ર બુચે એક પુસ્તકમાં પ્રસિદ્ધ કરી છે જે ગાંધીધામના ધારાશાસ્ત્રી ઘનશ્યામભાઈ ઠક્કરે ઉપલબ્ધ કરાવી છે જે તેમના સૌજન્યથી આ કટારમાં નોંધીશું.

કચ્છ રાજયના સમયમાં કચ્છ ખાલસા અને ભાયાતી એમ બે ભાગમાં વહેંચાયેલું હતું. કચ્છનો પોણા ભાગનો વિસ્તાર જાડેજા કોર્ટની હકુમતમાં હતો જ્યારે બાકીનો ભાગ ખાલસા વિસ્તાર હતો.

કચ્છના રાજવી રાયધણજીના સમયમાં બ્રિટિશ સરકાર સાથે ઈસવીસન ૧૮૧૯માં એક સમજૂતી કરવામાં આવી હતી અને તે મુજબ કચ્છના જાડેજા ભાયાતોને બ્રિટિશ ગેરંટી આપવામાં આવી હતી અને કચ્છના રાજવી સાથેના સંબંધોને કાયદાનું સ્વરૂપ આપવામાં આવ્યું હતું. જાડેજા ભાયાતો પોતાની જાગીર પૂરતા સ્વતંત્ર હકુમત ધરાવતા હતા. ઈસવીસન ૧૮૫૪ પહેલાં ગેરંટી હોલ્ડર જાગીરદારો પોતાની જાગીરના ગામોમાં દીવાની તથા ફોજદારી સત્તાઓ ભોગવતા હતા. એ સમયે પણ કચ્છના વાગડ વિસ્તારમાં વ્યવસ્થિત એજન્સી પોલીસ હતી જે ગંભીર ગુનાઓની તપાસ આ એજન્સી કરતી અને બાદમાં ગુનેગારો કચ્છ રાજયને સોંપવામાં આવતા.

ખાલસા ગામોમાં નાના ગુનાઓની તપાસ મહેસૂલી અધિકારીઓ કરતા. જો કોઈ મોટો ગુનો પકડાય તો તેનો અહેવાલ કચ્છના રાવને આપવામાં આવતો. આવા ગુનાઓની તપાસ હજૂર કચેરી અર્થાત્ રાવ જાતે કરતા. દીવાની દાવાની સુનાવણી રાવની હાજરીમાં થતી અથવા તો માનકારી અધિકારીઓની બનેલી પંચાયત મારફતે તેની સુનાવણી કરવામાં આવતી. ઘણાખરા ગુના માટે સામાન્ય રીતે દંડની સજા યા તો દંડના બદલામાં કેદની સજા થતી.

સને ૧૮૬૯માં કચ્છનો ફોજદારી કામ ચલાવવાની રીતનો કાયદો તથા દીવાની કામ ચલાવવાની રીતનો કાયદો અમલમાં આવ્યો અને રીતસરની અદાલતોની પદ્ધતિ શરૂ થઈ.

સને ૧૮૭૯માં ત્રણ વિભાગમાં કચ્છમાં ન્યાયની અદાલતો સ્થાપવામાં આવી :

(૧) રાવના મુલ્કમાં હકુમત ધરાવતી અદાલતો.

(૨) ગેરંટી હોલ્ડર્સની જાગીરમાં હકુમત ધરાવતી અદાલતો તથા

(૩) એવી અદાલતો કે જેની હકુમત સમગ્ર કચ્છ રાજયમાં પ્રવર્તતી.

તે વખતે કચ્છમાં બે વર્ગની દીવાની તથા ફોજદારી તાલુકા અદાલતો સ્થાપવામાં આવી હતી. જેની વિગતો કચ્છના વહીવટી તંત્રની વાત આ કટારમાં કરાઈ હતી ત્યારે કરવામાં આવી હોઈ અહીં પુનરાવર્તન કરતા નથી.

## • વરિષ્ઠ અદાલત :

સંવત ૧૯૩૪માં સદર અદાલતની જગ્યાએ ભુજમાં વરિષ્ઠ અદાલતની (હાઈકોર્ટ)ની સ્થાપના થઈ. આ વરિષ્ઠ અદાલતના જજને "જોઈન્ટ નાયબ દીવાન અને જજ વરિષ્ઠ કોર્ટ" કહેવામાં આવતા. આ વરિષ્ઠ અદાલતમાં ન્યાયાધીશોની સંખ્યામાં વધારો થતા મુખ્ય જજને "ચીફ જજ વરિષ્ઠ કોર્ટ" કહેવામાં આવતા અને તેની મદદમાં "એડિશનલ જજ વરિષ્ઠ કોર્ટ" તથા "આસિસ્ટન્ટ જજ વરિષ્ઠ કોર્ટ"ની નિમણૂક કરવામાં આવી. ચીફ જજ વરિષ્ઠ કોર્ટ સેન્ટ્રલ જેલના સુપ્રિન્ટેન્ડન્ટ પણ હતા. આ અદાલત રાજયભરમાં સંપૂર્ણ દીવાની તથા ફોજદારી હકુમતો ધરાવતી પરંતુ મોત, આજીવન દેશ નિકાલની સજા તથા ચૌદ વર્ષની કેદની સજા હજૂરની મંજૂરીને આધીન હતી. આ અદાલત તાલુકાઓની દીવાની તથા ફોજદારી અપીલો પણ સાંભળતી.

## • દીવાનની હજૂર કોર્ટ :

હજૂર કોર્ટ, એ વરિષ્ઠ અદાલતની અપેલેટ કોર્ટ હતી. એટલે કે બીજી અપીલ આ અદાલતમાં થતી. આ અદાલત પાસે ખાલસા અને જાડેજા એમ બંને વર્ગોની અપીલો ચાલતી. આ કોર્ટમાં પાછળથી ખાલસા અપીલો સાંભળવા માટે જ્યુ આસિસ્ટન્ટની નિમણૂક કરવામાં આવી અને સને ૧૯૪૫માં હાઈકોર્ટ ઓફ જયુડીકેચરની કચ્છમાં સ્થાપના થઈ ત્યાં સુધી આ કોર્ટ ચાલુ રહી.

## • ગેરંટી હોલ્ડર્સ અંગેની ન્યાયતંત્રની વ્યવસ્થા :

કચ્છમાં સને ૧૮૭૨માં ગેરંટી હોલ્ડર્સના અધિકારો તથા હકુમત બાબતમાં સેટલમેન્ટ થયું અને તેમાં ગેરંટી હોલ્ડર્સ માટે અલાયદી ન્યાયતંત્રની વ્યવસ્થા હતી. ગેરંટી હોલ્ડર્સ એટલે કે બાંહેધરીવાળા જાગીરદારો. આ જાગીરદારોના જુદા જુદા વર્ગને ફોજદારી અને દીવાની નિયત હકુમતો આપવામાં આવેલ. ઉપરોક્ત ગેરંટી હોલ્ડર્સની તે તે કોર્ટના અધિકારથી ઉપરના અને તાલુકા કોર્ટની હકુમતની અંદરના ફોજદારી તથા દીવાની કેસો જેમાં ગેરંટી હોલ્ડર્સ પક્ષકાર ન હોય તેવા કેસો ચલાવવાનો અધિકાર તે તાલુકા કોર્ટને હતો અને તેવા કામોમાં "ગેરંટી સાઈડ" તેવો ઉલ્લેખ થતો.

## • વરિષ્ઠ જાડેજા અદાલત :

વરિષ્ઠ જાડેજા અદાલતની સ્થાપના સંવત ૧૯૩૪માં થઈ. આ અદાલત ગેરંટી હોલ્ડર્સે

*'જય' તો સત્યનો જ થાય છે, પણ જરા મોડો થાય છે.*

કરેલ ઠરાવો તથા તાલુકા કોર્ટ ગેરંટી સાઈડના કામે કરેલ ઠરાવો પર અપીલ સાંભળતી અને જે કામોમાં ગેરંટી હોલ્ડર્સની પ્રજા પક્ષકાર હોય તેવા કોરી ૫૦૦૦/-થી ઉપરના દાવા તથા ગેરંટી સાઈડના સમન્સ કેસ તથા જે ફોજદારી કેસમાં ગેરંટી હોલ્ડર્સ પક્ષકાર હોય તેવા કેસો આ અદાલતમાં ચાલતા. ગેરંટી હોલ્ડર્સ અને રાવ વચ્ચેના કેસો પણ આ કોર્ટ ચલાવતી. ઉપરાંત ગેરંટી હોલ્ડર્સની મુલ્કની હદ બાબતની તકરારના કેસો પણ આ જ કોર્ટમાં ચાલતાં.

આ વરિષ્ઠ જાડેજા કોર્ટ પાંચ સભ્યોની બનેલી હતી. તેમાંથી ભાયાતોમાં ચાર સભ્યોની નિમણૂક મહારાવ કરતા અને પાંચમાં સભ્ય નાયબ દીવાન રહેતા. આ નાયબ દીવાન બેંચના પ્રમુખ રહેતા. બેંચનું કોરમ ત્રણ સભ્યોનું થતું તેમાં સભ્યોનો અભિપ્રાય લેવામાં આવતો. પરંતુ પ્રમુખનો નિર્ણય આખરી ગણાતો. તા. ૧૫-૩-૧૯૪૭નાં જાડેજા કોર્ટ બંધ કરવામાં આવી.

● **વરિષ્ઠ જાડેજા અદાલતની અપીલઃ**

વરિષ્ઠ જાડેજા અદાલતના ઠરાવની અપીલ અગાઉ મહારાવ જાતે સાંભળતા પરંતુ પાછળથી હજૂર કોર્ટમાં દીવાન પાસે અપીલ ચાલતી. પરંતુ ગેરંટી હોલ્ડર્સવાળા જો પક્ષકારો હોય તો તેવા કેસોની અપીલ પોલીટીકલ એજન્ટ પાસે થતી. હદની તકરારમાં મહારાવ જાતે પક્ષકાર હોય તો જાડેજા કોર્ટના ઠરાવ ઉપર પરભારે અપીલ પોલીટીકલ એજન્ટને થતી.

● **કચ્છમાં પ્રથમ હાઈકોર્ટ :**

તા. ૨૨-૧૦-૧૯૪૫ના રોજ ધી હાઈકોર્ટ ઑફ જ્યુડીકેચર એક્ટ, કચ્છ અમલમાં આવતા હજૂર કોર્ટની જગ્યાએ કચ્છમાં પ્રથમ હાઈકોર્ટની સ્થાપના થઈ અને તેમાં એસ.એમ. કૌકેણીની પ્રથમ ચીફ જસ્ટીસ તરીકે નિમણૂક થઈ. કચ્છમાં વહીવટી તંત્ર અને ન્યાયતંત્રનું સંપૂર્ણ વિભાજન કરવામાં આવ્યું.

● **પ્રીવી કાઉન્સિલ :**

કચ્છની એ હાઈકોર્ટના ઠરાવ પરની અપીલો પ્રીવી કાઉન્સિલ સમક્ષ સાંભળવામાં આવતી અને તે કાઉન્સિલ 'હીઝ હાઈનેસ ધી મહારાવ સાહેબ ઈન હીઝ પ્રીવી કાઉન્સિલ' એ નામથી ઓળખાતી.

● **કચ્છના વીલીનીકરણ બાદ જ્યુડિશીયલ કમિશ્નર કોર્ટ :**

કચ્છની દેશી રિયાસતનો અંત જૂન ૧૯૪૮માં આવ્યો. કચ્છ કોર્ટસ ઓર્ડર, ૧૯૪૮ કચ્છને લાગુ થતાં ભુજમાં જ્યુડિશીયલ કમિશ્નર કોર્ટની સ્થાપના કચ્છ હાઈકોર્ટની જગ્યાએ કરવામાં આવી અને આ કોર્ટના પ્રથમ જ્યુડિશીયલ કમિશ્નર તરીકે સ્વ. શ્રી આર. એસ. ત્રિવેદી આઈ.સી.એસ.ની ભારત સરકાર તરફથી નિમણૂક કરવામાં આવી. શ્રી ત્રિવેદીએ ન્યાયતંત્રમાં અનેક સુધારા વધારા કરી કચ્છમાં ન્યાયતંત્રનો પાયો સધ્ધર બનાવ્યો. સને ૧૯૫૬માં "ક" વર્ગના કચ્છ રાજ્યનું દ્વિભાષી મુંબઈ રાજ્યમાં વીલીનીકરણ થતાં કચ્છ એ રાજ્ય મટીને એક જીલ્લો બન્યું અને ત્યારથી "ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટ" એ કચ્છની મુખ્ય કોર્ટ બની અને તેના તાબાની તાલુકા કોર્ટોનો સેટ અપ બોમ્બે સિવિલ કોર્ટસ પ્રોવિઝન્સ મુજબ ગોઠવવામાં આવ્યો. ત્યારથી કચ્છ જિલ્લો મુંબઈ હાઈકોર્ટની હકુમત હેઠળ આવ્યો.

ત્યારબાદ તા. ૧-૫-૧૯૬૦થી ગુજરાત રાજ્યની રચના થતાં કચ્છની ન્યાયકોર્ટો નામદાર ગુજરાત હાઈકોર્ટની હકુમત હેઠળ આવી.

● **કચ્છમાં વકીલ સંસ્થા :**

કચ્છમાં અદાલતોમાં જૂના જમાનાની વકીલાતથી માંડીને આધુનિક એડવોકેસીની પ્રથાનો આગવો રસપ્રદ ઈતિહાસ છે.

● **વકીલાતની પ્રાથમિક પરિસ્થિતિ :**

જૂના જમાનામાં કચ્છમાં વકીલાત માટે કોઈ ડિગ્રી કે અન્ય કાંઈ નિશ્ચિત ધોરણ નહોતું. મુખ્ય ધોરણ દરબારશ્રીની મહેરબાનીનું હતું. જેના પર દરબારશ્રી વકીલાતનો કળશ ઢોળે તે વકીલ.

પરંતુ સમય જતાં ન્યાયતંત્રના વિકાસ સાથે કચ્છમાં વકીલાત કરવા માટે સનદ મેળવવા માટે પરીક્ષા પદ્ધતિ દાખલ થઈ. આ પરીક્ષામાં બેસવા માટે કોઈ અભ્યાસ કે લાયકાત નિયત નહોતા. આ પરીક્ષામાં કોઈપણ બેસી શકતું. આ પરીક્ષામાં પાસ થનારને વકીલાતની ફીમાં તે સમયમાં પ્રસિદ્ધ થતાં "કચ્છ દરબાર ગેઝેટ"ના ગ્રાહક થવાની ફરજ સાથે બીજી કાંઈપણ ફી વગર કચ્છની તમામ કોર્ટોમાં વકીલાત કરવાની સનદ આપવામાં આવતી. કેટલાક કૃપાપાત્ર કિસ્સાઓમાં તો એન્ટીસીપેટરી સનદ એટલે કે ભવિષ્યમાં પરીક્ષા પાસ કરવાની શરતે પણ સનદ મળતી.

તાલુકાની કોર્ટો માટે વકીલાતની સનદોની પરીક્ષાની પ્રથા અલાયદી હતી. પાછળથી ખાવડા કોર્ટોની વકીલાત માટેની પરીક્ષા લેવામાં આવેલ અને તેમાં પાસ થનારને પણ તાલુકા કોર્ટમાં વકીલાત કરવાની પરવાનગી મળતી.

તે જમાનામાં જેમણે મુંબઈ યુનિવર્સિટીની લૉ ડિગ્રી મેળવી હોય કે ડિસ્ટ્રીક્ટ પ્લીડર કે હોલકોર્ટ પ્લીડરની કે સને ૧૯૨૬ મુંબઈ બાર કાઉન્સિલ ઍડવોકેટ હેઠળ પરીક્ષા પસાર કરી હોય તો પણ તેમને હક્ક અધિકારની રૂએ સનદ મળતી નહિ પરંતુ સનદ ફીની કોરી ૧૦ (દસ) ભરે પછી જ મહેરબાનીની રૂએ સનદ આપવામાં આવતી. આ સનદ મેળવવામાં મહિનાઓનો સમય લાગી જતો. પાછળથી સંવત ૧૯૯૦ના ઠરાવ નં.-૫૭ અન્વયે કચ્છમાં તમામ કોર્ટોની સનદ ફી ની કોરી ૩૦૦ (ત્રણસો) તથા તાલુકાની કોર્ટોની સનદ ફી કોરી ૨૦૦ (બસ્સો) લેવાનું શરૂ થયું.

ઈ.સ. ૧૯૪૪-૪૫માં ન્યાયતંત્ર વહીવટીતંત્રથી જુદું કરવામાં આવ્યું. તા. ૨૨-૧૦-૧૯૪૫ના કચ્છ હાઈકોર્ટ ઓફ જ્યુડીકેચર એક્ટ અમલમાં આવ્યો ત્યારથી ન્યાયતંત્ર અને વહીવટીતંત્ર જુદા થયાં. આ કાયદા હેઠળ કચ્છની પ્રથમ હાઈકોર્ટની સ્થાપના થતાં કચ્છમાં વકીલાતની સનદ નામદાર હાઈકોર્ટ તરફથી આપવાની પ્રથા શરૂ થઈ. ત્યારબાદ પાછળથી કોર્ટસ ઓર્ડર, ૧૯૪૮ વાળો અમલમાં આવતાં કચ્છ પ્રદેશ માટેની વકીલાતની સદન આપવાનો અધિકાર શ્રી

*જે પોતે સુધરેલો હોય તે જ બીજાને સુધારી શકે.*

જ્યુડિશિયલ કમિશ્નરને આપવામાં આવ્યો અને વકીલાતની સનદનો પ્રશ્ન સરળ બન્યો. ત્યારબાદ જેઓ 'એ' વર્ગના પ્લીડર્સ હતા તેઓને સીનિયોરીટી પ્રમાણે એડવોકેટ્સના રોલમાં દાખલ કરવામાં આવ્યા અને 'ક' વર્ગનાં કચ્છ રાજ્યનું પહેલા દ્વિભાષી મુંબઈ રાજ્યમાં અને ત્યારબાદ ગુજરાત રાજ્યમાં વિલીનીકરણ થતાં તે તે રાજ્યની હાઈકોર્ટના ઍડવોકેટ તરીકે ઍનરોલ થાય છે.

- **વકીલોનો પોશાક :**

કચ્છમાં વકીલોના પોશાકનો ઈતિહાસ આ તબક્કે રસપ્રદ બનશે. વકીલોના પોશાકમાં માથે પાઘડી, લાંબો કોટ, ધોતિયું અને કોટ ઉપર ખભે પછેડી નાંખવાનું ફરજિયાત હતું અને આ પ્રથાનો સને ૧૯૩૯ સુધી ચુસ્તપણે અમલ થતો. પરંતુ તે અરસામાં મુંબઈથી ભુજમાં વકીલાત કરવા આવેલ ઍડવોકેટ સ્વ. શ્રી ગુલાબશંકર એસ. ધોળકિયાએ આ પ્રથાનો વિરોધ કર્યો અને પાઘડીનું સ્થાન કાળી ટોપીએ લીધું. પરંતુ તે અરસામાં વકીલ શ્રી દેવશંકરભાઈ પી. જોશી ધોળી ટોપી પહેરીને કોર્ટમાં દાખલ થવા જતા હતા ત્યારે દરબારગઢના તોરણિયામાં તેમને ધોળી ટોપી સાથે અટકાવ્યા. આ પ્રકરણ શ્રી દીવાન સાહેબ સુધી પહોંચ્યું અને માથાના પોશાક તરીકે કાળી અને ધોળી બંને ટોપી શરૂ થઈ. તથા રૂઢીચુસ્ત પાઘડી અને ખભે પછેડીના પોશાકને ધીમે ધીમે તિલાંજલિ આપવામાં આવી.

- **કાયદાની પરિસ્થિતિ :**

કચ્છમાં કાયદાની પરિસ્થિતિ અને તેનો અમલ વિશિષ્ટ પ્રકારનાં હતા અને ૧૮૬૯ એટલે સંવત ૧૯૨૬નો કચ્છનો ફોજદારી કામ ચલાવવાની રીતનો કાયદો કચ્છને પ્રથમ વખત લાગુ થયો. આ કાયદામાં પીનલ કોડ તથા ક્રિમીનલ પ્રોસીજર કોડનો સંયુક્ત સમાવેશ કરવામાં આવેલ. સંવત ૧૯૨૬માં દીવાની કામ ચલાવવાની રીતનો કાયદો લાગુ કરવામાં આવ્યો અને સમય પ્રમાણે તેમાં ફેરફાર થતા આવ્યા.

કચ્છની દેશી શિરસ્તા સંગ્રહ (વ્યાપાર અને ગીરાસ)નો ઈ.સ. ૧૮૮૫નો કાયદો ઘણો જ અગત્યનો સંગ્રહ હતો. જેમાં લૉ ઑફ કોન્ટ્રાક્ટ, પાર્ટનરશીપ એક્ટ, ટ્રાન્સફર ઑફ પ્રોપર્ટી એક્ટ, લેણાં તથા ગીરાસ ઉપરાંત વાડનું લેણું એટલે વટાંતરના લેણાની પહેલાનું અગાઉ લેણું કે વટાંતરના લેણાંથી જે લેણું જુદું રહી ગયું હોય તે લેણાં વટાંતર છોડાવતી વખતે મતાદાર (મોર્ટગેજારે) ધનિકધણી (મોર્ટગેજી)ને ચૂકવી આપે તેવો પણ આ કાયદામાં પ્રબંધ હતો.

★

## કચ્છમાં કાયદાનો અમલ અને તેની વિશિષ્ટતાઓ

સંવત ૧૯૩૪માં સ્ટેમ્પ તથા રજિસ્ટ્રેશન ધારો કચ્છને લાગુ પાડવામાં આવ્યો. પરંતુ પાછળથી સંવત ૧૯૩૯માં નવો સ્ટેમ્પ એક્ટ તથા નવો રજિસ્ટ્રેશન એક્ટ સુધારા વધારા સાથે અમલમાં આવ્યા. ઈ.સ. ૧૯૪૧ના સુધારાથી કોરી ૫૦૦/-થી ઉપરના ચિતઠામના દસ્તાવેજોને રજિસ્ટર કરાવવાનું ફરજિયાત હતું.

કચ્છ રાજ્યમાં (લીમીટેશન) મુદતનો એટલે સમય મર્યાદાનો કાયદો પણ કરવામાં આવેલ. આ કાયદા અન્વયે અગાઉ લેણું વસૂલ કરવા માટે મુદત ૩૫ વર્ષની રાખવામાં આવેલ. લેણાં સિવાય બીજી કોઈ બાબત માટે મુદત ન હતી. પરંતુ પાછળથી સંવત ૨૦૦૪ની સાલમાં કચ્છ રાજ્યનો મુદતનો કાયદો અમલમાં આવ્યો. જે મહદઅંશે ધી ઈન્ડિયન લીમીટેશન એક્ટને મળતો કાયદો હતો. આ સિવાય પણ કચ્છ રાજ્યમાં બીજા અનેક કાયદાઓ હતા. જે પૈકીના કેટલાકની ચર્ચા આ કટારમાં અગાઉ કરાઈ છે.

- **કાયદાનો અમલ અને તેની વિશિષ્ટતાઓ :**

કચ્છ રાજ્યના વખતમાં કચ્છની કોર્ટોના અગત્યના ફેંસલા હરસંખરામ પંડિતરામ પ્રસિદ્ધ કરતા જે "હરસંખરામભાઈના ડાઈજેસ્ટ" તરીકે ઓળખાતા. તેમજ આ ડાઈજેસ્ટ બાદ "કચ્છ વકીલ માસિક" સ્વ. નૌતમલાલભાઈ માંકડે પણ પ્રસિદ્ધ કર્યા હતા. જેના તંત્રી તરીકે કિશોરચંદ્ર માંકડ તથા મણિભાઈ ધોળકિયા હતા. આ બંને પ્રકાશનોને કાયદેસર સ્વીકૃતિ મળેલ અને કચ્છની કોર્ટમાં તેને આધારભૂત ગણવામાં આવતા.

- **ફટકાની સજા :**

રસપ્રદ બાબત એ છે કે, કચ્છમાં ફટકાની સજા પણ અમલમાં હતી. કચ્છમાં જુવેનાઈલ ઑફેન્ડ્સ એક્ટ વિ.સ. ૧૯૩૧ મુજબ ૧૫ વર્ષથી ઓછી ઉંમરના ગુનેગારોને હલકા ગુના માટે કેદની શિક્ષા નહીં કરતા નિશાળમાં છોકરાને મારતા તેવી રીતે સોટીથી ફટકા મારવાની રીતે રાખવી અને ૨૪થી વધારે ફટકા મારવા નહિ. આવો ઠરાવ નં. ૧૨૦૫, જેઠ વદ-૧૨, વિ.સં. ૧૯૩૧ના કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત જે કેદી કેદમાંથી નાસી જાય તેને ટીપ (જેલ) ઉપરાંત ફટકાની શિક્ષા કરવા તથા કોઈ કેસમાં ત્રણ વર્ષથી ઉપરાંતની કેદની શિક્ષા કરવામાં આવેલ હોય કે ગમે તેટલી શિક્ષા થઈ હોય તો પણ ફટકાની સજા કરવાનો રીજિઅન્સ કાઉન્સિલના વખતથી કાયદો હતો.

ઈ.સ. ૧૯૨૯માં એવું ઠરાવવામાં આવેલ કે નીચેની મૂળ કોર્ટો ફટકાની સજાનો તાત્કાલિક અમલ કરે છે તેમ ન કરવું. પરંતુ ન્યાયના હિતમાં અપીલ થતાં સુધી તે ફટકા મારવાની સજાનો અમલ મુલત્વી રાખવો.

- **કચ્છનો ભૂંડી ભૂચ્છીનો કાયદો :**

આ એક વિશિષ્ટ કાયદો હતો અને તેનો અમલ પણ એટલો જ વિચિત્ર હતો. આ કાયદો પછાત કોમોને લાગુ પડતો અને તે કોમો અંગેના કેટલાક ગુના અંગેનો નિકાલ કરવાનો અખત્યાર ભુજના કોટવાલને હતો.

એટલું જ નહિ પરંતુ જે કેસમાં હરિજનો પક્ષકાર હોય કે તહોમતદાર હોય કે સાક્ષી હોય તેવા સંજોગોમાં આવા હરિજનોની જુબાની લેવા માટે કોર્ટનો શિરસ્તેદાર બહાર કોર્ટનાં પગથિયાં પર બેસી ફળિયામાં હરિજનોને બેસાડી જુબાની લખતા અને તે જુબાની પર ન્યાયાધીશ ન્યાય આપતા.

કચ્છમાં મૂળ હિંદુ કાયદાના સિદ્ધાંતો લાગુ પડતા અને તે મુજબ લેણાંની જવાબદારી "પુત્રપુત્રાદિ ક્રમે"ના સિદ્ધાંત અન્વયે ગુજરનાર દેણદારની કોઈ મિલ્કત ન હોય તો

*આ દુનિયામાં ત્રણનો ઉપકાર જિંદગીમાં ભૂલાય તેમ નથી. 'ફાધર', 'મધર' ને 'ગુરુ' કે જેમણે આપણે રસ્તે ચઢાવ્યા હોય.*

પણ તેના વારસદારો તે લેણું ચૂકવી આપવાની અંગત જવાબદારી બનતી અને તે મુજબ હુકમનામું થતું.

કચ્છમાં મેમણો તથા ખોજાઓને કસ્ટમરી કાયદો લાગુ થતો.

લગ્ન હક્કનું હુકમનામું એ પેપરડીકી સ્વરૂપે કચ્છમાં નહોતું પરંતુ તે હુકમનામાની રીતસરની બજવણી થતી. આ હુકમનામાના અમલ માટે કોર્ટના નાઝીર ખાતાના કર્મચારી મારફત તેવી સ્ત્રીની જાત ઉપર તામિલની બજવણી થતી અને ઘણા કિસ્સામાં આવી રીતે પત્નીને પકડી, ગાડામાં લઈ જઈને પતિને કબજો સુપરત કરવામાં આવતો.

ભાગીદારી ઉપરનાં લેણાના દાવામાં દરેક ભાગીદાર ઉપર માત્ર તેના ભાગ પૂરતી જ જવાબદારી રહેતી.

જ્યારે સગપણ થયું હોય અને તે બાબતમાં અદાલત પાસે કેસ આવતો તેવા પ્રસંગે 'નાતરીત મુજબ જે ખર્ચ થયું હોય તે પ્રતિવાદી પાસેથી આપવું. જો પ્રતિવાદી ખર્ચ ન આપે તો હુકમી સગપણ આપવું' એ પ્રમાણે હુકમ થતો.

બધા જ દાવા ફરિયાદો તથા અરજીઓ ઉપર મથાળે 'ગૌ બ્રાહ્મણ પ્રતિપાળ નોંધારા આધાર ધર્મધુરંધર અખંડ પ્રૌઢ પ્રતાપ શ્રીમાન મહારાજાધિરાજ મીરજા મહારાઓશ્રી સાત સવાઈ બહાદુર' લખવાનું ફરજિયાત હતું. જો તે રીતનું મથાળું ન બંધાયું હોય તો તેવી અરજી પ્રાથમિક દૃષ્ટિએ રદ થતી. આ હકીકતને મટીરાબલ ડિફેક્ટ ગણવામાં આવતી. આ પ્રથા તા. ૧૬-૬-૧૯૪૮ના ચીફ કમિશ્નરના હુકમથી રદ થઈ.

કચ્છની કોર્ટોમાં ગાદી તકિયા પર કોર્ટ બેસતી. વચ્ચે ચટ્ટાઈ પર પક્ષકારો અને સાક્ષી જે હોય તે બેસે અને કોર્ટની કાર્યવાહી ચાલે. વકીલો ગાદી પર બેસતા અને જોરદાર દલીલ વખતે ગોઠણ ઉપર અધૂરે ઊભા થઈને દલીલ કરતા.

કચ્છ રાજ્યનું તા. ૧-૬-૧૯૪૯થી ભારતમાં વિલીનીકરણ થયું ત્યારે કચ્છ રાજ્યના અંત સાથે રાજ્યમાં કાયદાઓની જગ્યાએ ઇ.સ. ૧૯૪૯માં ધી મર્જડ સ્ટેટ લૉઝ એક્ટ લાગુ થતાં ભારત સરકારના તથા મુંબઈ રાજ્યના કેટલાક કાયદાઓ લાગુ પાડવામાં આવ્યા. તેમાં બોમ્બે એગ્રીકલ્ચર ડેટર્સ રીલીફ એક્ટ, ૧૯૩૯ પણ લાગુ પડ્યો. ત્યારબાદ ૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦થી ભારત પ્રજાસત્તાક થતાં એપ્લીકેશન ઑફ લૉઝ ઑર્ડર અન્વયે કચ્છને એ જ કાયદા લાગુ થયા. આ પછી દ્વિભાષી મુંબઈ રાજ્ય અને ત્યારબાદ ગુજરાત રાજ્યના અસ્તિત્વ પછી રાજ્યના કાયદાઓ મુજબ ન્યાયતંત્ર ચાલે છે.

ન્યાયકોર્ટના મકાનો : કચ્છ રાજ્યના વખતમાં ન્યાયકોર્ટો જૂના દરબારવાળા ભાગમાં બેસતી. કચ્છ રાજ્યના દીવાનની હજૂર કોર્ટ આઈના મહેલના ઉપરના ભાગે છેલ છતર તરીકે ઓળખાતા મોટા ખંડમાં બેસતી. જ્યારે ભુજ ન્યાયાધીશની કોર્ટ આઈના મહેલની ચાલીમાં અને કચ્છની સદર અદાલત 'મન વિલાસ' પાસેના બગીચા સામે થાંભલીઓવાળા મંડપમાં બેસતી.

પ્રાગ મહેલના નિર્માણ પછી વરિષ્ઠ જાડેજા અદાલત આ મહેલના ભોંય તળિયાના ખંડોમાં બેસતી. ઈ.સ. ૧૯૪૫ના કચ્છ હાઈકોર્ટની સ્થાપના થતાં જૂના સ્વામિનારાયણ મંદિર પાસેના મકાનમાં કચ્છની અદાલતો ખસેડાઈ. જે હાલના બહુમાળી ભવન પાસેના ન્યાય મંદિરના નિર્માણ સુધી ચાલુ રહી હતી.

*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ્ પાર્ક,*
*નાના યક્ષ મંદિર પાસે,*
*માધાપર રિંગ રોડ, ભુજ, કચ્છ.*
*ફોન : (૦૨૮૩૨) ૨૪૩૨૪૨, ૨૦૪૩૭૨*

## સ્મૃતિ અને વિસ્મૃતિ

જીવનને સાચી અને સારી રીતે જીવવા માટે અમુક બાબતો ભૂલતા શીખવું જોઈએ. અન્ય કળાઓની માફક ભૂલવું એ પણ એક કળા છે. જીવનમાં યાદ રાખવું જેટલું જરૂરી છે, એટલું જરૂરી છે ભૂલતા શીખવાનું.

ફ્રાન્સના એક તત્ત્વવેત્તાએ તો એવું પણ કહ્યું હતું કે, મગજનું મુખ્ય કામ યાદ રાખવાનું નહીં પણ ભૂલવાનું અને ભૂલવામાં મદદ કરવાનું છે.

સ્મૃતિ બે પ્રકારની છે : એક સુખદ અને બીજી દુઃખદ. ભૂલવા જેવી વસ્તુઓ આપણે યાદ રાખીએ છીએ અને યાદ રાખવા જેવી વસ્તુઓ આપણે વહેલા ભૂલી જઈએ છીએ. પણ ભૂલવા યોગ્ય બાબતો આપણે ભૂલતા નથી. સતત યાદ રાખવાનું અને સતત ભૂલી જવાનું બહુ કઠિન છે. સ્મૃતિ અને વિસ્મૃતિની વચ્ચે માણસ લટકતો રહે છે. સ્મૃતિ તેનો કેડો છોડતી નથી અને વિસ્મૃતિ તેને સતાવ્યા કરે છે.

કોઈએ આપણા માટે કાંઈ કર્યું હોય તો તે જલદી ભુલાઈ જવાય છે. આપણે કોઈક માટે કશું સહેજ અમથું પણ કર્યું હોય તો તે ભુલાતું નથી. વર્ષો પહેલાં કોઈએ કટુ વચનો કહ્યા હોય, દુઃખ આપ્યું હોય તો તેની કડવી યાદો જિંદગીભર ભુલાતી નથી. જ્યાં સુધી આપણે આ બધું ભૂલીશું નહીં અને બદલો લેવાની ભાવના રાખીશું ત્યાં સુધી આપણને ચેન નહીં પડે.

યાદ કરવા કરતાં ભૂલવું અતિ દુષ્કર છે. જે વિચારની સામે આપણે લડીએ છીએ તે વિચારમાં જ આપણું મન કેન્દ્રિત થઈ જાય છે. જે વિચારથી આપણે દૂર જવા માગીએ છીએ તે વિચાર જ ચિત્તને ઘેરી વળે છે. જો કે દુઃખદ બનાવોને ભૂલવાનું કામ આપણે ધારીએ છીએ એટલું સહેલું નથી, તો સાવ અશક્ય પણ નથી. વારંવારના પ્રયત્નથી આ શક્ય બની શકે. જ્યારે જ્યારે દુઃખદ સ્મૃતિ તમારા મનનો કબજો લેવા માંડે ત્યારે એકદમ સજાગ થઈ જવું અને દુઃખદ સ્મૃતિને મનમાંથી હાંકી એને સ્થાને જીવનમાં બનેલા સુખદ બનાવોને યાદ કરવા. આમ કરવાથી મનમાં સુખદ અનુભવોની સુવાસ પ્રસરશે અને સુખની લાગણી અનુભવાશે.

*ગુલાબચંદ ધારશી રાંભિયા - અમદાવાદ*

## નર્મદા યોજના

# જીવાદોરીને ટૂંપો દેવાનો કારસો

• સનત મહેતા (ગુજરાત રાજ્યના પૂર્વ નાણાંપ્રધાન) •

**‘ધોલેરા સર’ નામની યોજનાના નકશામાં સમાવાયેલા ધંધૂકો, બરવાળા અને ભાવનગર વિસ્તારની ૨૮૨૦૩ હેક્ટર જમીન નર્મદાના કમાન્ડ વિસ્તારમાંથી રદ કરવામાં આવી છે.**

ભારતની પાંચ મોટી નદીઓમાંની નર્મદાના વિશાળ જળરાશિ વણવપરાયા સમંદરમાં વરસોથી ઠલવાતા હતા અને બીજી તરફ કચ્છ - સૌરાષ્ટ્રના વિસ્તારો દર બીજે વરસે અછત કે દુષ્કાળના ભોગ બનતા હતા. ભારતના ભાગલા પછી સિંધુનાં પાણી કચ્છ તરફ આવવાની આશા કાયમ માટે ભાંગી ગઈ હતી. એવી પરિસ્થિતિમાં નર્મદા નદી પર બંધ બાંધી એના પાણી પછાત ભરૂચમાં અને વખત જતાં કચ્છ - સૌરાષ્ટ્રને મળે એવી દૂરગામી દૃષ્ટિથી નર્મદા યોજનાનું સપનું સરદાર પટેલે સેવ્યું હતું. સ્વરાજ્ય પછી એમની આ ઈચ્છા પ્રબળ બની ગઈ હતી. વળી નર્મદા નદીનું મુખ અને છેડો ગુજરાતમાં આવતાં હતાં એટલે ગુજરાત એને મળતા પાણી વાપરવાનો હક્ક ધરાવતું હતું. ગુજરાતનું અલગ રાજ્ય થતાં જ એના પરની નાની યોજનાના હક્કને બળવત્તર બનાવવાનું મુનાસીબ માની એનું નામ ‘સરદાર સરોવર નર્મદા યોજના’ રાખી દીધું હતું. આ વાતને બાવન વરસ થવા આવ્યા છે પણ કોણ જાણે નર્મદા યોજના જે ગુજરાત માટે જીવાદોરી છે તેની સામે સંકટ આવતા જ રહ્યાં છે. પહેલાં રાજ્યો વચ્ચે ઈન્દિરા ગાંધીની દરમિયાનગીરી છતાં પાણીની વહેંચણી માટે સમજૂતી ન થતાં વિવાદ ટ્રીબ્યુનલ પાસે ગયો. જેમાં એક દાયકો વીતી ગયો. પછી યોજનાનાં નાણાં માટે વિશ્વ બેંક મદદે આવી તો આદિવાસી વિસ્થાપિતોના પુનઃ વસવાટ અને પર્યાવરણ રક્ષાના બહાને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પર્યાવરણવાદીઓએ (પર્યાવરણવિદ્ નહીં) વિવાદ જગાડી વિશ્વ બેંક પર દબાણ અને સુપ્રીમ કોર્ટનો રસ્તો લીધો. કેન્દ્ર સરકારે વિશ્વ બેંકની મદદ લેવાનું બંધ કર્યું અને નિગમે નાણાંની તંગી નિવારવા બોન્ડ બહાર પાડી ૩૬૦ કરોડ મેળવ્યા તો સુપ્રીમ કોર્ટે મનાઈ હુકમ આપ્યો. એમાં વરસો ગયાં. બંધની ઊંચાઈના આ વિવાદમાં કોઈક કારણસર નહેરોનાં કામ વિસરાતાં રહ્યાં.

યોજના સચિવાલયની તુમારશાહીમાં ન અટવાય અને કામ ઝડપી ગતિએ થાય એટલે ૧૯૮૮માં રચાયેલા સરદાર સરોવર નિગમને પણ ચોવીસ વરસ થયા છે. યોજનાનો ખર્ચ રૂા. ૪૦,૦૦૦ કરોડને વટાવી જશે એવી પાકી ગણતરી મુકાઈ છે. આ બધા પછી ગુજરાતને ટ્રીબ્યુનલે ફાળવેલા નેવું લાખ એકર પાણી મુખ્ય નહેરમાં વહે છે પણ પછી ક્યાં, કેટલા વપરાય છે એની સાચી વિગતો બહાર આવી નથી. હવે બાકી રહેલાં કામો ૨૦૧૫માં પૂરા કરવાનો વાયદો કરાયો છે. આવા અનેક વિવાદોમાં અટવાયેલી યોજનાને અટકાવવા કે વીંખી નાખવામાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બળો જે આજ સુધી નથી કરી શક્યા તે હવે ચોવીસ વરસ પછી રાજ્ય સરકાર અને ખુદ નિગમ કરવા માગતું હોય એવી માહિતી આર.ટી.આઈ. કાનૂન નીચે મળેલી અધિકૃત માહિતીમાંથી બહાર આવી છે.

આ માહિતી બોલે છે કે ‘ધોલેરા સર’ નામની સરકારની મહત્ત્વાકાંક્ષી યોજનાના નકશામાં સમાવાયેલા ધંધુકા, બરવાળા અને ભાવનગર વિસ્તારની ૨૮૨૦૩ જમીન નર્મદાના કમાન્ડ વિસ્તારમાંથી રદ એટલે ડી-કમાન્ડ કરવામાં આવી છે. આ વિસ્તારના ખેડૂતો સવાલ પૂછે છે કે એકવાર જેનાં પાણીની વહેંચણી અંગે ટ્રીબ્યુનલે ચુકાદો આપ્યો હોય, આ ચુકાદાના આધારે નિગમે નર્મદા પ્લાનિંગ જૂથ દ્વારા લાંબા સર્વેક્ષણ, ટોપોગ્રાફી, જમીનનું ઉપજાઉપણું વગેરે પાસાઓનો અભ્યાસ કરાવી આ વિસ્તારમાં નર્મદાનાં પાણી પહોંચાડવાનો અભ્યાસ કરાવી આ વિસ્તારમાં નર્મદાના પાણી પહોંચાડવા નહેરો, પેટાનહેરો, શાખા, પ્રશાખાનું આયોજન પૂર્ણ કરાઈ કામ શરૂ કરાયું હોય એવા વિસ્તારો આટલા વરસે આમ ડી-કમાન્ડ એટલે પિયત વિસ્તારમાંથી રદ કેવી રીતે કરી શકાય? આના ઊંડાણમાં જતાં જાણવા મળ્યું છે કે નિગમે એના ૯ જૂન, ૨૦૦૮ના પરિપત્ર નંબર સીએડી-૨/૨૦૦૮/ડી-કમાન્ડ/૭૯ નહેરોથી પિયત વિસ્તારને બાકાત કરવાની કાર્યપદ્ધતિ મંજૂર કરી છે. ખેડૂતોને જાણ કર્યા વગર આ કાર્યવાહી કયા આધારે કરાઈ એવું પૂછતાં નિગમે લેખિતમાં જણાવ્યું કે —

‘સદરહુ વિસ્તારમાં ગુજરાત સરકાર દ્વારા નોટિફિકેશન બહાર પાડી ‘ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજ્યન તરીકે જાહેર કરવામાં આવવાના કારણે સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ગાંધીનગરની મંજૂરી દ્વારા ડી-કમાન્ડ કરવાની દરખાસ્ત મંજૂર કરવામાં આવી છે. વધુમાં પૂછ્યું કે આ ડી-કમાન્ડ કરવામાં આવેલી જમીનની અસરગ્રસ્ત ખેડૂત કે ગ્રામપંચાયતને જાણ કરાઈ છે કે નહીં? તો લેખિત જવાબ મળ્યો છે કે - ‘આ બાબતે અધિક્ષક ઈજનેર શ્રી સૌરાષ્ટ્ર શાખા વર્તુળ-૧ ભાવનગર દ્વારા તાબા હેઠળની ક્ષેત્રીય કચેરીને જરૂરી સૂચના આપવામાં આવી છે.’

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૯ ઉપર)**

*બીજાને અનુકૂળ થતાં આવડે એને કોઈ દુઃખ જ ન હોય. માટે ‘એડજસ્ટ એવરીવ્હેર’.*

# મિચ્છામિ દુક્કડમ્
# ક્ષમા કરીએ ખરા વેરીને

• પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ •

ક્ષમા તારક છે, રાગ મારક છે. ક્ષમાનો બુદ્ધિમાં ઉદય થાય તો વેર અને વિરોધ પ્રગટી શકતા નથી, પરંતુ રજોગુણી કે તમોગુણી બુદ્ધિથી થયેલી ક્ષમાપના આત્મશુદ્ધિ લાવતી નથી. સાત્ત્વિક બુદ્ધિથી થયેલી ક્ષમાપના અનેક પાપકર્મોનો નાશ કરે છે અને ભવિષ્યમાં નવાં કર્મો બંધાતા અટકી જાય છે. જો એક વર્ષની મુદતમાં કોઈના પર દ્વેષ જાગ્યો હોય કે વેર થયું હોય તો એની ક્ષમાપના કરી લેવી જોઈએ. જો આમાં ચૂકી જઈએ તો કર્મની પાટી પર એ ભૂલ વજ્રલેખ બની જશે. આમ થાય તો વ્યક્તિનું સમ્યક્ત્વ ટળી જાય અને મિથ્યાત્વ ઉદયમાં આવે. આથી પર્વાધિરાજનું ક્ષમાપનાનું કર્તવ્ય ખૂબ જ મહત્ત્વનું બની રહે છે.

દૈનિક ક્ષમાપનાથી કષાયોની મંદતા થાય છે. પાક્ષિક ક્ષમાપનાથી સંજ્વલના ક્રોધ, માન, માયા, લોભ રૂપ કષાયોનો ઉપશમ કે ક્ષયોપશમ થાય છે. ચાતુર્માસિક ક્ષમાપનાથી પ્રત્યાખ્યાની કષાયો અત્યંત ઉપશમ પામે છે અને સાંવત્સરિક ક્ષમાપનાથી અપ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા, લોભરૂપ કષાયોનું જોર ટળે છે અને અનંતાનુબંધી - કષાયોનો ઉદય થતો નથી.

ક્ષમાને આથી જ શ્રીમદ્ રાજચંદ્રે મોક્ષના ભવ્ય દરવાજા તરીકે ઓળખાવી છે. દિગંબરોના દશલક્ષણી ધર્મમાં પહેલું સ્થાન ઉત્તમ સ્થાને છે. જુદા જુદા પ્રકારની ક્ષમા પણ છે. ઉપકાર ક્ષમા, અપકાર ક્ષમા, વિપાક ક્ષમા વગેરે. આ બધી ક્ષમા તો આપણા જીવનમાં છે જ પણ વચન ક્ષમા અને તેથી આગળ વધીને ધર્મ ક્ષમા અથવા સહજ ક્ષમા સુધી પહોંચે તેને માટે મોક્ષ સરળ છે.

જૈન ધર્મની ક્ષમા વિશેની વિચારણામાં નોંધપાત્ર તત્ત્વ એ છે કે અન્ય ધર્મોમાં ઈશ્વરની ક્ષમા યાચવાનું કહેવામાં આવ્યું છે. જ્યારે જૈન ધર્મમાં સર્વ જીવોની ક્ષમા યાચનાની વાત છે. મંદિરના એકાંતમાં મનોમન ઈશ્વર આગળ ક્ષમા માંગી લેવી સરળ છે પરંતુ માણસ પોતાની આસપાસના નાના-મોટા જીવોની ક્ષમા માંગે છે ત્યારે એનો જીવન વ્યવહાર બદલાઈ જાય છે. માણસના સકલ જગતની સજીવ સૃષ્ટિ સાથેના સીધા સંબંધની યાદ તાજી થાય છે, વ્યક્તિના આખા વિશ્વ સાથેના સંબંધોનો સંદર્ભ આવે છે.

તીર્થંકરને આપણે શું કહીએ છીએ? એમને ક્ષમાશ્રમણ કહીએ છીએ. દેરાસરમાં જઈએ છીએ ત્યારે 'ઈચ્છામિ ખમાસમણો' કહીએ છીએ. જૈન ધર્મનું એક નામ આર્હત્ ધર્મ છે. જૈન ધર્મ કહે છે કે ક્ષમામાં હો તો સારી અર્હતા — સારી યોગ્યતા ગણાય. જે સુષુપ્ત હોય તે જાગી ઊઠે. ઢંકાયેલું જ્ઞાન કે દર્શન ખૂલી જાય, બધી વિકૃતિ સમાપ્ત થઈ જાય.

બધા ધર્મો પાપની જિકર કરે છે. કેટલાક ધર્મ તેનું ફળ ન મળે તે માટે ઈશ્વરની યાચના કરે છે કે ચમત્કારની સાધના કરે છે. જ્યારે જૈન દર્શન તો કહે છે કે પાપનું ફળ તો મળવાનું. માત્ર ત્યારે પાપનું ફળ ન મળે જ્યારે તમારા મનમાં ક્ષમા હોય. ક્ષમાનું આવું મહાત્મ્ય જૈન ધર્મે કહ્યું છે, પણ આ ક્ષમા માટે તૈયારી જોઈએ. પર્યુષણના આઠ દિવસ આવી તૈયારીના છે. જે પ્રતિક્રમણ કરે છે તેમાં પહેલી આવશ્યક બાબત ક્ષમા છે.

ક્ષમા માટે સમતામાં આવવું પડે. અને તે માટે છે સામાયિક. સમય એટલે વર્તમાન તરફ જાગૃત રહેવું. ક્ષમામાં વર્તમાન તરફની જાગૃતિ અપેક્ષિત છે. પછી આવે છે પ્રતિક્રમણ. આમાં માનવી પ્રાયશ્ચિત કરે છે. માણસ જાણતાં - અજાણતાં, ક્ષણ - પ્રતિક્ષણ અતિક્રમણ કરે છે. નિયમનો ભંગ કરે છે. ફરી નિયમમાં આવવા માટે પ્રતિક્રમણ કરીએ છીએ.

સ્વયં ક્ષમા માગીએ છીએ અને બીજાને ક્ષમા આપવા પ્રેરીએ છીએ. આવી નિર્ભયતા કે અભય કઈ રીતે આવે? ભગવાન મહાવીરને એમના પટ્ટશિષ્ય ગણધર ગૌતમે પૂછ્યું :

"આપ વારંવાર ક્ષમાની વાત કેમ કરો છો?"

ભગવાને જવાબ આપ્યો, "ક્ષમા કરવાથી પહેલાં તો આહ્‌લાદનો ભાવ જાગે છે. પછી વિશેષ પ્રકારની પ્રસન્નતા જાગે છે."

ગણધર ગૌતમે પૂછ્યું કે આ પ્રસન્નતાથી શું થાય?

ભગવાન મહાવીરે કહ્યું કે એનાથી બધાં સત્ત્વો પ્રત્યે મૈત્રીભાવ થાય. આ મૈત્રીભાવથી ભાવવિશુદ્ધિ થશે. અને ભાવવિશુદ્ધિ થતાં વ્યક્તિ નિર્ભય બનશે. આથી જ ક્ષમાને સર્વોપરિ ગુણ કહ્યો છે અને તે અહિંસા સાથે સંલગ્ન છે.

આજે માનવીનો જીવન વ્યવહાર અત્યંત જટિલ બન્યો છે. જીવનમાં ઘણાં વિરોધી તત્ત્વો એકઠાં થવા લાગ્યા છે. Life is a continuous synthesis of contradictions. આવે સમયે વિવેક અને જાગૃતિની ભારે જરૂર છે. કેટલાક તો ક્ષમાને પૃથ્વી અને સ્વર્ગ વચ્ચેની સીડી કહે છે.

***'Mutual forgiveness of each voice, Such are the gates of paradise."***

આવા સંવત્સરિના મહામૂલા દિવસે ભવતારિણી ક્ષમારૂપી સુધાનો ભર્યોભર્યો

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૯ ઉપર)

*પોતાની ભૂલો દેખે એ પરમાત્મા થઈ શકે!*

# ધર્મ : સિનેમાની ટિકિટનું અડધિયું

• દિનેશ પાંચાલ •

ડૉ. ડેવિડ ફ્રોલી હિન્દુસ્તાનના ઈતિહાસના નિષ્ણાંત છે. તેમણે કહ્યું છે - 'અમેરિકા અને જાપાન એટલા માટે સમૃદ્ધ છે કે ત્યાં ધર્મ સંપ્રદાયના કોઇ વાડા નથી. જેણે જે ધર્મ પાળવો હોય તે પાળી શકે. મલેશિયા અને પાકિસ્તાનમાં અઢળક કુદરતી સંપત્તિ છે. પણ એ દેશો ગરીબ રહ્યાં કારણ કે એ દેશોમાં ધર્મની બોલબાલા રહી છે. મલેશિયામાં હિન્દુ કે ખ્રિસ્તી નાગરિક મુસ્લિમ બની શકે પણ ઈસ્લામી નાગરિક ધર્મપરિવર્તન કરીને હિન્દુ કે ખ્રિસ્તી ન બની શકે. ઈસ્લામમાંથી ધર્મપરિવર્તન કરનારને દેહાંતદંડની સજા થાય છે. એ સંબંધે એક ચોંકાવનારો કિસ્સો ઘૃણા ઉપજાવે એવો છે. ૧૯૬૮માં મલેશિયામાં જન્મેલી મૂળ મલય જાતિની મુસ્લિમ છોકરી (નામ એનું લીના જોય) ધર્મપરિવર્તન કરીને ખ્રિસ્તી બની. તે રોમન કેથેલિક યુવકને પરણવા માંગતી હતી. એથી તેના આઈડેન્ટીટીકાર્ડમાંથી ઈસ્લામ ધર્મ કાઢી નાખવા માંગતી હતી. બસ આટલી બાબતને ગુનો ગણીને ઈસ્લામિક શેરિયા કોર્ટે બેવફા જાહેર કરીને તેને દેહાંતદંડની સજા ફરમાવી. (આજપર્યંત લીના જોયે જીવ બચાવવા સંતાતા ફરવું પડે છે)

મને કદી સમજાયું નથી **ધર્મ સુખને બદલે દુઃખનું કારણ શા માટે બનવો જોઇએ? માણસે કષ્ટ સહન કરવા કે દુઃખી થવા ધર્મ પાળવો જોઇએ એવું કયા ધર્મગ્રંથમાં લખ્યું છે?** ભૂખ લાગે તો રોટી ખાવી એ જીવન છે. અને કોઇ ભૂખ્યો આવે તો તેને અડધામાંથી અડધી રોટી આપવી એ ધર્મ છે. તરસ લાગે તો કૂવો ખોદવો એ જીવન છે. અને તરસ્યાને માટે પરબ માંડવી એ ધર્મ છે.

ચર્ચા ચાલતી હતી ત્યાં એક મિત્રે કહ્યું - 'હું કયો ધર્મ પાળું છું તેની મને ખબર નથી. હું મંદિર મસ્જિદ કે ગીરજાઘરમાં જતો નથી. ભૂખ લાગે ત્યારે ખોરાક ખાઉં છું, કોઇનું ભેજુ ખાતો નથી. તરસ લાગે ત્યારે પાણી પીઉં છું, કોઇનું લોહી પીતો નથી. મંદિરમાં જવાને બદલે કોઇ સાહિત્યકારના શિબિરમાં જવાનું મને વધુ ગમે છે. મંદિરમાં ગવાતા ભજનોમાં બેસવા કરતાં સાહિત્ય ગોષ્ઠિમાં બેસવાનું મને ગમે છે. શિરડી પગપાળા યાત્રા કરીને સાંઇબાબાને રીઝવવા કરતાં ઘરડા માબાપની સેવા કરવાનું મને ગમે છે. ઘરમાં સાગનું નાનું મંદિરિયું છે. તેમાં કયા દેવ છે તેની મને ખબર નથી. પત્ની રોજ પૂજા કરે છે. હું નથી કરતો. પત્નીએ મારી ધર્મવિમુખતા સ્વીકારી લીધી છે. હું પણ તેના ગમા અણગમાનો ખ્યાલ રાખું છું.' (તે ઘરમાં પોતું મારે છે ત્યારે તે સૂકાય નહીં ત્યાં સુધી હું ત્યાં પગલા ન પડે તેનું ધ્યાન રાખું છું) એથી અમારી વચ્ચે ઝઘડા થતાં નથી. એને કંટોલાનું શાક બહુ ભાવે છે. મને બિલકુલ ભાવતું નથી. પણ હું બજારમાંથી ખાસ તેને માટે કંટોલા (મોંઘા મળે તો પણ) ખરીદી લાવું છું. મને કારેલાનું શાક ખાસ ભાવે છે. તેને ભાવતું નથી. હું કદી તેને આગ્રહ કરતો નથી. અમારા સહજીવનમાં કંટોલા કારેલા જેવી ઘણી અસમાનતા છે. પણ અમે અનુકૂલન સાધીને જીવીએ છીએ. એ ધર્મ પાળે છે, હું નથી પાળતો. છતાં થોડીક સમજદારીથી સુખી દાંપત્ય જીવન વિતાવીએ છીએ. **દાંપત્ય જીવનમાં અનુકૂલનને હું પ્રેમ કરતાં પણ ઊંચી સગાઇ ગણું છું.** સુખી સંસાર માટે પ્રેમ કરતાં પણ અનુકૂલન વધુ જરૂરી છે! હું બિલકુલ ધાર્મિક નથી પણ લાખો ધાર્મિકો કરતાં વધુ સુખી છું.'

ઘણા લોકો ભગવાનનો ફોટો, મૂર્તિ, મંદિર વગેરે રોજ ઘસી ઘસીને સાફ કરે છે પણ જમ્યા પછી દાંત સાફ નથી કરતાં. રોજ ગીતાના અધ્યાયોનું પોપટ રટણ કરે છે પણ અખબારો કે પુસ્તકો નથી વાંચતા. રામાયણ ભક્તિભાવે વાંચે છે પણ રોજ દસ કલાક ધંધામાં પાપના પારાયણમાં બેસી લૂંટાલૂંટ ચલાવે છે. ગલ્લા પર થતી ખુલ્લેઆમ નફાખોરી કોમી રમખાણોમાં થતી છરાભોંકથી ઓછી ખતરનાક નથી. ધર્મપુસ્તકનો રોજ એક અધ્યાય વાંચો એટલે દિવસભરના પાપો ધોવાઇ જાય એવું હું માનતો નથી. મંદિરને બદલે લાયબ્રેરી જાઉં છું. ધર્મપુસ્તકોને બદલે મહાન માણસોના જીવન ચરિત્ર વાંચુ છું. આજપર્યંત ઘરમાં એક પણ વાર કથાકીર્તન, ભજન, યજ્ઞો કે પૂજાપાઠ... કશું જ કરાવ્યું નથી. પણ મરણ બાદ દેહદાન અને નેત્રદાનનું ફોર્મ ભર્યું છે. રક્તદાન કરવાની ખાસ ટેવ છે. સાધુ, સંતો કે બાબા-ગુરૂઓના ચરણોમાં પડતો નથી. પણ મોટા કવિ, લેખકો, સાહિત્યકારો કે ચિંતકો જોડે મૈત્રી કેળવી છે. સાધુ સંતોને દાન પુણ્ય કરવાને બદલે દર વર્ષે એકાદ બે ગરીબ વિદ્યાર્થીને પુસ્તકો, ફી વગેરેમાં મદદ કરું છું. રથયાત્રામાં જોડાતો નથી પણ રોજ સવારે પદયાત્રા (મોર્નિંગવોક) કરું છું. કુંભમેળામાં કદી ગયો નથી અને જવાની ઈચ્છા પણ નથી. પણ વિજ્ઞાનમેળો કે પુસ્તકમેળો એક પણ છોડતો નથી. ગંગાના ગંદા પાણીમાં નહાવાને બદલે બાથરૂમમાં સ્વચ્છ પાણીના શાવર વડે સ્નાન કરવાની વાતને હું વધુ પવિત્ર ગણું છું. આ બધું કરનારનો કયો ધર્મ કહેવાય તેની મને ખબર નથી. પણ હજી સુધી એક પણ વાર એવો વિચાર આવ્યો નથી કે હું ઈશ્વરને નથી ભજતો, મંદિરમાં નથી જતો, દાન નથી કરતો, ધાર્મિક સ્થળોની યાત્રા નથી કરતો, તેથી મર્યા બાદ સ્વર્ગમાં ન જવાશે તો મારું શું થશે?

મિત્રની લાંબી વાતમાં એક વાત ખાસ ગમી. મને એ મારા જ જીવનની વાત લાગી.

*પોતાની ભૂલો દેખાવાની શરૂ થાય ત્યારથી પરમાત્મા થવાની શરૂઆત થઈ ગઈ.*

હું લખતા લખતા બેધ્યાનપણે કોઈ પુસ્તક ગોતવા કબાટ તરફ આગળ વધું કે તુરત શબ્દો સંભળાય — 'કેટલી વાર કહ્યું કે પોતું માર્યું હોય ત્યારે સૂકાય નહીં ત્યાં સુધી પગલા પાડવા નહીં!' જોવા જઈએ તો આ 'પગલા' શબ્દમાં સઘળા ધર્મો અને ગીતા - ઉપનિષદનો સાર સમાઈ જાય છે. આપણી વાજબી જરૂરિયાત પણ આપણે એ રીતે ન સંતોષવી જોઈએ કે બીજાને અગવડ થાય. કોઈને ખપમાં ન આવીએ તો ભલે, પણ કોઈને માટે લપ ન બની રહીએ તે જરૂરી છે. દુનિયાના સઘળા મનુષ્યો સુખ માટે સ્વકેન્દ્રી અને સ્વાર્થી બની રહેવાને બદલે પારકાના સુખનો પણ ખ્યાલ રાખે તો સઘળા ધર્મપુસ્તકો અપ્રસ્તુત બની જાય. રાવણ બનવાથી બચી જાઓ તો રામાયણ ન વાંચો તો ચાલે. જીવનમાં ડગલે ને પગલે દુર્યોધન, શકુની કે ધૃતરાષ્ટ્ર બની રહો પછી રોજ મહાભારત વાંચો તોય શો ફાયદો? યાદ રહે, તમને તમારા જીવનના અનુભવોમાંથી પ્રાપ્ત થયેલા સત્યો ગીતા કુરાનનું જ ફળકથન હોય છે. શ્રી શાયર દેવદાસ અમીરે કહ્યું છે - **'છોડ ગીતા, કુરાન અને બાઈબલ... અસલી પાઠ તો એ છે જે જમાનો શીખવે છે!'**

પૃથ્વીલોકમાં માણસનું અવતરણ જે કારણે થયું હોય તે, પણ એટલું નક્કી કે એની આંખમાંથી ક્યારેક આંસુ ટપકે છે. કોક દુઃખી માણસના આંસુને તમારી હથેળી વડે લૂછો એ બાબત ધર્મ ન ગણાતી હોય તો પણ શું નુકસાન છે? તરસની જેમ દુઃખ સર્વવ્યાપી છે. આપણે મંદિર ન બંધાવી શકીએ પણ મંદિર બહાર બેસતા ભિખારીઓમાંથી કોક એકના પેટની આગ ઠારીએ તો ઘણું. રોડ અકસ્માતમાં માણસો ઘવાયા હોય ત્યારે આજપર્યંત એક પણ વાર (રિપીટ એક પણ વાર...) એવું બન્યું નથી કે તેને મદદ કરવા દોડી જનારા માણસોએ તેમને એમ પૂછ્યું હોય કે, - 'તમે હિંદુ છો કે મુસ્લિમ..?' હિંદુ - મુસ્લિમ યુવક યુવતીની આંખ મળી જાય અને બંનેના હૈયામાં ઊર્મિના અવર્ણનીય હિલ્લોળ જાગે છે એને હિંદુ પ્રેમ અને મુસ્લિમ પ્રેમમાં વહેંચી શકાશે ખરો? યાદ રાખજો, સમગ્ર સૃષ્ટિના માણસો કન્સીલ્ડ વાયરીંગની જેમ પરસ્પર જોડે પ્રાકૃતિક રીતે સંકળાયેલા છે. સૌના આંસુ સરખા છે, સૌના આનંદ સરખા છે, સૌની દેહરચના તથા જન્મ અને મૃત્યુ સરખાં છે. ત્યાં સુધી કે તેમના લોહીનો રંગ પણ (ઈસ્લામી રંગ કે હિંદુ રંગમાં) વિભાજિત થયેલો નથી. **તો માણસ માણસ વચ્ચે ન્યાતજાત અને ધર્મ - કોમની મેનમેઈડ દીવાલ શા માટે હોવી જોઈએ?**

દરેક માણસને (ગેટ પાસ જેવો) એક ધર્મ હોય છે. આખી જિંદગી એ માણસ ધર્મનો બિલ્લો છાતીએ ચીપકાવીને ફરે છે. પણ કબરમાં કે સ્મશાનમાં એ બિલ્લાની કોઈ મહત્તા નથી. મંદિર બહાર બુટ ઉતારી દેવા પડે તે રીતે ચિતા પર કે કબરમાં જતા પહેલાં એ બિલ્લો કાઢી નાખવો પડે છે. **ધર્મ સિનેમાની ટિકિટના અડધિયા જેવો છે. થિયેટર છોડ્યા પછી એ અડધિયું ફેંકી દઈએ છીએ તેમ ધર્મ પણ જીવનના ઈલાકામાં કામ આવતી ચીજ છે.** મૃત્યુ પ્રદેશમાં પ્રવેશીએ પછી ધર્મનું ચલણ કામ આવતું નથી. મૃત્યુ આગળ હિંદુ મુસ્લિમ કે ધર્મ કોમના બધા ભેદ ભૂંસાઈ જાય છે. આટલું સમજાઈ ગયા પછી સમજાશે કે વિશ્વમાં માનવ ધર્મથી ચડિયાતો ધર્મ બીજો એકે નથી.

*સી-૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ, જમાલપોર,*
*નવસારી - ૩૯૬ ૪૪૫.*
*ફોન : (૦૨૬૩૭) ૨૪૨૦૯૮*
*મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*

## નર્મદા યોજના : જીવાદોરીને ટૂંપો દેવાનો કારસો

**(અનુસંધાન : પાના નં.-૨૬ ઉપરથી ચાલુ)**

આ ખુલાસો સ્પષ્ટ કરે છે કે વલ્લભીપુર શાખામાંથી ૧૯ જેટલી વિતરણ શાખાઓ (ડિસ્ટ્રીબ્યુટરી) મારફત ધંધુકાનાં ઓગણીસ ગામોની ૨૧,૧૮૭ હેક્ટર, બરવાળા તાલુકાની ૭૦૧૬ હેક્ટર જમીન તેમજ વખતપુર અને ફેદરા ગામની ૭૬ હેક્ટર મળી કુલ ૨૮૨૭૯ હેક્ટર એટલે ૭૧૦૦૦ એકર જમીનને નર્મદાના પાણી નહીં મળે. આમાં ધોલેરા સર તેમજ સેઝ હેઠળની જમીનનો સમાવેશ થાય છે. નવાઈની વાત એ છે કે - આજ સૂચનાઓમાં નિગમના અધિકારીઓ અને કર્મચારીએ કરવાની કાર્યવાહીના પેરામાં પિયત વિસ્તારના ખેડૂતને લેખિતમાં જાણ કરવાની, તે સ્વેચ્છાએ પિયત વિસ્તારમાંથી બાકાત થવા માંગે છે તે અંગેના એની ઓળખ સહ હસ્તાક્ષર સાથેના પત્રની જોગવાઈ છે જેમાં મંજૂરી માટે ૬૫ ટકા ખેડૂતોની સંમતિની જોગવાઈ છે.

ભાલની બાબતમાં થઈ ચૂક્યું છે. શી ખાતરી કે આવતાં દિવસોમાં હવે આ ઢબની નવી નવી ખેતી સિવાયની યોજનાઓ માટે નોટિફિકેશન આધાર ગણી માંગણી થતાં બીજા ખેડૂતોની જમીનો નર્મદાના પાણી બાકાત નહીં કરાય? આથી આગળ વધી ગુજરાતમાં ચોમેર પથરાયેલા સેઝ હેઠળની જમીનમાં નર્મદાનાં પાણી આપવાનું આયોજન થયું હશે તો કલમના એક ઝાટકે એને બાકાત કરી શકાશે.

તો શું ચોવીસ વરસથી થયેલ નર્મદાનું આયોજન નિરર્થક બનાવી શકાશે? ધોલેરા સરમાં વેપાર-ધંધા માટે વસવાટોની મોટી યોજનાઓ માટે, ઉદ્યોગો માટે, રમતગમત અને કેસીનો જેવા મોજશોખ માટે અને પ્રવાસન માટે ઝોન નક્કી કરાયાં છે. માત્ર નથી કરવું કોઈ ઝોન જે બને ખેતી માટે!

ટૂંકમાં, ગુજરાતની જીવાદોરી ટૂંપાવાઈ રહી છે. વધુ મોડું થશે તો યોજના માત્ર નામની રહેશે.

*"દિવ્ય ભાસ્કર",*
*તા. ૧૯-૭-૨૦૧૨ના સૌજન્યથી*

## મિચ્છામિ દુક્કડમ્ : ક્ષમા કરીએ ખરા વેરીને

**(અનુસંધાન : પાના નં.-૨૭ ઉપરથી ચાલુ)**

પ્રેમપ્યાલો પીએ!

વર્ષભરના જાણતાં - અજાણતાં થયેલા વેરવિરોધને પરસ્પર મિથ્યા કરીએ. ભવિષ્ય માટે જાગૃત થઈએ. થઈ તેવી ભૂલ થવા દઈએ નહીં! ઉદારતાનો અમૃતપ્યાલો હરહંમેશ દિનરાત પીઇએ, પિવરાવીએ અને સપ્ત દિનરૂપી સાધના - નદીનો સંગમ સંવત્સરી રૂપી સાગરમાં કરીએ.

નવા વર્ષની કુમકુમ પત્રિકાઓ ને લગ્ન પત્રિકાઓ તો કંકાવટીનાં કંકુથી લખાય છે, પણ ક્ષમાપનાની કંકોતરીઓ તો દિલનાં લોહીથી ને હૃદયનાં આંસુથી લખાવી જોઈએ. અને તે પણ ખરા દોષીને! ખરા વેરીને! ખરા અપરાધીને!

*૧૩/બી, ચંદ્રનગર સોસાયટી,*
*જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.*
*ફોન : (ઓ) ૨૬૭૬ ૨૦૮૨,*
*(રહે.) ૨૬૬૦ ૨૬૭૫*

# ઈશ્વરનિષ્ઠ – ધર્મનિષ્ઠ

• શાંતિલાલ સંઘવી •

આજકાલ જગતમાં અનેક વિચારશીલ વ્યક્તિઓ સવાલ પૂછે છે કે શું ધર્મ માનવજાતને બચાવી શકશે? અને તેઓ નિરાશાથી મસ્તક હલાવીને જણાવે છે કે ધર્મ પાસેથી એવી આશા રાખી શકાય એમ નથી. એની સામે જગતમાં બીજા કેટલાક એમ કહે છે કે જો માનવજાતને કોઈ બચાવી શકશે તો તે માત્ર અને માત્ર ધર્મ જ બચાવી શકશે. આવા ધર્મપ્રિય લોકોનો ઈરાદો તો જો કે સારો છે, તેઓ ભલા, ભોળા અને સરળ છે. તેઓ સર્વધર્મ સમભાવનો ઉપદેશ આપે છે. મારો ઈરાદો આશાવાદને પણ છોડીને તથા નિરાશાવાદને પણ છોડીને નક્કર હકીકતો વાસ્તવિક્તાના આધારે ભવિષ્યની શક્યતાઓને તપાસવાનો છે.

સૌપ્રથમ એ જોઈએ કે ધર્મો પેદા થયા પછી એ સૌ ધર્મોની કરમકુંડળી કેવી રહી છે? અત્યાર સુધી ધર્મોના ખાતામાં જમા ઉધારની સ્થિતિ કેવી છે? ધર્મોએ જે પ્રકારના મનુષ્યની ઉન્નતિ, પ્રગતિ અને સુખના દાવાઓ અત્યાર સુધી કર્યા છે તેની સફળતા કેટલી રહી ? નિષ્ફળતા કેટલી રહી છે?

જગતના પ્રબુદ્ધ વિચારકો, ચિંતકો અને ફિલોસોફરોના અભિપ્રાય એવો જાણવા મળે છે કે તમામ ધર્મો માનવજાતને સુખી કરવામાં નિષ્ફળ ગયા છે. ધર્મોએ જ માનવજાતને પરસ્પર લડાવી છે, એકબીજાનું લોહી વહેવડાવ્યું છે, માનવજાતને વિભાજીત કરી છે. એમના વચ્ચે દ્વેષ વૈમનસ્યમાં વધારો કર્યો છે.

અહીં હું એક સ્ફોટક સ્ટેટમેન્ટ આપવા માગું છું. મારી માન્યતા છે કે જગતના ધર્મપ્રિય - ધર્મનિષ્ઠ લોકો ઈશ્વરદ્રોહી હોય છે. આ વાંચીને ઘણાને ગુસ્સો આવશે. પરંતુ મારા સ્ટેટમેન્ટને સાબિત કરી આપવાની મારી તૈયારી છે.

**સૌપ્રથમ તો ધર્મનિષ્ઠ લોકો ઈશ્વરને વફાદાર નથી હોતા, સત્યને વફાદાર નથી હોતા, પ્રેમને વફાદાર નથી હોતા. ધર્મપ્રિય લોકોની વફાદારી અલગ અલગ તત્ત્વો, અલગ અલગ વ્યક્તિઓ, અલગ અલગ ગ્રંથો તરફ વહેંચાયેલી હોય છે. દરેક ધર્મવાળાઓની અમુક ચોક્કસ અફર માન્યતાઓ હોય છે, ચોક્કસ શ્રદ્ધાઓ હોય છે. આ માન્યતાઓ અને શ્રદ્ધાઓ બુદ્ધિ આધારિત નથી હોતી. ઉપરાંત દરેક ધર્મવાળાઓના ચોક્કસ પ્રકારના ક્રિયાકાંડ હોય છે. તે ઉપરાંત પોતાની અલગ ઓળખ માટે કોઈના ભગવાં તો કોઈના સફેદ પહેરવેશ, ખાનપાનના નિયમો, પૂજા-ઉપાસનાના નિયમો, દાઢી, જટા, ટોપી, મુંડન, તિલક વગેરેના નિયમો ઉપરાંત જાતજાતના વિધિનિષેધો રહેલા હોય છે અને આવા તમામ કર્મકાંડો, વિશેષ ઓળખ અને વિધિઓનું આગ્રહપૂર્વક પાલન કરાવવામાં આવે છે. આવા નિયમો તથા વિધિ તથા ક્રિયાકાંડમાં ન માનનારને કે ન કરનારને અધાર્મિક - નાસ્તિક - કાફર - પાપી વગેરે વગેરે માનવામાં આવે છે. એટલે કે ઈશ્વર સિવાયની બાબતો પ્રત્યે તેમની વફાદારી હોય છે. આવા નિયમો કે વિધિમાં રજમાત્ર સુધારો કરવાની વાત આવે તો તેથી રમખાણો પેદા થાય છે.**

દરેક ધર્મવાળા પોતાની અલગતા જાળવી રાખવા માગે, એક જ ધર્મવાળામાં જાતજાતના જુદા જુદા સંપ્રદાયો બને અને તેઓ પણ ઝનુનતાપૂર્વક પોતાની અલગતા જાળવી રાખવા માગે. એટલું જ નહીં પણ અન્ય સંપ્રદાય તથા ધર્મવાળાઓ પ્રત્યે અવજ્ઞા અને તિરસ્કારનો ભાવ રાખે ત્યાં ઈશ્વરનિષ્ઠાની કોઈ શક્યતા જ રહેતી નથી. બિચારા ભોળા લોકો સેંકડો વર્ષથી ધર્મ સમાનતા, સર્વધર્મ સમભાવ, સર્વધર્મ મમભાવ વગેરે વગેરેની માળા જપે છે. પણ જ્યાં પાયા જ અલગ છે, મૂળિયા જ અલગ છે ત્યાં એકતા કેવી રીતે સંભવે? પ્રશ્નનો આખરી ઉકેલ તો ત્યારે જ આવે જ્યારે એમ સ્વીકારવામાં આવે કે ધર્મના કારણે જ આ બધા લડાઈ ઝઘડા છે, ધર્મના કારણે જ એકથી બીજા અલગ છે અને એટલે જો તમામ ધર્મોને દેશનિકાલ કરવામાં આવે તો જ માનવ એકતા શક્ય છે. માનવ એકતા સિદ્ધ નથી થઈ શકતી, હજારો મહાપુરુષોએ અથાક પ્રયત્નો કર્યા છતાં માનવ એકતા સાધી શકાતી નથી એનું એકમાત્ર કારણ ધર્મ છે. જો બધા ધર્મોને નાબૂદ કરવામાં આવે તો જ માણસ માણસ વચ્ચે સમભાવ સર્જી શકાય. જે માણસ ઈશ્વરનિષ્ઠ હશે તે કદી પણ ધર્મનિષ્ઠ બની શકશે નહીં. ઈશ્વરનિષ્ઠ માણસ કોઈના નિયમન, નિયંત્રણ સ્વીકારી શકે નહીં કારણકે એને પોતાના અંતરમાંથી આદેશ મળતો હોય છે. કોઈ ક્રિયાકાંડ કે વિધિ નિષેધ ઈશ્વરનિષ્ઠ માણસને બાંધી રાખી શકે જ નહિ. એ તો પોતાની મરજીનો માલિક હોય. ઈશ્વર સિવાય તે કોઈ ધર્મ - સંપ્રદાય - ગુરુ કે ગ્રંથનો આદેશ સ્વીકારે જ નહીં. અને એટલે જ મારી તો સ્પષ્ટ માન્યતા છે કે કોઈપણ ધર્મપ્રિય માણસને ઈશ્વર પ્રત્યે જરા સરખો પ્રેમ પણ હોતો જ નથી. ધર્મ અલગ ચીજ છે, ઈશ્વરપ્રેમ અલગ ચીજ છે અને ઈશ્વર પ્રેમ એ એટલી ઊંચી વસ્તુ છે કે ધર્મવાળા ક્યારેય ત્યાં સુધી પહોંચી શકે નહિ. ધર્મવાળા પોતાના કુંડાળામાં આંટા માર્યા કરે એટલું જ, જ્યારે ઈશ્વર પ્રીતિવાળો તો ઓલિયો, અવધૂત, શહેનશાહોનો પણ શહેનશાહ.

*આર.એચ.-૨, પુણ્યશ્રી એપાર્ટમેન્ટ,*
*કાશીરામ અગ્રવાલ હોલની સામે,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : ૨૬૩૦૧૭૨૯*

*સામાને ખરાબ કહેવાથી કે ખરાબ જોવાથી પોતે જ ખરાબ થઈ જાય છે. લોકો સારા દેખાશે ત્યારે પોતે સારો થશે.*

# માન્યતાની બીજી બાજુ
# રાજવંશ અને રાજઅંશ

• મુરજી ગડા •

બધાના બે પેરંટ (માતા + પિતા) હોય છે અને ચાર ગ્રાંડપેરંટ હોય છે. દર પેઢીએ આ સંખ્યા બમણી થાય છે. ત્રીસ વર્ષે પેઢી બદલાય છે એ હિસાબે સવા સો વરસમાં ચાર પેઢી બદલાઈ જાય. આનો અર્થ એ થયો કે આપણાથી સવા સો વર્ષ મોટા ૧૬ પૂર્વજોના જનીન (genes) કે અંશ આપણામાં આવેલા છે. આ ચાર પેઢીની ત્રીસ વ્યક્તિઓનાં નામ ભાગ્યે જ કોઈને યાદ હશે. ખાસ કરીને માતૃપક્ષના અને સ્ત્રી સમુદાયના. એમના જીવન વિષેની વાત તો દૂર રહી.

આ ગણતરીને વધુ ભૂતકાળમાં લઈ જઈએ તો દસ પેઢી પહેલાંની એક હજાર વ્યક્તિઓ, વીસ પેઢી પહેલાંની દસ લાખ વ્યક્તિઓ અને ત્રીસ પેઢી પહેલાંની એક અબજ વ્યક્તિઓ આપણી પૂર્વજ થાય. જેમના જનીન કે અંશ આપણામાં હોઈ શકે છે. એમના પહેલાંની દર પેઢીએ આ સંખ્યા બમણી તો થાય જ છે.

ત્રીસ પેઢી એટલે આશરે ૯૦૦ વરસ થયા. ત્યારે દુનિયાની વસ્તી અબજોમાં નહોતી. એક અંદાજ પ્રમાણે ત્યારની દુનિયાની વસ્તી દસ કરોડ જેટલી હતી અને સમસ્ત ભારતની વસ્તી બે કરોડથી પણ ઓછી હતી. માત્ર આજના મુંબઈ શહેર જેટલી.

આપણા બધા પૂર્વજોના નામ પેઢી પ્રમાણે કાગળ પર લખીએ તો ઊંધો ત્રિકોણ બને. આજ રીતે જો કોઈ એક વ્યક્તિના વંશજોના નામ લખીએ તો સીધો ત્રિકોણ બને. જોકે આ બે ત્રિકોણોમાં એક મોટો તફાવત છે. દરેક વ્યક્તિના પેરંટ બે હોય છે. જ્યારે એના સંતાનો ઘણા હોઈ શકે કે એક પણ ન હોય. જો દરેક પેઢીના સરેરાશ બે સંતાન ગણીએ તોય ૯૦૦ વરસમાં એક જ વ્યક્તિના જનીન ધરાવનાર કરોડો વ્યક્તિઓ હોઈ શકે છે.

આજની જેમ રાજાશાહીમાં એક પત્નીનો કાયદો નહોતો. પુરુષ ઈચ્છે એટલી અને પોસાય એટલી પત્નીઓ રાખી શકતો. ખાસ કરીને રાજાઓને ઘણી રાણીઓ હોતી અને રખાતો પણ હોતી. જિંદગીને સંપૂર્ણપણે માણવાનો પોતાનો હક્ક ગણતા. એટલું જ નહીં, આને પુરુષત્વનું પ્રતીક ગણાતું. રાજાઓ ઉપરાંત અન્ય સત્તાધીશો, જમીનદારો વગેરે ઘણા પોતાની શક્તિ મુજબ આ પ્રણાલિકાનો લાભ ઉઠાવતા. સમાજને એ સ્વીકાર્ય હતું.

ચીન, યુરોપ અને મુસ્લિમ સામ્રાજ્યોમાં આ ખુલ્લેઆમ થતું. ભારતના કેટલાક પ્રદેશોમાં પણ આ ચાલતું જ્યારે અન્ય પ્રદેશોમાં અનૌરસ સંબંધોને સમાજની નજરથી છુપાવવામાં આવતા હતા. વર્ણવ્યવસ્થા આધારિત આભડછેટને લીધે તેમજ ભારતની ધાર્મિક / સામાજિક મર્યાદાઓએ આ પ્રકારની પોલિગમીને (બહુ પત્નીત્વને) મર્યાદામાં રાખી હતી.

રાજાઓ તેમજ અન્ય શક્તિશાળી પુરુષોના અનૌરસ સંબંધોના આટલા ઊંડાણમાં જવા પાછળનો હેતુ એ છે કે સામાન્ય માણસના હોય એના કરતાં રાજાના કેટલાયે વધારે વંશજ થતા. તે ઉપરાંત એ બધા રાજ્યાશ્રયમાં ઉછેરાતા હોવાથી એમનું જીવનધોરણ સામાન્ય પ્રજાજન કરતાં સારું રહેતું. આ બાબત અનૌરસ વંશજોને પણ લાગુ પડે છે. એ સમયમાં ભૂખમરો, કુપોષણ અને ચેપી રોગોને કારણે ઘણાના અકાળે મોત થતાં હોવાથી સરેરાશ આયુષ્ય ત્રીસ વરસથી ઓછું હોવાનું મનાય છે. આવા સંજોગોમાં રાજાના વંશજો પ્રમાણમાં લાંબું જીવતા.

જે માણસનું આયુષ્ય લાંબું હોય અને જેને ઘણી પત્નીઓ હોય એનો વંશવેલો લાંબો હોવાની શક્યતા વધતી જાય છે. છેલ્લાં બે-અઢી હજાર વરસમાં લાખોની સંખ્યામાં થઈ ગયેલા રાજાઓના અંશ દુનિયાની મોટા ભાગની વસ્તીમાં હોવાની શક્યતા છે. ત્યારે ગર્ભનિરોધક સાધનો ઉપલબ્ધ નહોતાં.

અહીં ડાર્વિનના ઉત્ક્રાંતિવાદનો એક સિદ્ધાંત, 'સર્વાઈવલ ઑફ ધ ફિટેસ્ટ' કામ કરતો દેખાય છે. એ સિદ્ધાંત પ્રમાણે જે જીવ પોતાની આસપાસના વાતાવરણ સાથે અનુકૂળ થઈ શકે છે, તે ટકી રહે છે. જે અનુકૂળ નથી થઈ શકતા એમનો અંત આવે છે. એને નેચરલ સિલેક્શન પણ કહેવાય છે. માનવીના કિસ્સામાં કુદરતી નહીં પણ માનવસર્જિત પરિબળોએ ભાગ ભજવ્યો છે અને હજી પણ ભજવી રહ્યો છે.

આપણી વંશાવળીની નોંધ ભટ્ટ રાખતા હતા. રાજાઓના ઔરસ વંશાવળીની વ્યવસ્થિત નોંધ ઈતિહાસકારોએ રાખી છે. એમના અનૌરસ વંશજોની નોંધ કેટલાક ઠેકાણે મળે છે. વિદેશમાં જિનોલોજિના વિશેષજ્ઞ આવી વંશવેલી પ્રમાણ સાથે શોધી આપે છે. આવા જિનોલોજિસ્ટની સંસ્થાઓ પણ છે.

**માણસના ગુણ - અવગુણ અમુક અંશે એના વંશજોમાં ઊતરે છે. એના પરથી 'બાપ તેવા બેટા' જેવી કહેવતો પડી છે.** ગુણથી વિશેષ શરીરની રચના અને સ્વાસ્થ્ય પર કેટલીયે પેઢી સુધી વારસાગત અસર જળવાઈ રહેવાના પુરાવા છે. અલબત્ત દર પેઢીએ વારસામાં નવા જનીન ઉમેરાતા હોવાથી કોઈ એક જનીનની અસર એટલી ઓછી થતી જાય છે. છતાં વાળ અને આંખના રંગ જેવા લક્ષણ કેટલીયે પેઢી પછી દેખા દેતા હોય છે.

*જેને લાલચ ના રહે, એ બ્રહ્માંડનો સ્વામી છે!*

ઘણા રાજાઓ પોતામાં દેવતાઈ અંશ હોવાનું માનતા હતા કે પછી એમના ખુશામતિયા એવો પ્રચાર કરતા હતા. તોય રાજ્યના વડા હોવાને નાતે એમનામાં હિંમત, શૌર્ય, નિર્ણયશક્તિ, શાણપણ વગેરે ગુણ તેમજ અભિમાન અક્કડપણું વગેરે અવગુણ અન્યના પ્રમાણમાં વધારે હોય તે સ્વાભાવિક છે.

પ્રાચીન તેમજ મધ્યકાલીન ભારતમાં શિક્ષણ બ્રાહ્મણો પૂરતું મર્યાદિત હતું. બ્રાહ્મણોની સંખ્યા અન્ય વર્ણો કરતાં ઘણી ઓછી હતી. એમનો વંશવેલો મર્યાદિત રહેતો. એમની સરખામણીએ અન્ય વર્ણોની સંખ્યા ઘણી વધતી ગઈ. **સતત સંકોચાતા શિક્ષિત વર્ગની દેશના સાંસ્કૃતિક અને આર્થિક વિકાસ પર કેટલી અસર થઈ તે એક સંશોધનનો વિષય છે.** બે હજાર વરસની આપણી પીછેહઠ પાછળ આવાં કારણોએ કેટલો ભાગ ભજવ્યો હશે?

બીજી એક કરુણ વાસ્તવિક્તા એ છે કે સાધનસંપન્ન અને સત્તાધારી પુરુષો દુરાચાર દ્વારા પોતાનો અનૌરસ વંશવેલો વધારતા જાય, સદાચારી ગૃહસ્થનો વંશવેલો મર્યાદિત હોય તેમજ ધાર્મિક સમાજમાં વંદનીય ગણાતા આજીવન બ્રહ્મચારીના સદ્‌ગુણી જનીનના લાભથી દુનિયા વંચિત રહી જાય — આને માનવ સમાજની સેવા કહેવાય કે અવહેલના?

હિટલરે કરાવેલી યહુદીઓની સામૂહિક કતલ જગજાહેર છે. જે ખાસ જાહેર નથી થયું એ છે એની શુદ્ધ નૉરડિક - આર્યન જાતિ માટેની ઘેલછા. એના માટે એણે ઘડેલી વિસ્તૃત યોજના હેઠળ ચુનંદા યુવક - યુવતીઓ માટે ખાસ સંસ્થા ઊભી કરી હતી. જેનું મુખ્ય કામ હતું શુદ્ધ જાતિની પ્રજોત્પતિનું. બીજા વિશ્વ યુદ્ધમાં જો હિટલરની જીત થઈ હોત તો આજની દુનિયા કેવી હોત એની કલ્પના કરવી પણ મુશ્કેલ છે.

હિંદુ દંતકથા પ્રમાણે આપણે બધા લાખો વરસ પહેલાં થઈ ગયેલ મનુના વંશજ છીએ. ખ્રિસ્તી વિચારધારા પ્રમાણે બધા જ માનવી સાત હજાર વરસ પહેલાં થઈ ગયેલા આદમ - ઈવના વંશજ છે. નૃવંશશાસ્ત્ર પ્રમાણે સમસ્ત માનવજાતિ દોઢ-બે લાખ વરસ પહેલાંના પૂર્વ આફ્રિકાના નાનકડા આદિ માનવ સમુદાયની વંશજ છે. આ લેખક છેલ્લા વિધાનમાં સંપૂર્ણપણે માને છે.

આટલા દૂરના ભૂતકાળમાં ન જતાં નજીકના ભૂતકાળની એવી થોડી વ્યક્તિઓ શોધવી અઘરી નથી જેમના જનીન વિશાળ જનસમુદાયમાં હોય. લાંબો સમય સત્તા ભોગવતા "રંગીલા" રાજાઓ અને સરમુખત્યારોનો એમાં સમાવેશ થાય છે. ભારતની પ્રાચીન દંતકથાનું પાત્ર રાજા યયાતિ આવું એક ઉદાહરણ છે.

આવી યાદીમાં સૌથી મોખરાનું નામ હશે ચંગીઝખાનનું (૧૧૬૨-૧૨૨૭). આઠસો વરસ પહેલાં થઈ ગયેલ મંગોલિયાના આ વતનીએ દુનિયાનો સૌથી વધુ પ્રદેશ જીત્યો હતો. એમ કહેવાય છે કે એ જ્યાં પણ જતો ત્યાં પોતાના જનીન મૂકતો જતો હતો. ચંગીઝખાને ચીન, મધ્ય એશિયાનાં મુસ્લિમ અને આરબ રાજ્યો, પૂર્વ યુરોપ તેમજ દક્ષિણપૂર્વ એશિયાના કેટલાંક રાજ્યો જીતી ત્યાં પોતાના પુત્રો અને પૌત્રોને ગાદીએ બેસાડ્યા હતા. એના વંશજોએ લાંબો સમય રાજ કરી પોતાનો વંશવેલો આગળ વધારવામાં જરાય કચાશ નહોતી રાખી.

ચંગીઝખાનનો એક પૌત્ર કુબલાઈખાન ચીનનો અતિ શક્તિશાળી અને પ્રખ્યાત રાજા થઈ ગયો છે. ચીનના રાજાઓની હજારો કન્ક્યુબાઈન રાખવાની પ્રથા જાણીતી છે. ભારતના શક્તિશાળી મોગલ સમ્રાટો પણ ચંગીઝખાનના વંશજ હતા. એમનામાંથી કેટલાકના જનાનખાનામાં સેંકડો સ્ત્રીઓ હોવાનું કહેવાય છે.

મોટાભાગનું એશિયા, પૂર્વ યુરોપ તેમજ ભારતના કેટલાક ભાગની પ્રજાના ઘણા નવજાત શિશુઓના શરીર પર લસણ કહેવાતા ઘેરા રંગના ચાઠા હોય છે જે મેડિકલ ભાષામાં 'મંગોલિયન સ્પોટ' કહેવાય છે. આ ચાઠાં ચંગીઝખાન અને એના સૈનિકોને આભારી હોવાનું કેટલાક નૃવંશશાસ્ત્રીઓનું માનવું છે. જો આમાં તથ્ય હોય તો પચીસ-ત્રીસ પેઢી પર પણ જેનેટિક અસર દેખા દેતી હોય એ સાબિત થાય છે.

નેશનલ જિયોગ્રાફિક સોસાયટી અને અમેરિકાની આઈ.બી.એમ. કંપનીએ થોડા વરસ પહેલાં દુનિયાના દૂર દૂરના પ્રદેશોમાં માણસો મોકલી ત્યાંના લોકોના જનીન એકઠા કરી એકબીજા વચ્ચેના જૈવિક સંબંધ શોધે છે. ડી.એન.એ.ની નવી ટેકનોલોજીને લીધે આ શક્ય બન્યું છે. આ સર્વેક્ષણના તારણો રસપ્રદ હશે.

**દુનિયાની મોટાભાગની પ્રજાઓ જૈવિક રીતે (બાયોલોજિકલી) એકબીજાની ઘણી જ નજીક છે.** આપણા જાતીય વારસાનું કોઈએ બહુ ગુમાન ન કરાય. ગમે ત્યાંથી ગમે તે નીકળી શકે છે. દેશ, જાતિ કે ધર્મના નામે થતાં યુદ્ધો અંતે તો પીતરાઈઓ વચ્ચેની જ લડાઈ છે.

*૧, શ્યામ વાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*

## તિરાડ

તિરાડ, દરાર અને ગાબડું.... ક્રમસર આ મોટું મોટું હોય. તિરાડ પડે છે ત્યારે લાગેલો ધક્કો લગભગ માણસની નજરે પડતો નથી. માણસ અંધારામાં રહે છે. જ્યારે તિરાડ પોતાનો પ્રભાવ દેખાડવાની શરૂઆત કરે ત્યારે પણ માણસ તેની ઉપેક્ષા કરે છે. આખરે તિરાડમાંથી મોટી દરાર અને દરારમાંથી મોટું ગાબડું પડે ત્યારે તો સર્વનાશ થઈ ગયો હોય છે.

સમુદ્રમાં તરતા જહાજમાં પડેલી તિરાડ કે મોટા જળાશયમાં પડેલી દરારની દરકાર લેવામાં ન આવે તો બધાને ડૂબાડે — માણસના પરસ્પર સંબંધમાં પડેલી તિરાડ પણ પ્રારંભમાં દેખાતી નથી, જ્યારે તીખાશ કે કડવાશ ઊભી થાય ત્યારે તિરાડ પડ્યાનો અંદાજ આવે છે. આવી તિરાડ તરત જ સાંધી લેવામાં આવે તો સસ્તામાં પતે છે. અગર તેની ઉપેક્ષા કરી અને તેમાં દરાર પડી કે ગાબડું પડ્યું તો ખર્ચાળ પૂરવાર થાય અને સાથે ખુવાર પણ કરે. સંબંધ તો કાચના વાસણ જેવા છે. જરાક ટકરાય તોય તિરાડ પડે. એની સારવાર જેટલી વહેલી થાય તેટલું સારું. મોડું કર્યું તો કદાચ સંધાશે ખરું - લોક નજરે સંધાયેલ લાગશે પણ સાંધો તો રહી જ જશે. આથી જ જો ટકરાવાનો સ્વભાવ છોડવામાં આવે તો સંબંધમાં ક્યારેય તિરાડ પડે નહીં.

*ગુલાબચંદ ધારશી રાંભિયા - અમદાવાદ*

# કોણી તરી સાંગા, માઝી ચૂક, માઝા ગુન્હા!

• ડૉ. ગિરીશ વીછીવોરા •

'બાઈ' ઊંચેથી નહિ, ઘાંટો પાડી સાદ કરે. નીચે ફુટપાથ પર ઊભા ઊભા જ. અમે તો સાંભળીએ. આજુબાજુનાને એ ઘાંટાનો લહાવો મળે. જરાવારમાં ગેલેરીમાં કોઈ ન ફરક્યું તો દે બીજો ભડાકો. આવવાનું કંઈ કારણ ન હોય. અમસ્તી જ ઘર આગળથી નીસરે ને એને બાઈ યાદ આવી તો સહજપણે બૂમ પડાઈ જાય. એનો અવાજ જ મોટો. વાતો કરે ત્યારે માથું પકવે. કામ પૂરતું જ બોલે એવું ક્યાં હતું! વાતોના વડા કરવાં એનો સહજ સ્વભાવ. ગામ આખાને ઓળખે. સામેથી બોલાવે. કોઈ નવું ભાળ્યું તો જ્યાં સુધી એના ખબરઅંતર ન પૂછાય, પ્રાથમિક માહિતી ન મેળવાય ત્યાં સુધી એને ચેન ન પડે.

પાર્વતીબાઈ અમારે રોજની કામ કરનાર કામવાળી નો'તી. પણ આવે રોજ, ક્યારેક બે ત્રણ વાર પણ આવી જાય. આમતેમ રખડ્યા કરે. ઘર નીચેથી નીકળી તો ઉપર આવે યા રાડ પાડે. ઓલ ઈન્ડિયા વિમેન્સ કોન્ફરન્સની એક શાખાના વર્ક સેન્ટરમાં કામ કરે. સુશીલા એ શાખાની એક અધિકારી. પાર્વતીબાઈ સાથે કામ કરનાર જોડે વાતો ન કરે તો એનું ખાધેલું ન પચે. સુપરવાઈઝર ટપારે તો સામી થાય ને ઝઘડો નોતરે. પોતાના ભાગનું કામ વહેલું પતાવી દે. મોકળી થઈ કે બધાને ટપારતી રહે. કહેતી ફરે 'તું આમ નથી કરતી ને તેમ નથી કરતી.' જમાદારગીરી એના સ્વભાવમાં. કોઈ સામે વેણ ઉચ્ચારે તો કામથી ગઈ. આખું વર્ક સેન્ટર ગજવી નાખે. એના સ્વભાવથી બધા ટેવાઈ ગયા હતા એટલે ચલાવી લેતા. એકાએક એના મગજમાં ધૂન ઊપડે, ઊઠે, ઊભી થાય ને 'મીં જરા બાહેર જાતી' સુપરવાઈઝરને વદતી હાલી નીકળે. કોઈ ચૂં ચાં ન બોલે. ભલે જાય. એટલીવાર શાંતિ, પાર્વતીબાઈ હરાયા ઢોરની જેમ આમતેમ રખડ્યા કરે. કોઈકના ઘરે પહોંચી ધામા નાખે ને ન બતાવ્યું હોય તોયે કામ શોધી કાઢે ને કરે. એનો બડબડાટ ચાલુ જ હોય.

કમરેથી જરાક વંકાયેલી, મધ્યમ ઊંચાઈ, સફેદ વાળ, વદન પર સમયના સરવાળા જેવી કરચલીઓ. કોરા કપાળ પર વિશેષ. જરાક લબડતો નીચલો હોઠ હાજર ગેરહાજર દાંત દેખાડે. ગળામાં તુલસીમાળ. નવવારી સાડી ખરી. શરીરે વીંટે પણ ખરી. કંતાન જેવી સાડી કરાંજતી કહેતી રહે, **'હું કોને ઢાંકુ ને કોને ઉઘાડું?' ઘૂંટણ સુધી ઉઘાડા પગની ચામડી સોનેરી વરખે મઢેલી વરતાય.** પ્લાસ્ટિકના સેન્ડલ, લપક લપક કરતા રહે ને પાર્વતીબાઈ ચાલે ત્યારે ધરા ધીબતી ધખે. એની આંખો વિષે વદવું મહાવિકટ. આંખો ગોતવા એના ખાડામાં ઉતરવું પડે. નિસ્તેજ, નાની, નરમાશસભર ને નિખાલસ. બે આંખને જુદા કરતા જાડા નાક પર નજર ઠેરવો તો પાર્વતીબાઈનો ચહેરો સામે ઊભો રહે. એ ચહેરો એટલે મૂર્તિમંત કારૂણ્ય. એ અગાધ કારૂણ્યનો અંદાજ જરા દિલદાર થઈ દેખીએ તો જ આવે. નજર સામી માંડી જુએ, જરા બોલે, વડચકું ભરે કે હસે. આંખમાંથી કારૂણ્ય ન ખસે. જોનારના હાલહવાલ કરી નાખે. કારમા કારૂણ્યે એના ચક્ષુમાં એવો તો અડ્ડો જમાવી દીધેલો, હરામ બરોબર હલે. ભલેને એને હચમચાવો, લાકડી લઈ મારવા દોડો યા પાર્વતીબાઈને નવા કપડાલત્તાથી નવીનકોર બનાવી એની ભાવતી વાનગી પૂરણપોળી ભરપેટ જમાડો. ન હટે, તે ન જ હટે. નરાધમ પાર્વતીબાઈ ગઈ ને એનું મડું જ રહ્યું ત્યારે પણ ટેસથી આંખે બેઠેલું. શબ ભેગું જ બળ્યું ને સતુ થયું.

પાર્વતીબાઈ ઘરે આવે એટલે સીધી જ વદે, 'બાઈ કાય કામ હોતા?' ભલે એને ન બોલાવી હોય તો પણ વર્તે એવી રીતે જાણે એને કોઈ ખાસ કામે તેડાવી હોય. એની બાઈ એને કંઈક કામ આપે તે કરે. વાતો વધુ કરે. એનો અવાજ મોટો. ભેંસની જેમ ભાંભર્યા કરે. પેલું આખમાં બેઠેલું કારૂણ્ય અવાજમાં પણ ઉતરે ને સાંભળનાર હલબલી જાય. પાર્વતીબાઈને એનું કંઈ નહિ. બંને દીકરાને એવા લાડ લડાવે જાણે એના પોતાના સગા પોતરા. હર્ષાવેગના હેલારામાં સાસુ બની જાય ને સુનબાઈને વઢે. એના વઢપણમાં પણ પેલું કારૂણ્ય અછાનું ન રહે. ઘણીવાર સુશીલાને કહું, તારી સગી સાસુ તો વઢ્યા વગર ગઈ. પાર્વતીબાઈ કેવું સાટું વાળે છે! ઘરે કોઈ મહેમાન આવે તો ઘરની જ વ્યક્તિ હોય એમ વર્તે ને વાતોના વડાં કરે. ક્યારેક ટપારીએ તો કહે, 'નિસ્તા જરા બોલલી તર કાય બિગડેલ.' ગુસ્સો ઘરે ગયો. જરા વઢી પણ ન શકાય. જબરી મહેનતુ. કામ કરવામાં પાવરધી. કોઈ પણ ચીજ આડી અવળી પડેલી જુએ તો ગુસ્સે થાય. તરત જ બધું ગોઠવી દે. એની વાકધારા બંધ થાય જ્યારે એ જમવા બેસે. એની સાથેની બેવફાઈની વણઝારમાં દાંત શું કામ પાછા પડે! આસ્તે આસ્તે ખાય ને તેટલો સમય ઘરમાં શાંતિ વરતાય.

પાર્વતીબાઈનો સંસાર સુખી હતો. નવરા બાયકો ને એક મુલગા કિશન. ધણી ક્યાંક નોકરી કરે ને સંસારનું ગાડું ગબડ્યા કરે. ફેક્ટરી બંધ થઈ. નોકરી છૂટી ગઈ. બીજી નોકરીની તલાશ કરવાની ઝંઝટ નવરાએ ન કરી. એની સર્વિસના સારા પૈસા મળ્યા હતા. એ વપરાઈ ન જાય તે પહેલાં કામ કરે તો મિત્ર વર્તુળમાં મૂરખમાં ખપે. ગોળ પર માખી બેસે. મિત્ર વર્તુળથી નવરો ઘેરાયો ને દારૂ જુગારને રવાડે ચડી ગયો. પૈસા ખૂટ્યા ત્યાં સુધીમાં હાડકાં હરામના થઈ ગયા હતા. નબળો માટી બૈરી પર શૂરો. પાર્વતીબાઈ માર

*લાલચ દીનતા કરાવડાવે અને દીનતા થાય એટલે મનુષ્યપણું ખોઈ બેસે!*

ખાય. 'નવરા નાય મારનાર તર કૌન મારનાર?' એવી એની ફિલસૂફી. મંડળમાં કામ મળી ગયું. નવરા માટે એણે સોમલનું કામ કર્યું. બાયકો કમવતી મગ નવરાની કશાલા કામ કરાયચા! બાયકોના પૈસે દારૂ પીએ ને એને જ મારે. નવસાગરે પોતાનું કામ ઝડપથી પતાવ્યું. લીવર ફેઈલ ને નવરો અલવિદા કરી ગયો.

મા દીકરો એકલા થઈ ગયા. કિસન દસેક વર્ષનો. હોશિયાર, ચાલાક, ચબરાક. મંડળે એના ભણતરની જવાબદારી લઈ લીધી. કિસન ભણે. પાર્વતીબાઈ મંડળમાં ને બીજા છૂટક કામ કરે ને કિશન વિષેના રંગીન સ્વપ્નામાં સુનબાઈ ને નાતુ ભાળે. કિસન ભણવામાં હોશિયાર. ગાડું ગબડતું રહ્યું.

ગરીબોનું નસીબ પણ ગરીબ હોય છે. ધારાવીની ઝૂંપડપટ્ટીમાં સોબત કેવી મળે. કિસનની ગાડી આડે પાટે ચડી ગઈ. કોઈ ભાઈગીરી કરતી ટોળકીનો સભ્ય બની ગયો. એને સુધારવાની ટહેલ મા સર્વ પાસે નાખતી રહી. કિસન એકવાર ઘરે આવ્યો. એનો દોરદમામ જોઈ તાજ્જુબ થઈ જવાયું. વાત વણસી ગઈ હતી. એક દિવસ કિસન ગાયબ થઈ ગયો. હંમેશને માટે. પાવર્તીબાઈની આશાનો છેલ્લો તંતુ તૂટી ગયો. એનું ફટકી ગયું.

પહેલેથી ગરમ દિમાગની હતી. બળતામાં ઘી હોમાયું. એના કોપે માઝા મૂકી. વાતવાતમાં ઝઘડા ને ક્યારેક ગાળાગાળી. સાથી બહેનો બધું સમજે. સમજાવે, પટાવે, સહન કરી લે. **બીજા હમદર્દી આપે, સહન કરી લ્યે. દીકરો કોણ આપે?** એનું ફટકી ગયું. હતાશા ને ઘોર નિરાશામાં આમતેમ રઝળતી રહે. ખાવાપીવાના ઠેકાણા નહિ. હોસ્પિટલમાં ભરતી કરાવી. ભાગી છૂટી. ત્યારેનો એનો વલવલાટ, વલોપાત ને વ્યતીપાત જોઈ કઠણ હૃદય પણ કરમાય.

છેવટે ઈશ્વરને લાગ્યું, 'હશે, બહુ થયું.' એને દયા આવી. ઊંઘમાં જ ચિરનિદ્રામાં પોઢાવી દીધી. મગજની નસ ફૂટી. માસીવ સેરીબ્રલ હેમરેજે એને શાંત કરી. દુનિયાદારીની દોડધામમાંથી છૂટી પાર્વતીબાઈ શાંત થઈ સૂતી હતી. રખે માનતા, પેલું કારૂણ્ય કરમાયું હશે. એજ ગહન કરૂણાસભર ચહેરો જાણે બધાને પૂછી રહ્યો હતો, 'કોણી તરી સાંગા, માઝી ચૂક, માઝા ગુન્હા?'

*૫૦/૪, રામસદન, પહેલા માળ,*
*બ્રાહ્મણવાડા ક્રોસ રોડ,*
*માટુંગા, મુંબઈ-૪૦૦ ૦૧૯.*

---

## સંદેહ નિવારી શાશ્વત શાંતિ બક્ષે એ સદ્‌ગુરૂ

**(અનુસંધાન : પાના નં.-૩૫ ઉપરથી ચાલુ)**

કબીરજીએ કહ્યું છે કે -

*ગુરૂઆતો ગલિયાં ફીરે, ઘર ઘર કંઠી દેત*
*જોગ જ્ઞાનકી બાત બતાતે, તન મન ધન હર લેત.*

વ્યાકરણી પાણિનિએ સદ્‌ગુરૂના ચાર પ્રકારો વર્ણવ્યા છે. જેમાં આચાર્ય, પ્રવક્તા, શ્રોત્રિય અને અધ્યાપકનો સમાવેશ થાય છે.

અષાઢ માસની પૂર્ણિમા ગુરૂ પૂર્ણિમા તરીકે પસંદ કરવાનો વિશેષ ઉદ્દેશ વિદ્વાનો સમજાવે છે. એ મુજબ ગુરૂ એ પૂર્ણિમાના ચંદ્ર જેવા તથા શિષ્યો વાદળ જેવા કલ્પવામાં આવ્યા છે. અષાઢમાં વાદળ રૂપે શિષ્યો જન્મ જન્માંતરના અંધકાર લઈને કે અજ્ઞાન લઈને આકાશમાં ઘેરાયેલા હોય છે. જેમના પર ચંદ્રરૂપી ગુરૂ પ્રકાશપાત કરે છે. અંધકારમાં ઘેરાયેલાને સ્વપ્રકાશ અર્પી શકે એ જ સદ્‌ગુરૂ. આસો માસની શરદ પૂર્ણિમાના દિને આકાશ વાદળ વિનાનું સ્વચ્છ હોય છે. ચંદ્ર સ્વચ્છ, સ્પષ્ટ દેખાય છે ત્યારે વાદળરૂપી શિષ્યો હોતા નથી.

**સદ્‌ગુરૂ માટે ચંદ્રને જ પસંદગી કેમ આપી? સૂર્ય શા માટે નહિં? સૂર્ય પાસે સ્વયં પ્રકાશ છે, જ્યારે ચંદ્ર પાસે પ્રકાશ સ્વયં નથી.** તેવી રીતે ગુરૂ પાસે પોતાનો પ્રકાશ નથી પરંતુ પરમેશ્વરને રાજી કરીને, પરમેશ્વરની આરાધના, તપ અને સ્તુતિ કરીને જ તેમણે એ અદ્‌ભુત દિવ્ય આધ્યાત્મિક અંજનશલાકા રૂપ પ્રકાશ ભગવાન પાસેથી મેળવ્યો છે. જેનો તેઓ પોતાના શિષ્યોના કલ્યાણ અર્થે ઉપયોગ કરે છે.

અષાઢ સુદ-૧૫ના રોજ વેદ વ્યાસજીએ ચારેય વેદોનું સંકલન કરેલું છે. પંચમ વેદ 'મહાભારત'ની રચનાને તેઓએ આ દિવસે પૂર્ણ કરી. વિશ્વના સુપ્રસિધ્ધ આર્ષ ગ્રંથ 'બ્રહ્મ સૂત્ર'નું લેખન વ્યાસજીએ આ દિવસે જ શરૂ કર્યું. સદ્‌ગુરૂ બુઝાઈ ગયેલી શિષ્યની હૃદય જ્યોતિને પુનઃ પ્રગટાવી શકે છે. શિષ્યને જ્ઞાનવૃષ્ટિમાં સ્નાન કરાવે છે. સદ્‌ગુરૂ એવા એક વિશિષ્ટ, વરિષ્ઠ વૈદ્ય છે કે જેઓ ભવરોગને મટાડી શકે છે. જગત પરના કોઈ પણ ડૉક્ટર, વૈદ્ય કે હકીમ જે નથી કરી શકતા તે કાર્ય સદ્‌ગુરૂ કરવા સમર્થ હોય છે. સદ્‌ગુરૂના ચરણો તો નિત્ય સદ્ આચરણનો જ સંદેશ અર્પતા રહે છે.

*'સહજાનંદ', ૬/એ, લીમડા લાઈન,*
*શ્રી સ્વામિનારાયમ વિદ્યાલય રોડ,*
*સંસ્કાર નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

**યુ.પી.એ.ના બીજા કાર્યકાળની કામગીરી બાબત અમેરિકાના વિખ્યાત ટાઈમ મેગેઝિનનું મૂલ્યાંકન**

ભારતમાં ૧૫ લાખ કરોડનો ભ્રષ્ટાચાર, વિકાસ દરમાં ૩ ટકાથી વધારાની ઘટ, બે આંકડાનો મોંઘવારી દર, સબસીડીનો વધતો જતો ભાર અને વિદેશી રોકાણોમાં થતો જતો ઘટાડો.

બુદ્ધિ કે હૃદયને સ્વચ્છ કર્યા વગર કે વિષયને જીવાત્મા સિવાય માત્ર પ્રભુનું નામ રટણ કરવાથી કશું વળે નહિ.

★

પ્રાર્થના એટલે ઈશ્વર સાથેનો સંવાદ. ઈશ્વર પાસે માંગણી નહિ પરંતુ આભારની અભિવ્યક્તિ.

★

આપણી જરૂરિયાત જેટલી ઓછી થતી જાય છે, એટલા આપણે ઈશ્વરની વધુ નજીક જઈએ છીએ.

★

જેને પોતાનામાં વિશ્વાસ નથી, તેને ભગવાનમાં વિશ્વાસ ન હોઈ શકે.

*કુસંગનો ચેપ તો ટી.બી. કરતાંય ખરાબ કહેવાય. ટી.બી. તો એક જ અવતાર મારે. આ તો અનંત અવતાર બગાડે!*

# સંદેહ નિવારી શાશ્વત શાંતિ બક્ષે એ સદ્‌ગુરૂ

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ

પ્રતિદિન પોતાના ઈષ્ટ દેવ-દેવી કે કુળદેવતાઓના પૂજન કરનારા આ જગતમાં અસંખ્યાત લોકો છે. કિંતુ આ સમગ્ર વિશ્વમાં અષાઢ સુદ-૧૫ નો દિવસ કે જેને વ્યાસપૂર્ણિમા કે ગુરૂ પૂર્ણિમા તરીકે સંબોધવામાં આવે છે. એવો આ એક જ દિવસ જે વર્ષમાં આવે છે ત્યારે શિષ્યો પોતાના સદ્‌ગુરૂનું પૂજન અર્ચન કરે છે. બ્રહ્માંડ પુરાણના એક કથાનક અનુસાર એક સમયે સર્વ ઋષિમુનિઓ વ્યાસજી પાસે ગયા અને બે કર જોડી તેઓએ વ્યાસજીને પૂછ્યું, 'ભગવાન! શ્રીકૃષ્ણ પરમાત્માનો પ્રાદુર્ભાવ શ્રાવણ વદ-૮ના થયો અને ભગવાન રામચંદ્રજીનો પ્રાદુર્ભાવ ચૈત્ર સુદ-૯ના થયો. આ બંને તિથિએ એમનો જન્મદિન શ્રદ્ધાળુઓ ઉજવે છે. તો આપશ્રી તો જ્ઞાનાવતાર છો. આપશ્રીની કઈ તિથિ ઉજવવી?'

ત્યારે પ્રસન્ન વદને વેદવ્યાસજી કહેવા લાગ્યા, 'મારા નિમિત્તે કંઈ પણ ઉજવણી જો કરવી હોય તો માત્ર અષાઢ સુદ-૧૫ના રોજ કરજો. શરત એ છે કે મારી કોઈ મૂર્તિ કે છબીનું પૂજન અર્ચન ના કરશો.' ઋષિમુનિઓ કહે, 'ભગવાન! મૂર્તિ કે છબી વિના પૂજન કેમ થઈ શકે?' ત્યારે વ્યાસજી વદ્યા કે, 'આ જગતમાં જેટલા ગુરૂઓ છે, તેમને મારૂં સ્વરૂપ માની તેમની પૂજા કરવાથી મારૂં પૂજન કર્યું ગણાશે. આમ તમામ ગુરૂ પરંપરામાં જે જ્ઞાન સૌને પ્રાપ્ત થાય છે તે તો વ્યાસજીની પ્રસાદી છે. એમ કહેવાય છે કે, 'વ્યાસો ઉચ્છીષ્ટમ્ જગત સર્વમ્.'

શ્વેતાશ્વતર ઉપનિષદ વર્ણવે છે એ મુજબ નારાયણે અર્પેલ બ્રહ્મવિદ્યા કે મોક્ષવિદ્યા બ્રહ્માજી પાસેથી સનતકુમારો, નારદજી, વશિષ્ટ, પારાશર અને વ્યાસજીને ઉત્તરોત્તર પ્રાપ્ત થવા પામી. જે સદ્‌ગુરૂ સ્વહૃદયમાં ભગવાનને અખંડ ધારી રહેલા હોય તેવા સંત કે સદ્‌ગુરૂ શિષ્યોને અચૂક મોક્ષભાગી બનાવી શકે છે. ધર્મશાસ્ત્ર અનુસાર કહેવાય છે કે અંધકાર રૂપી અજ્ઞાનનો નાશ કરે તે ગુરૂ.

*દુર્લભો વિષયસ્ત્યાગો, દુર્લભં તત્ત્વ દર્શનં*
*દુર્લભા સહજાવસ્થા, સદ્‌ગુરો કરૂણા વિના.*

અર્થાત્ વિષમ વાસનાનો ત્યાગ કરવો તે અતિ કઠીન છે. તત્ત્વ દર્શન કરવું અર્થાત્ પરમાત્માનો સાક્ષાત્કાર કરવો ખૂબ જ કઠીન છે. પૂર્ણ બોધ પ્રાપ્ત કરવો તે પણ અતિશય કઠીન જ છે. આ બધાની પ્રાપ્તિ સદ્‌ગુરૂ અને તેમની કરૂણા વિના શક્ય જ નથી.

શ્રી રામકૃષ્ણ પરમહંસે કહેલું છે કે, 'સાધકને સાધના માર્ગમાં આગળ વધવા માટે કોઈક સમર્થ દેહધારી સદ્‌ગુરૂની આવશ્યક્તા રહે છે.' સંત રમણ મહર્ષિજી કહેતા કે, 'ઈશ્વર, આત્માને સદ્‌ગુરૂ વસ્તુતઃ એક જ હોય છે. સાધક દેહધારી સદ્‌ગુરૂ વિના સ્વ સ્વરૂપ બોધ પ્રાપ્ત કરી શકે નહીં.

*ગુરૂર્દેવો, ગુરૂર્ધર્મો, ગુરૂનિષ્ઠા પરં તપઃ*
*ગુરોઃ પરંતર નાસ્તિ, ત્રિવારંકથયામિમે.*

ગુરૂ સમાન કોઈ દેવ નથી. ગુરૂ સમાન કોઈ ધર્મ નથી. ગુરૂથી કોઈ ઊંચું નથી. ગુરૂ ચરણમાં નિષ્ઠા સમાન કોઈ તપ નથી. ચંદ્રની શીતળતા તો આપણે પૂનમની ચાંદનીએ અનુભવીએ છીએ કિન્તુ સદ્‌ગુરૂની શીતળતા તો શાશ્વત હોય છે.

સદ્‌ગુરૂને જંગમ તીર્થ સ્વરૂપ માનવામાં આવે છે. મનુષ્યના આંતરિક બાહ્ય મેલ, આવા સદ્‌ગુરૂ સાફ કરી, જીવને નિર્મળ બનાવી દેવાની એકમાત્ર શક્તિ સદ્‌ગુરૂમાં જ રહેલી હોય છે.

*તારણાય મનુષ્યાણાં સંસારે પરિવર્તતામ્ ।*
*નાસ્તિ તીર્થ ગુરૂ સમમ્ બંધ છેદ કરંદ્વિજ ॥*

હે બ્રાહ્મણ! આ સંસારમાં પરિવર્તનને પામ્યા કરતાં મનુષ્યોને તારવા ગુરૂ સમાન બીજું કોઈ તીર્થ નથી. આમ ગુરૂરૂપ તીર્થ જ બંધનોને કાપી નાખનાર છે. શાસ્ત્રો સંમતિ આપે છે તે મુજબ લઘુ ન રાખે તેને ગુરૂ કહેવાય. માત્ર દૃષ્ટિથી શક્તિ આપવાની, સર્વસ્વ આપવાની શક્તિ સદ્‌ગુરૂ ધરાવે છે. માત્ર સંકલ્પ કરી મોક્ષભાગી બનાવવાની સંકલ્પ શક્તિ સદ્‌ગુરૂ પાસે હોય છે. શિષ્યના હૃદયમાં ભગવાનની મૂર્તિનું સ્થાપન કરવાની શક્તિ સદ્‌ગુરૂ ધરાવતા હોય છે. સાચા ભાવથી સદ્‌ગુરૂના ચરણ સ્પર્શ કરવાથી જીવ ઉર્ધ્વગતિને પામે છે. શિષ્યોની સંસારની તમામ આસક્તિઓનો નાશ સદ્‌ગુરૂ કરી શકે છે. તેઓ આપણા સંદેહનો નાશ કરે છે. શાશ્વત શાંતિ બક્ષે છે. સદ્‌ગુરૂનો આશ્રિત સદાય સુરક્ષિત હોય છે.

*ગુરૂવા નિર્મલાઃ શાન્તાઃ જ્ઞાનિનાઃ મિતભાષિણઃ ।*
*કામ ક્રોધા વિના યુક્તાઃ સદાચારાઃ જીતેન્દ્રિયાઃ ॥*

ગુરૂ એ છે કે જે નિર્મળ છે, શાંત છે. જ્ઞાની તથા આવશ્યક્તા પૂરતું જ બોલતા હોય છે. કામ ક્રોધથી મુક્ત અને સદાચારી હોય છે. તેઓ જીતેન્દ્રીય હોય છે અને રિધ્ધિ - સિધ્ધિ તેમના ચરણોમાં આળોટતી હોય છે. શ્રીમદ્ વલ્લભાચાર્યજી તો કહે છે કે ભગવાનમાં ત્રીસ દિવ્ય ગુણ હોય છે. પરંતુ ભગવાનને અખંડ ધારી રહેલા સદ્‌ગુરૂમાં છત્રીસ ગુણ રહેલા છે કે જેઓ શિષ્યોના અજ્ઞાનનું નિરસન કરતા હોય છે. શિષ્યને સાચો ધર્મોપદેશ આપીને મોક્ષમાર્ગે ચલાવે છે.

અત્યારે કળીયુગમાં સાચા સદ્‌ગુરૂઓની પ્રાપ્તિ થવી ઘણી મુશ્કેલ છે. તેથી જ સંત

(અનુસંધાન : જુઓ પાના નં.-૩૪ ઉપર)

*સત્સંગમાં ગમે તેટલાં કષ્ટ પડે તે સારાં, પણ કુસંગમાં ગમે તેટલું સુખ નકામું.*

# મનનાં અવયવોના ન્યુરો ટ્રાન્સમિટર્સ – (૪) : દવાઓ

• ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) •

(ગતાંકથી ચાલુ)

*અત્યાર સુધીના લેખમાં આપણે જાણ્યું કે –*

૧. મનના અવયવો (mind) મગજમાં (brain) આવેલ છે.

૨. મનની બીમારીઓમાં ઉપરોક્ત મનના અવયવોના કદ તથા રચનામાં નકારાત્મક ફેરફારો થાય છે.

૩. આ નકારાત્મક ફેરફારોને લીધે ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રામાં ફેરફારો થાય છે.

૪. ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રામાં થતા ફેરફારોને લીધે મનના કાર્યો પર નકારાત્મક અસર થાય છે જે મનની બીમારીઓના લક્ષણો રૂપે દેખાય છે.

૫. મનની બીમારીઓ (મનોભ્રમ, હતાશા) શારીરિક બીમારીઓ (ડાયાબિટીસ વગેરે) જેવી જ છે.

૬. આધુનિક ઉપચારમાં દવાઓ મુખ્ય ઘટક છે. જે ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રાને નોર્મલ કરે છે જેથી મનના લક્ષણો પ્રમાણમાં કાબૂમાં આવે છે અને મનના કાર્યો દર્દી પૂર્વવત કરી શકે છે.

૭. મનની બીમારીઓની સારવારના પરિણામો અન્ય શારીરિક બીમારીઓની સારવાર પ્રમાણેના હોય છે.

૮. મનની બીમારીઓ માટે અપાતી દવાઓ મનને શાંત કરે છે. જેથી ઊંઘ નોર્મલ થાય છે. દવાઓ ઊંઘ વધારતી નથી.

આ લેખમાં દવાઓ વિશે વધુ જાણકારી મેળવીએ.

## • કેસ સ્ટડી :

૩૫ વર્ષના એમ.બી.એ. (MBA) થયેલ પ્રવીણને હતાશાની બીમારી થયેલ. હતાશાની બીમારીના લક્ષણો નીચે પ્રમાણે હતા.

પ્રવીણને સતત માથાનો દુ:ખાવો રહેતો હતો. નબળાઈ લાગતી હતી. ભૂખ ખૂબ ઓછી થઈ ગઈ હતી. શરીરમાં કળતર રહેતી હતી. ઊંઘ વહેલી સવારે (પરોઢિયે) ઊડી જતી હતી. સવારના ખૂબ ગભરામણ થતી. પરસેવો થતો હતો. કબજિયાત રહેતી હતી. હતાશા, નિરાશા રહેતી હતી. આત્મવિશ્વાસ ઓછો થઈ ગયો હતો. નિર્ણય શક્તિ તથા એકાગ્રતા ખૂબ ઓછા થઈ ગયા હતા. કામમાં મન લાગતું ન હતું. નકારાત્મક વિચારો વારંવાર આવતા હતા. મનમાં અપરાધભાવ રહેતો હતો. "મારે લીધે પિતાજીનો અકસ્માત થયો અને તેઓ મૃત્યુ પામ્યા" "મારે લીધે કુટુંબ આખું દુ:ખી છે" આત્મહત્યાના વિચારો આવતા હતા. "જીવન જીવવા જેવું નથી. આના કરતાં મરી જવું સારું."

હતાશાની બીમારીના પ્રવીણના કેસમાં અગત્યના નીચેના પરિબળો કારણભૂત હતા :

૧. પિતાનું કાર અકસ્માતમાં ઓચિંતું મૃત્યુ થયેલ.

૨. અત્યાર સુધી ધંધાની બધી જવાબદારી પિતાજી સંભાળતા હતા. જે હવે પ્રવીણ પર ઓચિંતી આવી પડી.

૩. પ્રવીણનો સ્વભાવ સંવેદનશીલ, લાગણીશીલ હતો.

૪. નકારાત્મક લાગણીઓ દબાવી દેતો હતો.

૫. "ના" પાડવાની હિંમતનો અભાવ હતો. સગાસંબંધીઓ, મિત્રોનું કામ કોઈપણ ભોગે (ઘણી વખત ધંધાના ભોગે) કરી આપતો હતો. આ વલણ, અભિગમની ધંધા પર નકારાત્મક અસર થતી હતી.

૬. અનુવાંશિકતા : મમ્મીને હતાશાની બીમારી થયેલ. જેની સારવાર મનોચિકિત્સક પાસે (લેખક પાસે) કરાવેલ.

**ડૉ. (પ્રો.) મણિલાલ ગડા**
એમ.ડી., ડી.પી.એમ., એફ.આઈ.પી.એસ.
મનોચિકિત્સક અને સ્ટ્રેસ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ,
મનોસ્મૃતિ પોલીક્લિનિક, પ્રભુકૃપા,
એલ.બી.એસ. માર્ગ, સર્વોદય હોસ્પિટલની બાજુમાં,
હોટેલ રાધાકૃષ્ણની બાજુમાં, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૮૬.
ફોન : ૨૫૧૪૮૮૫૯

**ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા)**
*એમ.ડી. (ગોલ્ડ મેડલ), ડી.પી.એમ., એમ.આઈ.પી.એસ., બાળ મનોચિકિત્સક*
જાગૃતિ પોલીક્લિનિક,
કામદાર હોસ્પિટલ, કિરણ નિકેતન, ભાટિયાવાડીની
બાજુમાં, તિલક રોડ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૭૭.
ફોન : ૨૫૧૨૪૪૦૪, મો. ૯૮૨૧૩ ૨૬૨૬૯

## • સારવાર :

૧. સારવારમાં હતાશા પ્રતિરોધક દવાઓ શરૂ કરેલ. થોડાંક જ સમયમાં સારવારના સારા પરિણામો મળ્યા. લક્ષણો જલ્દીથી કાબૂમાં આવ્યા.

૨. લક્ષણો કાબૂમાં આવ્યા બાદ મનોવિશ્લેષણ (Counselling) સારવાર પદ્ધતિ શરૂ કરી. કોગ્નીટીવ બિહેવીયર થેરાપી (Cognitive Behaviour Therapy)ની વિવિધ પ્રકારની પદ્ધતિઓ દ્વારા હતાશાની બીમારી તરફ ધકેલતા સ્વભાવ તથા દૃષ્ટિકોણ, અભિગમ, વલણ તથા સામાજિક વ્યવહાર અને પરિબળોની પ્રવીણ તથા એની પત્ની જોડે ચર્ચા કરી. આદર્શવાદી અભિગમ જતો કરી વ્યવહારૂ (પ્રેક્ટીકલ) અભિગમ અપનાવી

*પરસ્પર ઉપકાર કરવાનો, આટલો જ મનુષ્ય જીવનનો લહાવો છે!*

મનની સમસ્યાનો ઉકેલ લાવવાની કોશિશ વિશે ઊંડાણમાં ચર્ચા કરી. પ્રવીણને અભિગમ, સ્વભાવ તથા દૃષ્ટિકોણમાં બદલાવ લાવવાની અગત્યતા સમજાઈ. ધીમે ધીમે પ્રવીણે આ દિશામાં યોગ્ય ફેરફારો અમલમાં મૂક્યા.

૩. જીવનશૈલી પર ધ્યાન પ્રવીણે તથા એની પત્નીએ આપ્યું. ધંધા તથા કુટુંબ બંને માટે યોગ્ય સમયની ફાળવણી પ્રવીણે કરી. મન આનંદમાં રહે એ માટેના નવા શોખ કેળવ્યા. કામના સમયે કામ અને મનોરંજનના સમયે મનોરંજન (Work while you work, Play while you play)નું સૂત્ર પ્રવીણે અમલમાં મૂક્યું.

આમ હતાશાની બીમારીની સારવાર (૧) દવાઓ, (૨) મનોવિશ્લેષણ (સ્વભાવ, દૃષ્ટિકોણ, અભિગમમાં બદલાવ), (૩) જીવનશૈલીમાં યોગ્ય બદલાવ પ્રવીણના કેસમાં કરાઈ. આથી ધાર્યા હકારાત્મક પરિણામો મળ્યા. થોડાક સમય બાદ દવાઓ બંધ કરી શકાઈ.

પાંચેક વર્ષ બાદ પ્રવીણ, એની પત્ની તથા પુત્રી લેખકને એક લગ્ન સમારંભમાં મળ્યા. પ્રવીણ નોર્મલ હતો. પત્નીએ લેખકનો આભાર માનતા કહ્યું કે દવાઓ બંધ છે. બીમારી પહેલાના પ્રવીણના સ્વભાવ તથા સારવાર બાદના પ્રવીણના સ્વભાવમાં ફેરફારો થયા છે. જીવનશૈલીમાં મનોરંજનને પણ પ્રવીણ હવે અગ્રતાક્રમ આપે છે. અમે હવે જીવન સારી રીતે માણી શકીએ છીએ.

- **સ્ટ્રેસ અને ન્યુરોટ્રાન્સમિટર્સ :**

સ્ટ્રેસનું નિર્માણ શારીરિક કારણો, માનસિક પરિબળો તથા સામાજિક સંઘટનાઓના નકારાત્મક સમન્વયથી થાય છે.

શારીરિક પરિબળોમાં શરીરનું બંધારણ ખાસ કરીને મગજના મનના અવયવોના (લિમ્બિક સિસ્ટમના અવયવોના) જ્ઞાનતંતુનું બંધારણ (તાસીર) (૧) કદ, (૨) રચના, (૩) રસાયણો, (૪) કાર્યશક્તિ – મહત્ત્વનો ભાગ ભજવે છે. અનુવાંશિકતા તથા બાળપણના ઉછેરની અસર જ્ઞાનતંતુના બંધારણ પર થાય છે. દરેક વ્યક્તિ આમાં અલગ હોય છે. દરેકની તાસીર અલગ હોય છે. આથી સ્ટ્રેસની અસર દરેક વ્યક્તિ પર અલગ થાય છે.

માનસિક પરિબળ : સ્ટ્રેસનું નિર્માણ કરવા માટે બાહ્ય પ્રસંગ કે બાહ્ય ઘટના કરતાં વ્યક્તિનો પ્રતિભાવ - પ્રતિક્રિયા વધારે મહત્ત્વના છે. સ્ટ્રેસની પ્રક્રિયા માટે બાહ્ય ઘટના - પ્રસંગ ૧૦% ભાગ ભજવે છે. ઘટના - પ્રસંગ પ્રત્યેનો વ્યક્તિગત પ્રતિભાવ - પ્રતિક્રિયા ૯૦% ભાગ ભજવે છે. પ્રસંગ - ઘટના પ્રત્યેનો પ્રતિભાવ - પ્રતિક્રિયા બદલાવવી જરૂરી છે. નકારાત્મક પ્રતિભાવને બદલે તટસ્થ કે હકારાત્મક પ્રતિભાવ બદલવાથી સ્ટ્રેસની પ્રક્રિયા બદલાઈ જાય છે. મન તથા શરીર પર સ્ટ્રેસની નકારાત્મક અસરો થતી નથી. સ્ટ્રેસને લીધે ન્યુરોટ્રાન્સમિટર્સનું પ્રમાણ વધે છે તથા બીમારી વધે છે.

- **સ્ટ્રેસ અને દવાઓ :**

સ્ટ્રેસનું પ્રમાણ વધી જાય તો મનની બીમારીનું પ્રમાણ વધી જાય છે. આથી મનોચિકિત્સકને દવાઓ વધારે પ્રમાણમાં આપવી પડે છે.

સ્ટ્રેસનું પ્રમાણ ઓછું હોય, ઘટી જાય અને દર્દી એનો સારી રીતે સામનો કરી શકે તો મનની બીમારી કાબૂમાં રહે છે. દવાઓ ઓછી કરી શકાય છે. દવાઓ બંધ કરી શકાય છે. (પ્રવીણનો કેસ)

દવાઓ ઓછી કે બંધ કરવા દર્દીએ સ્ટ્રેસનું પ્રમાણ ઓછું કરવું જોઈએ. પોતાની ક્ષમતા પ્રમાણે સ્ટ્રેસનું પ્રમાણ હોવું જોઈએ. જેથી સ્ટ્રેસની નકારાત્મક અસર ન્યુરોટ્રાન્સમિટર્સ પર ન થાય અને મનની બીમારી કાબૂમાં રહે. ■

## બાઈબલની એક કથા

મેકડુગલ નામની એક પતિત સ્ત્રી મૃત્યુ પછી માઈકલના દરવાજે (માઈકલ એટલે હિંદુ ધર્મશાસ્ત્રો જેને ચિત્રગુપ્ત કહે છે તેવો ખ્રિસ્તી પાત્ર) ઊભી રહીને માઈકલને વિનવે છે કે, 'હે દેવ! હું આવી પહોંચી છું. મને અંદર પ્રવેશ આપો.'

માઈકલ મેકડુગલના ખાતાનો હિસાબ જોઈને દરવાજો ખોલ્યા વિના જ અંદરથી પૂછે છે, "What thou hast brought offering me?"

આના જવાબમાં મેકડુગલ વિવશતાથી કહે છે, "Nothing bus Sin, nothing but Sin and nothing but Sin."

પોતે પરમ પિતાને ચરણે ધરવા માટે પાપ સિવાય કશું જ લાવી શકી નથી એવો એકરાર કરે છે.

બરાબર એ જ વખતે નજીકના એક વૃક્ષની ડાળી પર બેઠેલું એક પક્ષી બોલી ઊઠે છે : "Even then let her be In, let her be In, let her be in."

પાપી હોવા છતાં એને સ્વર્ગમાં પ્રવેશ આપવાની પોતાની માંગણીના સમર્થનમાં આ પંખી મેકડુગલ પાસે આગળ આવીને કહે છે : "Oh Lord, let her in because she has never complained against you."

અદ્‌ભુત વાત છે. જેણે પરમપિતા પાસે ક્યારેય કશી ફરિયાદ કરી નથી, ક્યારેય કશું માગ્યું નથી, જે છે તેનો યથાતથ્ય સ્વીકાર કર્યો છે માટે તેણે આચરેલા કોઈ પણ દુન્યવી પાપને ઈશ્વરે પણ ક્ષમા આપવી જોઈએ.

આ સંકેત અંતરના આગળિયા ખોલી નાખે એવો છે.

*પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

# રાષ્ટ્રપતિ ભવન

• સંકલન : ભવાનજી શીવજી •

દુનિયાના સૌથી મોટા લોકશાહી દેશના સર્વોચ્ચ બંધારણીય વડાની એટલે કે ભારતના હવે પછીના ૧૩મા નવા રાષ્ટ્રપતિની ચૂંટણી તાજેતરમાં હતી. ઇઝરાયેલના રાષ્ટ્રપતિ ગોલ્ડા મેયર છે જ અને પ્રતિભા પાટીલ દ્વિતીય મહિલા રાષ્ટ્રપતિ થયા હતા.

આપણી સંસદીય લોકશાહીમાં રાષ્ટ્રપતિનું સ્થાન અને માન મહત્ત્વના છે. નવી દિલ્હીમાં વિશાળ રાષ્ટ્રપતિ ભવન અને મોગલ ગાર્ડન ઉપરાંત સીમલા અને હૈદ્રાબાદમાં પણ રાષ્ટ્રપતિ માટે વિશ્રામ ભવન છે. વિશ્વભરમાં પ્રમુખોનાં નિવાસ સ્થાનોમાં આપણાં ભારત દેશનું રાષ્ટ્રપતિ ભવન સૌથી વિશાળ છે. રાષ્ટ્રપતિ ભવનમાં કુલ ૩૫૦ રૂમ છે. આ વિશાળ રાષ્ટ્રપતિ ભવનની કેટલીક રસપ્રદ માહિતી જાણીએ.

આ રાષ્ટ્રપતિ ભવન સ્થાપત્ય ક્ષેત્રે શતાબ્દીની અદ્‌ભુત કવિતા કહી શકાય. આંટો મારવા જઈએ તો ત્રણ કલાકે પણ પૂરું ન જોઈ શકાય એટલો વિશાળ અને રોમાંચક ભવન છે.

નવી દિલ્હીનું રાષ્ટ્રપતિ ભવન બે લાખ ચોરસ ફૂટ વિસ્તારમાં છે. તેના બાંધકામમાં ૧૭૦ કરોડ ઇંટ અને ૩૦ લાખ ક્યુબિક ફૂટ પથ્થરનો વપરાશ થયેલ છે. લોખંડનો જરા પણ ઉપયોગ કરવામાં આવેલ નથી. ઇ.સ. ૧૯૧૧માં દિલ્હી દરબારમાં ભારતની રાજધાની કલકત્તાથી દિલ્હી ખસેડવાનું નક્કી કરવામાં આવેલ હતું. તેની વિધિવત જાહેરાત ૧૨મી ડિસેમ્બર, ૧૯૧૧ના રોજ રાજા જ્યોર્જ પાંચમાએ કરી હતી. એ સમયે વાઈસરોયના નિવાસ સ્થાન તરીકે દિલ્હીમાં બેનમૂન મકાન બનાવવાનું નક્કી થયેલ હતું. ત્યારબાદ વર્ષ ૧૯૨૯માં આ મકાનનું બાંધકામ ૧૨,૫૩,૦૦૦ પાઉન્ડના ખર્ચે પૂર્ણ થયું. રાષ્ટ્રપતિ ભવનને બેનમૂન બનાવનાર બ્રિટીશ આર્કિટેક્ટ એડવિન લેન્સીર લ્યુટન્સની કળા કુશળતા પર ઓવારી જવાય એટલું સુંદર આ ભવન એ સમયમાં તૈયાર થયું. આ વૈભવશાળી મકાનમાં પ્રથમ રહેવાનો શ્રેય તારીખ ૨૩મી જાન્યુઆરી, ૧૯૩૧ના રોજ લોર્ડ ઈરવીનને ફાળે જાય છે. અંગ્રેજોના સમયમાં આ હાઉસમાં વાઈસરોય રહેતા હોવાથી તે ખાસ "વાઈસરોય હાઉસ" તરીકે પ્રખ્યાત હતું. ભારત આઝાદ થતાં જ રાયસીના હિલ ખાતે આવેલા આ હાઉસને "રાષ્ટ્રપતિ ભવન"ના નામથી જાહેર કરવામાં આવ્યું.

આશરે ૨,૦૦૦ સેવકો આ ભવનની દેખરેખ માટે રાખવામાં આવેલ છે. ભવનની પશ્ચિમમાં ૫૪ હેક્ટરમાં પથરાયેલું સુંદર મોગલ ગાર્ડન છે. આશરે ૫૦૦ જેટલા માળી આ બાગની સંભાળ રાખે છે. અંગ્રેજોના સમયમાં ૫૦ જેટલા છોકરાઓ માત્ર બગીચામાંથી પક્ષીઓને દૂર કરવા માટે રાખવામાં આવેલ હતા.

**હિંદુ, મુસ્લિમ અને યુરોપિયન એમ ત્રણેય પ્રકારની બાંધણી રાષ્ટ્રપતિ ભવન ધરાવે છે.** પશ્ચિમ અને પૂર્વ ઉપરાંત ગ્રીક અને રોમન સ્થાપત્ય શૈલીની છાંટ પણ રાષ્ટ્રપતિ ભવનમાં જોઈ શકાય છે.

ઇતિહાસમાં ડોકિયું કરીએ તો સીમલાના આર્કિટેક્ટ બેકરે રાષ્ટ્રપતિ ભવનની ડિઝાઈન તૈયાર કરી અને ઇંગ્લેન્ડના લ્યુટન્સને મોકલી હતી. લ્યુટન્સે ભવનનું નિર્માણ ભારતીય સ્થાપત્યથી પ્રેરાઈને સમગ્ર હાઉસની બાંધણી તૈયાર કરી તેમાં જરૂરી માહિતીનું નિરૂપણ કર્યું અને રાષ્ટ્રપતિ ભવનનો રંગીન નકશો કાળજીપૂર્વક તૈયાર કર્યો. મિત્રતાના ભાવથી બેકર અને લ્યુટન્સે સાથે ઝડપેલું આ બીડું પાછળથી બંને વચ્ચેના વિખવાદમાં ફેરવાઈ ગયું. તેથી બેકરને વાઈસરોય હાઉસની સામે બે સેક્રેટરીયેટ બંગલા નિર્માણ કરવાનું કામ સોંપાયું જ્યારે લ્યુટન્સને વાઈસરોય હાઉસના નિર્માણનું કામ સોંપાયું. લ્યુટન્સે રાષ્ટ્રપતિ ભવનને ઉત્કૃષ્ટ બનાવવામાં કોઈ કસર છોડી નહીં.

રાષ્ટ્રપતિ ભવનના બાંધકામમાં ઘણી બધી ભારતીય ડિઝાઈનોનો લ્યુટન્સે સંયમપૂર્વક અને અસરકારક રીતે ઉપયોગ કર્યો છે. ઉદ્યાનમાં હાથી અને નાગના શિલ્પો ઊભા કરવામાં આવ્યા છે. લાલ રંગના પથ્થરમાંથી બનાવેલી જાળી પણ બેનમૂન છે. ભારતીય સંસ્કૃતિના પ્રતીક સમા ઘંટનું પણ સુંદર નકશીકામ કરવામાં આવેલ છે. **ભવનની સૌથી ઊંચી ટોચ પર આવેલો ઘુમ્મટ ભારતીય સ્થાપત્યનું બેનમૂન ઉદાહરણ છે. આ ઘુમ્મટ ભવનના ચારેય ખૂણાની મધ્યમાં છે.** આ ભવનની આજુબાજુ દક્ષિણ અને ઉત્તર બ્લોક આવેલા છે. ભારતના ચોમાસાને ધ્યાનમાં લઈને દરેક પરશાળમાં છત્રી આકારના ઘુમ્મટ તૈયાર કરવામાં આવ્યા છે.

મુખ્ય ડૉમની આજુબાજુ આવેલ અશોક હોલ અને દરબાર હોલ એ બંને હોલ રાષ્ટ્રપતિ ભવનની શાન છે. દરબાર હોલ મધ્યમાં ૩૩ મીટર ઊંચે બે ટન વજનનું કાચનું ઝુમ્મર છે. જે રાષ્ટ્રપતિ ભવનની શોભામાં અનહદ વધારો કરે છે. દરબાર હોલનો મુખ્યત્વે વડાપ્રધાન અને અન્ય પ્રધાનોની પદગ્રહણ વિધિ માટે ઉપયોગમાં લેવાય છે. દરબાર હોલનાં ચારેય ખૂણામાં મોટા મોટા ખંડ આવેલા છે. તેમાં ભવ્ય લાઈબ્રેરી, બૉલ રૂમ વગેરે આવેલા છે. રાષ્ટ્રપતિ ભવનના મુખ્ય દ્વારને "નોર્થ

*પોતાનો ને પોતાના 'રીલેટિવ્સ' માટે કોઈ સ્વાર્થ ના હોય ને પારકા માટે જ બધી વૃત્તિઓ વહેતી હોય તો સિદ્ધિ ઉત્પન્ન થાય.*

એવન્યુ''ના નામથી ઓળખવામાં આવે છે. રાષ્ટ્રપતિ ભવનમાં શણગારેલો વિશાળ ડાઈનિંગ હોલ છે જેને અશોક હોલ તરીકે ઓળખવામાં આવે છે. વિદેશી મહેમાનો માટે વિશાળ ભોજનગૃહ છે. અહીંના રસોઈઘરમાં હંમેશાં જરૂરિયાત કરતાં વધુ રસોઈ થાય છે અને પછી કર્મચારીઓ નજીકની 'ગોલ માર્કેટ'ની હોટલોને સપ્લાય કરે છે. 'રાષ્ટ્રપતિ ભવનકા ખાના!' રાષ્ટ્રપતિ ભવનના પ્રાંગણમાં જયપુર સ્તંભ છે. ૧૪૫ ફુટ ઊંચા સ્તંભની ટોચ ઉપર કાંસાનું સુંદર કમળ છે - જે જયપુરના મહારાજાએ ભેટ આપેલ છે.

રાષ્ટ્રપતિ આ ભવનના એક વિભાગમાં રહે છે. ભારતના પ્રથમ ગવર્નર જનરલ સી. રાજગોપાલાચારીએ પ્રમાણમાં નાના સાદગીવાળા શયનખંડ અને નિવાસની પસંદગી કરી હતી જે શિરસ્તો હજી સુધી જળવાઈ રહેલ છે.

રાષ્ટ્રપતિ પ્રતિવર્ષ બજેટ સત્રના આરંભમાં લોકસભા અને રાજયસભાના સભ્યોની સંયુક્ત બેઠક સમક્ષ મંગલ પ્રવચન કરતા હોય છે. રાષ્ટ્રપતિ મોગલ ગાર્ડનમાં પ્રજાસત્તાક દિન પછી અને અન્ય પ્રસંગોએ 'એટ હોમ પાર્ટી'નું આયોજન કરે છે. જેમાં સંસદસભ્યો, વિદેશી એલચી અધિકારીઓ અને વરિષ્ઠ પત્રકારોને બોલાવવામાં આવે છે.

મોગલ ઉદ્યાનમાં આશરે ૨૦૦ પ્રકારનાં વિવિધ પુષ્પો ખીલતાં હોય છે. આ ઉદ્યાનમાં તમામ રંગના ગુલાબનો વૈભવ જોવા મળે છે. **ખૂબજ દુર્લભ ગણાતું કાળું ગુલાબ પણ આ ઉદ્યાનની શાન છે.** ઉદ્યાનમાં પાણીનાં હોજ અને નયનરમ્ય ફુવારા પણ છે. સામાન્ય રીતે ફેબ્રુઆરી મહિનામાં આ ઉદ્યાન સામાન્ય પ્રજા માટે ખુલ્લો મૂકવામાં આવે છે.

આવા અનન્ય રાષ્ટ્રપતિ ભવનમાં આજ સુધી નીચે જણાવેલ મહાનુભાવોએ રાષ્ટ્રપતિપદને શોભાયમાન કરેલ છે :

(૧) ડૉ. રાજેન્દ્રપ્રસાદ
(તા. ૨૬-૧-૧૯૫૦થી ૧૩- ૫-૧૯૬૨)
(૨) ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન
(તા. ૧૩-૫-૧૯૬૨થી તા. ૧૩-૫-૧૯૬૭)
(૩) ડૉ. ઝાકીર હુસેન
(તા. ૧૩-૫-૧૯૬૭થી તા. ૩-૫-૧૯૬૯)
(૪) શ્રી વરાટગીરી વેંકટગીરી
(તા. ૨૪-૮-૧૯૬૯થી તા. ૨૪-૮-૧૯૭૪)
(૫) ડૉ. ફકરુદ્દીન અલી મહમદ
(તા. ૨૪-૮-૧૯૭૪થી તા. ૧૧-૨-૧૯૭૭)
(૬) શ્રી નીલમ સંજીવ રેડ્ડી
(તા. ૨૫-૭-૧૯૭૭થી તા. ૨૫-૭-૧૯૮૨)
(૭) શ્રી જ્ઞાની ઝૈલસિંઘ
(તા. ૨૫-૭-૧૯૮૨થી તા. ૨૫-૭-૧૯૮૭)
(૮) શ્રી વેંકટરામન
(તા. ૨૫-૭-૧૯૮૭થી તા. ૨૫-૭-૧૯૯૨)
(૯) ડૉ. શંકરદયાળ શર્મા
(તા. ૨૫-૭-૧૯૯૨થી તા. ૨૫-૭-૧૯૯૭)
(૧૦) શ્રી કે.આર. નારાયણ
(તા. ૨૫-૭-૧૯૯૭થી તા. ૨૫-૭-૨૦૦૨)
(૧૧) ડૉ.એ.પી.જે. અબ્દુલ કલામ
(તા. ૨૫-૭-૨૦૦૨થી તા. ૨૫-૭-૨૦૦૭)
(૧૨) શ્રીમતી પ્રતિભાદેવીસિંઘ પાટીલ
(તા. ૨૫-૭-૨૦૦૭થી)

*ચંદન મહાલ,*
*સાંતાક્રુઝ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૫.*

शिवमस्तु सर्वजगतः परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखी भवतु लोकाः ॥

WORK IS WORSHIP

MA OM PARIVAHAN (P) LTD.

Chandresh Lodaya : 98502 37317 / 98671 70789
Somchand Lodaya : 98671 70794 / 93222 75440

SPECIALIST IN HANDLING OF

- 20' / 40' / 45' EX-IM Containers
- ODC, Heavy Machinery Packages – Shifting - Storage.
- General / Project Cargo Handling – Transportation
Loading - Unloading - Warehousing.

HEAD OFFICE

A-104, "Sai Classic", Near Palm Acres, Mahatma Phule Road, Mulund (East), Mumbai-400 081. Tel. : 2163 6403 / 05, 21636399 Telefax : 21636394
E-mail : maom@vsnl.net • somchand@maom.net

Open & Closed Warehousing Facilities
at Dahisar - Mori (Near Sheel Phata)

Dahisar - Mori Warehouse & Workshop
Ramchandra / Sunil Kadam • Cell : 9867170780 / 81 / 84

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ
# પ્રકરણ-૮

• સંકલન : પ્રતાપ નારાણજી દંડ •

## સમાજની પ્રવૃત્તિનો વિસ્તાર અને શ્રી કચ્છી વિશ્રામ ગૃહના નિર્માણનો આરંભ

તા. ૧૬-૮-૧૯૯૮ના રોજ પાલડી ભવન ખાતે સંસ્થાની વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું અને વર્ષ ૧૯૯૮-૯૯ માટે નીચ મુજબના હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી.

પ્રમુખ તરીકે ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા, ઉપપ્રમુખ : શ્રી કાંતિલાલ વેલજી સાવલા, માનદ્ મંત્રી : શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા, સહમંત્રી : શ્રી વીરેન્દ્ર આસારિયા શાહ, ખજાનચી : શ્રી હસમુખ બાબુભાઈ શાહની વરણી કરવામાં આવી.

શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ત્રણ વિભાગમાં વહેંચાયેલો છે : (૧) અતિથિ ગૃહ, (૨) મેડિકલ સેન્ટર, (૩) સાંસ્કૃતિક કેન્દ્ર. જ્યારથી આ ભવન જાહેર જનતા માટે ખુલ્લું મૂકવામાં આવ્યું છે ત્યારથી અતિથિ ગૃહમાં ભારતભરમાંથી ગુજરાત આવતા કચ્છી જૈન પરિવારોએ બહોળા પ્રમાણમાં લાભ લીધેલ છે. મેડિકલ સેન્ટરમાં પ્રથમ આયુર્વેદ વિભાગ તથા ફિઝિયોથેરાપી વિભાગો ચાલુ કર્યા બાદ દાંતનો વિભાગ ચાલુ કરવામાં આવ્યો છે જેનો લાભ સમગ્ર અમદાવાદની પ્રજા લઈ રહી છે અને સાંસ્કૃતિક કેન્દ્રનો ઉપયોગ પ્રથમ ફક્ત આપણા સમાજનાં સભ્યો કરતા હતા તેમાં પણ અમદાવાદના લોકો લાભ લે છે. આ રીતે આપણી ધારણા પ્રમાણે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પ્રવૃત્તિઓથી હંમેશાં ધમધમી રહ્યો છે.

તા. ૬-૯-૧૯૯૮ના રોજ પાલડી ભવન ખાતે સમાજનું ૩૫મું વાર્ષિક સ્નેહ મિલન યોજવામાં આવ્યું હતું. જેમાં તેજસ્વી વિદ્યાર્થી તેમજ તપસ્વીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. આ સમારંભના અધ્યક્ષપદે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ **શ્રી ધીરુભાઈ શાહ** હતા જ્યારે અતિથિ વિશેષ તરીકે ગુજરાત સમાચારના મેનેજિંગ તંત્રી **શ્રી શ્રેયાંસભાઈ શાહ** પધારેલ હતા. તે ઉપરાંત **શ્રી બિપિન કાનજીભાઈ જૈન, શ્રી કુંવરજીભાઈ નાથાલાલ શાહ (કલકત્તા), શ્રી કાંતિલાલ બાબુભાઈ ઘીવાલા, શ્રી લીલાધર બેચરદાસ મહેતા, (પ્રો.) ડો. મણિલાલ ગડા, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી રાજેન્દ્રભાઈ પાસડ, મુંબઈનાં શ્રી કાંતિલાલ ગડા, ડો. ઉદય ગડા તથા મધ્ય પ્રદેશના સાંસદ શ્રી રાઘવજીભાઈ સાવલા** પણ અતિથિ વિશેષ તરીકે આ સમારંભમાં ઉપસ્થિત રહ્યા હતા.

સમારંભમાં સમાજ માટે સ્વાસ્થ્ય વીમા યોજનાનો શુભ આરંભ શ્રી બિપિન કાનજી જૈનનાં હસ્તે દીપ પ્રગટાવીને કરવામાં આવ્યો હતો. સમારંભમાં (પ્રો.) ડૉ. મણિલાલ ગડાનાં પુસ્તક "નિરાશાનું નિવારણ"ની વિમોચન વિધિ મધ્ય પ્રદેશના સાંસદ શ્રી રાઘવજીભાઈ સાવલાએ કરી હતી.

આ શુભ પ્રસંગે મેડિકલ સેન્ટરનાં ૧૦ નવા વિભાગો જુદા જુદા મહાનુભાવોનાં હસ્તે જાહેર જનતા માટે ખુલ્લા મુકવામાં આવ્યા હતા. ઉપસ્થિત સૌ મહાનુભાવોએ સંસ્થાની પ્રવૃત્તિઓને ભરપેટ બિરદાવી હતી. ૩૫માં વાર્ષિક સ્નેહ મિલન પ્રસંગે **સ્વામિવાત્સલ્યના કાયમી દાતાઓ શ્રીમતી લક્ષ્મીબેન માવજી ધારશી કુરિયા (મેરાઉ) અને શ્રીમતી સુશીલાબેન બાબુભાઈ નાગડા (ચાંગડાઈ)**ના સહયોગથી સ્વામિવાત્સલ્યના જમણવારમાં સૌ સમાજે લાભ લીધેલ હતો. આ પ્રસંગે દાતાઓ તરફથી નોંધપાત્ર દાન જાહેર કરવામાં આવ્યા હતા. વર્ષ દરમ્યાન સમાજની અન્ય પ્રવૃત્તિઓ રાબેતા મુજબ ચાલતી હતી.

અમદાવાદ ગાંધીનગર સ્થિત સમગ્ર કચ્છી જૈન પરિવારોનું સંગઠન એટલે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સમાજનાં સક્રિય કાર્યકર્તાઓએ શરૂઆતનાં પડકારો અને કપરાં ચઢાણનો સામનો કરવાનો હતો પરંતુ દ્રઢ સંકલ્પ સાથે મક્કમ ડગલે આગળ વધી એ ચડાણો સર કર્યા. ત્યારબાદ વિવિધ સમાજોપયોગી કાર્યોમાં પ્રવૃત્ત છે. અતિથિ ભવન, બાલ કલ્યાણ, યુવા વિકાસ અને મહિલા ઉત્કર્ષ જેવી પ્રવૃત્તિઓ સાથે આપણી હાલની કર્મભૂમિ એટલે કે અમદાવાદ અને તેની આજુબાજુના વિસ્તારની જનતા માટે ખૂબ જ રાહત દરે ઉત્કૃષ્ટ તબીબી સેવાઓ મળી રહે એ માટેનું આયોજન અમલમાં મૂકવામાં આવ્યું. **બહુજ ટૂંકા સમયગાળામાં સમાજનું મેડિકલ સેન્ટર જાહેર જનતા માટે સારું એવું ઉપયોગી નીવડેલ છે અને ઉત્તરોત્તર વધુ લોકો લાભ લઈ રહ્યા છે.** બીજી તરફ જરૂરિયાત મુજબ આ મેડિકલ સેન્ટરને આધુનિક સાધનોથી સુસજ્જ કરવાનું ચાલુ જ છે.

આમ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારજનોની જરૂરિયાતો જાહેર જનતા માટેની તબીબી સવલતો સમાજ પૂરી કરી શક્યો છે. ત્યારે સમગ્ર કચ્છી પ્રજાની જરૂરિયાત પ્રત્યે પણ આપણે ધ્યાન કેન્દ્રિત કરવું પડે એવું સમાજનાં કાર્યકર્તાઓને લાગ્યું. આ બાબતે વિચારતાં જણાયું કે કચ્છમાં જે તબીબી સવલતો

*મોક્ષે જનારો પોતાની ભૂલો જોયા કરે ને પારકાની ભૂલો જોનારો સંસારમાં ભટક્યા કરે.*

ઉપલબ્ધ ના હોય અથવા અપૂરતી હોય તેવી સારવાર માટે સારી સંખ્યામાં કચ્છી દર્દીઓ સિવિલ હોસ્પિટલ કે અન્ય હોસ્પિટલોમાં સારવાર લેવા માટે અમદાવાદ આવે છે. આવા દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવા પડે છે. ત્યારે તેની સારસંભાળ માટે સાથે આવેલાં પરિવારજનોને અહીં રહેવા કે જમવા માટેની કોઈ સવલતો ના હોવાથી તેમને અનેક પ્રકારની મુશ્કેલીઓ વેઠવી પડતી હોય છે. અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં દાખલ થવા માટે માર્ગદર્શનના અભાવે જુદા જુદા વિભાગોમાં અથડાવું પડે છે અને સમયસર યોગ્ય સારવાર શરૂ થઈ શકતી નથી. આવું ઘણા કિસ્સામાં બનતું હોય છે.

કચ્છી પ્રજાની હાડમારી ઓછી કરવા માટે અમદાવાદની સિવિલ હોસ્પિટલની નજદીકના અનુકૂળ સ્થળે જરૂરી માર્ગદર્શન કેન્દ્ર અને ભોજનાલયની વ્યવસ્થા સાથેનું એક અતિથિ ગૃહ ઊભું કરવાની જરૂરત કચ્છનાં એક પ્રતિનિધિ અને **ભુજ વિભાગના યુવા ધારાસભ્ય શ્રી મુકેશભાઈ ઝવેરીને જણાઈ.** તેઓએ વિસ્તૃત ચર્ચા વિચારણાને અંતે આ પ્રોજેક્ટ હાથમાં લેવા માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને પ્રોત્સાહિત કર્યા. અંદાજે રૂપિયા બે કરોડના ખર્ચ સામે ગુજરાત ખનિજ વિકાસ નિગમ તરફથી આ પ્રોજેક્ટમાં સહભાગી થવાની જાહેરાત થઈ અને તેના અનુસંધાને રૂા. ૧ કરોડનાં દાનની તેઓ તરફથી જાહેરાત કરવામાં આવી. પડકારો સ્વીકારવા એ અમદાવાદના સમાજનાં કાર્યકર્તાઓની એક લાક્ષણિકતા છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજનાં ટ્રસ્ટ મંડળે આ ઑફર સ્વીકારવાની મંજૂરી આપી. અને તે સાથે જ સંસ્થાનાં કાર્યકરો સિવિલ હોસ્પિટલના વિસ્તારમાં યોગ્ય જમીન મેળવવા માટે પ્રયત્નશીલ થઈ ગયા. પ્રથમ આ પ્રોજેક્ટ રૂા. ૧.૫૦થી રૂા. ૧.૭૫ કરોડમાં થાય અને તેમાં બે માળની ઈમારત ઊભી કરવી તેમ નક્કી કરવામાં આવ્યું.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં કેટલાક ટ્રસ્ટીઓની વિચારસરણી હતી કે સમાજે હવે શિક્ષણને લગતો કોઈ પ્રોજેક્ટ હાથ ઉપર લેવો જોઈએ. આ બદલ પ્રાઈમરી સ્કૂલ, હાઈસ્કૂલ, કૉલેજ, હોસ્ટેલ વગેરે વિશે વિસ્તારપૂર્વક ચર્ચા વિચારણા કરવામાં આવી. ચર્ચાને અંતે હોસ્ટેલના પ્રોજેક્ટને અગ્રીમતા આપવી એમ નક્કી કરવામાં આવ્યું. તેના અનુસંધાને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ તથા હોસ્ટેલોની મુલાકાત લેવાનું આયોજન કરવામાં આવ્યું. પ્રથમ એક પ્રતિનિધિ મંડળ તા. ૧૧-૨-૯૯નાં રોજ મુંબઈ ગયેલ. જ્યાં તેઓએ આઈ.આઈ.ટી. - પવઈ, શાહ એન્કર એન્જિનિયરિંગ કોલેજ - ચેમ્બુર તથા માટુંગા ક.વી.ઓ. બોર્ડિંગની મુલાકાત લીધેલ. અને તે બાદ અમદાવાદમાં નિરમા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીની મુલાકાત તા. ૨૫-૨-૯૯ના રોજ લીધેલ. ઉપરોક્ત સર્વે મુલાકાતો બાદ આગળ કઈ રીતે આયોજન કરવું તેની ચર્ચા વિચારણા સક્રિયપણે કરવામાં આવી. સમાજ તરફથી એક નવતર પ્રયોગનાં રૂપે તા. ૧૪-૩-૧૯૯૯ના રોજ સંસ્થાના ભવન ઉપર "આપણી અદાલત"નો એક વિશિષ્ટ પ્રકારનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. **જેમાં આરોપી તરીકે શ્રી બાબુભાઈ મેઘજી શાહને રજૂ કરવામાં આવ્યા હતા. વકીલ તરીકે સી.એ. શ્રી હસમુખભાઈ ગઢેચાએ કામગીરી બજાવી હતી તથા ન્યાયાધીશ તરીકે શ્રી સત્યેન્દ્રભાઈ શાહ (રીટાયર્ડ આઈ.એ.એસ. ઓફિસર) રહ્યા હતા.** આ કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો હતો. સમાજનાં સભ્યોએ બહોળી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમ માણ્યો હતો.

દર વર્ષની જેમ આ વર્ષે પણ મે મહિનામાં ગ્રીષ્મ શિબિર સાપુતારામાં યોજવામાં આવી હતી. જેમાં આપણા સમાજની બાળાઓએ ભાગ લીધેલ હતો અને ૫ બાળાઓએ જુદા જુદા વિભાગમાં ઈનામો મેળવ્યા હતા.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો પારદર્શક વહીવટ, એના કાર્યકર્તાઓની કામ કરવાની ધગશ અને નિષ્ઠા જોઈ **ગુજરાત ખનિજ વિકાસ નિગમે તેઓએ જાહેર કર્યા મુજબનો રૂા. ૧.૦૦ કરોડનો ચેક આપણને મોકલાવી આપ્યો.** તેથી આપણી આગળની કાર્યવાહી સરળ થઈ ગઈ. સાથે સાથે સમયસર પ્રોજેક્ટ પૂરો કરવાની જવાબદારી પણ વધી ગઈ. પ્રથમ આ પ્રોજેક્ટ બે જ માળનો તથા રૂા. ૧.૫૦થી રૂા. ૧.૭૫ કરોડનો કરવો તેવું નક્કી કરવામાં આવ્યું હતું. પણ પછીથી ઉપર બીજા બે માળ વધારી, આવક ઊભી કરી આ ભવનને પણ આર્થિક રીતે સ્વાવલંબી બનાવવાનું વિચારવામાં આવ્યું. તેથી પ્રોજેક્ટનું કદા રૂા. ૧.૫૦ કરોડથી વધી રૂા. ૩.૫૦ / રૂા. ૪.૦૦ કરોડનું થઈ ગયું તથા ગ્રાઉન્ડ + ૩ માળ એ રીતે ભવન બનાવવું તેમ નક્કી કરવામાં આવ્યું હતું.

અંતે સંસ્થાના ટ્રસ્ટી **શ્રી હસમુખ ગઢેચા** તથા સભ્ય **શ્રી બિપિનભાઈ હરિલાલ શાહ**ની મહેનતનાં પરિણામે અમદાવાદના જાણીતાં શ્રેષ્ઠીવર્ય શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈની માલિકીની અરવિંદ મિલ્સનો એક બંગલો કે જે તેઓનાં મેનેજર શ્રી મઝુમદાર સાહેબનાં બંગલા તરીકે ઓળખાતો હતો, જેનું ક્ષેત્રફળ લગભગ ૧૮૦૦ ચો.મી.નું છે તે જગ્યા શ્રી કચ્છી વિશ્રામ ગૃહનાં નિર્માણ માટે ખરીદી લેવામાં આવી. રૂા. ૧ કરોડ જી.એમ.ડી.સી.ના હતા તથા ૨૫-૩૦ લાખની લોન અમદાવાદ સમાજમાંથી મેળવી પ્લોટની રકમ ચૂકવી, પ્લોટનો કબજો મેળવવામાં આવ્યો.

શ્રી કચ્છી જૈન સેવા સમાજની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૯-૮-૯૯નાં રોજ પાલડી ભવન ખાતે યોજવામાં આવી હતી. સંસ્થાના મે. ટ્રસ્ટી અને પ્રમુખ ડૉ. શ્રી ચંદ્રકાંત કાનજી દેઢિયાએ શ્રી કચ્છી જૈન સેવા સમાજની શરૂઆતથી અત્યાર સુધીનો ઈતિહાસ અને તેની પ્રગતિની વિગત જણાવીને સહુ સભ્યોનું હાર્દિક સ્વાગત કરી સૌને આવકાર્યા હતા. માનદ્ મંત્રી શ્રી અશોકભાઈ મહેતાએ ગત વર્ષ દરમ્યાન સમાજે કરેલી કાર્યવાહીનો વિસ્તારપૂર્વક અહેવાલ રજૂ કર્યો હતો. આજની સભામાં બંધારણીય જોગવાઈ અનુસાર નિવૃત્ત થતા ટ્રસ્ટી મંડળ તથા કારોબારીના સભ્યોની સર્વાનુમતે નિમણૂક કરવામાં આવી હતી. ત્યારબાદ મળેલ ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિની પ્રથમ મિટિંગમાં વર્ષ ૧૯૯૯-૨૦૦૦ માટે નીચે મુજબના હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી હતી. પ્રમુખ / મે. ટ્રસ્ટી : ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા, ઉપપ્રમુખ : શ્રી કાંતિલાલ વેલજી સાવલા, માનદ્ મંત્રી : શ્રી પ્રતાપ નારાણજી દંડ, સહમંત્રી : શ્રી વીરેન્દ્ર આસારિયા શાહ, ખજાનચી : શ્રી હસમુખ બાબુભાઈ શાહ. કારોબારી સમિતિની મિટિંગમાં વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી હતી.

*(ક્રમશઃ)*

# માંસાહારી જૈનોનો દેશ

• મયૂર દેઢિયા •

હમણાં એક મહિના પહેલાં આફ્રિકાનાં એક અવનવા દેશ નામ્બિયાની મુલાકાતનો લાભ મળ્યો.

દક્ષિણ આફ્રિકાના પશ્ચિમ ભાગમાં આવેલો આ દેશ ઘણી રીતે અવનવો છે.

આ દેશને આઝાદ થયે હજી ૨૧ વર્ષ પણ હમણાં થયા. વિસ્તારની રીતે ગુજરાત કરતાં લગભગ ચાર ગણો મોટો પણ આખાય દેશની કુલ વસતિ ૨૨,૦૦,૦૦૦ લોકોની એટલે કે અમદાવાદ કરતાં પણ ઓછી.

આ દેશની વિવિધતા અને અવનવાપણામાં ઘણી વસ્તુ જોવા જેવી છે. તેનો એક લેખ અલગ લખી શકાય અને હું પ્રયત્ન પણ કરીશ.

આ લેખ તે દેશની એક અલગ જાતિ અને તેની પ્રથા ઉપર છે. જેણે મને કંઈક વિચારવા મજબૂર કરી દીધો.

નામ્બિયાની રાજધાની વિન્ડુક (WINDHOEK)માં જ્યારે પ્રવેશ કર્યો ત્યારે જ એક જાતનો અલગ અહેસાસ થવા લાગ્યો. તેમાં પણ જ્યારે મારા મિત્ર વાલ્મિકભાઈની સુપુત્રી મીન્ટિએ અમારી "Game Park"ની એક મુલાકાતમાં જણાવ્યું કે તેનો એક મિત્ર જે જર્મની છે, તે અહીંના બુશ આદિવાસી તેમજ "Himba" હિમ્બા આદિવાસી માટે કામ કરે છે. ત્યારે તરત જ મેં કહ્યું, જો તારી ઓળખાણ હોય તો મારે તેમની સાથે બે-ચાર દિવસ વિતાવવા છે. અને મારા સારા નસીબે તે જોગવાઈ પણ થઈ ગઈ.

આગળ વધતાં પહેલાં આ વિસ્તારની થોડી માહિતી આપી દઉં. આફ્રિકાના આ દેશમાં દુનિયામાં જૂનામાં જૂનું રણ છે. પણ બીજા રણો કરતાં આ રણમાં ઘણી વિવિધતાઓ છે. જેમકે આખાય રણમાં માટીના અલગ અલગ રંગ જોવા મળે છે. વળી ક્યાંક તે બીજા રણોની માફક શુષ્ક અને સફેદ છે તો ક્યાંક લાલ તો ક્યાંક સોનેરી છે. ઘણાં વિસ્તારમાં તો સદીઓથી વરસાદનું એકેય ટીપું નથી તો બાજુના પ્રદેશમાં વરસાદના કારણે નદી પણ છે. આવી જગ્યામાં જીવન કેમ સંભવે? પણ થોભો, આવી જગ્યામાં પુષ્કળ જીવન છે અને આ જીવન ખૂબ જ અનેરું પણ છે.

અહીંના રણમાં પાણીના એકે એક ટીપાની કિંમત ત્યાં વસતા બધા જ જીવ જાણે છે અને તેના પર જીવે છે. તો અહીં મનુષ્ય કઈ રીતે વસે છે?

કુદરતના આશ્ચર્યકારક સર્જનમાં અહીંનું જીવન પ્રથમ આવે. હોલીવુડના એક ખૂબ જ શાનદાર ચલચિત્ર "The God must be Crazy"નાં એક ભાગમાં તેનું વર્ણન છે અને ત્યાંના આદિવાસીઓ હજારો વર્ષથી આ પ્રથામાં જીવે છે.

આટલું વર્ણન આપ્યા પછી મૂળ વાત ઉપર આવીએ. જ્યારે તે વિચિત્ર નામ ધરાવતા સજ્જન સાથે મારી બે દિવસની યાત્રા ગોઠવાઈ ત્યારે અંદરથી ખૂબ જ ઉત્સાહી હતો. પ્રથમ દિવસે જ તેણે અમારી ઓળખાણ તે આદિવાસી પ્રજાતિના વડા સાથે કરાવી. તે મુખી પોતે ખૂબ જ ફાંકડું અંગ્રેજી બોલતો હતો. તેથી ખૂબ મજા આવી. ત્યારબાદ અમને તેમની જાતિના વિસ્તાર એટલે કે "Himba" ગામમાં તે લઈ ગયો. ગામમાં લગભગ બધી જ સ્ત્રીઓના વસ્ત્રોના નામે કંઈ જ નહીં. શરીરના કમરની ઉપરનો ભાગ તો લગભગ બધાનો ખુલ્લો. આખા શરીરે ઓરેન્જ રંગની માટીનો લેપ કે જે તેમને રણની ખૂબ જ ખતરનાક ગરમી સામે રક્ષણ આપે. તે સિવાય શરીર પર સ્ત્રીસહજ આભૂષણો. તે પણ ખાસ કોઈ પથ્થરના. સોનાના કે હીરાના નહીં પણ અલગ અલગ રંગના પથ્થરના. તેમ છતાં ત્યાંની સ્ત્રીઓને કોઈ શરમભાવ કે છોછ નહીં. બધું જ નૈસર્ગિક. કોઈને કંઈ ગુનાનો ભાવ પણ નહીં.

થોડા થોડા અંતરે પાંચ છ ઝૂંપડા એટલે ત્યાંની વસતિ ઓછી પણ તેઓની સામાજિક વ્યવસ્થા ખૂબ જ સુંદર. શરૂઆતમાં તો આશ્ચર્યથી આ બધું જોયું પણ પછી ધીરે ધીરે મનમાં સવાલો ઊભા થયા. અને જેમ જેમ સવાલો ઊભા થતા ગયા તેમ તેમ મન વિહ્વળ થવા લાગ્યું.

ત્યાંની સરકારે તેમને ઘણો વિશાળ પ્રદેશ આપ્યો છે.

મેં મુખિયા સાથે સંવાદ ચાલુ કર્યો.

મેં પૂછ્યું, 'આટલી મોટી જમીન અને તેમાં અમુક જમીન ખેતીલાયક પણ છે. તો તમે ખેતી કેમ નથી કરતા?'

મુખિયા : 'ખેતી શા કારણસર કરવી?'

મેં કહ્યું, 'કેમ, ખેતીથી અનાજ ઉત્પન્ન થાય અને તમારે માંસાહાર ન કરવો પડે.'

મુખિયા : પણ અનાજ ઉત્પન્ન જ શા માટે કરવું? જ્યારે કુદરતે અમારી સામે ખોરાકનો ભંડાર રાખ્યો છે.

મેં કહ્યું, 'પણ માંસાહાર શા માટે? તેનાથી તો ઘણું નુકસાન થાય અને કદાચ અમુક પ્રાણીઓનું નિકંદન પણ નીકળી જાય.'

મુખિયા : 'જ્યાં સુધી આ પ્રદેશમાં બહારના લોકો (ગોરા અંગ્રેજો, જર્મનો અને પોર્ટુગીઝો) નહોતા આવ્યા ત્યાં સુધી એટલી તકલીફ ન હતી. અને આજે પણ હજી સુધી ખાવા માટે ખાસ કોઈ તકલીફ નથી.'

મેં વિચાર કર્યો.... આવા અજ્ઞાની અને અભણ લોકો સાથે દલીલ કરવાનો કોઈ મતલબ નથી. હશે, તેમના કર્મ તેઓ ભોગવશે. જ્યારે આખી દુનિયા આટલી આગળ નીકળી ગઈ છે પણ આ લોકો કદાચ એટલા માટે જ હજી આવી દશામાં છે. તેમ વિચારી આગળ વધ્યા.

*છેલ્લા પ્રકારની જાગૃતિ કઈ? તો કે આ જગતમાં કોઈ દોષિત જ ના દેખાય.*

તેમણે તો શિકારની તૈયારી કરી લીધી હતી. આજે પણ આ લોકો હરણ, ઝીબ્રા અને ક્યારેક હાથીનો પણ શિકાર કરે છે. થોડા આધુનિક લોકોએ પોતાની જમીનમાં નૈસર્ગિક રીતે પશુપાલન કર્યું છે પણ આ પશુપાલન પણ માંસ માટે જ હોય છે. તેઓ દૂધ નથી પીતા. (જોકે હવે આપણા જેવા સુધરેલા લોકો તેમને દૂધ પીવાનું શીખવાડે છે.) શિકાર માટે પુરુષોએ તીરકામઠા સજાવી અને હરણનો શિકાર કર્યો. ત્યારબાદ હરણને તેઓ વસતિમાં લઈ આવ્યા. હરણને વસતિમાં લાવ્યા બાદ આખા કુટુંબે તેની આજુબાજુ બેસી કાંઈક ઉચ્ચારણ કર્યા. મેં કહ્યું, 'આ શું કરો છો?' તો મુખિયાએ જવાબ આપ્યો, 'અમે આખું કુટુંબ આ હરણની માફી માગીએ છીએ.' આખાય કુટુંબે મૃત હરણની માફી માગી અને કહ્યું, અમારી સ્ત્રીઓ અને અમારા છોકરાઓ ભૂખ્યા હોવાથી અમે તારો શિકાર કર્યો છે. અમોને માફ કરી દે.

આ જોઈ હું આશ્ચર્યચકિત થઈ ગયો. વાહ, શું ભાવના છે? શિકાર કર્યા પછી પણ આ ભાવ? છતાં મારી જિજ્ઞાસા સંતોષવા મેં પાછો સવાલ કર્યો કે તમે એક સાથે બે-ત્રણ હરણને કેમ મારી નથી નાખતા? જેથી કરી તમને આરામ મળે. તેમણે કહ્યું, અમે તો કાચું માંસ ખાનારા છીએ. બે ત્રણ હરણનો શિકાર કરીને તેમને મારી નાખવાથી અમને શું ફાયદો? કુદરતે અમારા માટે ઘણું આપ્યું છે.

હવે મારે હેરાન થવાનું હતું. મેં મારી આખીય સફરમાં તેમના જીવન વિશે પ્રશ્નો પૂછવાનું ચાલુ રાખ્યું હતું. મારી સાથે આવેલા જર્મન સજ્જનની પણ એ જ ફરિયાદ હતી કે આ લોકો સુધરવા માગતા જ નથી. મારું મન ગડમથલમાં પડી ગયું. ઘણા બધા સવાલો થવા લાગ્યા. જેમાંને બે-ત્રણ અત્રે પ્રસ્તુત કરું છું. વાંચક મિત્રોનો પ્રતિભાવ જાણવામાં મજા આવશે.

મારો પ્રથમ પ્રશ્ન : 'શું આ લોકોને શિક્ષિત કરવા જોઈએ? (લગભગ બધા જ કહેશે, હા.) પણ મારો સવાલ એ છે કે આપણી જાતને શિક્ષિત સમજવાવાળા આપણે શિક્ષણથી શું મેળવ્યું??? તમે કહેશો, કે શિક્ષણથી આપણને સમજ મળી. તો મારો સવાલ છે કે 'કઈ સમજ?' એ જ કે આપણે જૈન, હિંદુ કે મુસ્લિમ છીએ. જો ખરેખર શિક્ષણ મેળવ્યું હોત તો આપણે માણસ થઈ ગયા હોત. આપણે પોતે તો શિક્ષિત થઈને જૈન, હિંદુ, મુસલમાન કે ઇસાઈ થયા. તો શું હવે આવા આદિવાસીને કયા આધારે આપણે શિક્ષિત કરવા જોઈએ? શું આપણે તેઓને પણ કોઈ ધર્મમાં નાખી દેવા છે?

મારો બીજો સવાલ : 'આ લોકો ખૂબ ગરીબીમાં જીવે છે. તેમને સુધારવા જોઈએ? તેમને દુનિયા દેખાડવી જોઈએ? આજે મોબાઈલ, ટી.વી., ઈન્ટરનેટનો જમાનો છે. ત્યારે આ લોકો આવી અવસ્થામાં કેમ જીવે છે? શું આપણા સભ્ય સમાજે તેમને આગળ વધારવા જોઈએ?' અહીં પણ લગભગ બધા જ વાચક મિત્રોનો જવાબ 'હા' માં જ હશે. પણ તેની સામે મારો સવાલ છે, મિત્રો, ગરીબીને તમે કઈ રીતે તોલો છો? આ આદિવાસીઓને કોઈ ચિંતા જ નથી. નથી તેમને પોતાનો પ્રદેશ વધારવો, નથી કોઈ મોટા મકાનમાં રહેવું, નથી ખાવાની ચિંતા, નથી દાગીનાની ચિંતા, નથી એ ચિંતા કે મારી પાસે કઈ ગાડી છે. નથી આ લોકોને રોજ સવારે ઓફિસ જવાની ચિંતા, નથી બોસને જવાબ આપવાની ચિંતા. નથી નફા - નુકસાનના કોઈ હિસાબ માંડવાના. તો ગરીબ આપણે કે ગરીબ તેઓ? આંકડા... આપણા સભ્ય સમાજની દેણના છે. આપણે લોકોએ પેટ્રોલ એટલું વાપરી નાખ્યું છે કે વૈજ્ઞાનિકો કહે છે.... આવતા ૩૦થી ૪૦ વર્ષમાં પેટ્રોલના ભંડાર ખૂટવા લાગશે. એક અંદાજ પ્રમાણે ધરતીના મહત્ત્વના લગભગ બધા જ ખનીજના ભંડારો આપણે વાપરી નાખવાની અણી ઉપર છીએ. નિકલ ૯૫ વર્ષ, તાંબું ૫૭ વર્ષ, યુરેનિયમ ૫૫ વર્ષ, જસત ૪૨ વર્ષ, સોનું ૪૧ વર્ષ, સીસું ૩૮ વર્ષ અને રૂપું ૨૫ વર્ષ ચાલે એટલું જ છે. તો આપણા સભ્ય સમાજ પાસે એની સામે કોઈ દલીલ છે? આપણા સભ્ય સમાજે આ ધરતીની અને તેના વાતાવરણની સુથ વાળી નાખી છે. તેની સામે આ આદિવાસીઓએ હજારો વર્ષથી તેમની દુનિયા કાયમ રાખી છે. કુદરતના કોઈ નિયમો ઉલ્લંઘ્યા નથી.

અરે આપણે શું સુધારવાના આ લોકોને? સુધરવાની જરૂર તો આપણને છે.

મારો ત્રીજો સવાલ એ છે કે.... 'તમે માનસિક રીતે આ લોકો આજીવન જૈન છે, તે સ્વીકારો કે નહીં. (લગભગ બધા જ વાચકોનો જવાબ કદાચ 'ના' માં આવશે અને તે અપેક્ષિત છે.) પણ મારી દલીલ એ છે કે ભલે આ લોકો માંસાહારી હોય પણ તેઓ મારા હિસાબે સંપૂર્ણ જૈન કહેવાય. કારણકે જૈન ધર્મના લગભગ બધા જ નિયમો તેઓ પાળે છે. અમારા મુરબ્બી બિપીનકાકા સાથે જ્યારે આ વિશે વાત થઈ ત્યારે તેઓએ પણ ઉદાહરણ આપ્યું કે આપણા જૈન શાસ્ત્રોમાં એવો ઉલ્લેખ છે કે અમુક મુનિઓ જો હું ભૂલતો ન હોઉં તો લગભગ તાપસ મુનિઓ કે જેઓ પોતાનું જીવન ટકાવી રાખવા હાથીનો શિકાર કરી હાથીને મહિનાઓ સુધી ખાઈને તપ આરાધના કર્યા બાદ મોક્ષને પામ્યા છે. મને થોડું અલ્પજ્ઞાન હોવાથી જાણકાર વાચકમિત્રો, આના પર પ્રકાશ નાખે. માંસાહાર સિવાય તેઓ અપરિગ્રહનો નિયમ આપણા આખાય સમાજ કરતાં સારી રીતે પાળે છે.

જ્યારે તે શિકારની ક્ષમા માગે છે ત્યારે ક્ષમાયાચનાનો ભાવ મેં જોયો છે. તે આપણા ઉપરછલ્લા ''મિચ્છામિ દુક્કડમ''થી ઘણો જ ઉપર છે.

સૌથી મોટી વાત અહિંસાનો કોઈ દેખાડો નથી. હિંસા છે, પણ તેનું પ્રાયશ્ચિત છે. તે સિવાયની કોઈ હિંસા નથી. અરે! ગાંધીજીના લેવલની માનસિક હિંસા પણ આ લોકોમાં નથી.

મેં મારી જિંદગીમાં આટલા બધા જૈનો એક સાથે ક્યારે પણ નથી જોયા જે ખરા અર્થમાં જૈનો છે અને તેનો દેખાડો નથી. મારા હિસાબે, જૈન એ એક ઉચ્ચ કક્ષાની વિચારધારા છે અને તે નિરંતર છે. પરિવર્તનશીલ છે. આપણે તેને એક ધર્મ બનાવી સૌથી મોટું નુકસાન કર્યું છે. આટલી મોટી સમજ અને ફિલસૂફીવાળી આપણી આ જૈન વિચારધારાને આપણે એક બંધિયાર કૂવામાં પૂરી તેની આજુબાજુ ઊંચી વાડ બનાવી દીધી છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૪૫ ઉપર)**

***આપણી ટીકા કરવાનો લોકોને અધિકાર છે. આપણને કોઈની ટીકા કરવાનો અધિકાર નથી.***

# સાયન્સ અને ટેકનોલોજી

• સંકલન : દિનેશ આર. મહેતા •

## ઈનોવેશન : પેન ડ્રાઈવમાં સંપૂર્ણ કમ્પ્યુટર

માત્ર પેન ડ્રાઈવ નથી, તેમાં સંપૂર્ણ કમ્પ્યુટર સમાવી દીધું છે. તેને લિનક્સ ઓપરેટિંગ સિસ્ટમ આધારિત બનાવાયું છે. 'એનડીઆય લિનક્સ યુબું ટુ' નામના કમ્પ્યુટરને વાઈરસનું કોઈ જોખમ નથી. માત્ર ૪ જીબી ક્ષમતાની પેન ડ્રાઈવમાં અઢીથી ત્રણ હજાર સોફટવેર છે. ફક્ત ચારસો રૂપિયામાં આ કમ્પ્યુટર ઔરંગાબાદની એક વ્યક્તિએ તાજેતરમાં બનાવ્યું છે. તેનો ઉપયોગ કોઈપણ સાઈબર કાફેમાં જઈને કરી શકાય છે. આ ઈનોવેશન કરનાર માઈક્રોસોફ્ટ કંપનીમાં ચાર વર્ષ સુધી સિનિયર મેનેજર તરીકે કામ કરી ચૂક્યા છે. તેઓ વિન્ડોઝ વિસ્ટા અને વિન્ડોઝ સેવન ઓપરેટિંગ સિસ્ટમ તૈયાર કરતી ટીમનો હિસ્સો રહી ચૂક્યા છે. તેઓએ જણાવ્યું હતું કે, મોટાભાગે કોલેજ, સરકારી કચેરીમાં ટર્બો આધારિત પેકેજ પર કામ થતું હોય છે.

★

## ઈશ્વરીય તત્ત્વનું પ્રયોગશાળામાં સર્જન
## હિગ્ઝ બોઝોન નામના 'ગોડ્સ પાર્ટિકલ'નું નિર્માણ

વિજ્ઞાનીઓએ હિગ્ઝ બોઝોન (ગોડ્સ પાર્ટિકલ તરીકે ઓળખાતાં) સબ એટેમિક પાર્ટીકલ શોધવામાં તાજેતરમાં સફળતા મેળવી છે. આ (કણો) જ વિશ્વની રચનામાં મૂળભૂત કણો માનવામાં આવે છે. આ કણોએ જ વિશ્વને કદ અને આકાર પણ આપેલ છે. છેલ્લાં ૫૦ વર્ષથી વિજ્ઞાનીઓ આ મૂળભૂત કણો શોધવા મથી રહ્યા હતા. જેની સૌથી પહેલા પરિકલ્પના ૧૯૬૪માં બ્રિટિશ વિજ્ઞાની પીટર હિગ્ઝ અને મૂળ ભારતીય વંશના વિજ્ઞાની સત્યેન્દ્રનાથ બોઝ સહિત છ વિજ્ઞાનીઓએ આપી હતી.

'ગોડ્સ પાર્ટિકલ' તરીકે જાણીતાં થયેલા આ મુળભૂત કણોએ આશરે ૧૩.૭ અબજ વર્ષ પૂર્વે થયેલા બિગ-બેન્ગ (મહા વિસ્ફોટ) પછી નિહારિકાઓ, આકાશ ગંગાઓ, તારાઓ અને ગ્રહોના સર્જનમાં મૂળભૂત ભૂમિકા ભજવી છે. આ મૂળભૂત કણની શોધ આ સદીની સૌથી મહાન શોધ અને મોટી સિદ્ધિ માનવામાં આવે છે.

સર્નના ડિરેક્ટર જનરલ રોલ્ફ હ્યુમરે આ શોધની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે અમે કુદરતને સમજવામાં એક સીમા સ્તંભ ઉપર પહોંચી ગયા છીએ. આમ છતાં હજી તે મૂળભૂત (કણો)ના ગુણધર્મો વિશે ઘણું બધું જાણવાનું રહે છે. ઘણી બધી ગણતરીઓ કરવાની રહે છે. આમ વિજ્ઞાનીઓ ૧૦૦ ટકા ખાતરીપૂર્વક કહેતા નથી.

છેલ્લાં ૫૦ વર્ષથી ક્વોન્ટમ ફીઝિક્સનો આ વણઉકલ્યો કોયડો રહ્યો છે. વિજ્ઞાનીઓએ સ્વિત્ઝર્લેન્ડ ફ્રાંસ સરહદે ૧૦૦ મીટર નીચે ૨૭ કિલોમીટરનો લૂપ પાઈપ બનાવી બિગ બેન્ગ જેવી પરિસ્થિતિ કૃત્રિમ રીતે ઊભી કરી હતી. બે પ્રોટોન બીમ સામસામા અથડાવી પ્રોટોન્સને તોડી તેમાંથી કરોડો નાના કણો (દર સેકન્ડે) બહાર પાડી આ કૃત્રિમ બિગ બેન્ગ બનાવ્યું હતું. આ હિગ્ઝ પાર્ટિકલ્સે જ અન્ય પાર્ટિકલ્સને માસ આપ્યો હોવાનું મનાય છે. જેમાંથી તો આ વિશ્વનું સર્જન થયું છે. આ માટેની ટનલને લાર્જ હેડ્રોન કોલાઈડર કહેવાય છે.

વાસ્તવમાં તો આ સર્નનો ડેટા ગુપ્ત રાખવાનો હતો. તેની સત્તાવાર જાહેરાત ન થાય ત્યાં સુધી ચૂપકીદી જ સેવવાની હતી. પરંતુ સર્ન સેન્ટરમાંની સત્તાવાર જાહેરાત પૂર્વે તેની વિડીયો ટેપ વેબ ઉપર આવી ગઈ હતી. આ વિડીયોમાં ઈન્કેડેલા એમ કહેતા સાંભળવા મળ્યા હતા કે અમે નવાં પુદ્‌ગલ (કણ)ને જોઈ શક્યા છીએ.

આમ, હિગ્ઝ બેઝોન અથવા સૃષ્ટિના સર્જનમાં જવાબદાર "દૈવી કણ" શોધી કાઢવામાં આવ્યો છે. આ સંશોધન માટે અણુઓને પરસ્પર પ્રકાશની ઝડપ (૧ લાખ ૮૬ હજાર કિ.મી. પ્રતિ સેકન્ડ) કરતા બે ગણી ઝડપે ટકરાવીને સૃષ્ટિના સર્જન પૂર્વે થયેલા વિસ્ફોટના તાગ મેળવવા માટે ૧૦ બિલિયન સ્વિઝ ફ્રાંક (૬.૨ બીલીયન પાઉન્ડ)ના ખર્ચે લાર્જ હેડ્રોન કોલાઈડરમાં કરાયો હતો, જે યુરોપીયન સેન્ટર ફોર ન્યુક્લિયર રીસર્ચ દ્વારા રચવામાં આવ્યું છે.

સર્નની સફળતામાં ભારતીય વૈજ્ઞાનિકો અને ટેકનોલોજીકલ ફાળાનું પણ ઘણું મહત્ત્વ છે. વિશ્વના સૌથી મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટમાં કોલકત્તા, મુંબઈ, અલ્હાબાદ અને ભુવનેશ્વરના સંશોધન કેન્દ્રો સાથે સંકળાયેલા અનેક ભારતીય વૈજ્ઞાનિકો પણ વર્ષોથી આ પ્રક્રિયા સાથે જોડાયેલા છે. સર્નમાં થયેલા પ્રયોગો સાથે ભારતનો સંબંધ સત્યેન્દ્રનાથ બોઝ સાથે જોડાયેલો છે. આ 'બોઝોન' શબ્દ સત્યેન્દ્રનાથ બોઝના નામ પરથી આવેલો છે. બોઝના અભ્યાસે વર્ષોથી 'પાર્ટિકલ ફીઝિક્સ'ના ક્ષેત્રે થતાં અભ્યાસની સમગ્ર પદ્ધતિ જ બદલી નાંખી હતી.

સર્નના પ્રવક્તા પાઓલો ગિબેલિનોએ ગત વર્ષ દરમ્યાન જણાવ્યું હતું કે, ભારત આ સમગ્ર પ્રોજેક્ટના પિતા સમાન છે.

આ પ્રોજેક્ટમાં કોલકત્તાની સહા અણુ ભૌતિક વિજ્ઞાન, મુંબઈની તાતા ફંડામેન્ટલ રીસર્ચ, અલ્હાબાદની હરિશ્ચંદ્ર રીસર્ચ અને ભુવનેશ્વરની ભૌતિક વિજ્ઞાન જેવી સંસ્થાઓના અનેક વૈજ્ઞાનિકો વર્ષોથી જોડાયેલા રહ્યા છે.

★

## વિજ્ઞાનના જ્ઞાન વિના રાષ્ટ્રપ્રગતિ અશક્ય

વિજ્ઞાનશાખામાં તબીબી અને ઈજનેરી અભ્યાસક્રમોના ઝાકઝમાળમાં એક કોરાણે ધકેલાઈ ગયેલા પાયાના વિજ્ઞાનના અનેક ક્ષેત્રોમાં સંશોધનની વિશાળ તકો ઉપલબ્ધ છે અને આ ક્ષેત્રમાં આગળ વધ્યા વિના દેશની પ્રગતિ શક્ય નથી એવી સ્પષ્ટ વાત શાળાના છાત્રો સમક્ષ ટોચના વિજ્ઞાનવિદોએ ભુજ ખાતેની કચ્છ યુનિ.માં 'ઈન્સ્પાયર' શિબિરનો આરંભ કરાવતાં તાજેતરમાં કરી હતી.

કેન્દ્ર સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય પુરસ્કૃત

ઈન્સ્પાયર તરીકે ઓળખાતા આ રાષ્ટ્રીય કાર્યક્રમ અંતર્ગત કચ્છ યુનિવર્સિટીના ભૂમિ અને પર્યાવરણ વિજ્ઞાન વિભાગ દ્વારા યુનિવર્સિટીના કક્ષમાં વિજ્ઞાનના જ્ઞાન અંગેના શિબિરને કારણે હાજર વિદ્યાર્થીઓમાં અનોખો માહોલ સર્જાયો હતો. આ શિબિરમાં કચ્છ ઉપરાંત રાજ્યના અન્ય શહેરની શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

ઉદ્ઘાટન સત્રના મુખ્ય વક્તા 'એસ્ટ્રો વિજ્ઞાની' અને વિક્રમ સારાભાઈ પુરસ્કાર વિજેતા ટી.આઈ.એફ.આર. - મુંબઈના પ્રા. એચ.એમ. અન્તિઆએ તેમના પ્રોબિંગ ધ ઈન્ટિરિયર વિષયના ઉદબોધન અગાઉ વિદ્યાર્થીઓને સરળ અંગ્રેજીમાં સંશોધનાત્મક વિજ્ઞાનનો આછેરો પરિચય આપવા સાથે દેશના વિકાસ માટે વિજ્ઞાનના સંશોધનનું ક્ષેત્ર સર કરવું અનિવાર્ય હોવાનું જણાવ્યું હતું. તેમણે પોતાના દોઢ કલાકના ઉદબોધનમાં પાવર પોઈન્ટની મદદથી સૂર્યના અનેક રોચક તથ્યો વિદ્યાર્થીઓ સમક્ષ વર્ણવ્યાં હતાં.

અન્ય સત્રોમાં વન્યવિજ્ઞાની તરીકે જાણીતા એચ.એન.જી. યુનિ. પાટણના ડૉ. નિશિથ ધારૈયાએ સામાન્ય કારકિર્દીની સમજ આપી પોતાના અનુભવોની ઊંડી સમજ આપી હતી.

પહેલા ઈન્સ્પાયર દરમ્યાન મળેલા વિદ્યાર્થીના અનુભવને એક વાર્તાના સ્વરૂપમાં જ કૉલેજના વધુ એક વક્તા તથા બાયો ટેકનોલોજીના નિષ્ણાત ડૉ. આશિષ પટેલે ઉપસ્થિત વિદ્યાર્થીઓને અલગ જ માહોલ બક્ષ્યો હતો. દિવસાંતે એક પ્રવચન રદ કરીને વિદ્યાર્થીઓને હળવા મુડમાં લાવવા ઘોડાની વાર્તા આલેખતી ફિલ્મ દર્શાવી જિંદગીના રોજબરોજના નિર્ણયો લેવાની શીખ આપવાનો પ્રયાસ કર્યો હતો. આ શિબિરમાં ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓએ પોતાનો સંતોષ વ્યક્ત કર્યો હતો.

ઉપરોક્ત શિબિરમાં પી.આર.એલ. - અમદાવાદના શ્રી આર.ડી. દેશપાંડેએ આઈસોટોપ સાધન વડે કઈ રીતે પાણીના સ્રોત શોધાય છે તેની સમજ ધોરણ ૧૧-૧૨ના વિદ્યાર્થીઓને આપી હતી. જ્યારે ડૉ. ધનંજય રાવલે હેલિકોપ્ટરમાં લાગુ કરાતા વિજ્ઞાનને સમજાવ્યું હતું. શિબિરાર્થીઓ આ સત્રમાં એકચિત્તે જોડાયા હતા.

*(વર્તમાનપત્ર પર આધારિત)*

## બારકોડ વિશે

બારકોડની ભાષા ગજબની છે. બારકોડની બે કાળી અને બે સફેદ એમ ચાર લીટી એક આંકડો સૂચવે છે. લેબલને છેલ્લે રહેલી પાતળી લીટી અને કેન્દ્રમાં રહેલી લીટી રીડિંગની શરૂઆત કરે છે.

બારકોડના પ્રથમ બે આંકડા વસ્તુના ઉત્પાદનનો દેશ સૂચવે છે અને ઉત્પાદન કંપનીઓ માટે ૪ આંકડાનો રજિસ્ટર નંબર હોય છે. બાકીના આંકડા કિંમત સૂચવે છે. બારકોડના તળિયે ડાબી બાજુનો આંકડો સ્કેનરે રીડિંગ સાચું કર્યું કે નહીં તેની ખાતરી કરાવે છે.

બારકોડની ટેકનોલોજીમાં ટુ-ડી બારકોડ પણ નીકળ્યા છે જે ઉપરથી નીચે અને ડાબેથી જમણે વંચાય છે. આ બારકોડ સેલફોન, કેમેરા અને વેબ કેમેરાથી પણ ઉકેલીને ચોક્કસ વેબસાઈટ તરફ દોરી જાય છે.

મોલ અને મોટા શોપીંગ સેન્ટરોમાં ચીજવસ્તુઓ ખરીદતી વખતે આપણે બારકોડનો ઉપયોગ જોતાં હોઈએ છીએ. કોઈપણ ચીજના પેકિંગ પર ઊભી લીટીઓવાળું સ્ટીકર જેવું બારકોડ ચોડેલું હોય છે. બારકોડની આ લીટીઓ ઉપર લાલ કિરણોનો શેરડો નાખવામાં આવે ત્યારે બારકોડની કાળી લીટીઓ પરથી ઓછો પ્રકાશ પાછો ફેંકાય છે અને સફેદ પટ્ટી પરથી વધુ. આમ જુદા જુદા પ્રમાણમાં રીફલેક્ટ થતાં પ્રકાશના કિરણોની સ્કેનરમાં ગણતરી થઈને ચીજવસ્તુઓની કિંમત વગેરે માહિતી કોમ્પ્યુટરના સ્ક્રીન પર જોવા મળે છે.

હાલમાં સુપર માર્કેટમાં જોવા મળતાં બારકોડ સ્કેનરમાં લેસરનાં કિરણોનો ઉપયોગ થાય છે એટલે તે બારકોડને ગમે તે દિશામાંથી વાંચી શકે છે. આ સ્કેનરને 'ઓમ્ની ડાયરેકશનલ' સ્કેનર કહેવામાં આવે છે.

કોઈ સંજોગોમાં સ્નેકર નિષ્ફળ જાય તો બારકોડની લીટીઓ નીચે લખેલા આંકડા ઉપયોગી થાય છે. ઑપરેટર આ આંકડાઓને કોમ્પ્યુટરમાં ટાઈપ કરી બારકોડ ઉપર મુજબ ઉકેલી શકે છે.

*(વર્તમાનપત્ર પર આધારિત)*

## માંસાહારી જૈનોનો દેશ

**(અનુસંધાન : પાના નં.-૪૩ ઉપરથી ચાલુ)**

મારા આ વિચારો ફક્ત જૈન પૂરતા નથી. આફ્રિકાની આ ઉચ્ચ કક્ષાની સમજવાળી આદિવાસી પ્રજા જોયા બાદ મને લાગે છે, બધા જ ધર્મોએ Re-thinking કરવું જરૂરી છે.

મને જૈન વિચારધારા એટલા માટે ગમે છે કે તેમાં ક્યાંક સૂક્ષ્મ રીતે પર્યાવરણ બચાવની વાત છે, જે બીજા ધર્મની વિચારધારામાં ઉલ્લેખ પણ જોવા મળતો નથી.

આ લેખ સાથે મારા વિચારોની ગડમથલ ખુલ્લા મને બધા સાથે સમજવા માગું છું. આપના વિચારો પણ મોકલાવશો.

અસ્તુ.

*બી-૧૨, રૂપ દર્શન, જુહુ ગલી,*
*અંધેરી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૪.*

***નોંધ*** *: પ્રિન્ટીંગ કરવા માટે અગાઉના જમાનામાં બીબા સેટીંગ થતું. અત્યારે કોમ્પ્યુટર સેટીંગની પ્રક્રિયા ચાલે છે. જે વ્યક્તિ આ સેટીંગનું કામ કરતી હોય તેને સ્વચ્છ અને સુઘડ લખાણ મળે તો ભૂલો થવાની શક્યતા સારા પ્રમાણમાં ઘટી જાય છે. એ જ રીતે કાગળની બંને બાજુ લખાણ હોય તો સેટીંગ કરનાર વ્યક્તિ ક્યારેક બંને બાજુ પાના ફેરવે તો ક્યારેક એકનું એક પાનું ફરીથી હાથમાં લઈ લે. પરિણામે ભૂલો થાય અને મહેનત પણ વ્યર્થ જાય. તેટલા માટે લખાણ જેમ સ્વચ્છ અને સુઘડ હોવું જોઈએ, એ રીતે પાનાની એક જ બાજુ હોય તો ભૂલોની શક્યતા ઘણી ઘટી જાય છે. તેથી કાગળની એક જ બાજુએ લખાણ માગવામાં આવે છે.*

*આ સિવાય અગર લખાણ બંને તરફ હોય તો અક્ષરોની એક તરફની છાપ બીજી તરફ ઉપસતાં, ભૂલોની હારમાળા સર્જાવાનો ભય રહે છે.*

*પેપરનું માર્જિન સામાન્યતઃ ડાબી બાજુ જ હોય છે. પેપરની પાછળની બાજુનું લખાણ એકદમ ડાબી તરફના છેવાડા સુધી જતું રહેવાથી, તે પેપર અગર ફાઈલમાં મૂકવામાં આવે તો તકલીફકર્તા બને છે.*

*પેપરની એક તરફ જ લખાણ હોય તો આગળ - પાછળવાળા લખાણ માટેના બે પેપર્સ બે વ્યક્તિ દ્વારા આસાનીથી અને ઝડપથી કમ્પોઝ થઈ શકે છે.*

***– મુખ્યતંત્રી***

# ફ્લેશ ચેનલ

• સંકલન : દિનેશ આર. મહેતા •

## એનર્જી ડ્રિંકની બોટલ પર 'કેફિન ડ્રિંક' લખવું પડશે

દેશમાં કોકા-કોલા, પેપ્સી, રેડ બુલ અને બર્ન જેવી તમામ કંપનીઓએ પોતાના પીણાંની બાટલી પરથી 'એનર્જી' જેવી ટેગ દૂર કરવી પડશે. હવે તેમણે 'કેફિનયુક્ત પીણું' એમ લખવું પડશે. ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઑફ ઈન્ડિયાએ એવી કંપનીઓ માટે નવા માપદંડ તૈયાર કર્યા છે. આરોગ્ય મંત્રાલયે નોટિસ જારી કરી આ માપદંડ જાહેર કર્યા છે. આવા પીણામાં ઉપયોગમાં લેવાતી કેફિનની માત્રા મુજબ ગ્રાહકો માટે સામાન્ય ચેતવણી પણ આપવામાં આવી છે. જેમ કે આવા પીણા બાળકો, ગર્ભવતી મહિલાઓ, કેફિન સેન્સિટીવ વ્યક્તિઓ અને ખેલાડીઓ માટે હાનિકારક છે.

★

## નકલી નોટની ઓળખ

સામાન્ય લોકોમાં નકલી ચલણી નોટો અંગે જાગૃતિ ફેલાવવાના આશય સાથે ભારતીય રિઝર્વ બેંકે ખાસ એક અલાયદી વેબસાઈટ શરૂ કરી છે. જેના પર નકલી નોટોથી સાવધાન રહેવાની સલાહ અપાઈ છે.

રિઝર્વ બેંકે 'પૈસા બોલતા હૈ' નામે આ વેબસાઈટ પર નકલી નોટોની ઓળખ - પરખ કરવાના અલગ અલગ ઉપાયો બતાવ્યા છે.

નોટની તસવીરો પર ક્લિક કરતાં સ્ક્રીન પર જે તે નોટ મોટાં કદની દેખાશે. જેના પર નંબર સાથે કેટલીક વિશેષતાઓ બતાવેલ હશે. દર વર્ષે નકલી નોટો પકડાવાનું પ્રમાણ વધી રહ્યું છે. વર્ષ ૨૦૦૯-૨૦૧૦ના વર્ષમાં ૪૦૧૪૭૬ અને વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં ૪૩૫૬૦૭ નકલી નોટો પકડાઈ હતી.

★

## ભારતીય સેનામાં કચ્છી લેફ્ટનન્ટ

કચ્છના સાંયરા (યક્ષ) ગામના અને સુરતમાં ઉછરેલા કચ્છી કડવા પાટીદાર સમાજના પ્રતિભાવાન યુવાન શ્રી હિતેન મણિલાલ નાકરાણીએ કઠીન પરીક્ષાઓના અનેક અવરોધ પાર કરીને ભારતીય લશ્કરમાં લેફ્ટનન્ટ તરીકે પોસ્ટિંગ મદ્રાસ એન્જિનિયરિંગ રેજિમેન્ટ (પટિયાલા, પંજાબ) ખાતે થઈ છે.

છત્તીસગઢમાં એકમાત્ર કચ્છી ધારાસભ્ય શ્રી દેવજીભાઈ સામાણીનો શ્રી હિતેન ભાણેજ છે. તેમનું કહેવું છે કે દેશની સેવાથી વિશેષ કંઈ નથી.

★

## સ્કોટલેન્ડ યાર્ડમાં કચ્છી પટેલ ડિટેક્ટીવ

વિશ્વના સુવિખ્યાત સ્કોટલેન્ડ યાર્ડ પોલીસમાં કોઈ કચ્છી પટેલ ડિટેક્ટીવ હોય એવું માનવામાં ન આવે. પણ આ હકીકત છે કે કચ્છના શ્રી ભીમજી વેકરિયા સ્કોટલેન્ડ યાર્ડમાં સ્પેશિયાલિસ્ટ ઑપરેશન્સ ડિટેક્ટોરેટમાં ડિટેક્ટીવ તરીકે ફરજ બજાવે છે. તેઓશ્રી કચ્છના ભુજ તાલુકાના બળદિયા ગામના છે. શ્રી વેકરિયાએ કહ્યું હતું કે, લંડનમાં તેઓ નાગરિકોના સીધા સંપર્કમાં રહેતા હોય છે અને ગેરકાયદે પ્રવૃત્તિઓ તેમજ નજીવા ગુનાની પણ માહિતી એકઠી કરતા હોય છે.

શ્રી વેકરિયાની કામગીરી નોંધપાત્ર રહી છે. વર્ષ ૨૦૦૨માં મેટ્રોપોલિટન પોલીસ એસોસિએશનની સ્થાપના થઈ તેમાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. વોશિંગ્ટન પોલીસ મેમોરિયલ સર્વિસમાં તેમણે યુ.કે. પોલીસનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

★

## ભુજની વડી ટપાલ કચેરીમાં વિદેશી મનીઓર્ડર સહિતની સુવિધાઓ શરૂ

ભુજ ખાતેની વડી ટપાલ કચેરીમાં ઈન્ટરનેશનલ ફ્લેટ રેટ પાર્સલ સેવા અને 'તત્કાલ મનીઑર્ડર' બાદ હવે વિદેશમાં મનીઓર્ડરની સેવા પણ તાજેતરમાં શરૂ થઈ ચૂકી છે.

જેમને અહીંથી વિદેશમાં નાણાં નોકલવા છે એવા લોકો એમ.ઓ. વિદેશની આ સેવાનો લાભ લઈ શકશે. તેમાં ૧૦૦ અમેરિકી ડોલરથી ૫૦૦૦ ડોલર સુધીનો વ્યવહાર થઈ શકશે. અગાઉ તત્કાલ મની ઓર્ડરની સુવિધા પણ શરૂ થઈ ચૂકી છે. જેમાં દેશમાં ગમે ત્યાં ૧૦૦૦થી ૫૦,૦૦૦ રૂપિયા મોકલી શકાય છે. ઘરેલું અને આંતરરાષ્ટ્રીય પાર્સલ સુવિધાનો પણ હાલમાં જ આરંભ થયો છે. તેનાં એક કિલોગ્રામના ડોમેસ્ટીકના ૧૨૫ રૂપિયા અને આંતરરાષ્ટ્રીયના ૧૦૦૦ રૂપિયા છે.

★

## બાયપાસ સહિતની સર્જરીના દર ૧૦થી ૫૦ ટકા ઘટાડવાનો 'એઈમ્સ'નો નિર્ણય

મોંઘી સારવારથી પરેશાન હૃદયરોગના દર્દીઓને રાહત આપતા

*પોતાની વાતનું રક્ષણ કરવું, તે જ મોટામાં મોટી હિંસા છે. પોતાની વાત સાચી જ છે, તેવું ઠરાવવા જાય તે જ હિંસા છે.*

સમાચારમાં 'એઈમ્સ' તરીકે જાણીતી ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સીઝ સંસ્થાએ શસ્ત્રક્રિયાના દરમાં ૧૦થી ૫૦ ટકા કાપ મૂકવાનો ફેંસલો કર્યો છે. આવતા મહિનાથી જ ઘટાડેલા દરો અમલી થવાની શક્યતા છે તેવું સૂત્રોએ જણાવ્યું હતું.

સંસ્થાની તાજેતરમાં યોજાયેલી એક બેઠકમાં કોરોનરી બાયપાસ ગ્રાફ્ટ સર્જરી, વાલ્વ રિપ્લેસમેન્ટ સર્જરી, એન્જિયોપ્લાસ્ટી, એન્જિયોગ્રાફી જેવી શસ્ત્રક્રિયાઓના ભાવમાં ઘટાડો કરવાનો મહત્ત્વનો નિર્ણય લેવાયો હતો.

★

## આઈ.ટી.આઈ.માં અને અન્ય સંસ્થાઓના રોજગારી અપાવી શકે તેવા ૧૦૭ કોર્સ

| ક્રમ | કોર્સનું નામ | અભ્યાસક્રમની મુદત અને પ્રકાર |
|---|---|---|
| (લાયકાત : ધોરણ-૧૦) | | |
| ૧. | મશીનીસ્ટ ગ્રાઉન્ડર | ૨ વર્ષ (એન્જી) |
| ૨. | રેફ્રિજરેશન એન્ડ એરકન્ડિશન મિકેનિકલ | ૨ વર્ષ (એન્જી.) |
| ૩. | ડ્રાફ્ટ્સમેન મિકેનિકલ | ૨ વર્ષ (એન્જી.) |
| ૪. | ડ્રાફ્ટ્સમેન સિવિલ | ૨ વર્ષ (એન્જી) |
| ૫. | ઈલેક્ટ્રોનિક્સ મિકેનિક | ૨ વર્ષ (એન્જી) |
| ૬. | સર્વેયર | ૨ વર્ષ (એન્જી) |
| ૭. | મિકેનિક રેડિયો એન્ડ ટી.વી. | ૨ વર્ષ (એન્જી.) |
| ૮. | ઈન્સ્ટુમેન્ટ મિકેનિક (કેમિકલ પ્લાન્ટ) | ૨ વર્ષ (એન્જી.) |
| ૯. | એટેન્ડન્ટ ઓપરેટર (કેમિકલ પ્લાન્ટ) | ૨ વર્ષ (એન્જી.) |
| ૧૦. | લેબોરેટરી આસિસ્ટન્ટ (કેમિકલ પ્લાન્ટ) | ૨ વર્ષ (એન્જી.) |
| ૧૧. | મિકેનિકલ મેઈન્ટેનન્સ (કેમિકલ પ્લાન્ટ) | ૨ વર્ષ (એન્જી.) |
| ૧૨. | મિકેનિક કમ ઓપરેટર ઈલેક્ટ્રો કોમ્યુ. સિસ્ટમ | ૨ વર્ષ (એન્જી) |
| ૧૩. | ઈલેક્ટ્રિશિયન | ૨ વર્ષ (એન્જી) |
| ૧૪. | ઈન્સ્ટુમેન્ટેશન મિકેનિક | ૨ વર્ષ (એન્જી) |
| ૧૫. | ટુલ એન્ડ ડાઈમેકર (જીગ્સ એન્ડ ફિક્ચર) | ૨ વર્ષ (એન્જી) |
| લાયકાત : ધોરણ-૧૦ પાસ | | |
| ૧૬. | શીટ મેટલ વર્કર | ૧ વર્ષ (એન્જી.) |
| ૧૭. | પ્લાસ્ટિક પ્રોસેસીંગ ઓપરેટર | ૧ વર્ષ (એન્જી.) |
| ૧૮. | પંપ મિકેનિક | ૧ વર્ષ (એન્જી.) |
| ૧૯. | કાર્પેન્ટર | ૧ વર્ષ (એન્જી.) |
| ૨૦. | વેલ્ડર | ૧ વર્ષ (એન્જી.) |
| ૨૧. | મિકેનિક ડીઝલ | ૧ વર્ષ (એન્જી.) |
| ૨૨. | મેશન (ધોરણ-૮ પાસ) | ૧ વર્ષ (એન્જી.) |
| ૨૩. | ડ્રેસ મેકિંગ | ૧ વર્ષ (નોન એન્જી.) |
| ૨૪. | સ્ટેનોગ્રાફી (અંગ્રેજી) (ધોરણ-૧૦માં અંગ્રેજી વિષય સાથે) | ૧ વર્ષ (નોન એન્જી.) |
| ૨૫. | સેક્રેટરીયલ પ્રેક્ટિસ | ૧ વર્ષ (નોન એન્જી.) |
| ૨૬. | ફીટર | ૨ વર્ષ (એન્જી.) |
| ૨૭. | ટર્નર | ૨ વર્ષ (એન્જી.) |
| ૨૮. | મશીનીસ્ટ | ૨ વર્ષ (એન્જી.) |
| ૨૯. | ઈન્ફર્મેશન ટેકનોલોજી એન્ડ ઈલેક્ટ્રોનિક્સ સિસ્ટમ મેન્ટેનન્સ (ધોરણ-૧૦માં ગણિત વિજ્ઞાનમાં ઓછામાં ઓછા ૬૦ ટકા) | ૨ વર્ષ (એન્જી.) |
| ૩૦. | વાયરમેન (ધોરણ-૮ પાસ) | ૨ વર્ષ (એન્જી.) |
| ૩૧. | મિકેનિક મોટર વ્હીકલ | ૨ વર્ષ (એન્જી.) |
| ૩૨. | મિકેનિક ટ્રેક્ટર (ધોરણ-૮ પાસ) | ૧ વર્ષ (એન્જી.) |
| ૩૩. | પ્લમ્બર (ધોરણ-૮ પાસ) | ૧ વર્ષ (એન્જી.) |
| ૩૪. | કટીંગ એન્ડ સુઈંગ (ધો.-૮ પાસ) | ૧ વર્ષ (નોન એન્જી.) |
| ૩૫. | મિકેનિક કોમ્પ્યુ. હાર્ડવેર (ધોરણ-૧૨ પાસ) | ૨ વર્ષ (એન્જી.) |
| ૩૬. | એમ્બ્રોયડર એન્ડ નીડલ વર્ક (ધોરણ-૮ પાસ) | ૧ વર્ષ (એન્જી.) |
| ૩૭. | પેન્ટર જનરલ (ધોરણ-૮ પાસ) | ૨ વર્ષ (એન્જી.) |
| ૩૮. | પેટન્ટ મેકર (ધોરણ-૮ પાસ) | ૨ વર્ષ (એન્જી.) |
| ૩૯. | કોમ્પ્યુટર ઓપરેટીંગ કમ પ્રોગ્રામીંગ આસિસ્ટન્ટ (ધોરણ-૧૨ પાસ) | ૧ વર્ષ (એન્જી.) |
| ૪૦. | હેર એન્ડ સ્કીન કેર | ૧ વર્ષ (નોન એન્જી.) |
| ૪૧. | ડેસ્ક ટોપ પબ્લિશિંગ ઓપરેટર (ધો.-૧૨ પાસ) | ૧ વર્ષ (નોન એન્જી.) |
| ૪૨. | મિકેનિક મેકાટ્રોનિક્સ | ૨ વર્ષ (એન્જી.) |
| ૪૩. | ફ્રન્ટ ઓફિસ આસિસ્ટન્ટ | ૦૭ માસ (નોન એન્જી.) |
| ૪૪. | લિફ્ટ મિકેનિક (સાયન્સ સાથે) | ૨ વર્ષ (એન્જી.) |
| ૪૫. | મેડિકલ ટ્રાન્સક્રિપ્શન (બાયો/ફિઝી. સાથે) | ૦૭ માસ (નોન એન્જી.) |
| ૪૬. | હોર્ટીકલ્ચર (બાયો સાથે) | ૧ વર્ષ (નોન એન્જી.) |
| ૪૭. | લાઈબ્રેરી એન્ડ ઈન્ફો સાયન્સ (ધોરણ-૧૨ પાસ) | ૦૭ માસ (નોન એન્જી.) |
| ૪૮. | ઈન્સ્યોરન્સ (ધોરણ-૧૨) પાસ) | ત્રણ માસ (નોન એન્જી.) |
| ૪૯. | ઈન્સ્ટિટ્યૂશન હાઉસ કીપિંગ | ૦૭ માસ (નોન એન્જી.) |
| ૫૦. | ડોમેસ્ટીક હાઉસ કીપિંગ | ૦૭ માસ (નોન એન્જી.) |
| ૫૧. | કોર્પોરેટ હાઉસ કીપિંગ | ૦૭ માસ (નોન એન્જી.) |
| ૫૨. | બિલ્ડિંગ મેઈન્ટેનન્સ | ૦૭ માસ (એન્જી.) |

AMBA
SHIPPING AGENCIES
CLEARING FORWARDING & SHIPPING AGENTS
HIRALAL DAGHA
401, Rajgor Chambers, 99, Masjid Siding Road, Near Masjid Station (E), Mumbai-400 009. E-mail : ambashipage@rediffmail.com
Cell : 98210 69299 Tel. : 23772744 Telefax : 23710875 Resi. : 24097776

| | | |
|---|---|---|
| ૫૩. | ઓલ્ડ એઈજ કેર (ધો.-૮ પાસ) | છ માસ (નોન એન્જી.) |
| ૫૪. | નેટવર્ક ટેકનિશિયન (ધોરણ-૧૨ પાસ) | છ માસ (નોન એન્જી.) |
| ૫૫. | મિકેનિક ઓટો ઈલે. (ગણિત વિજ્ઞાન સાથે) | છ માસ (એન્જી.) |
| ૫૬. | પ્રિ-પ્રિપેરેટરી સ્કૂલ મેનેજમેન્ટ આસિ. | છ માસ (નોન એન્જી.) |
| ૫૭. | ક્રિશ મેનેજમેન્ટ | છ માસ (નોન એન્જી.) |
| ૫૮. | આર્કિટેક્ચરલ આસિસ્ટન્ટ (ગણિતમાં ૪૦% માર્કસ) | ૧ વર્ષ (એન્જી.) |
| ૫૯. | કેબિન / રૂમ એટેન્ડન્ટ | છ માસ (નોન એન્જી.) |
| ૬૦. | ડેરિંગ | ૧ વર્ષ (નોન એન્જી.) |
| ૬૧. | ડિજિટલ ફોટોગ્રાફર (ધોરણ-૧૨ પાસ) | ૧ વર્ષ (નોન એન્જી.) |
| ૬૨. | ઈવેન્ટ મેનેજમેન્ટ આસિ. | છ માસ (નોન એન્જી.) |
| ૬૩. | ફેશન ટેકનોલોજી | ૧ વર્ષ (નોન એન્જી.) |
| ૬૪. | ઈન્ટીરિયર ડેકોરેશન એન્ડ ડિઝાઈન | ૧ વર્ષ (એન્જી.) |
| ૬૫. | સેનેટરી હાર્ડવેર ફીટર (ધોરણ-૮ પાસ) | છ માસ (એન્જી.) |
| ૬૬. | ફેશન ડિઝાઈન | ૧ વર્ષ |
| ૬૭. | ઓફસેટ પ્રિન્ટર | ૧ વર્ષ |
| ૬૮. | ટુ વ્હીલર રીપેરર (ઓટો) (ધોરણ-૮ પાસ) | ૧ વર્ષ |
| ૬૯. | આર્મેચર મોટર રીવાઈન્ડિંગ (ધોરણ-૭ પાસ) | ૧ વર્ષ |
| ૭૦. | મેન્સ એન્ડ વુમન ગારમેન્ટ મેકિંગ (ધોરણ-૭ પાસ) | ૧ વર્ષ |
| ૭૧. | કાર્પેન્ટરી (ધોરણ-૭ પાસ) | ૧ વર્ષ |
| ૭૨. | જનરલ મિકેનિક (ધોરણ-૭ પાસ) | ૨ વર્ષ |
| ૭૩. | સ્ટેનો કમ કોમ્પ્યુટર ઓપરેટર (અંગ્રેજી) | ૧ વર્ષ |
| ૭૪. | મેશન (બિલ્ડિંગ કન્સ્ટ્રક્શન) | ૧ વર્ષ |
| ૭૫. | વેલ્ડર કમ ફેબ્રિકેટર (ધોરણ-૮ પાસ) | ૧ વર્ષ |
| ૭૬. | પ્લેટમેકર | ૧ વર્ષ |
| ૭૭. | સ્ટેનો કમ કોમ્પ્યુટર ઓપરેટર (ગુજરાતી) | ૧ વર્ષ |
| ૭૮. | ગુજરાતી ટાઈપીંગ | છ માસ |
| ૭૯. | મિકેનિક વોચ એન્ડ ક્લોક | ૧ વર્ષ |
| ૮૦. | કોમ્પ્યુટર એડેડ ડ્રેક મેકિંગ એન્ડ ડ્રેસ ડિઝાઈન | ૧ વર્ષ |
| ૮૧. | સર્ટિ. કોર્સ ઈન ઈ-કોમર્સ (ધોરણ-૧૨ પાસ) | ૧ વર્ષ |
| ૮૨. | સર્ટિ. કોર્સ ઈન વેબડિઝાઈનિંગ (ધોરણ-૧૨ પાસ) | ૧ વર્ષ |
| ૮૩. | સર્ટિ. કોર્સ ઈન મલ્ટીમીડિયા ટેકનો (ડી.ટી.પી.) | ૧ વર્ષ |
| ૮૪. | સર્ટિ. કોર્સ ઈન હાર્ડવેર ટેકનો (નેટવર્ક એડમિનિસ્ટ્રેશન) (ધોરણ-૧૨ સાયન્સ પાસ) | ૧ વર્ષ |
| ૮૫. | સર્ટિ. કોર્સ ઈન કોમ્પ્યુટર એડેડ ડિઝાઈન એન્ડ ઓટોકેડ-૨૦૦૦ (ધોરણ-૧૨ સાયન્સ પાસ) | છ માસ |
| ૮૬. | સર્ટિ. કોર્સ ઈન સોફ્ટવેર પ્રોગ્રામીંગ | ૧ વર્ષ |
| ૮૭. | મેડિકલ ઈક્વીપમેન્ટ રીપેરર | ૧ વર્ષ |
| ૮૮. | સ્ટેનોગ્રાફી ગુજરાતી | ૧ વર્ષ |
| ૮૯. | ફૂડ એન્ડ બેવરેજીસ | છ માસ |
| ૯૦. | ફુડ પ્રોડક્શન (કોન્ટીનેન્ટલ / સા.ઈન્ડિયન / પંજાબી ચાઈનીઝ) | છ માસ |
| ૯૧. | હાઉસ કીપિંગ એન્ડ બેકરી | છ માસ |
| ૯૨. | બુક બાઈન્ડર | ૧ વર્ષ |
| ૯૩. | સર્ટી. કોર્સ ઈન મશી. ટુલરૂમ (ગણિત વિજ્ઞાન અને અંગ્રેજી સાથે) | ૨ વર્ષ |
| ૯૪. | ફાયરમેન | ૧ વર્ષ |
| ૯૫. | સેફ્ટી એન્ડ સીક્યોરીટી મેનેજમેન્ટ | ૧ વર્ષ |
| ૯૬. | લિફ્ટ મેન્ટેનન્સ મિકેનિક (વિજ્ઞાન અથવા આઈ.ટી.આઈ. ઈલે. પાસ) | ૧ વર્ષ |
| ૯૭. | ટેલિફોન ઓપ. કમ રિસેપ્શનિસ્ટ (અંગ્રેજી વિષય સાથે) | છ માસ |
| ૯૮. | કોમ્પ્યુટર ઓપરેટર | ૧ વર્ષ |
| ૯૯. | સ્ટેનોગ્રાફર અંગ્રેજી | ૧ વર્ષ |
| ૧૦૦. | ઑફસેટ પ્રિન્ટર | ૧ વર્ષ |
| ૧૦૧. | એમ્બ્રોયડરી એન્ડ નીડલ વર્ક (ધોરણ-૮ પાસ) | ૧ વર્ષ |
| ૧૦૨. | કટીંગ એન્ડ ટેલરીંગ (ધોરણ-૮ પાસ) | ૧ વર્ષ |
| ૧૦૩. | ઓફસેટ પ્રિન્ટીંગ એન્ડ બુકબાઈન્ડિંગ (ધોરણ-૮ પાસ) | ૧ વર્ષ |
| ૧૦૪. | આર્મેચર મોટર રીવાઈન્ડિંગ (ધોરણ-૮ પાસ) | ૧ વર્ષ |
| ૧૦૫. | ડેસ્ક ટોપ પબ્લિશિંગ (ડી.ટી.પી.) (ધોરણ-૮ પાસ) | ૧ વર્ષ |
| ૧૦૬. | હેર એન્ડ સ્કીન કેર (ધોરણ-૮ પાસ) | ૧ વર્ષ |
| ૧૦૭. | બુક બાઈન્ડિંગ (ધોરણ-૮ પાસ) | ૧ વર્ષ |

એન્જી = એન્જિનિયરિંગ ટ્રેડ નોન

એન્જી. = નોન એન્જિનિયરિંગ ટ્રેડ.

*નોંધ* : (૧) ક્રમ નં. ૮૧થી ૮૬ના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે એપ્ટીટ્યુડ ટેસ્ટ (પ્રતિભાશોધ કસોટી) યોજવામાં આવશે. જેમાં પાસ થયેથી જે કસોટીમાં મેળવેલ મેરીટ મુજબ પ્રવેશ આપવામાં આવશે. (૨) ઉપરના તમામ મોટાભાગનાં કોર્ષ ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ છે. પરંતુ જે કોર્ષમાં અન્ય લાયકાત માંગેલ હોય તે કોર્ષના નામની સાથે કૌંસમાં દર્શાવેલ છે. ■

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥

રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી

''ધુલ્લા વિલા'', બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.

ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે સામે રોડ તે જુકો હોસ્પિટલ આય અનમેં આંઉ અજ બપોરે જભરો કૌતુક નેર્યો – હકડો ડોક્ટર ઑપરેશન થિયેટર મેંજા ઑપરેશનજા કપડા પેરે ને જ હકડે ટકલે માડુ પુઠિયા અનકે પકડેલા ધોડ્યો. પણ હુ ટકલો માડુ ડૉક્ટર જે હથમેં આવ્યો ન અતરે ડૉક્ટર ગુસ્સે મેં ને ગુસ્સે મેં બબડાટ કઇંધો કઇંધો પાછો પંઢજી હોસ્પિટલ મેં અચે વ્યો... પણ ગાલ કુરો વી સે સમજાણી ન... સે જરા તપાસ કરે ને મુંકે જાણ કઈજ...

બચુડો : અધા આંઉ હોસ્પિટલમેં વેને આવ્યો ને બાર જુકો પૂછપરછ મેં બાઈ વઠી વી અનકે પુછ્યો તડે જવાબ દેને ક ત્રે મેણેથી હુ માડુ મગજજો ઑપરેશન કરાયલા દાખલ થીયેતો પણ જેડો અનજો ટકલો થે વેને તેં પુઆ ઉઠે ને ભજે વેનેતો. અતરે અજ ડૉક્ટર બોરો ખારો થે વ્યો ને અન માડુકે પકડેલા પુઠિયા ધોડ્યો વો.

## ખિલજા મ ભલા

જજ : એક પત્ની હોવા છતાં બીજી કરવાનો તારા પર આક્ષેપ છે પણ પુરાવાના અભાવે તને નિર્દોષ જાહેર કરવામાં આવે છે. તું હવે ઘેર જઈ શકે છે.

આરોપી : કઈ પત્નીને ઘેર જાઉં સાહેબ?

☺ ☺ ☺ ☺ ☺

પતિ : દાઢી કરતા કરતા... આ નવી નકોર બ્લેડને શું થયું? બરાબર દાઢી થતી નથી.

પત્ની : તમારાથી કોઈ કામ બરાબર થાય છે? હજી કાલે તો એ જ બ્લેડથી મેં દોરડું કાપ્યું હતું. ત્યારે બરાબર કપાયું હતું.

☺ ☺ ☺ ☺ ☺

મનોજ : પપ્પા, પપ્પા, રસ્તા નીચે ભોંયરું બનાવવા માટે કઈ કઈ ચીજોનો ઉપયોગ કરવામાં આવે છે?

પપ્પા : બેટા, તું તો હવે હદ કરે છે. જો આવો પ્રશ્ન નાનપણમાં મેં મારા પપ્પાને પૂછ્યો હોત તો શું થાત તેની ખબર છે?

મનોજ : હા... આજે તમને તેનો જવાબ આવડતો હોત.

☺ ☺ ☺ ☺ ☺

દાંતના ડૉક્ટર : (ગુસ્સે થઈને) બહેન, હવે બૂમાબૂમ કરવી બંધ કરો. હજુ મેં દાંતને હાથ પણ નથી લગાડ્યો.

સમજુબહેન : પણ તમે મારા પગના અંગૂઠા પર પગ રાખીને ઊભા છો.

પ્રેમિકા : જો તો મારી આંખમાં કાંઈક ગયું લાગે છે. ક્યારનું ખટક્યા કરે છે.

પ્રેમી : હા, તણખલા જેવું કાંઈ લાગે છે.

પ્રેમીકા : તો કાઢી આપને!

પ્રેમી : ના.. ના... રહેવા દે. હું ડૂબીશ ત્યારે બચવા માટે કામ લાગશે.

☺ ☺ ☺ ☺ ☺

મજનુ : એક છોકરીને.... વહાલી આવી જા. તારા માટે મારા હૃદયના દ્વાર ખુલ્લા છે.

છોકરી : સેન્ડલ કાઢું કે?

મજનુ : ના.. ના... કાંઈ જરૂર નથી. આ કાંઈ મંદિર થોડું છે?!

☺ ☺ ☺ ☺ ☺

પપ્પા : દીકરી, અત્યાર સુધી તો તું મને પપ્પા કહીને બોલાવતી હતી અને હવે ડેડી કહેવાનું શરૂ કર્યું એનું શું કારણ છે?

દીકરી : એ તો એવું છે કે હું પપ્પા બોલું તો મારી લિપસ્ટિક બગડી જાય છે.



## બાબુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

☺ ☺ ☺ ☺ ☺

પત્ની : કાશ, હું વર્તમાનપત્ર હોત તો રોજેરોજ સવાર સવારમાં ઘણો વખત તારા હાથમાં ને હાથમાં રહેત.

પતિ : પણ એમાં હરખાવા જેવું નથી. વર્તમાન પત્ર રોજે રોજ નવું આવત અને જૂનું પસ્તીમાં જાત!

☺ ☺ ☺ ☺ ☺

વકીલ : (આરોપીને) તમારો હાથ ગીતા ઉપર મૂકો અને બોલો...

આરોપી : એ નહીં બને. સીતા ઉપર હાથ મૂકવા માટે કેસ થયો અને કોર્ટમાં આવવું પડ્યું તો પછી ગીતા ઉપર હાથ મૂકવામાં તો મુસીબત ખૂબ વધી જાય.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંત નગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*'ભોગવે તેની ભૂલ'. જે ભૂલના પરિણામ ભોગવે, તેની ભૂલ છે.*

## શ્રી સૂરજલાલ મહેતા – પર્યાય કોશના રચયિતા

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સાથે ગાઢ રીતે સંકળાયેલ શ્રી સૂરજલાલ મહેતાનું તા. ૦૮મી જૂન, ૨૦૧૨ના અવસાન થયું. શ્રી સૂરજલાલ નખશિખ સજ્જન હતા. એમનામાં જુઠ, દંભ, લોભ, ઈર્ષા, વિના કારણ કોઇ પ્રત્યે અવિશ્વાસ હતા નહિં. અમારા મિત્ર વર્તુળમાંની કોકની ભૂલ કે અધૂરાશને કારણે એમને સહન કરવું પડેલ. તો પણ કટુતા નહિ. હંમેશાં કામ કરતા રહેવાની એમની તૈયારી. માન-અકરામ - glamourની ખેવના નહિ. સેવા સમાજ અને એના માસિક 'મંગલ મંદિર'માં એમનું નોંધપાત્ર યોગદાન છે. શ્રી અશોક મહેતાએ મને કહેલું કે, જેમાં લૂખી મહેનત જ હોય એવા કામો કરનારા સમાજમાં જૂજ વ્યક્તિઓ છે. એમાંના એક શ્રી સૂરજલાલ હતા.

ઇ.સ. ૧૯૬૦ના મે મહિનામાં બૃહદ મુંબઇ રાજ્યના ભાગલા પડ્યા અને મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્યો અસ્તિત્વમાં આવ્યા ત્યારે તેમની નોકરી મુંબઇના સેલ્સટેક્ષ વિભાગમાં હતી તેને બદલે એમણે ગુજરાતની વિધાનસભાના સચિવાલયમાં નોકરી લીધી. ત્યારે ગુજરાતના સ્પીકર સાહેબ અચંબામાં પડી ગયા હતા. આ નોકરી એમણે નિવૃત્ત થયા ત્યાં લગી કરી.




રીટાયર થયા એટલે નિવૃત્તિના સમયના ઉપયોગ અંગે પ્રયોગ-વિચાર કરતા એમને વિચાર આવ્યો કે ગુજરાતી ભાષાનો પર્યાયકોશ બનાવવો. એઓ સાહિત્યકાર ન હતા, ભાષાશાસ્ત્રી ન હતા. પરંતુ એમણે જે કાર્ય હાથમાં લીધું તેનાથી તો ભલભલા સાહિત્યકાર છક થઇ જાય. એક અદનો મનુષ્ય, મહારથી બનવાના રસ્તે નીકળી પડ્યો. મારા એમની સાથેના સંબંધોમાં એક નવો આયામ ઉમેરાયો. મને એમ હતું કે આ કાર્યમાં હું કંઇક ચંચુપાત કરી શકીશ અને એમની સિધ્ધિનો ગર્વ પણ હું લઇ શકીશ.

શબ્દકોશ અને પર્યાયકોશ જુદી જ વસ્તુ છે. શબ્દકોશમાં આપણને શબ્દનો અર્થ મળે. **જ્યારે પર્યાયકોશમાં કોઇપણ શબ્દની અર્થછાયાવાળા અનેક શબ્દો મળે.** લખનારના મનમાં કોઇ ભાવ રમતો હોય અને શબ્દ ન સૂઝે ત્યારે પર્યાયકોશ કામ લાગે. સૂરજલાલવાળા પર્યાયકોશમાં 'અગ્નિ' શબ્દની અર્થછાયાવાળા ૧૮૫ શબ્દો છે.

એમણે આ કામ આરંભ્યુ. ધીમે ધીમે માળખું રચાતું ગયું. પરિશ્રમ અને સમજણ પૂર્વક. એ એટલું જડબેસલાક હતું કે મારા કે કોઇના ચંચુપાતનો અવકાશ જ ન રહ્યો. લગભગ રોજ જાણે નોકરીની ખુરશીમાં બેસતા હોય તેમ એક રૂમમાં બેસી જવાનું – ફુલ ટાઇમ. કુટુંબ તરફથી સહકાર મળ્યો. કોઇ અડચણ નહિં. એમનું કામ ચોક્કસ, સ્વચ્છ અને સુઘડ. એમના અક્ષરો સારા. ગુજરાતી ભાષાના બે અતિ માન્યવર શબ્દકોશોના શબ્દની ગોઠવણી થતી ગઇ. બે કોશ એટલે એક શ્રી કે.કા. શાસ્ત્રીજીનો બૃહદ ગુજરાતી કોશ (ખંડ બે) અને ગાંધીજીની પ્રેરણાથી રચાયેલ ગુજરાત વિદ્યાપીઠનો સાર્થ જોડણી કોશ. શબ્દો, સમાનાર્થી શબ્દના ઝુમખામાં બેસતા ગયા. કેટલાક શબ્દ એકથી વધુ ઝુમખામાં બેસે. અગ્નિ શબ્દ અગનજવાળામાં આવે તો તાપ તાપણામાં પણ આવે. એ રીતે "અડસટ્ટો" શબ્દના ૩ અર્થો થાય : અંદાઝ - ધારણા - કલ્પના.

આ મહાકાર્ય ૧૨-૧૪ વર્ષ ચાલ્યું. એમાં ભાઇ પ્રદીપે ઘરમાં કમ્પ્યુટર વસાવ્યું અને સૂરજલાલને પર્યાયકોશનું કામ કમ્પ્યુટર પર કરતા શીખવાડ્યું ત્યારે સરળતા આવી.

આ બધી ગોઠવણી કક્કાવારી પ્રમાણે કરવી પડે. એનું વ્યાકરણ આપવું પડે અને એની અનુક્રમણિકા બનાવવાની. આ બધું જ એમણે એકલે હાથે પાર પાડ્યું. બીજા કોઇનીયે મદદ વગર જ. મેં બેત્રણ વખત સૂચવેલ કે કોઇ સાહિત્યકાર કે ભાષાના તજજ્ઞને સાથે રાખો તો કોઇ ભૂલ થતી અટકે અને ભવિષ્યમાં પ્રકાશન વગેરેમાં સરળતા થાય. પરંતુ એમને પોતાના કામનો લય તૂટે એ પસંદ ન હતું.

આ બધું એમણે કોઇ સ્પૃહા વગર કર્યું. આ કોશ કોણ છાપશે, મને શું મળશે? એવી કોઇ ગણતરી નહિં. અરે ૧૨-૧૪ વરસ લખલખ કર્યું તેની સ્ટેશનરીનો ખર્ચ પણ નીકળશે તેવી ખાતરી નહિ, ચિંતા નહિ.

સદ્‌નસીબે ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયના શ્રી મનુભાઈ શાહનો સહકાર મળી જવાથી અને શ્રી અશોકભાઈએ પણ એ સમય દરમ્યાન પૂરતો રસ દાખવેલ હોવાથી જૂન-૨૦૦૮માં આ કોશ પ્રસિદ્ધ થયો. ગુજરાતી ભાષામાં આટલા વિશાળ ફલક પર પહેલો જ કોશ છે.

મારી મનિષા પણ પૂરી થઇ. હું આ સિદ્ધિનો, એમનો મિત્ર હોવાને નાતે, ગર્વ લઉં જ છું. આમ પણ મારા હમસફર સૌ મારાથી બુલંદ છે.

***કીર્તિચંદ્ર શાહ - મલાડ (ઈસ્ટ), મુંબઇ***

• • • • •

### ગંગા બચાવો - જીવદયા કરો

'ગંગા બચાવો' માટેના આંદોલન હિંદુ સાધુ બાવાઓ કરી રહ્યા છે પણ નદીઓની મહારાણી 'ગંગા' તેમજ બીજી પવિત્ર નદીઓને અપવિત્ર કરવાના મૂળ કોણે બાંધ્યા છે? સાધુ-સમાજ આ બાબતે બિલકુલ વિચાર કરતો નથી. અનેક કુરિવાજો, અંધશ્રદ્ધા, એ બધા ધર્મગુરૂ બાવાઓ અને આપણી અજ્ઞાની પ્રજા આ અપવિત્રતાના સ્ત્રોત છે. જ્યાં જ્યાં નદી હશે ત્યાં ગંગા સ્નાન કરવા ડૂબકી મારી પોતે પવિત્ર થયાનો આશ્વાસન લે છે અને ધન્યતા અનુભવે છે. લોકોનું

*ધર્મ કોને કહેવાય? – પરિણામ પામે તે ધર્મ.*

શરીર ગંદું અને રોગિષ્ટ હોય છે તો પણ ડૂબકી મારીને નદીને અપવિત્ર બનાવે છે. અત્યાર સુધી કરોડો લોકોએ ગંગામાં ડૂબકી મારી પ્રદૂષણ ફેલાવવાનું કામ કર્યું છે. અસ્થિ વિસર્જન કરવું હોય તો નદીમાં કરવાનું. સાધુ સંતોનું નિધન થાય તો નદીમાં સમાધિ આપવાની. આ બધી વિધિઓ કરનારા એટલું નથી વિચારતા કે આ પવિત્ર પાણી આપણા તન અને મનના મેલથી કેટલું પ્રદૂષિત થઇ જાય છે. માત્ર આંદોલનથી કાંઇ થતું નથી. સાધુ સમાજે પોતેજ આ બધી બાબત ધ્યાનમાં લઇ નદીને ગંદી થતાં રોકવી જોઇએ.

જૈન સાધુઓ પણ આડકતરી રીતે 'જીવદયા' વિરુદ્ધનું કામ કરી રહ્યા છે. ચોમાસા પરિવર્તન વખતે હાથી, ઊંટ અને ઘોડા સાથે મોટા મોટા વરઘોડા કાઢી સામૈયું થતું હોય છે અથવા રથયાત્રાના આયોજન થતા હોય છે. કોઇપણ સંઘને સામૈયું કરવું હોય તો પગપાળા જ થવું જોઇએ અને તેમાં પશુઓનો સહારો ન લેવો જોઇએ. આ બધી પ્રવૃત્તિને જીવદયા કઇ રીતે કહેવાય?

*અલ્કા એ. સંઘવી - અમદાવાદ*

• • • • •

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ હાલે તેની સુવર્ણ જયંતી ઉજવી રહ્યો છે તે બાબત ખૂબ પ્રશંસાને પાત્ર છે. તંત્રીની કલમથી વહેતી સરસ્વતી, સમાજની કલગીમાં રંગ પૂરતા વાચક, સુંદરતાને શરમાવે એવું 'મંગલ મંદિર'નું મુખપૃષ્ઠ, **તેમાં એક એક અક્ષરથી કચ્છ કલાને બિરદાવવી અને તેની ખુમારી દર્શાવવી એ ખરેખર પ્રશંસાપાત્ર કામગીરી છે.** ખૂબ ખૂબ અભિનંદન. શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ સદાય ઉત્કર્ષના શિખર પર બિરાજે એવી શુભેચ્છા!

*રતિલાલ આર. મહેતા - અમદાવાદ*

• • • • •

## ચાલો, ગાંડા બાવળને ડાહ્યો બનાવીએ

કુદરતે રચેલી સૃષ્ટિમાં દરેક વનસ્પતિમાં કાંઇને કાંઇ વિશેષતા હોય જ છે.

કાંટાળા ગાંડા બાવળનાં વૃક્ષને આપણે "ગાંડા બાવળ" નામ આપી ઉપેક્ષા કરીએ છીએ. પણ એનું વિશ્લેષણ કરીએ તો ખબર પડે કે નકામું લાગતું **ગાંડા બાવળનું વૃક્ષ આપણાં જીવનમાં ઘણું ઉપયોગી હોય છે.**

ગામડાંઓમાં લોકોનાં ચૂલામાં ગાંડા બાવળ જ વધારે પડતો વપરાય છે. ગાંડા બાવળની ફળીમાંથી ઉત્તમ પશુ આહાર બને છે. કચ્છનાં કેટલાક ગામની બહેનો ગાંડા બાવળની ફળી એકઠી કરી સારું એવું કમાઇ લે છે. એમાંથી ઉત્તમ પ્રકારનાં કોલસા પણ બને છે.

ગાંડા બાવળનાં વૃક્ષમાં મૂળિયાની આસપાસ નાની નાની ડાળીઓ ઊગી નીકળતાં એની ઊંચાઇ વધતી નથી. જેથી એ જમીન પર પહોળાઇમાં વધે છે અને લોકોને અડચણ કરતો થઇ જાય છે. એટલે એનું નામ ગાંડા બાવળ રાખવામાં આવેલ છે અને સૌને અપ્રિય લાગે છે.

### • ડાહ્યો બનાવવાની રીત - ૧ :

ગાંડા બાવળનાં છોડને શરૂઆતની થડની સાઇડની ડાળીઓ કાપી નાખવામાં આવે (પ્રૂનિંગ કરવામાં) તો એ છોડ ઉપરની સાઇડમાં વધતો જાય છે અને ભવિષ્યમાં મોટો થતાં બીજા વૃક્ષોની જેમ છાંયડો આપતો થઇ જાય છે. આવા પ્રયોગો ઘણાં ઠેકાણે સફળતાપૂર્વક થયા છે, જે દરેક ઠેકાણે કરવા જેવો પ્રયોગ છે.

### • ડાહ્યો બનાવવાની રીત-૨ :

વિકસેલા ગાંડા બાવળનાં વૃક્ષની વચ્ચોવચ લાંબા પીવીસીનાં પોલાણવાળો પાઇપનો એક છેડો એક સાઇડમાં ત્રાંસો કાપીને અણિયાળો બનાવવો. એ પાઇપને દૂરથી ગાંડા બાવળની વચ્ચે જમીન પર આડા અવળા આંટા દઇ ફેરવવો. જેથી જમીનમાં એક દોઢ ઇંચ જેટલો ખાડો થઇ જશે અને ઉપરથી પાઇપમાં ત્રણ ચાર લીંબોડી નાખી દેવી. વરસાદનાં દિવસોમાં એમાંથી એકાદ લીંબોડી જરૂર ઉગી નીકળશે.

આવો પ્રયોગ અમે નાના ભાડિયા ગામે સફળતાપૂર્વક કર્યા બાદ, ભુજની માનવ જ્યોત સંસ્થાએ ભુજની આસપાસનાં ગામોમાં મોટા પાયે લીંબોડી એકઠી કરી, અંદાજે અઢી લાખ લીંબોડી ગાંડા બાવળની વચ્ચોવચ વાવવાનો પ્રયોગ કર્યો હતો, જેને સારી સફળતા મળી હતી. માધાપરનાં શ્રી નારાયણભાઇ પટેલે તેમજ આપણાં કચ્છનાં મંત્રી શ્રી વાસણભાઇ આહીરે પણ પોતાની વાડીમાંથી લીંબોડી એકઠી કરી ભુજની માનવ જ્યોત સંસ્થાને અર્પણ કરી હતી, જેમણે ભુજ શહેરની આજુબાજુનાં ગામોમાં વન વિભાગ તેમજ સ્થાનિક કાર્યકરોનાં સહકારથી સફળતા પૂર્વક વાવેતર કર્યુ હતું.

આ પ્રયોગની સફળતા જાણીને કચ્છનાં શિક્ષણ વિભાગે પણ કચ્છની શાળાઓને અપીલ કરી હતી. જેથી કચ્છની ઘણી શાળાઓએ આ પ્રયોગ કર્યો હતો.

**આ વાતને બે વર્ષ થયા અને હવે આપણે ઠેકઠેકાણે ગાંડા બાવળ અને કાંટાળા વૃક્ષો વચ્ચે લીમડાનાં વૃક્ષને ઉગતાં જોઇ શકીએ છીએ. ક્યાંક તો એ પાંચથી પંદર ફૂટ ઊંચા પણ થઇ ગયા છે.**

આ પ્રયોગમાં નથી પાણી, માવજત કે રક્ષણની જરૂરત......

કોઇપણ ખર્ચ વગર લીમડાનાં વૃક્ષને ઉગાડનાર બાવળને ગાંડો કહેશો કે ડાહ્યો?

સીમમાં ગાયો અને બકરા ચરાવતા ગોવાળોનાં સાથ સહકારથી આ પ્રયોગ સફળ બનાવી શકાય. શાળાનાં બાળકોની પિકનિક કરીને પણ એમનો સહયોગ લઇ આ યોજનાને સફળ બનાવી શકાય.

*એલ.ડી. શાહ - બિદડા, કચ્છ*

• • • • •

*જે ધર્મથી ક્રોધ, માન, માયા, લોભ ઓછા થતાં થતાં નિર્મૂળ થાય, તે ધર્મ.*

## 'પુષ્પ વિશે પ્રતિભાવ'

'મંગલ મંદિર' માસ જૂન-૨૦૧૨ના અંકમાં 'આંજો કાગર' વિભાગમાં પ્રસિદ્ધ થયેલ સાચા ગુલાબોના બલિદાનની વંદનાને શ્રી પન્નાલાલ છેડાએ ખૂબ જ સુંદર શાસ્ત્રીય ભાષામાં પ્રતિભાવ આપ્યો. અભિનંદન.

ઉપરોક્ત બાબતમાં મારે એક વિશેષ હકીકત ઉમેરવી છે કે જે પુષ્પનું આયુ એક જ દિવસનું છે તે કરમાઇ જશે એના કરતાં પ્રભુના ચરણે જશે તો શાતા અવશ્ય મળશે.

પરંતુ જો આ જ પુષ્પ કોઇ સ્ત્રીના માથાના વાળમાં, વિંધાઇને માળારૂપે બિરાજશે તો એ ફૂલ કદાચ અન્ય માટે વિકારની પ્રતિકૃતિ પણ બની જાય. પ્રક્રિયા કે ક્રિયા કરતાં એની પાછળના આશયનું મહત્ત્વ હોય છે. એક છરાથી ખૂની પેટ ચીરે છે અને ડોક્ટર પણ પેટ ચીરે છે. ડોક્ટરને ખૂની ન કહેવાય. ખરેખર જો ફૂલોની દયા આવતી હોય તો લગ્નગાળા, રીસેપ્શન કે હાલના નેતાઓના મોટા દૈત્ય હારમાં વપરાતા ફૂલો માટે કેમ કોઇ વિરોધની લાગણી પ્રદર્શિત કરતા નથી?

જો પરમાત્મા પર ફૂલોના શણગારથી એકાદ આત્મા ભાવવિભોર થઇ ગુણ સ્થાનકમાં મઢી જાય તો તેનું કલ્યાણ થઇ જાય. રાજા કુમારપાળે પૂર્વ ભવમાં પાંચ કોડીના ફૂલથી પરમાત્માની પૂજા કરી અને ૧૮ દેશના માલિક બની ગયા. આજે પણ એનું નામ આરતીમાં ખૂબ જ ભાવથી બોલાય છે. **જરૂર છે માત્ર શ્રદ્ધા અને અંતરના શુભ ભાવોની!**

*નીતિન સંઘવી - ગાંધીનગર*

● ● ● ● ●

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને અભિનંદન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ૪૯ વરસની મંઝીલ પૂરી કરી ૫૦મા વરસમાં પ્રવેશ કરેલ છે જે ઘણી આનંદની વાત છે. આ સુવર્ણ જયંતી આગળ પ્લેટીનમ જયંતી તેમજ એનાથી પણ આગળ વધે એવી અમારી મનોકામના.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદે આટલા વરસોમાં હરણફાળ પ્રવૃત્તિઓ પૂર્ણ કરી છે. સંપૂર્ણ સગવડો સાથે ત્રણ ત્રણ અતિથિગૃહો ઊભા કર્યા છે. જેમાં ભણતર માટે આવતા વિદ્યાર્થીઓ અને બીમાર દર્દીઓ માટે રાહત દરે રહેવાની સગવડ અપાય છે. તે ઉપરાંત દર્દીને તેમજ સંભાળ માટે તેમની સાથે આવનાર સગાં-સંબંધીઓને નાસ્તો ભોજન વ્યવસ્થા જલારામ અન્નક્ષેત્ર યોજના હેઠળ નિઃશુલ્ક છે. મોંઘવારી હરણફાળ રીતે વધી રહી છે. આવી સેવાકીય યોજનાને કાયમી સ્વરૂપ આપવાનું અતિ આવશ્યક છે. તેના માટે મારું માનવું છે કે, **અન્ય સ્થળે કચ્છી સમાજની જ્યાં પણ સંસ્થાઓ હોય તેમને વિનંતી પત્ર લખી કાયમી ફંડ બનાવવું** જેથી સંસ્થાની યોજના એ ભંડોળમાંથી ચાલી શકે. ચાલુ ફંડ તો લેવું જ.

**આપ અલગ-અલગ વિભાગની સમિતિઓ બનાવીને અનેક સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ કરો છો. બધા બંધુઓ પોતાના વ્યવસાયમાંથી સમય ફાળવી સેવા બજાવી રહ્યા છે,** જે અભિનંદનને પાત્ર છે. વધુમાં આપણા સમાજના જરૂરતમંદ ભાઇઓ માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજે પોતાની જવાબદારી સમજી આવાસોની ઘણી જ સારી વ્યવસ્થા ઘણા જ ઓછા પૈસે કરી આપેલ છે, તે મેં નજરે જોયું છે. આવાસો બહુ જ વ્યવસ્થિત બન્યા છે. તે પણ અમદાવાદ શહેરની વચમાં છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ જે પણ પ્રવૃત્તિઓ કરી રહેલ છે, **તેની વિગત જોયા પછી એમ થાય કે સેવાકીય કાર્યમાં કોઇ ક્ષેત્ર બાકી નથી.** અલગ-અલગ ૩૬ સમિતિઓ બનેલ છે અને તેની કાર્યવાહીની તમામ નોંધ 'મંગલ મંદિર'ના દરેક અંકમાં પ્રગટ થાય છે, જે ખૂબજ પ્રશંસનીય છે. મેડિકલ ક્ષેત્રે પણ સારી પ્રગતિ થઇ છે અને રાહતરૂપ ચાર્જથી સમાજને તેનો લાભ મળે છે.

મુંબઇવાળા મુંબઇમાં રહી એક અતિથિ ગૃહ બનાવી શક્યા નથી, પરંતુ અમદાવાદના શ્રી કચ્છી જૈન સેવા સમાજે પહેલ કરી ત્યાં અતિથિગૃહ બનાવી રહેલ છે તે એક આનંદની વાત છે.

સીનિયર સિટીઝન માટે ગાંધીનગરમાં 'મંજુલ હરખધામ' ની વ્યવસ્થા થઇ તે કાર્ય પણ કાબિલે દાદ માગી લે છે.

શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે 'કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ' બનાવી તેણે અમદાવાદમાં માતૃભૂમિની સુવાસ ફેલાવેલ છે. તેનાથી કચ્છના ટુરિઝમને જરૂરથી વેગ મળશે.

'મંગલ મંદિર' અંક જે પ્રસિદ્ધ થાય છે તે સંપૂર્ણ માહિતીસભર હોય છે. ગ્રાહકોના લવાજમ સુધ્ધાંની દરેક વિગત તેમાં હોય છે.

ટ્રસ્ટીઓ-પદાધિકારીઓ, કાર્યકરો પોતાના વ્યવસાયમાંથી રાત-દિવસ જોયા વિના પોતાનો અમૂલ્ય સમય સંસ્થા માટે ફાળવે છે ત્યારેજ આ પ્રકારની પ્રવૃત્તિઓ શક્ય બને છે, જે નિઃશંક બાબત છે આ માટે સમાજ અને તેના કાર્યકર્તાઓને ખૂબ ખૂબ અભિનંદન!

*મેઘજી ભાણજી પોલડિયા - નાગપુર*

● ● ● ● ●

## લેપટોપ પરત મળ્યું

સવિનય જણાવવાનું કે, હું મારા અભ્યાસના અનુસંધાને તાજેતરમાં અમદાવાદ આવ્યો હતો અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ સંચાલિત એસ.ટી. સ્ટેન્ડ પાસેના સેવા ભવનની ડોરમેટરી-૨માં રહ્યો હતો. તા. ૭-૭-૨૦૧૨ના રોજ મારું લેપટોપ ગુમ થયેલ જણાયું હતું. તે સમયે સેવા ભવનમાં સર્વત્ર તપાસ કરી હતી પરંતુ લેપટોપ મળ્યું ન હતું. આ કારણથી તા. ૯-૭-૨૦૧૨ના રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજના પાલડી ખાતેના ભવને જઇને ત્યાંના ટ્રસ્ટીશ્રીઓને તેમજ શ્રી બચુભાઇ રાંભિયાને રૂબરૂમાં ઉપરોક્ત વિગતની જાણ કરી હતી. તેઓ બધાના પ્રયત્નોથી મને મારું લેપટોપ

*સંસાર નથી નડતો. તમારી 'આડાઈઓ' ને 'અજ્ઞાનતા' જ નડે છે.*

ડોરમેટરીમાંથી જ મળ્યું હતું.

સમાજના ટ્રસ્ટીશ્રીઓ અને શ્રી બચુભાઈ રાંભિયાનો હું ખૂબ ખૂબ આભાર માનું છું. તેઓશ્રીના સક્રિય પ્રયત્નોને બિરદાવવાના હેતુસર આ જાણ કરું છું.

*ઉમેશ ઠક્કર - આદિપુર, કચ્છ*

• • • • •

## આલોચનાત્મક ચર્ચાનો ખેલદિલીપૂર્વક સ્વીકાર

'મંગલ મંદિર'ના જુલાઈ માસના અંકમાં શ્રી મુરજીભાઈએ જે પ્રશ્નો પર છણાવટ કરી છે તે પ્રશ્નો તો જ ઉદ્‌ભવે જો રામાયણ અને મહાભારત બંને ઈતિહાસ હોય. પરંતુ એ બંને મહાકાવ્યો માત્ર 'કથા' છે, ઈતિહાસ નથી. પણ જરા વિચારો, જો આ બંને મહાકાવ્યો ઉપરાંત - શ્રીમદ્ ભાગવત પણ જો આપણી પાસે ન હોત તો આપણા સાંસ્કૃતિક વારસામાં શું હોત અને કેવા પ્રકારનું હોત? ત્રણે મહાકાવ્યો કાલ્પનિક કથાનક પર રચાયા છે અને તેમાં મૂળ કથા સાથે અગણિત પેટા કથાઓ પણ સમાયેલી છે. આપણી પ્રજા પાસે ધાર્મિક, વ્યાવહારિક, અંગત જીવન, સામાજિક સંબંધો, કૌટુંબિક સંબંધો, રાજકીય વ્યવસ્થા વગેરે બાબતો માટેના આદેશો આપણને કોણ આપત? ક્યાંથી મેળવત? વાર્તાઓ પછી તે મહાકાવ્યો રૂપે હોય કે પંચતંત્ર જેવી વાર્તાઓ રૂપે હોય તેનો મૂળ હેતુ જ પ્રજાને બોધ આપવાનો છે. **એમાંથી જ પ્રજા પોતાના વાણી, વર્તન તથા ઉત્તમ જીવન માટેના સાર તત્ત્વો ગ્રહણ કરે છે. એક સમગ્ર પ્રજાનું ઘડતર થાય છે.**

મહાવીરથી પહેલાં 'અહિંસા' હતી જ નહીં. વેદમાં 'અહિંસા' શબ્દ જ નથી. ઉપનિષદોમાં પણ નથી. આયુર્વેદના એક પણ ગ્રંથમાં અહિંસા જેવો શબ્દ નથી. સમગ્ર પ્રજા માંસાહારી હતી એમ માનવામાં ઝાઝી ભૂલ થવાનો સંભવ નથી. અહિંસાના પાલન અને ઉપદેશના કારણે જ મહાવીર સામે બ્રાહ્મણોનો અને ક્ષત્રિયોનો ઘોર વિરોધ હતો. જન્મે બ્રાહ્મણ હોવા છતાં મહાવીરે વૈદિક માર્ગ ન અપનાવતાં શ્રમણ માર્ગ અપનાવ્યો એટલે ક્રોધ અને વેરભાવથી બ્રાહ્મણોએ અને ક્ષત્રિયોએ મહાવીરને અનહદ કષ્ટો આપ્યા. કમનસીબે મહાવીરની જિંદગીના છેલ્લા વીસેક વર્ષોનો દસ્તાવેજી ઐતિહાસિક જીવન ચરિત્ર મળતું નથી. મહાવીરનું જે ધાર્મિક જીવનચરિત્ર મળે છે તેને ઈતિહાસનો આધાર નથી. કરોડો લોકો રામકથાને તથા કૃષ્ણકથાને સત્ય માને છે. માત્ર એક બે દૃષ્ટાંતો દ્વારા બહુ સહેલાઈથી સાબિત થઈ શકે એમ છે કે બંને કથાઓ તથા ભાગવત પણ કશું જ ઈતિહાસ નથી. વાલ્મીકિ રામાયણ અનુસાર દશરથને ૩૫૦ રાણીઓ હતી. પણ એક પણ સંતાન ન હતું. દશરથે યજ્ઞ કર્યો ને યજ્ઞની ખીર પોતાની ત્રણ રાણીઓને ખવડાવી એટલે ચાર કુમારનો જન્મ થયો. આપણે સૌ જાણીએ છીએ કે ખીર ખાવાથી બાળક જન્મે નહિ. આવા બીજા ડઝન દૃષ્ટાંતો આપી શકાય, જે બિલકુલ અપ્રાકૃતિક હોય.

મહાભારત પણ એક કથા છે. પરાશર ઋષિ માછીકન્યાનું કૌમાર્ય ખંડિત કરે છે. પછી તેને અખંડિત કૌમાર્યનું વરદાન આપે છે! રાજા શાંતનુ ગંગાને પરણે છે અને આઠમા બાળક રૂપે ભીષ્મનો જન્મ થાય છે. આ ગંગા તો નદી છે. કોઈ દેહધારી સ્ત્રી નથી. કર્ણ સૂર્યપુત્ર છે અને અર્જુન ઈન્દ્રપુત્ર છે.

આપણે સૌ જાણીએ છીએ કે સૂર્ય, ચંદ્ર, ગ્રહો, નક્ષત્રો એ બધા જડ પદાર્થો છે. કોઈ જીવિત દેહધારી પુરુષો નથી. આવા બીજા બે ડઝન દૃષ્ટાંતો આપી શકાય.

ભાગવત એ તો નવમી સદીનો ગ્રંથ છે અને દક્ષિણ ભારતના કોઈ આચાર્યે લખેલ છે. સંપૂર્ણપણે કાલ્પનિક છે. બાળ કૃષ્ણ યમુના નદીમાં દડો લેવા ડૂબકી મારે અને નાગની ધર્મપત્નીઓ સાથે સંસ્કૃત ભાષામાં નેગોશિએશન કરે - પાણીની અંદર — એ બધું વાર્તામાં તો શોભે. સાંભળનારને બોધ મળે ને વાર્તામાં રસ પડે. પણ ઈતિહાસમાં આવું ચાલે નહીં.

મહાવીરના ધાર્મિક જીવન ચરિત્રમાં પણ અનેક ચમત્કારોને સમાવવામાં આવ્યા છે. ભગવાન ગણાતા મહા માનવોના જીવનમાં આવા પ્રસંગો ઉપજાવવા પડે અને તો સામાન્ય પ્રજામાં તેમના પ્રત્યે ભક્તિભાવ, પૂજ્યભાવ અને મહિમા જાગે. પરંતુ તેમાં વાસ્તવિક્તા હોય નહીં. એક વાત આપણે સૌએ યાદ રાખવી જોઈએ કે કદી કોઈ મહા માનવના જીવનમાં ચમત્કાર કેવું કશું હોતું જ નથી. એટલું જ નહીં પણ મહામાનવો ક્યારેય આપણી વ્યાખ્યા મુજબ સુખી હોતા જ નથી. એમનું જીવન અસાધારણ રીતે વિવિધ પ્રકારના અસહ્ય કષ્ટોથી ભરેલું હોય છે. મહામાનવે આકરી - બહુ જ આકરી પરીક્ષા આપવી પડે છે. ચમત્કાર કરવાથી કદી કોઈ માણસ મહાન બની શકતો નથી.

ટૂંકમાં રામાયણ, મહાભારત અને ભાગવત ત્રણે મહાકાવ્યો છે, કથા છે. ઈતિ સિદ્ધમ્.

રામાયણની અત્યાર સુધીમાં આપણા દેશમાંથી તથા અન્ય દેશોમાંથી લાખથી પણ વધારે હસ્તપ્રતો મળી આવી છે. જેમાં કથાનક એકબીજાથી સામે સાવ અલગ છે. સૌથી જૂની પોથી નેપાળમાંથી મળી છે જે ઇ.સ. ૧૦૨૦ની છે. એથી જૂની હસ્તપ્રત હજી સુધી મળી નથી.

**'મંગલ મંદિર'ના સર્વે બંધુ - ભગિનીઓ ધન્યવાદને પાત્ર છે કે તેમની ધાર્મિક માન્યતાઓ વિશે આલોચનાત્મક ચર્ચાને તેઓ કશી જ લાગણી દુભાવ્યા વગર સ્વીકારી લે છે.** હકીકતમાં જ્યારે કોઈ ભગવાનની ભૂલ કાઢે કે ભગવાનના કોઈ કાર્યની આલોચના - ટીકા કરે ત્યારે ભગવાન જાતે કદી નારાજ થતા નથી, ગુસ્સે થતા નથી પણ સંભવ છે રાજી થતા હોય.

આપણો દેશ એક અતિ વિચિત્ર દેશ છે. અહીં તો કોઈ પોતાને ઘેર રીંગણ કાપે અને તેમાં 'ૐ' (ઑમ) જેવો કોઈ આકાર દેખાય તો લોકો રીંગણના દર્શન કરવા ટોળાબંધ આવી ચડે છે ને રીંગણને પગે લાગે છે! આ સંજોગોમાં તર્કબદ્ધ દલીલોને કેટલો આવકાર મળે?

સંસ્કૃત સાહિત્યમાં માત્ર પાંચ જ રચનાઓને 'મહાકાવ્ય'ની

*'જ્ઞાની પુરુષ' પાસે બધાં ધર્મોનો સાર હોય.*

પદવી મળી છે. સંસ્કૃતમાં મહાકાવ્ય એને જ કહી શકાય જેમાં બધા જ રસ — નવે નવ રસ સામેલ હોય. એકાદ રસ પણ જો ખૂટતો હોય તો તેને મહાકાવ્યની પદવી ન મળે. અને એટલે જ તમામ રસોને પોતાની રચનામાં દાખલ કરવા માટે સૌ સર્જકોએ અનેક પ્રકારની વાર્તાઓ - ઘટનાઓ - પ્રસંગો - ચમત્કારો વગેરેનો સમાવેશ કરવો પડે. બધા જ સર્જકોએ આ નિયમનું યથાશક્તિ પાલન કરેલ છે. જૈન કથાઓ પણ આ નિયમમાં અપવાદ નથી.

'પ્રભુજીને ગુલાબના ફૂલો' એ વિષય પર **શ્રી શાંતિલાલ વ. શાહ**ના પત્રમાં વ્યક્ત થયેલા વિચારો પૂરા સમર્થનને પાત્ર છે. પ્રભુને કશાની જરૂર નથી. **પ્રભુને જરૂર છે માત્ર અને માત્ર આપણે સૌ - માનવ માત્ર - બધા જ સાચને માર્ગે ચાલીએ, ગરીબની અને દુઃખીઓની સેવા કરીએ, બીજાને ઉપયોગી થઈએ. બસ, આટલું હોય તો પ્રભુજી રાજી.**

અને છેલ્લે, ઐતિહાસિક સંશોધન થકી મળેલ વિગત મુજબ પ્રભુ મહાવીરના પિતા ઋષભદેવ કોડાલ ગોત્રના હતા અને માતા દેવાનંદા પિતૃપક્ષે જાલંધર ગોત્રના હતા.

*શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

• • • • •

## 'મંગલ મંદિર'ની સાર્થકતા

તમે બધાએ ખૂબ જ સાચા અર્થમાં ખૂબ જ મોટું 'મંગલ મંદિર' બાંધ્યું છે.

હજી પણ વધારે મંગલ કામોનો વ્યાપ વધારતા જાઓ છો. ખૂબ જ ધન્યવાદને પાત્ર બધું થઈ રહ્યું છે.

**આ બધી વિગત અને માહિતીઓની આવતા પચાસ વર્ષ પછી વધારે ઉપયોગીતા હશે.** આપણી મહાજન સંસ્કૃતિને ખૂબ જ સાચી માર્ગદર્શિકા આપ બનાવી રહ્યા છો.

*કાંતિસેન શ્રોફ*

• • • • •

## સ્વ. સૂરજલાલ મહેતા — પરિવાર દ્વારા આભાર દર્શન

મારા પિતાશ્રી સૂરજલાલ મોતીલાલ મહેતાના અચાનક અવસાનથી અમારા ઉપર આવી પડેલ આપત્તિમાં આપણા સમાજ તરફથી દુઃખદ પ્રસંગે આપ સૌની હાજરીથી અમોને માનસિક આધાર તથા સાંત્વના મળેલ છે. **જેના માટે સમસ્ત સમાજના અમો કુટુંબીજનો ઘણા જ આભારી છીએ.**

દેહદાન અને નેત્રદાનની મારા પિતાની ઈચ્છા અને લાગણી હતી જે અમે નિભાવી છે અને તેના માટે પણ આપણા સમાજની દેહદાન-અવયવ દાન સમિતિના કન્વીનર શ્રી કમલેશભાઈ શાહનો ખૂબ જ સારો સાથ સહકાર મળેલ તેના માટે તેમનો આભાર.

ખાસ જણાવવાનું કે સમાજનું મુખપત્ર 'મંગલ મંદિર'નો જુલાઈ-૨૦૧૨નો અંક અમોને મળતાં તેમાં મારા પિતાશ્રીના શ્રદ્ધા સુમનની વિગત વાંચીને ખરેખર લાગણી થઈ કે **જેઓ સમાજની નિઃસ્વાર્થ સેવા કરે છે તેને સમાજ ક્યારેય પણ ભૂલતો નથી અને જ્યારે જ્યારે તક મળે છે ત્યારે સમાજ તેની સરાહના કરવા માટે તત્પર રહે છે.** મારા પિતાશ્રીનો પર્યાયકોશ શબ્દગ્રંથ ૨૦૦૮માં જ્યારે પ્રકાશિત થયો ત્યારે પણ સમાજે તેમનું જાહેરમાં સન્માન કરેલ જે વાતના અમો આભારી છીએ. તથા જુલાઈ-૧૨ના મંગલ મંદિરના 'આંજો કાગર' વિભાગમાં શ્રી સૂરજલાલ મહેતા વિશેની લાગણીસભર વિગતો વાંચતા અમો ગદ્‌ગદિત થઈ ગયા છીએ. આ સર્વે સાંત્વના તથા લાગણી માટે અમો અંતઃકરણપૂર્વક સમાજના આભારી છીએ. તેઓના શ્રદ્ધા સુમનના છેલ્લા વાક્ય **'કેટલું જીવ્યા તે કરતાં કેવું જીવ્યા તે યાદ રહી જાય છે'** ઉપરોક્ત શ્રદ્ધાંજલિ આજ સાર્થક કરે છે કે તેઓ એવું જીવ્યા કે જેમને કોઈ ભૂલી શકશે નહિ.

*પ્રદીપ સૂરજલાલ મહેતા તથા*
*સમસ્ત સ્વ. સૂરજલાલ મોતીલાલ મહેતા પરિવાર - અમદાવાદ*

• • • • •

## વિવિધ વિગત વિશે

'મંગલ મંદિર' જુલાઈ-૨૦૧૨ના અંકમાં સમાજના મંત્રીશ્રી દ્વારા "સામાજિક યોગ્ય કાર્યકરો"ની જરૂરિયાત માટે આમંત્રણ આપતી જાહેરાત વાંચી. ઘડીભર વિચારવંત થઈ ગયો. કારણ! તા. ૨૨-૭-૨૦૧૨ના રવિવારના રોજ સમાજના માનદ્ ટ્રસ્ટીશ્રીના તથા કારોબારીની ચૂંટણીની વિગત અને ત્યારબાદ તે સંગત પ્રક્રિયામાંથી ખસી ગયેલ અને ઊભા રહેલ ઉમેદવારોની યાદી જોતાં ઉપરોક્ત જાહેરાતના ધોરણો લાગુ પાડી અને ઉમેદવારોની ચકાસણી કરી તેમને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં આવકાર્યા હોત તો આજ અંકમાં આવેલ વિગત "સમાજના કાર્યકરની સક્રિયતા"ની રજૂઆત કરવાની જરૂરિયાત જ ઊભી ન થાત. તેમ છતાં નિષ્ક્રિયતાનું પરિવર્તન ન થાય તે માટે સજાગ રહેવું જરૂરી છે.

આ વખતે એક આશ્ચર્ય સર્જાયું. સમાજના કાર્ય માટે સારી સંખ્યામાં ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી. યોગ્ય ઉમેદવારોએ પૅનલ બનાવી મત માટેનો તખ્તો ઘડ્યો. પરંતુ જ્યારે આવી જરૂરિયાત જણાય ત્યારે સમાજના કાર્ય માટે કઈ વ્યક્તિ યોગ્ય છે તેમજ કઈ વ્યક્તિ કર્મશીલ - કાર્યશીલ છે તેનો યોગ્ય નિર્ણય કરી પેનલ રચવી જોઈએ, નહિં કે જ્ઞાતિવાદના ધોરણે મત માટે પેનલ રચવી.

આજ અંકમાં શ્રી રસિક મહેતાનું સમાજના સભ્યોને વિનમ્ર નિવેદન ધ્યાનમાં લેવા જેવું ખરું. તેમની વાત ખરી છે કે પદભાર સંભાળતા પહેલાં આત્મદર્શન કરવું જોઈએ અને એ જ સભ્યોએ ઉમેદવારી નોંધાવવી જોઈએ કે જે સમાજના કાર્યો માટે ઉચિત સમય ફાળવી શકે, જે કર્મશીલ હોય. તેમના પ્રતિભાવમાં આજે આ સમયે ચૂંટણી સ્પર્ધા ટળી ગઈ છે અને તેના ખરેખર અભિનંદનના હક્કદારો એ છે કે જેમણે ચૂંટણી સ્પર્ધામાંથી ખસી જવાનું આત્મદર્શન કર્યું. કારણકે તેમને પદ કરતાં સમાજનું કાર્ય અગત્યનું છે.

*બુદ્ધિથી મારેલાનું પાપ, તલવારથી માર્યા કરતાં વધારે છે.*

ચૂંટાયેલ સભ્યો પાસે એવી ભાવના સેવાય કે તેઓ નિષ્ક્રિય બની શોભાના પૂતળા ન બની રહેતા, સમાજની સંસ્થામાં રોજના ઓછામાં ઓછા બે-ત્રણ કલાકનો સમય ફાળવી સમાજના કાર્યના સહકારમાં જોડાઈ જવું જોઈએ. અન્યથા આત્મદર્શન કરી પદત્યાગ કરવું યોગ્ય રહેશે.

*દિનેશચંદ્ર જે. શાહ - અમદાવાદ*

**નોંધ** : *યોગ્ય નોંધ અને રેકોર્ડ રાખી શકે તેવા સેવાભાવી કાર્યકરોની જરૂરિયાત સમાજને ગઈકાલે હતી, આજે છે અને આવતીકાલે પણ રહેશે. ટ્રસ્ટીશ્રી તથા કારોબારી સમિતિની ચૂંટણી પ્રક્રિયામાંથી ઉમેદવારી પાછી ખેંચી લેનાર અથવા તો ચૂંટાયેલ એવા કોઈપણ કાર્યકર આ કાર્ય માટે પોતાના સહકારનો હાથ લંબાવી સમાજની ઓફિસે પત્ર દ્વારા જણાવી શકે છે અથવા તો ફોન દ્વારા સંપર્ક સાધી શકે છે. એ સિવાયના અન્ય સભ્યો પણ આ કાર્ય માટે આગળ આવે તેવી અમારી હાર્દિક અપીલ છે. આ કાર્ય માટે તૈયાર થનાર કોઈ પણ વ્યક્તિને સમાજ આવકારે છે.*

*પ્રતાપ નારાણજી દંડ*
*માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

• • • • •

## વૃક્ષારોપણ

સમાજ દ્વારા આ પ્રવૃત્તિ હાથ ધરવાનો નિર્ણય ખૂબ જ આવકારદાયક છે.

કચ્છની વાત કરીએ તો "કોટિ વૃક્ષ અભિયાન" દ્વારા નોંધપાત્ર કામ થયું છે. સૌરાષ્ટ્રમાં શ્રી મનસુખભાઈ સુવાગિયા તથા પ્રેમજીભાઈ પટેલ દ્વારા વ્યક્તિગત રીતે પણ આ વિષયે ખૂબ સારું કામ થયું છે.

કચ્છમાં ખાસ કરીને સડકની બંને બાજુઓએ અને મુખ્યત્વે લીમડાના વૃક્ષોની વધારે વાવણી હોય એવું જણાય છે (ભૂલ કે ગેરસમજ હોઈ શકે) આથી આ Mono Culture જેવું થઈ જાય છે.

ભારતના એક મહાન વનસ્પતિશાસ્ત્રી શ્રી જયકૃષ્ણ ઇંદરજી કચ્છના હતા. તેઓએ છેક ૧૯૨૫-૨૬ના અરસામાં "કચ્છ સ્વસ્થાનની વનસ્પતિઓ" નામનું પુસ્તક લખ્યું હતું. ત્યારબાદ આજ સુધી આ અંગે કોઈ જાતનું આગળ સંશોધન કે વર્ગીકરણ કરાયું નથી.

ત્યારબાદ મને યાદ છે એ મુજબ ૧૯૪૫-૫૦ના અરસામાં મુંદ્રાના વૈદ શ્રી વાઘજીભાઈએ જમીન લઈ લોકફાળાથી ઔષધીય વનસ્પતિઓના સંવર્ધન પાછળ કામ કર્યું હતું પણ તેમના અવસાન બાદ કામ આગળ વધ્યું નહિ.

અગાઉ કચ્છમાં ઔષધીય વનસ્પતિઓ અને વૃક્ષો સારા પ્રમાણમાં હતાં. આ બાબતનો ઉલ્લેખ વર્ષ ૧૯૯૬માં 'કચ્છમિત્ર'ના વિશેષ પ્રકાશન 'કચ્છ તારી અસ્મિતા'માં વૈદશ્રી નિપુણ બૂચના લેખમાં તેમજ વર્ષ ૧૯૭૭ના હાલ ગૂર્જરના શ્રી કાંતિભાઈ નીરવ પ્રકાશનના પુસ્તક "ભાતીગળ ભોમકા કચ્છ"માં જોવા મળે છે. આ મુજબ કચ્છમાં સારા પ્રમાણમાં અને ઓછા પાણીએ ઉત્પન્ન થતી આયુર્વેદિક ઔષધિઓમાં મુખ્યત્વે ગૂગળ, કાકમા, વાયવરણો, રગતરોહિડો, બાવચી વગેરેની પેદાશ થતી હતી.

આમ હવે પછી વૃક્ષારોપણ થાય એ એવી રીતે થાય કે જેનો વ્યાપારિક ઢબે ઉપયોગ થઈ શકે. આમ થશે તો જ વૃક્ષો ટકી રહેશે અને સારા પ્રમાણમાં રોજગારીનું પણ સર્જન થશે.

કચ્છી શ્રેષ્ઠીઓ પોતાના ગામોમાં ઔષધીય સ્મૃતિવન ઊભું કરી પંચાયતને સુપરત કરે તો પંચાયતને આવક થશે અને વૃક્ષો સલામત રહેશે.

માત્ર સડકને કિનારે વાવણી થયેલા અને બિનઔષધીય વૃક્ષો કપાઈ જવાની શક્યતા વધારે રહે છે.

આ ઉપરાંત થોડા વર્ષથી કચ્છમાં વરસાદ સારો થાય છે અને ચેક ડેમની સંખ્યા પણ સારા પ્રમાણમાં વધતાં ફળાઉ વૃક્ષો માટે સારો અવકાશ રહે છે. કેસર કેરીનું વધેલું ઉત્પાદન આનો દાખલો છે.

પર્યાવરણની દૃષ્ટિએ આ પ્રવૃત્તિ ઉપયોગી હોતાં સરકાર પણ જમીન અને મદદ આપી શકે. અગાઉ આવી મદદ મળ્યાનો ઉલ્લેખ 'કચ્છમિત્ર'ના પ્રકાશનમાં છે.

વૃક્ષારોપણનું આ અભિયાન લાંબાગાળાનો વિચાર કરીને ચલાવવું જોઈએ. જેથી તે ખરેખર ઊગી નીકળે. માત્ર વાવણી નહિ, પણ વાવણી થયેલા વૃક્ષોનું સંવર્ધન પણ થાય અને તેમાંથી રોજગારીનું સર્જન થાય તો એ વૃક્ષો ટકી રહેશે.

*મગનલાલ સંઘવી - અમદાવાદ*

• • • • •

## સ્વ. શ્રી સૂરજલાલભાઈ મહેતાને શ્રધ્ધા સુમન

તા. ૮મી જૂન, ૨૦૧૨ના રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કર્મનિષ્ઠ, સંનિષ્ઠ, કર્મયોગી શબ્દનો માણિગરનો 'સૂરજ' આથમી ગયો. સમગ્ર કચ્છી સમાજ સાથે જેણે સ્વજનીય આત્મીયતા ઊભી કરી હતી, તેનો આત્મા સ્થગિત થઈ ગયો.

સમગ્ર સમાજ સાથે માત્ર તેની કર્તવ્યનિષ્ઠા, તેમની સમાજના કામ માટેની સંનિષ્ઠા અને સમાજના લોકભોગ્ય કામ માટેની કર્મયોગીતા સદૈવ પ્રેરક રહેશે.

શબ્દો સાથે જેની રમત હતી તેવો આત્મા શબ્દોથી વિખૂટો પડી ન જાય એટલા માટે તેમણે શબ્દોને સંગ્રહિત કર્યા, જે પ્રગટ અને અપ્રગટ એવા શબ્દકોષરૂપી આત્મીય અપ્રત્યક્ષ સંબંધ કાયમી જીવન મૂકી ગયા.

આ શબ્દના માણીગર શ્રી સૂરજલાલ મોતીલાલ મહેતાનો નશ્વરદેહ રૂપી આત્મા ભલે શ્રી અરિહંતના શરણે ગયો પણ તેમના શબ્દના દેહરૂપી શબ્દકોશ જ્યાં સુધી કોઈપણ લાઈબ્રેરીમાં ઉપલબ્ધ રહેશે ત્યાં સુધી તે 'શબ્દદેહ' રૂપે આપણી સાથે કાયમ માટે જીવંત રહેશે.

*મહેન્દ્ર સાકરચંદ દોશી - અમદાવાદ*

• • • • •

## શ્રી રસિકભાઈ મહેતાને અભિનંદન

તા. ૨૨-૭-૨૦૧૨ના સમાજના ટ્રસ્ટી મંડળ અને કારોબારી સમિતિમાં ટ્રસ્ટી અને સભ્યો માટે ચૂંટણી થવાની હતી.

તે અગાઉ ભાઈ શ્રી રસિકભાઈ મહેતાએ 'મંગલ મંદિર'ના માસ

*'અક્કલ' તો તેનું નામ કહેવાય, જે મતભેદ ટાળે.*

જુલાઈ-૨૦૧૨ના અંકમાં આપેલ આવેદન ચૂંટણી પ્રક્રિયામાં ખૂબજ અસરકર્તા રહ્યો. તેમાં દરેક વિગત તદ્દન સ્પષ્ટ અને સમાજના હિતમાં જણાવેલ હતી. તેમાં જણાવ્યા મુજબ કેટલાક ટ્રસ્ટી અને સભ્યોએ પોતાની ઉમેદવારી પાછી ખેંચીને ઉત્કૃષ્ટ કામ કર્યું છે. આ રીતે તા. ૨૨-૭-૨૦૧૨ની ચૂંટણી ટાળીને જરૂરી ટ્રસ્ટી અને સભ્યો બિનહરીફ રીતે ચૂંટાયા હતા. તે માટે ચૂંટણી પંચ, શ્રી રસિકભાઈ મહેતા અને જાણવા મળ્યું છે તેમ, યુવા વિકાસ સમિતિ, ઈતર ડેવલપમેન્ટ સમિતિનાં કેટલાક યુવાન નેતાઓએ ઉપરોક્ત કામમાં સારી કામગીરી કરી હતી. તે બધાને અભિનંદન સાથે ધન્યવાદ.

તે રીતે જુદા જુદા ઉમેદવારોને સમાવીને એક પૅનલ બનાવવાની પહેલ કરનાર શ્રી સંદીપભાઈ મહેતાએ પણ સમાજના હિતમાં સારું કામ કર્યું કહેવાય. નહિતર એક જ ઘટકના ઉમેદવારો બધા હોય - તો તે જ્ઞાતિ ફક્ત તેના તરફ આકર્ષાય અને પરિણામે ઘટક - જ્ઞાતિવાદ ઊભો થાય. આમ, પેનલ બનાવવાથી તે ભય પણ ટાળવાની સારી કોશિષ કરવામાં આવી હતી. ફરીથી બધાને અભિનંદન.

અહીં બીજી એક વાત એ છે કે કો-ઓપ્ટ અથવા આમંત્રિત સભ્યોની જગ્યા ઉમેદવારી પાછી ખેંચનાર વ્યક્તિથી જ ભરવી તે ખોટું છે. હકીકતમાં જે સભ્યો સૈધ્ધાંતિક હોય અને ચૂંટણીમાં ઉભવાનું ઉચિત માનતા ના હોય માત્ર તેવા બહારના અન્ય સભ્યોને જ કો-ઓપ્ટ અથવા આમંત્રિત સભ્યો તરીકે લેવા જોઈએ.

ઉમેદવારી પાછી ખેંચી લેનાર વ્યક્તિ માટે જ તે જગ્યા હોતી નથી. ઉમેદવારી પાછી ખેંચીને પાછલા દરવાજેથી દાખલ થવું તે ભ્રષ્ટાચાર છે. સમાજના હોદ્દેદારો જરૂર ખ્યાલ રાખશે તેવી અપેક્ષા છે.

*નવીનભાઈ વીરા - વાસણા, અમદાવાદ*

## જીવન ઘડતર માટે બોધકથા : કાચની બરણી અને બે કપ ચાય

દર્શનશાસ્ત્રના પ્રોફેસરે વર્ગમાં આવીને વિદ્યાર્થીઓને કહ્યું કે આજે તમને જીવનનો એક મહત્ત્વપૂર્ણ સંદેશ આપવાનો છે.

તેમણે સાથે લાવેલ કાચની બરણી ટેબલ ઉપર મૂકીને એમાં ટેનિસના બોલ ભર્યા અને વિદ્યાર્થીઓને પૂછ્યું, "શું બરણી પૂરી ભરાઇ ગઈ?" જવાબ મળ્યો, હા.

ત્યારબાદ પ્રોફેસર સાહેબ નાના કાંકરા બરણીમાં ભરતા ગયા અને ધીરે ધીરે બરણી હલાવતાં કાંકરા બોલની વચ્ચેની જગામાં ગોઠવાઇ ગયા.

ફરી વિદ્યાર્થીઓને "બરણી ભરાઇ ગઇ?" એમ પૂછતાં જવાબ મળ્યો "હા".

હવે પ્રોફેસર સાહેબે રેતીની થેલી ખોલીને તે રેતી બરણીમાં નાખવા માંડી. ધીરે ધીરે વચ્ચેની જગામાં રેતી સમાઇ ગઇ.

હવે વિદ્યાર્થીઓને કંઇક સમજણ પડવા લાગી, રેતી ભરાઇ ગયા બાદ તો બધાંને લાગ્યું કે હવે તો બરણી પૂરી ભરાઇ જ ગઇ છે.

છેલ્લે પ્રોફેસર સાહેબે બે કપ ચાય મંગાવીને બરણીમાં રેડી અને એ પણ બરણીમાં સમાઇ ગઇ!!

આ કથાનો બોધ એવો છે કે બરણી એ જીવન છે. પ્રથમ ભરાયેલા ટેનિસ બોલ એ જીવનની મહત્ત્વની બાબતો જેવી કે ભગવાન, ફરજ, પરિવાર, મિત્ર, આરોગ્ય, જીવનનું ધ્યેય તથા શોખ વગેરે આવે છે.

ત્યારબાદ કંકર એ વ્યવસાય, કાર, સગવડો, રહેઠાણ આદિનું સ્થાન આવે છે.

રેતી એ નાની-નાની વાતો, મતભેદ, ઝઘડા વગેરે બાબતોનું પ્રતીક છે.

**આથી જો જીવનમાં પ્રથમ મહત્ત્વની બાબતોના સ્થાને શરૂમાં જ બિન મતલબી કે બિનઉપયોગી બાબતો, એટલે કે રેતીને પ્રથમ સ્થાન અપાય તો જીવનની મહત્ત્વની બાબતો માટે જગા જ ન રહે.**

કાચની બરણીમાં સૌપ્રથમ રેતી ભરવામાં આવે તો ટેબલ ટેનિસના બોલ અને કાંકરા માટે જગા જ ના રહે. તેવી રીતે કાંકરા પ્રથમ નાખ્યા હોય તો બોલ અંદર નાખી શકાય નહીં. રેતી જરૂર આવી શકે.....

બસ, આવી વાત જીવનને લાગુ પડે છે..... અગર આપણે નાની-નાની વાતોની પાછળ પડીને શક્તિનો વ્યય કરીએ તો મુખ્ય બાબતો માટે જરૂરી સમય નહીં રહે.... મનની શાંતિ-સુખ માટે શું જરૂરી છે તે આપણે જ નક્કી કરવાનું છે. પોતાના બાળકો સાથે રમત રમો, બગીચામાં પાણી નાખો, સવારના પત્ની સાથે ફરવા જાઓ, ઘરમાં નકામી ચીજ-વસ્તુઓને દૂર કરો, તબીબી ચેક-અપ કરાવો... ટેબલ ટેનિસ બોલની ચિંતા પ્રથમ કરો, એ જ મહત્ત્વની વાત છે... **પ્રથમ નક્કી કરો કે જીવનમાં સૌ પ્રથમ શું જરૂરી છે... બાકી બધું તો રેતી જેવું છે...**

વિદ્યાર્થીઓ બધું ધ્યાનપૂર્વક સાંભળી રહ્યા હતા... ત્યાં એક વિદ્યાર્થીએ પૂછ્યું, સાહેબ પણ 'બે કપ ચાય' શું છે? પ્રોફેસર હસીને બોલ્યા, હું વિચારી રહ્યો હતો કે... હજી સુધી આવો સવાલ કેમ કોઇએ કર્યો નહીં?

આનો જવાબ એ છે કે, જીવન આપણને કેટલું પણ પૂર્ણ અને સંતોષમય લાગે, પરંતુ આપણા ખાસ મિત્ર સાથે બે કપ ચાય પીવા માટેની જગા હંમેશાં રહેવી જોઇએ.

★

જીવનમાં એક સાથે અને ઝડપથી બધું જ કરી લેવાની ઇચ્છા થાય છે, બધું જ ઝડપથી મેળવી લેવાની ઇચ્છા થાય છે અને જ્યારે આપણને દિવસના ૨૪ કલાક પણ ઓછા લાગે છે ત્યારે ઉપરોક્ત બોધકથા જરૂર નજર સમક્ષ રાખવી જોઇએ.

*અસલ હિંદી લખાણ - પ્રાપ્તિ સ્થાન : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય*
*અનુવાદ : મગનલાલ સંઘવી - અમદાવાદ*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ઉપક્રમે યોજાયેલ અષાઢી બીજ નિમિત્તે મિલન કાર્યક્રમ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ઉપક્રમે ટાગોર હોલ ખાતે કચ્છી પરિવારોનો સ્નેહ મિલન કાર્યક્રમ પ્રમુખ **શ્રી કૈલાસદાનભાઇ ગઢવીના** નેજા હેઠળ ઉત્સાહપૂર્વક તા. ૩૦-૦૬-૨૦૧૨ના રોજ ઉજવાયો હતો.

કચ્છી પરિવારોના પ્રતિભાસંપન્ન સંતાનોનું સન્માન અને સમાજના મુખપત્ર 'કચ્છ શ્રુતિ'ના રજત જયંતી વર્ષે પ્રવાસન વિશેષાંકનું ગુજરાતના ગણમાન્ય સાહિત્ય સર્જક **શ્રી દોલતભાઇ ભટ્ટ**ના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન તાજેતરમાં અમદાવાદના ઇન્કમટેક્ષ વિભાગમાં આસિસ્ટન્ટ કમિશનર પદે નિયુક્ત થયેલાં યુવા મહિલા સુશ્રી ભૂમિકાબહેન પી. પોકારનું સમાજના પ્રમુખશ્રીએ સ્વાગત કર્યું હતું. તેઓશ્રી મૂળ જીયાપરના કચ્છી કડવા પાટીદાર સમાજના છે. પ્રમુખશ્રી ગઢવીએ જણાવ્યું કે અષાઢી બીજ એટલે કચ્છી નવું વર્ષ. **જેનો કોઇ ધર્મ સાથે સંબંધ નથી.** તેમણે 'કચ્છીયત'ની ખુશ્બૂ પ્રસરાવતા સર્વે કચ્છી પરિવારોને અભિનંદન આપ્યા હતા. આજના કાર્યક્રમના દિવસે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખશ્રી અશોકભાઈ મહેતાનો યોગાનુયોગ જન્મદિન હોતાં કચ્છી સમાજના ઉપપ્રમુખ શ્રી ધીરજભાઇ સોમપુરા, તેમજ શ્રી ભરતભાઇ ઓઝાએ શ્રી મહેતાને પુષ્પગુચ્છ અર્પણ કરીને જન્મદિવસની મુબારકબાદી સાથે અભિનંદન આપ્યા હતા. કચ્છ શ્રુતિના તંત્રી શ્રી ભરતભાઇ ઓઝાએ પ્રવાસન વિશેષાંકનો હેતુ સમજાવતા કહ્યું કે કચ્છને વૈશ્વિક સ્તરે પ્રવાસન યાદીમાં સ્થાન મળેલું હોતા, પ્રવાસીઓને જરૂરી માહિતી આપવાનો એક પ્રયાસ છે.

આ પ્રસંગે કચ્છના લોકગાયક શ્રી રાજેશભાઇ ગઢવીએ 'ડાયરા'ની રંગત જમાવેલ હતી.

***- દિનેશ મહેતા***

★

## મારા રામ! તમે સીતાજીના તોલે ન આવો

પ્રસંગ હતો નખત્રાણા તાલુકાના ભીમસર ગામે 'સૈંયરેજો રેડિયો સ્ટેશન'નું ઉદ્‌ઘાટન. ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૦૬માં લોકો દ્વારા, લોકો માટે, લોકો સંચાલિત સામુદાયિક રેડિયો સ્ટેશનની નીતિને લીલી ઝંડી મળી. ગ્રામીણ મહિલાઓ માટે વર્ષોથી કાર્યરત કચ્છ મહિલા વિકાસ સંગઠનએ આ તક ઝડપી લેવાનું બીડું ઝડપ્યું. કોરી પાટી પેન લઇને સંગઠનની બહેનો આકાશવાણી - ભુજ, માહિતી અને પ્રસારણ મંત્રાલય - ગાંધીનગર તથા દિલ્હી આંટાફેરા કરતી રહી અને આ રેડિયો પોલિસી અંગે રજેરજની માહિતી એકત્ર કરી. અરજી, અભ્યાસથી માંડીને જાતજાતના આધાર પુરાવા, ભીમસર અને એના પંદર કિ.મી.ના વર્તુળમાં આવતા છવ્વીસ ગામોનો સર્વે, નક્શા, તસવીરો, ભલામણો, વહીવટી ક્ષમતા, ખાત્રીઓ ઇત્યાદિના ઢગલાબંધ દસ્તાવેજોની રજૂઆત! લાગલગાટ પાંચ વર્ષ... જી હા! લાગલગાટ પાંચ વર્ષ આ પ્રક્રિયા ચાલી. પણ થાકે એ કચ્છની નારી નહીં! નોંધપાત્ર બાબત એ છે કે, કચ્છ મહિલા વિકાસ સંગઠનના પ્રીતિ સોની અને મીડિયા સેલની દીકરીઓના માર્ગદર્શન હેઠળ આ લાંબી પ્રક્રિયા સૈંયરે જો સંગઠન, નખત્રાણાની ગ્રામીણ બહેનોએ કરી. અને ગત વર્ષે સંગઠનના મોભી નંદુબા જાડેજાએ દિલ્હીમાં મંજૂરીના દસ્તાવેજ પર હસ્તાક્ષર કર્યા ત્યારે પલવારમાં પાંચ વર્ષનો તમામ થાક તો ઉતરી ગયો પણ આ રેડિયો સ્ટેશન ચલાવવાની મહાકાય જવાબદારી રૂપે આવનાર પાંચ વર્ષની શક્તિનો પણ જાણે સંચાર થઇ ગયો. પરકાજની પીડા અંતે તો પ્રસન્નતામાં જ પરિણમે!

સૈંયરેજો રેડિયો મંજૂર તો થઇ ગયું પણ હવે? એના માટે જમીન, મકાન, સ્ટુડિયો, ટાવર અને ટેકનીકલ સાધનસામગ્રી જોઇએ અને એ પણ ચોક્કસ સમય મર્યાદામાં! અન્યથા લાયસંસ રદ થઇ જાય. કડવી વાસ્તવિકતા એ પણ છે કે, પાયાનું સેવાકાર્ય કરતી સંસ્થાઓ પાસે ભંડોળના ફાંફા હોય અને ગામના ગેટ, ધર્મસ્થાનકો, ઓચ્છવ, મહોત્સવો, સન્માનો, ચાર્ટર્ડ પ્લેન, સ્પેશિયલ ટ્રેન માટે કરોડોનો ધૂમાડો!

સંગઠનના ટ્રસ્ટી અને રેડિયો સ્ટેશનના સ્વપ્નદૃષ્ટા પ્રીતિ સોનીની આ મૂંઝવણ ગામની જ એક બહેન નામે સીતાબેન રબારી કળી ગયા. કહ્યું, "મારી આ બે ઓરડીઓથી ચાલતું હોય તો જુઓ". "તો તમે ક્યાં રહેશો?" પ્રીતિબહેને પૂછ્યું. "મારી ચિંતા મેલો. હું રસોડાથી નભાવી લઇશ... મારી નજર સામેના રેડિયો સ્ટેશનની સારસંભાળ પણ રાખીશ. તમે મુંઝાવ મા, રામ બધા સારાવાના કરશે."

સીતાબેનની શુભેચ્છાઓ ફળીભૂત થઇ. હુન્નરશાળા તથા બુદ્ધભટ્ટીભાઇએ પડતર કિંમતે મહાકાય ટાવર ઉભું કરી દીધું. દેશી, ગામઠી સુઝબુઝથી સાઉન્ડ પ્રુફ સ્ટુડિયો તૈયાર થઇ ગયો. પુનડીના પ્રવીણભાઇ છેડાની સખાવતથી સાધનસામગ્રી આવી ગઇ અને ૯૦.૪ મેગાહર્ટઝ પરથી પ્રથમ ટ્રાયલે જ પ્રસારણ ઓ.કે.!

તા. ૨ જૂન, ૨૦૧૨ના દિવસે કોઇ પણ ઝાકઝમાળ કે આળપંપાળ વિનાનો સરળ, સહજ માહિતીસભર ઉદ્‌ઘાટન સમારોહ. ઉદ્‌ઘાટન નિમિત્તે રેડિયો ટીમ, સૂરવાણીના કલાકારો, મહેમાનો દ્વારા જે બોલાતું એનું જીવંત પ્રસારણ લાભાર્થી ૨૬ ગામોમાં થયું. અરે સમારોહ સુદ્ધાં અનેક ભાઇબહેનો રેડિયો પર કુતૂહલભેર સાંભળતા, સંભળાવતા હતા. ૨૬ ગામોની વિવિધ સમસ્યાઓનું સામૂહિક નિરાકરણ, વિવિધ શક્તિઓનું એકત્રીકરણ, આપણા સાંસ્કૃતિક વારસાસભર પ્રભાતિયાં, કચ્છી સંગીત, સંતવાણી, સમાચાર...!

*સામાની કાળજી રાખવી, તેનું નામ મનુષ્યપણું!*

ભુતપૂર્વ રાષ્ટ્રપતિ માનનીય અબ્દુલ કલામની PURA યોજના, સંકલિત ગ્રામીણ વિકાસની દિશામાં આ રેડિયો સ્ટેશન ચોક્કસપણે મહત્ત્વનો ભાગ ભજવશે.

પણ રોજબરોજ ઘડિયાળના ટકોરે વિવિધ હેતુલક્ષી કાર્યક્રમો, સંકલનથી પ્રસારણ સુધીની જવાબદારીઓ, સરકારી નીતિનિયમો, કાયદા કાનૂન!? આ સવાલ મનમાં મુંઝાતો હતો અને સ્ટેશનના ટાવરે જાણે ઝીલી લીધો. એક પછી એક ટીમ મેમ્બર જાતે આવીને પોતાનો પરિચય સાથે જવાબદારી કહી ગયા.

હવે વારો હતો દાતાશ્રી અને ઉદ્‌ઘાટક શ્રી પ્રવીણભાઇ છેડા કે જેઓ રચનાત્મક સેવા પ્રવૃત્તિઓમાં વર્ષોથી યોગદાન આપી રહ્યા છે એમને બોલવાનો! પ્રવીણભાઇનું ઉદ્‌બોધન : ‘‘આભાર મારો નહીં બલ્કે હું આભાર તમારો માનું છું કે મને આજે યાદગાર અનુભવ કરાવ્યો. ગામડાઓના સર્વાંગી વિકાસ અને મહિલાઓના પ્રશ્નોના નિરાકરણ માટે સામુદાયિક રેડિયો સ્ટેશનનું સબળ માધ્યમ ઉભું કરવું એ વિચારવું પણ મુશ્કેલ ભાસે છે, જે તમે સૌ બહેનોએ સાર્થક કરી બતાવ્યું છે. રહ્યો સવાલ મારા દાનનો. આજે મને લાગે છે કે સીતાબેનની સરખામણીએ મેં કાંઇ જ નથી આપ્યું. પોતાની ઓરડીઓ રેડિયો સ્ટેશન માટે આપી દેવી, એ ખરેખર મહાદાન છે. મારા ભાગનો તમામ યશ હું સીતાબેનને ચરણે ધરું છું.’’

ઉદ્‌ઘાટન બાદ સમૂહ ભોજન આરોગતાં અવિનાશ વ્યાસની પંક્તિઓ યાદ આવી ગઇ...

*દયાના સાગર થઈને, કૃપાને નિધાન થઈને,*
*છોને ભગવાન કહેવડાવો*
*મારા રામ તમે... સીતાજીના તોલે ન આવો.*

*- લાલ રાંભિયા*

★

## ગુજરાતી સામયિકો અંગેનો સેમિનાર સંપન્ન થયો



*સેમિનારમાં ઉપસ્થિત મહાનુભાવો : શ્રી ભીમજી નાકરાણી, શ્રી યશવંત મહેતા, ડૉ. વિદ્યુત જોશી, શ્રી દીપક દોશી, શ્રી દેવેન્દ્ર ત્રિવેદી, શ્રી વિષ્ણુ પંડ્યા, શ્રી પી. કે. લહેરી અને શ્રી બેંકર*

વૈચારિક અભિયાન દ્વારા જનજાગૃતિનું કાર્ય કરતી સેવા સંસ્થા લોકસેવા ટ્રસ્ટ અને સદ્‌વિચાર પરિવાર અમદાવાદ દ્વારા તા. ૨૪-૬-૧૨ના રોજ સમર્પણ વિદ્યાપીઠ ખાતે ‘‘સાંપ્રત સમયમાં જનજાગૃતિ માટે સામયિકોની ભૂમિકા’’ વિષય ઉપરનો સેમિનાર સંપન્ન થયો. ‘જનકલ્યાણ’ના તંત્રીશ્રી દેવેન્દ્ર ત્રિવેદી અને શ્રી અશોક દામાણીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ આ સેમિનારમાં ગુજરાતભરમાંથી ૧૫૦ સામયિકોના તંત્રી/સંપાદકોએ હાજરી આપી હતી.

ગુજરાતમાં સૌ પ્રથમ વખત યોજાયેલા આ સેમિનાર અંગે માહિતી આપતા લોકસેવા ટ્રસ્ટના મેને. ટ્રસ્ટી અને સેમિનાર સંયોજક શ્રી ભીમજી નાકરાણીએ જણાવ્યું હતું કે આ સેમિનારનો વિચાર આવવાનું કારણ એવું હતું કે ગુજરાત, મુંબઇમાંથી નીકળતા વિવિધ પ્રકારના સામયિકોની અંદાજિત કુલ નકલ ૨૫થી ૨૭ લાખ જેટલી થવા જાય છે અને આ સામયિકો કે જે લોકભોગ્ય છે, જાણીતા છે, વંચાય છે તેવા સામયિકોની સંખ્યા ૨૫૦ જેટલી થાય છે. આમ છતાં આ સામયિકોના તંત્રી, સંપાદક કે પ્રકાશક વચ્ચે આજ સુધીમાં ક્યારેય સંવાદ થયો નથી. પરસ્પર મળવાનું થયું નથી. આ વાતને ધ્યાનમાં લઇ સામયિકોના સંગઠન હેતુ અને તેના દ્વારા જનજાગૃતિનું કાર્ય કરવાના મૂળભૂત ખ્યાલને કારણે સદ્‌વિચાર પરિવારના શ્રી પી.કે. લહેરી સાથે મળીને આ સેમિનારનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. સવારના ૯.૩૦થી ૪.૩૦ સુધી ચાલેલા આ સેમિનારમાં ધર્મ, સંપ્રદાય, જ્ઞાતિ, જાતિ, કોમર્શિયલ, પ્રોફેશનલ, હેતુલક્ષી અને સરકારી તમામ પ્રકારના ૧૫૦ જેટલા સામયિકોના સંપાદકશ્રીઓએ હાજરી આપી હતી.

સેમિનારના મહત્ત્વના મુદ્દાઓ અંગે શ્રી નાકરાણીએ જણાવ્યું હતું કે આ પ્રસંગે ડૉ. વિદ્યુત જોષી, શ્રી વિષ્ણુ પંડ્યા (વિશ્વમેળો) શ્રી દીપક દોશી (નવનીત સમર્પણ), શ્રી રમેશ તન્ના (ગુજરાત ટાઇમ્સ), શ્રી કિશોર મકવાણા (નમસ્કાર), ડૉ. હર્ષદ પટેલ (આદિત્ય કિરણ), શ્રી શ્રેયસ પંડ્યા (સાહિત્ય મુદ્રણાલય), શ્રી યશવંત મહેતા, (બાળ આનંદ), શ્રી પી.કે. લહેરી (સુવિચાર), શ્રી અશોક દામાણી (જન જાગૃતિ), શ્રી જોરાવરસિંહ જાદવ (કારડિયા બંધુ), શ્રી દિનેશ પટેલ (ઉમિયા પરિવાર), શ્રી સોમાભાઇ પટેલ (ધરતી), શ્રી રાજ ભાસ્કર (સાધના), શ્રી કલ્પેશ પંડ્યા (પાંચમી દિશા) અને શ્રી દેવેન્દ્ર ત્રિવેદી (જનકલ્યાણ) એ સામયિકના પ્રકાશન, લેઆઉટ, ખર્ચ, માવજત, લવાજમ અને લેખકો અંગેની વાતચીત દ્વારા સૌને માર્ગ દર્શન પૂરું પાડ્યું હતું.

આ સેમિનારની ફળશ્રુતિ સ્વરૂપે ગુજરાત કક્ષાનું સંગઠન બનાવવા તેમજ ‘મેગેઝીન્સ ક્લબ’ની સ્થાપના કરી સામયિકોને વધુ સમૃદ્ધ બનાવી જનજાગૃતિના મોટા ગજાના કાર્યોને પાર પાડવા માટે સૌએ નિર્ણય કર્યો હતો તેમજ સામયિકો અને લેખકોની એક ડિરેક્ટરી પ્રકાશિત કરવાનું પણ નક્કી કરવામાં આવ્યું હતું.

સેમિનારને સફળ બનાવવા માટે શ્રી અશ્વિન અદાણી, મનુભાઇ વીરાણી, ચંદ્રકાંત ભુવા, ગોપાલ દવે, દિલીપભાઇ અને યોગેશ ગોસ્વામીએ સેવાઓ આપી હતી તેમ લોકસેવા ટ્રસ્ટ, અમદાવાદની

*દુઃખમાં સમતા ધરવી, એનું નામ તપ.*

એક પ્રેસનોટમાં જણાવવામાં આવ્યું છે.

શ્રી મારૂં કંસારા સોની જ્ઞાતિ મંડળના મુખપત્ર 'જ્ઞાતિ સેતુ'ના મુખ્ય તંત્રી તેમજ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના 'કચ્છ શ્રુતિ'ના માનદ્ સલાહકાર **શ્રી હંસરાજભાઇ કંસારા** તેમજ 'કચ્છ શ્રુતિ'ના તંત્રી **શ્રી ભરતભાઇ ઓઝા** ઉપરાંત શ્રી કચ્છી જૈન સેવા સમાજ, અમદાવાદના મુખપત્ર 'મંગલ મંદિર'ના સહતંત્રી **શ્રી દિનેશ આર. મહેતા** ઉપરોક્ત સેમિનારમાં પોતાના સમાજ અને સામયિકના પ્રતિનિધિ તરીકે ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને દિવસ દરમિયાનની કાર્યવાહીમાં ભાગ લીધેલ હતો. આ સેમિનારમાં દરેક સંસ્થા દ્વારા પ્રકાશિત થતા વિવિધ અંદાજિત ૫૦ સામયિકોના કેટલાક અંકો મૂકવામાં આવ્યા હતા. સેમિનારમાં ભાગ લઇ રહેલ દરેક વ્યક્તિએ એકબીજાના મુખપત્રો, સામયિકો રસપૂર્વક નિહાળીને યોગ્ય મુદ્દાની નોંધ લીધી હતી. સેમિનારમાં રજૂ કરવામાં આવેલ **'મંગલ મંદિર', 'કચ્છ શ્રુતિ'** તેમજ **'જ્ઞાતિ સેતુ'** મુખપત્રોની જૂની નકલો ચપોચપ ઉપડી ગઇ હતી અને તેની પ્રશંસા કરવામાં આવી હતી.

*— દિનેશ મહેતા*

★

## તૂટેલ ડેમ રીપેરીંગના ફાયદા

લખપત તાલુકાના સાંભડા તથા જુણાગિયા ગામે આશાપુરા ફાઉન્ડેશનના ટ્રસ્ટી શ્રી તુષારભાઇ દેઢિયાના માર્ગદર્શન હેઠળ ડેમ રીપેરીંગ કરવા માટે સંસ્થાના ભંડોળમાંથી એક ડેમ રીપેરીંગ કરવાનું આયોજન કરવામાં આવેલ. જેના અમલીકરણ કરતા વર્ષ ૨૦૧૦માં એક તૂટેલ ડેમ રૂા. ૧.૨૫ લાખના ખર્ચે રીપેરીંગ કરવામાં આવેલ. જેના લાભાર્થી ખેડૂતો દ્વારા શિયાળામાં ડેમ પર ડિઝલ એન્જિન મૂકી પીયત કરેલ, જેમાં ૮ ખેડૂતોએ ૫૦ એકર જમીનમાં એરંડા, ઇસબગુલ તથા ઘઉંનું વાવેતર કરેલ જેનાથી રૂા. ૮.૪૫ લાખની આવક મેળવેલ તેમજ વર્ષ ૨૦૧૧માં લાભાર્થી ખેડૂતો દ્વારા ૨૫ એકર જમીનમાં વાવેતર કરી રૂા. ૩.૦૦ લાખની આવક મેળવેલ આ પરિણામો જોતા વર્ષ ૨૦૧૧માં બીજા પાંચ ડેમ રીપેરીંગનું કામ કરવામાં આવેલ જેમાં રૂા. ૪.૯૬ લાખના ખર્ચે રીપેરીંગ કામ કરવામાં આવેલ. જેમાંથી ડિઝલ એન્જિન મૂકી લાભાર્થીઓએ કુલ ૮૦ એકર જમીનમાં પીયત કરેલ. જેની આવક રૂા. ૧૫.૩૨ લાખ જેટલી થયેલ છે.

વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૧માં કુલ ૬ ડેમ રીપેરીંગ કરવાથી કુલ ૩૪ ખેડૂત લાભાર્થીઓએ પોતાની કુલ ૧૩૦ એકર જમીનમાં વાવેતર કરી રૂા. ૨૬.૭૭ લાખ રૂપિયાનું માતબર ઉત્પાદન મેળવેલ છે.

**આમ જૂના તૂટેલ ડેમ રીપેરીંગ કરવાથી ઓછા ખર્ચે વધુ લાભ મેળવી શકાય. જેથી દાતાશ્રીઓ તથા સ્વૈચ્છિક સંસ્થાઓએ આગળ આવવું જોઇએ તથા જૂના તૂટેલ ડેમના રીપેરીંગ કામ કરવા જોઇએ,** તેમ આશાપુરા ફાઉન્ડેશન, નખત્રાણાની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

★

**કચ્છની ખંત - ખમીરી અને કલા સંસ્કૃતિને**
**વિશ્વનાં ફલક પર પહોંચાડવાનો અનોખો સાહસિક પ્રયાસ**

## કચ્છ અને કચ્છીઓની ગૌરવગાથા ગાતું કચ્છી ચલચિત્ર "પાંજો મુલક"



*પ્રથમ કચ્છી ફિચર ફિલ્મમાં અભિનય કરતા ગૌરીશંકર કેશવાણી, જીતેન્દ્ર નાકર અને સંધ્યા જોષી*

સર્વપ્રથમ રંગીન કચ્છી ચલચિત્ર "પાંજો મુલક" આગામી શ્રાવણ માસના તહેવારો દરમિયાન કચ્છ અને મુંબઇના છબીગરોમાં રજૂ થશે. ફિલ્મનું સંપૂર્ણ શૂટિંગ કચ્છના વિવિધ નયનરમ્ય સ્થળો જેવા કે માધવબાગ (માધાપુર), ભુજોડી, કુકમા, સુખપર, ટુન્ડા, ભુજ, માંડવી, સલાયા, માતાનો મઢ, નારાયણ સરોવર, કોટેશ્વર, નખત્રાણા, ધ્રંગ (મેકણ દાદા), હાજીપીર, અંજાર ઇત્યાદિ સ્થળોએ થયેલ છે, જે રૂપેરી પડદા પર જોઇને કચ્છના પ્રેક્ષકો તો ઝુમશે જ પણ દુનિયાના બીજા લોકો પણ જેમણે આજ સુધી કચ્છ નથી જોયું એમને આ ફિલ્મ કચ્છ તરફ ખેંચી લાવશે.

આ ફિલ્મની વાર્તા આબાલ-વૃધ્ધ તમામ વર્ગના પ્રેક્ષકોને ગમે એવી તો છે જ પણ સાથે યુવાઓને હૈયે વસી જાય એવી છે. પ્રેમ કહાની તો છે પણ પ્રેમિકાની આગળ પાછળ આંટા મારતા પ્રેમીની નહિ પણ માતૃભૂમિ કચ્છ અને પ્રેમિકા સાથે અમેરિકા જવાના ધર્મસંકટ ભરેલ સ્થિતિનો સામનો પ્રેમી કઇ રીતે કરે છે અને કઇ રીતે "પાંજો મુલક" કચ્છના પાણી આગળ દુનિયા આખી પાણી ભરે છે એવી વતનપ્રેમની રસપ્રદ વાર્તા પ્રેક્ષકો સમક્ષ લઇને આવી રહ્યા છે. ગુજરાત રાજ્ય સરકારના એવૉર્ડ વિજેતા લેખક દિગ્દર્શક મનોજ નથવાણી, રાહુલ સિનેકલા આર્ટસ પ્રોડક્શન (મુંબઇ)ના બેનર હેઠળ બની રહેલ અને માતુશ્રી રૂખમણીબેન મીઠુભાઇ કેશવાણી દ્વારા પ્રસ્તુત આ ફિલ્મનાં નિર્માતા ગૌરીશંકર કેશવાણી, રેખાબેન કેશવાણી (ટુન્ડા) અને સહનિર્માતા ગોવિંદભાઇ મંગેરિયા (ભુજોડી) એ કોઇપણ જાતની કચાસ બાકી ન રાખતા મન મૂકીને માતૃવંદના સમુ ચલચિત્ર "પાંજો મુલક" બનાવ્યું છે. ખરેખર આ ફિલ્મ કચ્છી પ્રેક્ષકોના હૈયે વસી જશે. મિત્રો થઇ જાવ તૈયાર અને પહોંચી જાવ શ્રાવણ માસમાં આપના માનીતા

*આ જગતમાં કોઈ ચીજ મફત ના હોય. તમારું જ છે, તે તમારી સામે આવે છે.*

છબીઘરોમાં હરખભેર વધાવવા "પાંજો મુલક" ને... વધુ પડદા પર...

*(રાહુલ સિને કલા આર્ટસ પ્રોડક્શન મુંબઈ દ્વારા પ્રસ્તુતિ)*

★

## 'કચ્છ ઉમંગ'ના ઉપક્રમે
## ૬૧ પ્રતિભાશાળી કસબીઓનું કચ્છ ગૌરવ અભિવાદન

'કચ્છ ઉમંગ' માસિકના ઉપક્રમે વિવિધક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત કરનારા કચ્છમાં સૌ પ્રથમવાર ૬૧ જેટલા વિવિધ ક્ષેત્રની પ્રતિભાશાળી કસબીઓનું કચ્છ ગૌરવ અભિવાદન સહ બહુમાન ભુજ ખાતે કરવામાં આવ્યું હતું.

કચ્છી વીસા ઓસવાળ જૈન મહાજનના સંકુલમાં સંસ્થાના અધ્યક્ષશ્રી તારાચંદભાઇ છેડાના પ્રમુખ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં "કચ્છ ઉમંગ"ના કચ્છ ગૌરવ વિશેષાંકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

અતિથિપદેથી ભાડાના ચેરમેનશ્રી કિરીટ સોમપુરાએ એકી સાથે ૬૧ જેટલા કસબીઓનું જાહેર અભિવાદન કરવા બદલ 'કચ્છ ઉમંગ'ને અભિનંદન આપ્યા હતા. શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર - લુણીના પ્રમુખ અને જીવદયા પ્રેમી શ્રી વશનજીભાઇ પ્રેમજી સોનીએ સિદ્ધિ પ્રાપ્ત કર્તાઓને અભિનંદન આપીને કચ્છ ઉમંગની પ્રણાલિકાને બિરદાવી હતી. સર્વ સેવાસંઘના અગ્રણી શ્રી ઉપેન્દ્ર ઉપાધ્યાયે આ કાર્યક્રમ સિદ્ધિ પ્રાપ્ત કર્તાઓ માટે કાયમી સંભારણું બની રહેશે તેવું જણાવીને તંત્રીશ્રી જીતેન્દ્ર ભાટિયાને ખાસ અભિનંદન આપ્યા હતા. ઘાટકોપરના જાણીતા સામાજિક મોવડી શ્રી ચંપકભાઇ છેડાએ શુભેચ્છાઓ પાઠવી હતી.

પ્રમુખ સ્થાનેથી શ્રી તારાચંદભાઇ છેડાએ કચ્છી નવા વર્ષ નિમિત્તે સૌને શુભેચ્છા પાઠવીને કહ્યું હતું કે "કચ્છ ઉમંગે" માત્ર એક વર્ષ પૂર્ણ કરીને ૬૧ કસબીઓનું જાહેર અભિવાદન કર્યું, એ અખબાર માટે ગૌરવની વાત છે. કસબીઓને તેમના કાર્યને વધુ પ્રોત્સાહન મળે માટે તેમનું અભિવાદન કરવા માટે તંત્રી શ્રી ભાટિયાને વિચાર આવ્યો તે અભિનંદનને પાત્ર છે. તેમણે આવા કાર્યો કરવા માટે તમામ સહયોગ આપવાની ખાતરી આપી હતી.

★

## પ્રેરણાત્મક કાર્ય
### શ્રી ક.વી.ઓ. - મુંબઇ દ્વારા ૬૫ ગામના ૨૭૨૫ વિદ્યાર્થીઓને રૂપિયા પોણા બે કરોડની સહાય

માત્ર ૧૮ મહિના પહેલા ઉદય પામેલા શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મહાજન - મુંબઇએ સમાજનો એક પણ દીકરો કે દીકરી પૈસાના અભાવે શિક્ષણથી વંચિત ન રહે તે માટે ખૂબ મહત્ત્વનું પગલું ભર્યું છે. **કુલ ૨૭૨૫ જેટલા જરૂરતમંદ વિદ્યાર્થીઓને પોણા બે કરોડ રૂપિયા જેવી માતબર રકમ ફાળવીને** તાજેતરમાં વિતરણ કર્યું હતું.

કુલ ૬૫ ગામના જુનિયરથી ૧૨મા ધોરણના વિદ્યાર્થીઓને આ લાભ આપવામાં આવ્યો હતો.

સહાયની રકમમાં જે - તે ગામના મહાજન મંડળે ૪૦ ટકા ફાળો આપ્યો હતો જ્યારે બાકીના ૬૦ ટકામાં નવનીત પરિવાર, શ્રી ચંદ્રકાંતભાઇ ગોગરી, શ્રી વિશનજીભાઈ મારૂ (બિદડા), શ્રી કાંતિલાલભાઇ (માર્વેલ ગ્રુપ) પરિવાર અને અન્ય સંસ્થાઓએ ફાળો આપ્યો હતો. અન્ય આઠ ગામોએ પોતાના ગામના જરૂરતમંદ વિદ્યાર્થીઓને સહાય કરવાની તૈયારી બતાવી હતી. જ્યારે ટુંડા ગામના વિદ્યાર્થીઓ માટે ૬૦ ટકા રકમ લહેરીભાઇ દેઢિયાએ આપી હતી.

મહાજને પોતે આજ સુધી શૈક્ષણિક સહાય અથવા લોનરૂપે રૂપિયા ૪૭ લાખ ફાળવ્યા છે. આ સિવાય એસ.એસ.સી.માં તેજસ્વી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને મહાજને દત્તક લીધા છે. દરેકના આનંદની વાત એ હતી કે, આ વખતે દાન આપનાર ચારેય દાતાશ્રીઓએ આવતા વર્ષે પણ પોતાના તરફથી સહાય આપવાનું જાહેર કર્યું હતું. આ પ્રસંગે દાનવીરોની નામાવલિવાળા પુસ્તકનું વિમોચન કરાયું હતું.

આ નિમિત્તે શ્રી ચંદ્રકાંતભાઇ ગોગરીએ વોકેશનલ ગાઇડન્સ દ્વારા નબળા વર્ગની વ્યક્તિઓ માટે વિકાસના દ્વાર ઉઘાડવા સલાહ આપી હતી.

**આ સમારોહમાં શ્રી ડુંગરશીભાઇ ગાલા, શ્રી મણિલાલભાઇ મારૂ, શ્રી વિશનજીભાઈ મારૂ, શ્રી કાંતિલાલભાઇ, શ્રી ચંદ્રકાંતભાઇ ગોગરી વગેરે મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.**

★

## અભિનંદન!
## ગુજરાત ઇતિહાસ પરિષદના ઉપપ્રમુખ પદે શ્રી નરેશ અંતાણી

'મંગલ મંદિર'માં જેમના લેખ અવારનવાર પ્રકાશિત થઈ રહ્યા છે અને વાંચકવર્ગ દ્વારા જેમની કલમને અદ્‌ભુત આવકાર પ્રાપ્ત થયો છે તેવા ભુજના ઇતિહાસકાર શ્રી નરેશ અંતાણીની ગુજરાત ઇતિહાસ પરિષદની વર્ષ ૨૦૧૨-૧૪ના નવા વરાયેલા હોદ્દેદારોમાં ઉપપ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે. પરિષદના નવનિર્વાચિત પ્રમુખ ડૉ. જગદીશ ચૌધરીના પ્રમુખપદે અમદાવાદ ખાતે એચ.કે. આર્ટસ કૉલેજના સેનેટ હોલમાં મળેલી પરિષદની બેઠકમાં આ વરણી કરાઈ હતી. આ અગાઉ પરિષદની યોજાયેલી બે વર્ષની કાર્યવાહક સમિતિની ચૂંટણીમાં શ્રી અંતાણી બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. તેમણે ૧૯૯૮થી ૨૦૧૨ સુધી સતત ૧૪ વર્ષ પરિષદના મંત્રી તરીકે કામગીરી સંભાળી હતી. એ દરમ્યાન પાનન્ધ્રો, ભુજ, કોટા અને જયપુર ખાતે પરિષદના સફળ અધિવેશનો તેમણો યોજ્યા હતા.

૧૯૮૫થી ૨૦૦૮ સુધી ભુજના કચ્છ સંગ્રહાલયમાં ફરજ બજાવ્યા બાદ એમણે સ્વૈચ્છિક નિવૃત્તિ મેળવી હાલે ભુજના 'કચ્છ મિત્ર'

*ભગવાન કોના પર રાજી રહે? જે બધાંનાં દુઃખો લઈ લે ને સામાને સુખ આપે, તેના પર.*

દૈનિકના મેગેઝિન વિભાગમાં ફરજ બજાવે છે.

તેઓએ 'કચ્છ મિત્ર' દૈનિકમાં સંશોધનાત્મક કટાર **'જ્ઞાતિ ગંગા કચ્છની'** અંતર્ગત કચ્છની ૭૦થી વધારે જ્ઞાતિઓનો પરિચય કરાવ્યો છે. હાલે આ જ પત્રમાં તેઓ કચ્છના ઇતિહાસ સંદર્ભિત **'તવારિખી તેજછાયા'** કટાર લખે છે.

શ્રી અંતાણીના 'સંશોધનની કેડીએ : કચ્છ', 'અતીતમાં અવગાહન', 'કચ્છ : કલા અને ઇતિહાસ' તથા 'જ્ઞાતિ ગંગા કચ્છની : મણકો-૧' એમ ચાર પુસ્તકો પ્રકાશિત થયા છે. કચ્છના ઇતિહાસ - પુરાતત્ત્વ વિષયના સંદર્ભમાં ૧૫૦થી વધારે લેખો જુદા જુદા વર્તમાનપત્રો અને સામયિકોમાં પ્રસિદ્ધ થયાં છે. કચ્છ યુનિવર્સિટીના એમ.એ. પાર્ટ-૧ના ઇતિહાસ વિષયના અભ્યાસક્રમનાં પુસ્તકમાં તેમના લેખો સમાવાયા છે. ગુજરાતી વિશ્વકોષના ૧૮માં ભાગમાં ભુજની રાવ લખપતજીની છતરડી વિશે એક પ્રકરણ પ્રકાશિત થયું છે.

**કચ્છ સંદર્ભે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તથા સંશોધકોને મદદ પણ કરે છે.** તેમના સહકારથી અનેક વિદ્યાર્થીઓએ એમ.ફીલ. કે પીએચ.ડી.ની ઉપાધિ પણ મેળવી છે.

કચ્છ ઇતિહાસ પરિષદના સ્થાપક મંત્રી છે. આ સિવાય કચ્છની સામાજિક અને શૈક્ષણિક અને સેવાકીય સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. રક્તદાનની પ્રવૃત્તિ સાથે પણ સંલગ્ન છે. **તેમણે ૫૯ વખત રક્તદાન પણ કર્યું છે.**

★

## કચ્છી સંગઠન કોજૈન – યુ.કે.

થોડા સમય અગાઉ યુ.કે.માં કોજૈન - યુ.કે. ગ્રુપનું સર્જન કરવામાં આવ્યું છે. ભારત જેવા દેશોમાંથી અભ્યાસ અર્થે **યુ.કે. ગયેલા કચ્છી વિદ્યાર્થીઓને પ્રાથમિક સ્વરૂપે જરૂરી સગવડો પૂરી પાડવાના હેતુ સાથે** તે ગ્રુપના સભ્યો અવારનવાર મળે અને વિચારોનું આદાન પ્રદાન કરે તેવા ઉદ્દેશથી આ ગ્રુપની રચના થઈ છે.

નાગલપુર કચ્છના શ્રી માણેકભાઈ તથા શ્રીમતી ઝવેરબહેન સંગોઈ વર્ષ ૧૯૭૦માં લંડન આવ્યા હતા. "જેત્ જેત્ હકડો કચ્છી વસે ઓત ડિયાણી કચ્છ' એ યુક્તિને સાર્થક કરવા તેમને એક વિચાર આવ્યો કે યુ.કે.માં એક કચ્છી ગ્રુપ જેવું હોય તો સારું થાય. આ પ્રકારના મંડળમાં બધા હળે-મળે, આનંદ કરે અને એકબીજાને કોઈપણ કાર્યમાં ઉપયોગી થાય તેવો તેમનો ઉદ્દેશ હતો.

ગ્રુપ અસ્તિત્વમાં આવ્યું તે અગાઉ ત્યાંના કચ્છીઓ નાના સમુદાયમાં પ્રસંગોપાત મળતા હતા. ઉપર મુજબ એક વ્યવસ્થિત ગ્રુપની રચના કરવાના વિચારને આખરી ઓપ આપવા વર્ષ ૨૦૧૧માં દિવાળીના શુભ પ્રસંગે નાની ખાખર - કચ્છના શ્રી તુષારભાઈ શાહની વેમ્બલી ખાતેની તુલસી રેસ્ટોરન્ટમાં ઓસવાળ ઘટકના ૧૭ જેટલા યુવાનો એકઠા થયા હતા. ત્યારે યુ.કે.માં વિવિધ સ્થળે વસતા કચ્છી જૈનોનો સંપર્ક કરીને કોજૈન - યુ.કે. ગ્રુપની વિધિસર સ્થાપના થઈ હતી.

ગ્રુપની રચના થતાં જ તેના ૮૦ જેવા સભ્યો નોંધાઈ ગયા હતા અને તેના બીજા સંમેલનના સમયે સારી એવી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત હતા. તેની ફળશ્રુતિ રૂપે ગ્રુપ દ્વારા માસિક સમાચાર પત્રિકા પણ પ્રકાશિત થઈ રહી છે.

**ગ્રુપની એક યોજના અનુસાર જ્યારે કચ્છી વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે યુ.કે.માં આવે ત્યારે ત્યાં જુદા જુદા સ્થળે વસવાટ કરતા લગભગ ૧૦થી ૧૫ પરિવારજનો તેવા વિદ્યાર્થીઓને અમુક સમય સુધી રહેવાની સગવડ પૂરી પાડશે. તે ઉપરાંત જરૂરી સલાહ અને માર્ગદર્શન આપીને મદદરૂપ થવાની તૈયારી દર્શાવેલ છે.**

આ સંબંધી વધુ માહિતી માટે ભુજપુર - કચ્છના અને હાલે યુ.કે.માં સ્થાયી થયેલા શ્રી પારસ જગદીશ મામણિયાનો તેમના ઈ-મેઈલ mail@paras.me અથવા ફોન નંબર +૪૪-૭૫૧૭ ૬૨૨ ૮૩૭ પર સંપર્ક કરી શકાય છે.

*(અસલ અંગ્રેજી) અનુવાદ સાથે રજૂઆત :*
*મગનલાલ સંઘવી - અમદાવાદ*

★

## આદર્શ ગામ તરફ એક કદમ બેરૂ ગામ

નખત્રાણા તાલુકાનું બેરૂ ગામ તાલુકા મથકથી દક્ષિણ દિશામાં ૫ કિ.મી.ના અંતરે આવેલ ૪૨૧ વર્ષ જૂનું અને ૭૧૫ની વસતિ ધરાવતા આ ગામમાં મુખ્યત્વે રબારી, હરિજન તથા કોલી જ્ઞાતિની વસતિ તથા પશુપાલન અને મજૂરી મુખ્ય વ્યવસાય છે.

બેરૂ ગામમાં પીવાના પાણીની પણ મુશ્કેલી હોઈ ઘર વપરાશ તથા નહાવા-ધોવા માટેના પાણીનું તો કહેવું જ શું? ગામમાં પાણીની વ્યવસ્થા માટે એકમાત્ર તળાવ આવેલ જે ચોમાસા પછી બે માસમાં પાણી સૂકાઈ જાય, પાણી પુરવઠા બોર્ડ દ્વારા પાણીની વ્યવસ્થા માટે બેરૂથી બે કિ.મી. દૂર સાંગનારા ગામની સીમમાં બોર બનાવી જૂથ યોજના દ્વારા બેરૂ ગામને પાણીની વ્યવસ્થા કરવામાં આવેલ. પરંતુ ક્યારેક પંદર-પંદર દિવસ સુધી પાણી મળી શકતું ન હતું અને જ્યારે પણ પાણી આવે ત્યારે માંડ એક કલાક પાણી મળતું. તેનો પણ કોઈ ચોક્કસ સમય નહીં. ગામમાં ફક્ત એક જ સ્ટેન્ડ પોસ્ટ પર પાણી આવતું હોવાથી પાણી ભરવા માટે વહેલી સવારથી જ લાઈન લાગે. ક્યારેક ઝઘડા પણ થાય છતાં પૂરતું પાણી ન મળે. તથા ગામની બહેનો તથા ભાઈઓ મજૂરી કામે પણ જઈ શકતા ન હતા.

ગામલોકો પાણીની જરૂરિયાત પૂરી કરવા માટે ગામની

આજુબાજુમાં આવેલ પટેલની વાડીઓમાં બનાવવામાં આવેલ હોજમાં પાણી ભરવા માટે જાય, પરંતુ પટેલો પણ પાણી ભરવા દેતા ન હતા. અરે, ક્યારેક તો પાણીના હોજમાં યુરિયા ખાતર પણ નાખે. જેથી આવું પાણી કોઈ લઈ જાય નહીં. આવી પરિસ્થિતિમાં ગામની બહેનો તથા બાળકોને પાણી માટે જ્યાં ત્યાં ભટકવું પડતું. જેથી બહેનો કામે તથા બાળકો શાળાએ પણ જઈ શકતા ન હતા.

વર્ષ ૨૦૦૨માં આશાપુરા ફાઉન્ડેશન સંસ્થાના કાર્યકર્તાઓએ બેરૂ ગામની મુલાકાત લીધી ત્યારે ગામલોકોએ ઉપરોક્ત તમામ પરિસ્થિતિથી વાકેફ કરેલ. જે અનુસંધાને MORD (મિનિસ્ટ્રી ઑફ રૂરલ ડેવલપમેન્ટ) પ્રોજેક્ટ હેઠળ બેરૂ ગામમાં પીવાના પાણીની વ્યવસ્થા માટે ગામમાં આવેલ ગામ તળાવને ઊંડું ઉતારવાનું તથા તળાવની આવક વધારવાનું કામ કરવામાં આવ્યું. તથા પશુને પીવાના પાણી માટે અલગથી એક તળાવ બનાવવામાં આવ્યું. આ ઉપરાંત તળાવમાં એક ૮૦ ફૂટ ઊંડો કૂવો બનાવવામાં આવ્યો. જેથી ગામ લોકોને ચોખ્ખું અને પૂરતું પાણી મળી રહે. પશુના ઘાસચારા માટે સીમમાં ૧૦૦ એકર જમીનમાં ઘાસ પ્લોટ બનાવવામાં આવેલ. જેથી માલધારીના પશુને પણ પૂરતા પ્રમાણમાં ગામમાં જ ચારો મળે અને પોતાના માલને લઈને ક્યાંય જવું પડે નહીં.

વર્ષ ૨૦૦૬માં વાસ્મો પ્રોજેક્ટ અંતર્ગત બેરૂ ગામે પીવાના પાણી માટેનો બોર, પંપીંગ મશીનરી, પાણીનો ૬૦ હજાર લીટરનો ટાંકો, પાઈપલાઈન તથા ઘર - ઘર નળ કનેક્શન દ્વારા જોડવામાં આવેલ. જેથી હાલે પીવાના પાણી માટે પારાવાર મુશ્કેલી હતી ત્યાં આજે ૨૪ x ૭ એટલે અઠવાડિયાના સાતેય દિવસ ચોવીસ કલાક પાણી મળી રહે છે. પાણીની વ્યવસ્થા સુંદર રીતે થતાં તથા ગામલોકો આખી યોજના સ્વતંત્ર રીતે ચલાવતા થયા તેના કારણે ગામમાં ૧૦૦% ગટર લાઈન અને ૧૦૦% સેનીટેશનની વ્યવસ્થા થઈ તથા ગટરના ગંદા પાણીના શુદ્ધિકરણ પ્લાન્ટ પણ કરવામાં આવ્યા છે.

અત્યારે બેરૂ ગામે પાણીની સુંદર વ્યવસ્થા કરેલ છે. ગામમાં સી.સી. રોડ, સેનીટેશન, ગટર લાઈન, રબારી તથા હરિજન સમાજવાડી, ગામમાં દેવ-દેવીના સુંદર મંદિરો, કોમ્યુનિટી હોલ, પ્રાથમિક શાળા વગેરે જેવા કામો કરી ગામને આદર્શ ગામ બનાવવા તરફ જઈ રહ્યા છે. શિક્ષણ ક્ષેત્રે પણ ગામમાં ૧ થી ૮ ધોરણ સુધીની સ્કૂલ આવેલ છે. ગામના બાળકો શિક્ષણ લેતા થયા છે. વાલીઓમાં અભ્યાસ પ્રત્યે જાગૃતતા આવી છે. સ્વચ્છતા બાબતે ઘર તથા શેરીની સ્વચ્છતા રાખતા થયા છે. અને હવે ભવિષ્યના આયોજનમાં ગામમાં નવા બનાવેલ શિવ મંદિરમાં સુંદર બગીચો બનાવવો, ગામમાં ગૌશાળા બનાવવી તથા ગામમાં સ્વચ્છતા માટેના કાર્ય કરવા જેવા કામો વિચારે છે. જે પરથી લાગે છે કે બેરૂ ગામ આદર્શ ગામ બનવા તરફ આગળ વધી રહ્યું છે, એમ આશાપુરા ફાઉન્ડેશન, નખત્રાણા - કચ્છની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

★

## શહીદ ગીતાબેન રાંભિયાને શ્રધ્ધા સુમન

ગુજરાતમાં ગૌહત્યા અથવા ગૌ રક્ષાનો વિરોધ કરનારા કાર્યકર્તાઓ પર અવારનવાર ખાટકીઓ દ્વારા હુમલા થતા હોવાના સમાચાર ઘણી વખત વાંચતા હોઈએ છીએ. આ ઘાતકી હુમલાઓના ભોગ બની શહીદ બનેલા જીવદયા પ્રેમીઓની સંખ્યા પણ ઓછી નથી.

આ રીતે અમદાવાદમાં ગીતાબેન બચુભાઈ રાંભિયાની પણ તા. ૨૭-૮-૧૯૯૩ના રોજ કસાઈઓ દ્વારા ક્રૂર હત્યા કરવામાં આવી હતી. તેમની શહીદી બાદ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા તેમના શહીદીના સ્થળે સ્મૃતિ સ્મારક બનાવવામાં આવ્યું છે.

તેમણે પોતાના જીવકાળ દરમ્યાન એક લાખ પાંસઠ હજારથી વધુ અબોલ જીવોને ગેરકાયદેસર કતલખાને જતાં બચાવી અભયદાન અપાવેલ હતું. તે રીતે મોટા પ્રમાણમાં બીમાર પશુ - પક્ષીઓને સારવાર પણ અપાવેલ હતી.

ઉપરોક્ત કારણે તેમને જુદા જુદા સ્થળે અનેક ઍવોર્ડ તેમજ સન્માનપત્રોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં અમદાવાદ શહેરના મેયરશ્રીના હસ્તે ઍવોર્ડ, શ્રીમતી મેનકા ગાંધીના હસ્તે શૌર્યચંદ્રક તેમજ એનિમલ વેલફેર બૉર્ડ ઓફ ઈન્ડિયા (ચેન્નાઈ) દ્વારા અપાયેલ વીરચક્ર ઍવોર્ડ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા અપાયેલ કચ્છ રત્ન ઍવોર્ડ તેમજ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીના હસ્તે અર્પણ થયેલ કચ્છ ગૌરવ ઍવોર્ડ મુખ્ય છે.

સ્વ. ગીતાબેન રાંભિયાની શહીદી બાદ તેમની સ્મૃતિમાં અમદાવાદ ખાતે ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ તથા ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવેલ છે.

ગીતાબેનના અચાનક મૃત્યુ બાદ, તેમની સ્મૃતિમાં સ્થાપિત થયેલાં ઉપરોક્ત ટ્રસ્ટના મુખ્ય સંચાલક અને તેનાં તમામ કાર્યકરો અબોલ જીવોને અભયદાન દેવાના, પશુ-પક્ષીઓની સારવાર કરાવીને તેમને યોગ્ય સ્થાને સોંપવા, દર્દીઓને જરૂરી માર્ગદર્શન આપીને હોસ્પિટલમાં સારવાર અપાવવામાં વગેરે સેવાકીય કામગીરીમાં આજે પણ ખૂબ સક્રિય છે. જે ગીતાબેનની શહીદીની તિથિ નિમિત્તે ખરી સ્મરણાંજલી કહી શકાય.

ગીતાબેનની શહીદીની નોંધ સાથે હૃદયપૂર્વક શ્રધ્ધાસુમન અર્પણ.

શિખરજીની એકમાત્ર અને સર્વપ્રથમ
★★★ જેવી અદ્યતન એ.સી. હોટલ
SHIKHARJI Continental

ફાર ઈસ્ટ
All Inclusive Rs. 69,999/-
10 Days • Dep. : 21 Apr., 01, 12, 22 May, 1 June
સીંગાપોર • મલેશિયા • થાઈલેન્ડ

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા
TAK MAK® TOURS & TRAVELS
મુલુંડ • દાદર • પાર્લા
✆ : 93233 60708 / 25903514 • 5 • 6

## "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

**જુલાઈ – ૨૦૧૨ દરમ્યાન નીચે મુજબ લવાજમ પ્રાપ્ત થયેલ છે.**

### રિન્યૂ થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- કેતન દામજી ફુરિયા — ઘાટકોપર, મુંબઈ
- કુંવરજી જેઠાભાઈ ખોના — મુલુંડ (વેસ્ટ), મુંબઈ
- લલિતકુમાર પી. શાહ — કલકત્તા

#### ૫ વર્ષનું લવાજમ

- લક્ષ્મીચંદ કુંવરજી દેઢિયા — ગાંધીધામ, કચ્છ
- ધનજી ભાણજી ગોસર — સોલાપુર (મહારાષ્ટ્ર)
- મહેન્દ્ર સુધાકર શાહ — ભાવનગર

#### આજીવન લવાજમ

- અમૃતલાલ ડી. ગાલા — ચેન્નાઈ
- પંકજ ધનજી ગડા — ચેન્નાઈ

### નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- રાજેન હરિલાલ શાહ — સુરત
- શેઠશ્રી નરશી નાથા ટ્રસ્ટ — નલિયા, કચ્છ
- મધુકાંત બાબુલાલ શાહ — માંડવી, કચ્છ
- ચંદ્રકાંત શિવલાલ શાહ — બેંગ્લોર
- ખીમજી શામજી મારૂ — અકોલા (મહારાષ્ટ્ર)
- દીપક છેડા — મુલુંડ (વેસ્ટ), મુંબઈ
- કિશોર હીરજી નાગડા — ભુજ, કચ્છ

#### ૩ વર્ષનું લવાજમ

- ગીતેશ સી. ગાંધી — રાજકોટ
- ભરત બાબુલાલ શાહ — ભુજ, કચ્છ
- કૌશિકભાઈ વી. સંઘવી — માટુંગા (ઈસ્ટ), મુંબઈ

### ભારતની ગ્રામીણ સમાજની પદ્ધતિમાં હવે આવતો બદલાવ

બૈતુલ જિલ્લામાં એક નવવધૂ પરણ્યાની પહેલી જ રાત્રે સાસરું છોડીને પાછી ચાલી ગઈ કેમકે ત્યાં શૌચાલય નહોતું. એજ અરસામાં ઉત્તર પ્રદેશના ત્રણ જુદા જુદા વિસ્તારમાં નવી પરણેલી યુવતીઓએ જાજરૂને મુદ્દે આવું જ પગલું ભર્યાના સમાચાર મળેલ છે.

## 'મંગલ મંદિર'ના પૂરા થતાં લવાજમની વિગત

**ઓગસ્ટ-૨૦૧૨ દરમ્યાન પૂરાં થઈ રહેલ લવાજમના ગ્રાહકોની યાદી**

| | | |
|---|---|---|
| ૧. | જયેન્દ્ર સી. સંઘવી | ભુજ |
| ૨. | વિનોદ કાનજી મોરબિયા | મુંદ્રા |
| ૩. | સહજાનંદ ટ્રાવેલ્સ | અમદાવાદ |
| ૪. | મનીષ અમૃતલાલ મહેતા | સુરત |
| ૫. | નવીન દેવરાજ દેઢિયા | દાદર (ઈસ્ટ), મુંબઈ |
| ૬. | નરેન્દ્ર ચાંપશી શાહ | દાદર (ઈસ્ટ), મુંબઈ |
| ૭. | વસંતલાલ ડી. ઝોતા | માટુંગા, મુંબઈ |
| ૮. | લીલાધરભાઈ મહેતા | સાયન (વેસ્ટ), મુંબઈ |
| ૯. | પ્રમોદ એચ. વોરા | દાદર (વેસ્ટ), મુંબઈ |
| ૧૦. | લીલાબેન બી. અજાણી | બોરીવલી (ઈસ્ટ), મુંબઈ |
| ૧૧. | પ્રવીણચંદ્ર માણેકલાલ શાહ | કાંદિવલી (વેસ્ટ), મુંબઈ |
| ૧૨. | દિનેશ વી. મોતા | વિક્રોલી (વેસ્ટ), મુંબઈ |
| ૧૩. | કિરીટ દામોદર શાહ | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૧૪. | જયચંદ માણેકજી લોડાયા | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૧૫. | લક્ષ્મીચંદ રામજી સાવલા | બોરીવલી (વેસ્ટ), મુંબઈ |
| ૧૬. | વિનોદભાઈ દિનેશ પટેલ | થાણા (વેસ્ટ), મુંબઈ |
| ૧૭. | કિરીટભાઈ દિનેશ પટેલ | થાણા (વેસ્ટ), મુંબઈ |
| ૧૮. | દિનેશભાઈ દયારામ પટેલ | થાણા (વેસ્ટ), મુંબઈ |
| ૧૯. | દિલીપ દિનેશ પટેલ | થાણા (વેસ્ટ), મુંબઈ |
| ૨૦. | કમલ એ. શાહ | કોલકત્તા |

## દુષ્કાળ અને જાનહાનિ

| | દુષ્કાળગ્રસ્ત દેશ | વર્ષ | તે સમયે થયેલાં મૃત્યુ |
|---|---|---|---|
| ૧. | ઈથોપિયા | ૧૯૬૬ | ત્રણથી ચાર લાખ |
| ૨. | બાયફ્રા-નાઈજિરીયા | ૧૯૬૮-૭૦ | દસ લાખ |
| ૩. | પશ્ચિમ આફ્રિકા | ૧૯૬૯-૭૪ | એક લાખ |
| ૪. | હિંદુસ્તાન | ૧૯૭૨-૭૪ | એક લાખ બત્રીસ હજાર |
| ૫. | બાંગ્લાદેશ | ૧૯૭૪ | પંદર લાખ |
| ૬. | કંબોડિયા | ૧૯૭૯ | પંદરથી વીસ લાખ |
| ૭. | મોઝામ્બિક | ૧૯૮૨-૮૫ | એક લાખ |
| ૮. | ઈથોપિયા | ૧૯૮૩-૮૫ | દસ લાખ |
| ૯. | સુદાન | ૧૯૮૪-૮૫ | અઢી લાખ |
| ૧૦. | સોમાલિયા | ૧૯૯૧-૯૩ | ત્રણથી પાંચ લાખ |
| ૧૧. | ઉત્તર કોરિયા | ૧૯૯૫-૯૯ | અઢીથી સાડા ત્રણ લાખ |

*"નિરીક્ષક", તા. ૧૬-૧૧-૧૧*

*પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

*કેફ ના ચઢે, તેનું નામ જ્ઞાન.*

# સાર સમાચાર

*સંકલનકર્તા : શાંતિલાલ સંઘવી*

(૧) છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાત રાજ્યમાં ૫૫૬૧ ખૂન, ૨૩૮૯ જીવલેણ હુમલા તથા ૧૬૦૬૪ બાળકો ગૂમ થયા છે. *(ગુજરાત ટુડે, તા. ૫-૪-૧૨)*

(૨) ગુજરાત સરકાર જાહેર દેવાની ચૂકવણી માટે રોજના રૂા. ૩૪.૨૫ કરોડ ચૂકવશે. એટલે કે દર કલાકે રૂા. ૧.૪૩ કરોડ એટલે કે દર મિનિટે રૂા. ૨૩.૮૫ લાખ થાય. *(ગુજરાત સમાચાર, તા. ૫-૩-૧૨)*

(૩) આપણા ખ્યાતનામ ખગોળવિદ શ્રી જે.જે. રાવળને મદ્રાસમાં 'મહાવીર ફાઉન્ડેશન' ઍવોર્ડ સાથે રૂા. દસ લાખ મળ્યા જે પૂરેપૂરી રકમ તેમણે પ્લેનેટોરિયમ સોસાયટીને આપી દીધી. *(વિવેકપંથી, મે-૨૦૧૨)*

(૪) વણજોઈતા બાળકોને કચરાપેટીમાં નાખવામાં ન આવે તે માટે રશિયામાં આવા બાળકો માટે ખાસ ડ્રોપ બોક્સ મૂકવામાં આવ્યા છે. *(વિવેકપંથી, મે-૨૦૧૨)*

(૫) અલીગઢની મુસ્લિમ યુનિવર્સિટીની લાઈબ્રેરીમાં સ્ત્રીઓને (વિદ્યાર્થિનીઓને) પ્રવેશની મનાઈ છે. *(વિવેકપંથી, મે-૨૦૧૨)*

(૬) ગુજરાતના ડાંગ જિલ્લાનો આવાસ કૌભાંડ કે જેમાં ૧૫૬ આવાસોનાં નાણાં ચૂકવાઈ ગયા છે છતાં એક વર્ષ પછી તેમના પાયા પણ ખોદાયા નથી. *(ગુજરાત મિત્ર, તા. ૨૦-૪-૧૨)*

(૭) ફ્રાંસના નવા ચૂંટાયેલા પ્રમુખ હોલાન્ડે એ ચૂંટણી ઝુંબેશ દરમ્યાન આપેલા વચન મુજબ પોતાના, વડાપ્રધાનના તથા અન્ય પ્રધાનોના પગારમાં સ્વેચ્છાએ ૩૦ ટકાનો કાપ મૂક્યો છે. *('લોક સ્વરાજ', જૂન ૨૦૧૨)*

(૮) ફ્રાંસના નવા રાષ્ટ્રપતિ હોલાન્ડેએ જાહેર કર્યું છે કે કોઈ ભેટસોગાદ કે વ્યક્તિગત નિમંત્રણો સ્વીકારવામાં આવશે નહીં. બને ત્યાં સુધી તમામ મંત્રીઓ જાહેર ટ્રેનમાં જ પ્રવાસ કરશે. કદાચ કારમાં જવાની જરૂર પડશે તો રસ્તે ટ્રાફિકના નિયમોનું પાલન કરશે. *('લોક સ્વરાજ', જૂન ૨૦૧૨)*

(૯) મહારાષ્ટ્રના ચંદ્રપુરમાં એક બંડુ ધોત્રે નામના ૩૧ વર્ષના યુવાને ઉપવાસ શરૂ કર્યા તેની સાથે જનતા પણ જોડાઈ. પરિણામે તે સમયના પર્યાવરણમંત્રી જયરામ રમેશ જાતે ત્યાં ગયા અને અદાણીની સાથે કરવામાં આવેલો કરાર રદ કરી ૧,૦૦૦ એકર જમીનને ખનનમાંથી બચાવી. *('લોક સ્વરાજ', જૂન ૨૦૧૨)*

(૧૦) સુરત શહેર વ્યાયામ શિક્ષક સંઘે ફરિયાદ કરી છે કે ખેલ મહાકુંભમાં ઉત્તમ પ્રદર્શન કરનાર ખેલાડીઓમાંના કોઈને પુરસ્કાર કે ટ્રોફી કે ઍવોર્ડ મળ્યા નથી. *(ગુજરાત મિત્ર, તા. ૨૪-૪-૧૨)*

(૧૧) ગુજરાતમાં ઉત્સવ-મેળાઓનો ખર્ચ વધી જતાં કિડની ઈન્સ્ટિટ્યૂટની ગ્રાન્ટ રૂા. ૧૪૩૭.૮૬ લાખની હતી તે ઘટાડીને રૂા. ૯૧૦.૩૮ લાખની કરી દેવાઈ છે. તેવી જ રીતે યુ.એન. મહેતા કાર્ડિયોલોજી હોસ્પિટલને પણ અગાઉના વર્ષ કરતાં રૂા. ૧૨.૫ કરોડ ઓછા ફાળવાયા છે. *(ગુજરાત ટુડે, તા. ૨૫-૪-૧૨)*

(૧૨) અત્યંત ધીમી ગતિએ વર્ષોથી ચાલતા નાણાંવટી કમિશન પાછળ સાડા ચાર કરોડ તો ખર્ચાઈ ચૂક્યા છે. જસ્ટીસ નાણાવટીના વકીલ પુત્રને કાયદા વિભાગે રૂા. ૨૭.૨૦ લાખ ચૂકવી દીધા છે. *(ગુજરાત ટુડે, તા. ૧૨-૫-૧૨)*

(૧૩) સેલફોન જન્મ્યો ભલે અમેરિકામાં પણ તેના વપરાશમાં અમેરિકા ઈક્કોતેરમાં નંબરે છે. *(અખંડ આનંદ, મે-૨૦૧૨)*

(૧૪) ભારતીય વૈજ્ઞાનિકોનો દાવો છે કે રામસેતુ તરીકે ઓળખાતા કમાન આકારના પુલમાં સાત પ્રકારના અલભ્ય રેડિયો એક્ટિવ તત્ત્વો પ્રચૂર માત્રામાં છે. જે માત્ર ભારતમાં જ છે. આ વાત ભારતના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ કલામ સાહેબે પણ જણાવી છે. આ પુલ તોડવા અમેરિકા ભારત સરકાર પર દબાણ કરી રહી છે. જેથી એ પુલનો કાટમાળ અમેરિકા ખરીદીને અખૂટ ઊર્જાનું સ્વામી બની શકે. *(સાધના, તા. ૯-૬-૧૨)*

(૧૫) મનોરંજન રોય નામના એક નાગરિકે આર.ટી.આઈ. હેઠળ કેન્દ્રના ગૃહ મંત્રાલયને અરજી કરી પૂછાવ્યું કે "આપણા દેશનું સત્તાવાર નામ શું છે?" જવાબમાં ગૃહ મંત્રાલયે જણાવ્યું કે આ દેશના સત્તાવાર નામની તેમની પાસે કશી જ માહિતી નથી!! *(સાધના, તા. ૯-૬-૧૨)*

(૧૬) જાપાન સરકારે જાહેર કરેલું કે ફુકુશીમા અણુ દુર્ઘટનામા વિકિરણોની અસર લાખો નાગરિકો પર પડી છે. પણ ભારતના પરમાણુ ઊર્જા વિભાગના ભૂતપૂર્વ પ્રમુખ ડૉ. એમ.આર. શ્રીવાસ્તવ કહે છે કે ફુકુશીમા અકસ્માતને કારણે કોઈ જાપાની નાગરિકને વિકિરણોની અસર થઈ નથી! *(ભૂમિપુત્ર, તા. ૧-૬-૧૨)*

(૧૭) ભારત દર વર્ષે ૪૫ હજાર કરોડની જેનેરિક (એટલે કે બ્રાન્ડ નેમ વગરની) દવાની નિકાસ કરે છે. પણ ભારતના લોકોને તે મળતી નથી. બ્રાન્ડેડ તથા જેનેરિક દવાની અસર સરખી જ હોય છે પણ ભાવમાં એક હજારથી પણ વધારે ટકાનો ફરક હોય છે. *(સાધના, તા. ૧૬-૬-૧૨)*

(૧૮) સુપ્રીમ કોર્ટે જે અપરાધીઓને ફાંસીની સજા ફરમાવેલ છે એવા ૩૦ અપરાધીઓની ફાંસીની સજા રાષ્ટ્રપ્રમુખ પ્રતિભા પાટીલે માફ કરેલ છે. *(સાધના, તા. ૧૬-૬-૧૨)*

(૧૯) માલની હલકી ગુણવત્તાના કારણે ઘણા લોકો ચીન તથા નેપાળમાં બનેલ માલ પસંદ કરતા નથી. એટલે હવે આવા માલ 'મેઈડ ઈન ઈન્ડિયા'ના લેબલ હેઠળ વેચાઈ રહ્યા છે. *(સાધના, તા. ૧૬-૬-૧૨)*

(૨૦) કુસ્તીમાં ૧૭ વાર નેશનલ ચેમ્પિયન બની ચૂકેલા અને ૨૫ વાર સ્ટેટ ચેમ્પિયન બની ચૂકેલા નાનપુરા ગામના પરેશ કહાર આજે સુરતમાં રીક્ષા ફેરવીને પોતાનું ગુજરાન ચલાવે છે. *(સાધના, તા. ૧૬-૬-૧૨)*

(૨૧) ગુજરાત રાજ્યમાં પાંચ વર્ષથી ઓછી ઉંમરના અને ઓછું વજનવાળા બાળકોનું પ્રમાણ ૪૪.૭% છે. અને લોહીમાં ઓછું હિમોગ્લોબિન ધરાવનાર ૧૫થી ૪૫ વયજૂથની સ્ત્રીઓનું પ્રમાણ ૫૫% છે. *(નયા માર્ગ, તા. ૧૬-૬-૧૨)*

(૨૨) જાણીતા ટી.વી. શો 'સત્યમેવ જયતે'ની આવક મસ્જિદો બાંધવામાં તથા મુસ્લિમ યુવકોના મજહબી શિક્ષણ માટે વપરાશે. આમીર ખાનને એક એપિસોડના રૂા. ત્રણ કરોડ મળે છે. મહિનામાં ચાર અથવા પાંચ શો તરીકે આમીરને દર મહિને બાર અથવા પંદર કરોડની કમાણી થાય છે. *(સાધના, તા. ૨૩-૬-૧૨)*

(૨૩) જાણીતા ટી.વી. શો 'સત્યમેવ જયતે'ને એક એસ.એમ.એસ. દીઠ ચાર રૂપિયા સબસીડી મળશે. શોના માલિકોએ જાહેર કર્યું છે કે એસ.એમ.એસ.ની આવક એટલે કે એક એસ.એમ.એસ.નો એક રૂા. – તે સામાજિક સંસ્થાને દાન આપશે અને સરકાર તરફથી મળનાર રૂા. ચાર પોતાના, પોતાની પાસે રાખશે! *(સાધના, તા. ૨૩-૬-૧૨)*

(૨૪) ટી.વી. પરની તમામ જાહેરાતોમાં સૌથી મોંઘી જાહેરાત 'સત્યમેવ જયતે'ના શોની છે. આ શોમાં દસ સેકંડની જાહેરાત માટે રૂા. દસ લાખ લેવામાં આવે છે. *(સાધના, તા. ૨૩-૬-૧૨)*

(૨૫) આર્થિક મંદીના કારણે નોબેલ પોરિતોષિકોના આયોજકોએ ઈનામની રકમમાં હવેથી ૨૦% ટકાનો કાપ મૂક્યો છે. *(સાધના, તા. ૨૩-૬-૧૨)*

## દુઃખમાં દર્પણ જરૂરી છે, દૂરબીન નહીં

વિશિષ્ટ કોટિના પર્વમાં પર્યુષણા પર્વનું સ્થાન મોખરે છે. જેમાં જેમ પ્રતિક્રમણ કરવાનું મહત્ત્વ છે, યથાશક્તિ ઉપવાસ વગેરે તપસ્યા કરવાનું મહત્ત્વનું ગણાય છે તેમ શ્રી કલ્પસૂત્રનું શ્રવણ કરવાનું પણ એટલું જ મહત્ત્વનું છે. શ્રી કલ્પસૂત્રના પહેલા દિવસના પહેલા વ્યાખ્યાનમાં ઈન્દ્ર મહારાજાની વાત આવે છે ત્યારે કાર્તિક શેઠની કથા આવે છે. કથા જાણીતી છે; તેમાં આવતો ગૈરિક તાપસનો પ્રસંગ પણ જાણીતો છે. આ નાના લાગતા પ્રસંગનો બોધ ઘણો મોટો છે. આ બોધ એટલો બધો કિંમતી છે કે એને જો સમજી શકીએ તો આપણા જીવનમાં આર્તધ્યાનને કાયમ માટે દેશવટો મળી જાય!

'શ્રી કાર્તિક શેઠ પારણું કરાવે તો જ હું પારણું કરવા આવું.' આવું ગૈરિક તાપસે રાજાને કહ્યું. રાજાના કહેવાથી કાર્તિક શેઠ આવ્યા. ગૈરિકને પારણું કરાવ્યું, તે વખતે તાપસે નાકે આંગળી મૂકીને ભરી સભા વચ્ચે કાર્તિક શેઠનું જે અપમાન કર્યું ત્યારે ધર્મપરિણિત એવા કાર્તિક શેઠે શું વિચાર્યું એ મહત્ત્વનું છે. અપમાનિત થયેલા પોતાના આત્માને, રાજા માટે, ગૈરિક માટે ઘણી જાતના વિચાર આવે તેમ હતા. છતાં વિચાર માત્ર પોતાની જાતનો જ આવ્યો. અને તે પણ વાંઝિયો વિચાર ન કર્યો. વિચારનું સ્વરૂપ આવું હતું, 'જો મેં મુનિસુવ્રત સ્વામી પાસે દીક્ષા લીધી હોત તો અપમાનનો આ પ્રસંગ આવ્યો જ ન હોત.' આમ આવા દુઃખદ પ્રસંગે દર્પણ હાથમાં લીધું, દૂરબીન નહીં.

કથાનક એમ સમજાવે છે કે, જીવનમાં જ્યારે જ્યારે કોઈ પણ જાતના દુઃખના પ્રસંગો આવે ત્યારે તમારી જાતનો જ વિચાર કરજો. તમારે શું કરવું જોઈએ એ જ વિચાર કરજો. સામાએ શું કરવું જોઈએ એ વિચાર નિરર્થક છે.

અને એ વિચાર આત્મા માટે અનર્થક પણ છે. ચહેરો જોવા દર્પણ જ ઉપકારક છે, દૂરબીન નહીં. ■

**રમેશ ડી. લોડાયા** (02832) 225694
98259 93496, 97277 99496

ભુજમાં રહેવા ઉતરવા માટેનું ઉત્તમ સ્થળ...
જૈન અતિથિગૃહ તથા ફંકશન હોલ

**હંસા ડાઈનીંગ હોલ**
**એક્મ ભવન**

નોંધ : માસિક તથા છુટક જમવાનું તેમજ ટિફીન વ્યવસ્થા ઉપલબ્ધ છે.
રવિ ટોકીઝની પાછળ, સ્ટેશન રોડ, ભુજ, કચ્છ.

### દોસ્તી....!

દોસ્તી સાચા અંતરની, ફિટાય તો ફીટે નહીં,
દોસ્તી સાચો પ્રાણ, મરણેય મીટે નહીં.
દોસ્તી અમૃતવેલ, નવચેતન દે સદા,
દોસ્તી જન્માંતરના ખેલ, સૌને કરે એ ફિદા.
દોસ્તી મળેલા મન, હૂંફ ભરેલા હાથ,
દોસ્તી આત્મીયજન, સંકટમાં દે સાથ.
દોસ્તી કૃષ્ણ-સુદામાની, જે જગમાં પંકાય,
દોસ્તી ગમે એકમેકને, કરે કૃષ્ણ પૂરી સહાય.
દોસ્તી દરિયાદિલી, વિપદાની એ સાથી,
દોસ્તી કાચ સમાન, તૂટે એક 'ના' થી.
દોસ્તી અંતર વીરડી, ક્યારે નવ સુકાય,
દોસ્તી ધર્મ બજાવતા, ભવસાગર તરાય.

*'રશ્મિનજો રણકાર : ભાગ-૨' માંથી સાભાર*

**કચ્છજો માડુ...**

કચ્છજો માડુ ભુખ્ખ સૈંયેં ડુખ્ખ સૈંયેં, પણ કઢીયેં ન પિંઢજો કંધ;
માડુ મીળે હેંમથ વારા, તડેં રશ્મિન્ પુજેતાં પિંઢજે પંધ.
– *રશ્મિન્ ખોના (મુંબઈ)*

❀

**MAYUR PEER**

**NATIONAL ENTERPRISES**

CLEARING, FORWARDING
SHIPPING & TRANSPORT AGENT

277, Sahid Bhagat Singh Road, 1st Floor,
Suite No. 16, Hansraj Damodar Trust Building,
Fort, Mumbai-400 038.
**Tel. : 2266 3096 / 97, 3254 7879**
**Fax : 4347 0219**
**E-mail : mayurpeermumbai@yahoo.in**
**Website : www.burleighintl.com**

## સફળતાના દસ સૂત્રો

અમેરિકાના બંધારણના ઘડવૈયા થોમસ જેફરસન કહે છે કે જે કોઈ નીચેના દસ સિદ્ધાંતો અનુસાર કામ કરશે તે અવશ્ય સફળતા પ્રાપ્ત કરી શકશે. સફળતાના શિખરો એક પછી એક સર કરી શકશે.

આ રહ્યા થોમસ જેફરસે દર્શાવેલ દસ સિદ્ધાંતો :

૧. તમે આજે જે કામ કરી શકતા હો તેને ક્યારેય કાલ પર મુલતવી રાખશો નહિ.

૨. તમે જાતે જે કામ કરી શકતા હો તે ક્યારેય બીજાને સોંપતા નહિ - બીજા પર ઠેલશો નહિ.

૩. તમે જેટલું કમાયા હો તેનાથી વધુ ખર્ચ ક્યારે પણ કરશો નહિ.

૪. ખરેખર જેની અત્યંત જરૂર ન હોય તે વસ્તુ ક્યારેય ખરીદશો નહિ - પછી ભલે તે સસ્તામાં મળતી હોય.

૫. ગુસ્સો આવે ત્યારે કાંઈ પણ બોલતા પહેલાં મનમાં ૧૦ સુધી ગણી કાઢજો. ગુસ્સો બહુ ભારે હોય તો પૂરા ૧૦૦ સુધી ગણી નાખજો.

૬. ભૂખ અને તરસ કરતાં આત્મસંતોષને વધુ મહત્ત્વ આપજો.

૭. કોઈ પણ કામ હાથમાં લો તો ખૂબ સંભાળીને હાથમાં લેજો. સમય, શક્તિ અને તમારી આવડતનો પૂરો કયાસ કાઢીને હાથમાં લેજો.

૮. કોઈ પણ કામ કેટલી ઝડપે પૂરું કર્યું છે તેના કરતાં કેવી રીતે પૂરું કર્યું છે એને વધારે અગત્યનું માનજો. Quantityને બદલે Qualityને વધારે મહત્ત્વ આપજો.

૯. કોઈ પણ કામ કરો તો સ્વેચ્છાએ ઉમળકાથી કરજો. તેમ કરવાથી તમને કામમાં રસ પડશે, તમારું કામ દીપી ઉઠશે.

૧૦. તમારું કામ કરનારની કદર કરતાં શીખશો તો તમારા કામની કદર થશે. આમ છતાં સિદ્ધાંત એ રાખજો કે બીજાના સારા કામની કદર કરવી. પોતાના કામની કદર થાય તેના કરતાં પોતાના કામનો પોતાને સંતોષ થાય તેને વધુ મહત્ત્વ આપજો.

સફળતા અને નિષ્ફળતા વ્યક્તિ પર નિર્ભર છે. કેટલીક વ્યક્તિઓ અશક્ય કે મુશ્કેલ લાગતા કામને પોતાની આવડત, ખંત, ધીરજ અને દ્રઢ મનોબળ વડે સારી રીતે પાર પાડવા શક્તિમાન બને છે. તેથી ઊલટું કેટલીક વ્યક્તિઓ પોતાની બિન આવડત, ઉતાવળ, બેદરકારી અને મનની ચંચળતાને કારણે સરળ લાગતા કામને પણ ગૂંચવણભર્યું બનાવી દે છે.

નેપોલિયન બોનાપાર્ટના આ શબ્દો યાદ રાખવા જેવા છે : 'અશક્ય' શબ્દ મારા શબ્દકોષમાં નથી.

*સાભાર : "જીવન મંજરી"*

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

## કર્મનું ફળ ભોગવવું જ પડશે

મનુષ્ય કર્મ કરતી વખતે એ ભૂલી જાય છે કે તેનું ફળ તેણે પોતે જ ભોગવવાનું છે. જગત આખું કર્માધીન છે. જે જેવું કરે છે તે તેવું ફળ ભોગવે છે. કોઈ કોઈને સુખ કે દુઃખ આપતું નથી. દરેકને પોતે કરેલું કર્મ જ ભોગવવું પડે છે. કર્મની ગતિ એટલી પ્રબળ છે કે શંકર ભગવાન જેવા શિવને પણ ભિક્ષા માટે સાક્ષાત મા અન્નપૂર્ણા સમક્ષ હાથ ફેલાવવા પડે છે. તેમના પરમ મિત્ર યક્ષરાજ કુબેર ભંડારી હોવા છતાં પણ આ વિધિની વિડંબના નહીં તો બીજું શું? વનવાસની પ્રથમ રાત્રિએ રામ અને સીતા ભૂમિ પર સૂઈ ગયા. તે જોઈ ખૂબ દુઃખી થઈ ગયેલા નિષાદરાજ વિચારવા લાગ્યા કે અપાર વૈભવમાં રહેવા ટેવાયેલા રામ સીતાને આજે આવું દુઃખ? રાણી કૈકેયી પ્રત્યે એક સમયે ઉગ્ર રોષ વ્યક્ત કરતાં લક્ષ્મણ આ સમયે ખૂબ સ્વસ્થ બની જવાબ આપે છે કે કોઈ કોઈને સુખ કે દુઃખ આપતું નથી. દરેક વ્યક્તિ પોતપોતાના સારા કે ખોટા કર્મ અનુસાર સુખ કે દુઃખ ભોગવે છે.

સીતાના પિતા જનકરાજા મહાન હતા. સસરા દશરથ રાજા તો વળી ઈન્દ્રદેવના મિત્ર હતા. અયોધ્યાના રાજાના મહેલમાં પલંગ ઉપરથી ખોળામાં અને ખોળામાંથી પલંગમાં બેસનારા સીતાજીને આજે ખુલ્લે પગે વનમાં ફરવાનો વારો આવ્યો છે. તેમાં વિધિની વક્રતા નહીં તો બીજું શું?

પૂર્વજન્મનાં સંચિત કર્મો જ એકત્રિત થઈને ભાગ્યનું સ્વરૂપ ધારણ કરે છે. સંસ્કૃતના એક સુભાષિતમાં કહ્યું છે કે, 'શંકર ભગવાન પોતે મહાન ઈશ (મહેશ) છે. ધનના સ્વામી કુબેર પણ તેમના પરમ મિત્ર છે. સમૃદ્ધ સસરા હિમાલય છે તો પણ ભગવાન શંકરને ભિક્ષા માટે રખડવું પડે છે. તેમાં પણ વિધિની વક્રતા જ રહેલી છે. જીવનમાં આપણને ઘણીવાર એવું લાગે છે કે કોઈ એક વ્યક્તિએ આપણને ખૂબ દુઃખી કરી નાખ્યા છે. ત્યારે આ પંક્તિઓ યાદ કરવા જેવી છે : 'કોઈ કોઈને સુખી કે દુઃખી કરતું નથી. પણ વિધિ જ આપણને સુખ કે દુઃખ આપવા નિમિત્ત બનીને આવે છે.' સુખ મળે ત્યારે તેનો યશ માણસ પોતાને ફાળે નોંધાવે છે જ્યારે દુઃખ પ્રાપ્ત થાય ત્યારે તે માણસ બીજા ઉપર દોષનો ટોપલો ઢોળે છે. આ વલણ યોગ્ય નથી. આ જગતમાં સુખ દુઃખનું ચક્ર તો પ્રત્યેકના જીવનમાં ચાલતું જ રહે છે. 'ચક્રવત્ પરિવર્તન્તે સુધાતિ ચ દુખાતિ ચ." તેથી સંતો સુખ તથા દુઃખમાં સમતા ધારણ કરવાનું, સ્વસ્થતા ધારણ કરવાનું કહેતા હોય છે. સુખ તથા દુઃખ આપણા જ આ જન્મના કે પૂર્વ જન્મના કર્મોના પરિપાકરૂપે જ મળે છે. તે માટે બીજાને દોષ દેવો નિરર્થક છે.

કોઈ કોઈના કામમાં અકારણ દખલ કરે તો તેનું ફળ તેને ભોગવવું પડે છે. સાદી તથા સરળ ભાષામાં કહીએ તો કર્મ એટલે ક્રિયા. આપણે જે કાંઈ ક્રિયા કરીએ છીએ તે છે કર્મ. માણસ સવારે જાગે અને તે રાત્રે સૂઈ જાય ત્યાં સુધી તે જે ક્રિયા કરે છે તે છે કર્મ. કર્મ ભોગવ્યા સિવાય કોઈનોય છૂટકો નથી.

*સાભાર : "પરિત્રાણ"*

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

*જે મળે તેનાથી ચલાવી લેવું, તેનું નામ ત્યાગ.*

## શબ્દ રમત-૭૩

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ■ | ૩ | ૪ | ૫ | ■ | ૬ | | ૭ | ૮ | ■ |
| ૯ | | ૧૦ | ■ | ૧૧ | | ૧૨ | ■ | ■ | ૧૩ | | ૧૪ |
| ■ | ૧૫ | | ૧૬ | ■ | ૧૭ | | ૧૮ | ૧૯ | ■ | ૨૦ | |
| ૨૧ | ■ | ૨૨ | | ૨૩ | ■ | ■ | ૨૪ | | ૨૫ | ■ | |
| ૨૬ | ૨૭ | ■ | ૨૮ | | | ૨૯ | ■ | ૩૦ | | ■ | |
| ૩૧ | | ૩૨ | ■ | | ■ | ૩૩ | ૩૪ | ■ | ૩૫ | ૩૬ | ■ |
| ■ | ૩૭ | | ■ | ૩૮ | ૩૯ | ■ | | ■ | ૪૦ | | ૪૧ |
| ૪૨ | ■ | ૪૩ | ૪૪ | ■ | ૪૫ | | | ૪૬ | ■ | ૪૭ | |
| | ■ | ૪૮ | | ૪૯ | ■ | ■ | ૫૦ | | ૫૧ | ■ | |
| ૫૨ | ૫૩ | ■ | ૫૪ | | ૫૫ | ૫૬ | ■ | ૫૭ | | ૫૮ | ■ |
| ૫૯ | | ૬૦ | ■ | ■ | ૬૧ | | ૬૨ | ■ | ૬૩ | | ૬૪ |
| ■ | ૬૫ | | | | ■ | ૬૬ | | | ■ | ૬૭ | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૦-૮-૨૦૧૨*

### આડી ચાવીઓ

૧. એક શિકારી પક્ષી (૨)
૩. નમ્રતાથી હકીકત કહી કરેલી વિનંતી (૩)
૬. નિરૂપાય, લાચાર (૪)
૯. પાકનો હિસ્સો, લશ્કરની સામગ્રી (૩)
૧૧. એક જ પંથના લોકોનો સમુદાય (૩)
૧૩. ખલાસ, સમાપ્ત (૩)
૧૫. અંધારૂં (૩)
૧૭. લલકારવું તે (૪)
૨૦. લાડ, નખરાં (૨)
૨૨. બંદગી (૩)
૨૪. રોકડું, કિંમતી (૩)
૨૬. બળદ (૨)
૨૮. ભાગ રાખનાર, સહાયક (૪)
૩૦. દૂધની મલાઈ (૨)
૩૧. એક જાતનું બારીક કાપડ (૩)
૩૩. પગ, દરજ્જો (૨)
૩૫. સુંદર, ડાબું (૨)
૩૭. એક તેજાનો (૨)
૩૮. ______ નું નામ મરી ન પાડે (૨)
૪૦. ચાર ગાઉનું અંતર (૩)
૪૩. પૂરેપૂરું, સંપૂર્ણ (૨)
૪૫. પતંગિયું (૪)
૪૭. રામનો પુત્ર (૨)
૪૮. દેવતાની ચિનગારી કે અંગારો (૩)
૫૦. નમસ્કાર (૩)
૫૨. જન્મ પછી બાળકનું પડાય (૨)
૫૪. કોટનો અમલદાર (૪)
૫૭. બ્રહ્માનો એક માનસ પુત્ર (૩)
૫૯. તીડ (૩)
૬૧. મોકલેલું, વિદાય કરેલું (૩)
૬૩. ઘટ, ખોટ (૩)
૬૫. તાકાત, હિંમત (૪)
૬૬. પખવાડિયાની દશમી તિથિ (૩)
૬૭. એક જ નામથી ઓળખાતો લોકસમૂહ (૨)

### ઊભી ચાવીઓ

૧. ______ ગાઉએ બોલી બદલાય (૨)
૨. એક ધાતુ (૩)
૪. જરાક, ધૂળ (૨)
૫. સૌંદર્ય (૩)
૭. ______ના બાર હજાર કર્યા (૨)
૮. સંભાળ, સાચવણ (૩)
૧૦. દમવું તે, પીડવું (૩)
૧૨. એક તેલીબિયું (૨)
૧૪. ______ નહીં શીખાતા, આપસ મેં બૈર રખના (૪)
૧૬. સમાવું તે, સમાવેશ (૩)
૧૮. સાંભળવાનો અવયવ (૨)
૧૯. લોહી લાલ (૩)
૨૧. ચૂકતે કરવાની રકમમાં અપાતી કસર કે રાહત (૩)
૨૩. કસબી, ભરતકામ (૪)
૨૫. મોટું બારણું (૪)
૨૭. લસતું હોય એવું (૩)
૨૯. તપસ્યા (૨)
૩૨. ક્ષત્રિયની એક જાતિ (૪)
૩૪. દરવાજો સાચવનારો, દ્વારપાળ (૪)
૩૬. એક દિવસની મુસાફરી જેટલું અંતર (૩)
૩૯. ઊડતી વાત, અફવા (૨)
૪૧. નવલું, આશ્ચર્યકારક (૩)
૪૨. પાયમાલી (૪)
૪૪. ધાતુની વસ્તુ ખખડવાનો અવાજ (૩)
૪૬. કીર્તિ (૩)
૪૯. નુકસાન (૨)
૫૧. દોજખ (૩)
૫૩. ચામડી પર ચોપડવાની દવા (૩)
૫૫. અઠવાડિયાનો દરેક દિવસ (૨)
૫૬. પંચ, પંચાતિયો (૩)
૫૮. દસ વર્ષનો સમય (૩)
૬૦. નસીબ, સદ્ભાગ્ય (૨)
૬૨. સંહાર, ખુવારી (૨)
૬૪. એક વિદેશી દારૂ (૨)

*પરમાત્મા ક્યારેય જન્મ લેતા નથી અને જે જન્મ લે છે તે ક્યારેય પરમાત્મા હોતા નથી.*

*જેનું મન ના બગડે, તેનું કોઈ કાર્ય ના બગડે.*

# અબડાસા ગૌશાળા ટ્રસ્ટ

ગામ : રાપરગઢવાળી, અબડાસા (કચ્છ)

## એક આદર્શ ગૌસંવર્ધન શાળા



ગીર ગાય



દેશી ગાય



થરપારકર ગાય



કાંકરેજ ગાય

**વિપુલ લોડાયા : મો. ૦૯૯૭૯૫ ૨૩૯૯૭**

**● ટ્રસ્ટીશ્રીઓ ●**

**મોહનભાઈ રાંભિયા (વિંઝાણ)**

**વસંતભાઈ શાહ (લાયજા)**

**હિતેશભાઈ મોતા (રાપરગઢ)**

## જૂન-૨૦૧૨ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૨૭નો સાચો ઉકેલ મોકલનારની પાછળથી મળેલ નામાવલિ

૨૭. ઉર્મિલા મહેશ શાહ - કોચીન
૨૮. કિરણ હરખચંદ સાવલા - ઉમરગામ
૨૯. લક્ષ્મીચંદ વિશનજી ધરમશી - બીજાપુર
૩૦. શ્રીમતી વીણા પ્રબોધચંદ્ર વોરા- ગાંધીનગર
૩૧. નંદા દિનેશ ગાંધી - બેંગ્લોર
૩૨. કિરણ લક્ષ્મીચંદ શાહ - અમદાવાદ
૩૩. હાર્દિક સનત મહેતા - અમદાવાદ

## જુલાઈ-૨૦૧૨ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૨૮નો સાચો ઉકેલ મોકલનારની નામાવલિ

૧. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ
૨. અવની મહેતા - અમદાવાદ
૩. અનુબેન મહેતા - અમદાવાદ
૪. અરવિંદ જે. ભટ્ટ - અમદાવાદ
૫. તારાચંદ ભવાનજી હેણિયા - હૈદ્રાબાદ
૬. કિરણ હરખચંદ ગાલા - ઉમરગામ
૭. સંકેત હસમુખ મહેતા - કોચીન
૮. ઉર્મિલા મહેશ શાહ - રાપર
૯. વર્ષા પારસ મહેતા - રાપર
૧૦. દેવલ ચંદ્રકાંત મૈશેરી - અમદાવાદ
૧૧. અવંતી દેવેશ દંડ - અમદાવાદ
૧૨. નીના અશોક ગોરજી - અમદાવાદ
૧૩. મીના પુંકેશ નાગડા - વડોદરા
૧૪. પ્રભા મહેન્દ્ર શેઠિયા - વલસાડ
૧૫. સરોજ અનુપ ચંદુરા - સુરત
૧૬. અંકિત અનુપ ચંદુરા - સુરત
૧૭. રૂપલ મયુર લોડાયા - વડોદરા
૧૮. સ્મિતા વિશાલ શાહ - અમદાવાદ
૧૯. ઉષ્મા વિશાલ શાહ - અમદાવાદ
૨૦. સુરેન્દ્ર બી. જૈની - અમદાવાદ
૨૧. નયન મધુકાંત મોમાયા - અંકલેશ્વર
૨૨. ચંદ્રિકા અશોક શાહ - રાઉરકેલા
૨૩. બકુલ એચ. શાહ - અમદાવાદ
૨૪. નવીન શામજી લાલકા - ગદગ (૧ ભૂલ)

# સુડોકુ

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૦૨૯ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૦-૮-૨૦૧૨ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ સપ્ટેમ્બર-૨૦૧૨ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

**શરતો :** ૧. **૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.**
૨. **૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.**

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

## ક્રમાંક - ૧૦૨૯

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૩ | | ૧ | | | ૪ | | |
| | | ૪ | ૮ | ૩ | | ૨ | ૫ | |
| ૯ | | ૫ | | | ૪ | | | ૬ |
| ૨ | ૧ | | | ૯ | | ૩ | | |
| | ૭ | | | ૫ | | | ૨ | |
| | | ૩ | | ૮ | | | ૪ | ૧ |
| ૮ | | | ૬ | | | ૫ | | ૪ |
| | ૨ | ૧ | | ૪ | ૮ | ૭ | | |
| | | ૬ | | | ૭ | | ૯ | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | | | ૪ | ૬ | | ૭ | |
| | ૩ | | ૮ | | | ૨ | | ૫ |
| ૪ | | ૭ | ૧ | | | | | |
| | ૬ | | | | ૭ | | | ૩ |
| ૨ | | ૮ | | ૫ | | ૯ | | ૭ |
| ૫ | | | ૯ | | | | ૨ | |
| | | | | | ૨ | ૭ | | ૮ |
| ૯ | | ૨ | | | ૪ | | ૩ | |
| | ૧ | | ૫ | ૮ | | | ૯ | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૩ | | ૪ | ૬ | ૭ | | ૨ |
| ૪ | | ૨ | ૩ | | | | | |
| ૬ | ૭ | | | ૯ | | | ૫ | |
| ૧ | | | ૯ | | | ૨ | ૭ | |
| | | | ૫ | ૭ | ૩ | | | |
| | ૪ | ૭ | | | ૨ | | | ૮ |
| | ૯ | | | ૧ | | | ૨ | ૭ |
| | | | | | ૫ | ૧ | | ૩ |
| ૭ | | ૧ | ૪ | ૩ | | ૫ | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨ | | ૯ | ૮ | | | | |
| | | | | ૧ | | ૭ | ૩ | |
| ૯ | | ૧ | | | ૬ | | ૮ | |
| | | ૨ | | | ૮ | | ૭ | ૪ |
| ૬ | | | ૧ | | ૭ | | | ૩ |
| ૮ | ૧ | | ૪ | | | ૫ | | |
| | ૭ | | ૮ | | | ૪ | | ૨ |
| | ૮ | ૪ | | ૨ | | | | |
| | | | | ૭ | ૪ | | ૧ | |

## ઉકેલ : ક્રમાંક - ૧૦૨૮

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૭ | ૪ | ૨ | ૩ | ૫ | ૧ | ૮ | ૯ |
| ૨ | ૩ | ૧ | ૯ | ૮ | ૪ | ૫ | ૭ | ૬ |
| ૯ | ૮ | ૫ | ૬ | ૧ | ૭ | ૪ | ૨ | ૩ |
| ૧ | ૪ | ૨ | ૫ | ૬ | ૮ | ૯ | ૩ | ૭ |
| ૩ | ૬ | ૭ | ૧ | ૪ | ૯ | ૨ | ૫ | ૮ |
| ૫ | ૯ | ૮ | ૭ | ૨ | ૩ | ૬ | ૪ | ૧ |
| ૪ | ૨ | ૯ | ૮ | ૭ | ૬ | ૩ | ૧ | ૫ |
| ૮ | ૫ | ૩ | ૪ | ૯ | ૧ | ૭ | ૬ | ૨ |
| ૭ | ૧ | ૬ | ૩ | ૫ | ૨ | ૮ | ૯ | ૪ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૬ | ૪ | ૫ | ૭ | ૩ | ૮ | ૧ | ૯ |
| ૮ | ૯ | ૭ | ૧ | ૪ | ૨ | ૬ | ૩ | ૫ |
| ૩ | ૫ | ૧ | ૮ | ૬ | ૯ | ૨ | ૭ | ૪ |
| ૪ | ૧ | ૩ | ૨ | ૯ | ૫ | ૭ | ૬ | ૮ |
| ૯ | ૨ | ૫ | ૮ | ૬ | ૭ | ૧ | ૪ | ૩ |
| ૬ | ૭ | ૮ | ૪ | ૩ | ૧ | ૯ | ૫ | ૨ |
| ૧ | ૮ | ૨ | ૭ | ૫ | ૪ | ૩ | ૯ | ૬ |
| ૭ | ૪ | ૯ | ૩ | ૨ | ૬ | ૫ | ૮ | ૧ |
| ૫ | ૩ | ૬ | ૯ | ૧ | ૮ | ૪ | ૨ | ૭ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૮ | ૧ | ૩ | ૯ | ૪ | ૬ | ૫ | ૨ |
| ૨ | ૪ | ૬ | ૫ | ૧ | ૮ | ૯ | ૭ | ૩ |
| ૯ | ૫ | ૩ | ૬ | ૭ | ૨ | ૧ | ૪ | ૮ |
| ૩ | ૭ | ૪ | ૨ | ૬ | ૧ | ૫ | ૮ | ૯ |
| ૫ | ૬ | ૨ | ૪ | ૮ | ૯ | ૭ | ૩ | ૧ |
| ૧ | ૯ | ૮ | ૭ | ૫ | ૩ | ૨ | ૬ | ૪ |
| ૮ | ૨ | ૫ | ૯ | ૩ | ૭ | ૪ | ૧ | ૬ |
| ૪ | ૧ | ૭ | ૮ | ૨ | ૬ | ૩ | ૯ | ૫ |
| ૬ | ૩ | ૯ | ૧ | ૪ | ૫ | ૮ | ૨ | ૭ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૫ | ૩ | ૮ | ૯ | ૭ | ૧ | ૪ | ૨ |
| ૪ | ૨ | ૯ | ૧ | ૩ | ૫ | ૬ | ૮ | ૭ |
| ૮ | ૭ | ૧ | ૪ | ૨ | ૬ | ૫ | ૩ | ૯ |
| ૨ | ૩ | ૬ | ૭ | ૧ | ૪ | ૯ | ૫ | ૮ |
| ૧ | ૮ | ૫ | ૯ | ૬ | ૨ | ૪ | ૭ | ૩ |
| ૯ | ૪ | ૭ | ૫ | ૮ | ૩ | ૨ | ૧ | ૬ |
| ૭ | ૧ | ૨ | ૩ | ૪ | ૯ | ૮ | ૬ | ૫ |
| ૫ | ૯ | ૪ | ૬ | ૭ | ૮ | ૩ | ૨ | ૧ |
| ૩ | ૬ | ૮ | ૨ | ૫ | ૧ | ૭ | ૯ | ૪ |

*બુદ્ધિ વધે તેમ બળાપો વધતો જાય.*

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ*

- **નાયગ્રા ધોધ :** અમેરિકાના નિક વાલેંદાએ કેનેડા અને અમેરિકા વચ્ચે નાયગ્રા ફોલને બે ઇંચ મોટા દોરડા પર ચાલીને પાર કર્યો છે. આ કરતબ કરનાર તેઓ વિશ્વની પ્રથમ વ્યક્તિ છે. દોરડાનો એક છેડો અમેરિકાની સરહદમાં અને બીજો છેડો કેનેડામાં હતો. તેમને જોવા માટે અમેરિકા તરફ ૪૦૦૦ માણસો તો કેનેડા તરફ સવા લાખ લોકો ઉપસ્થિત હતા. નિકના નામે ૬ ગીનીસ રેકોર્ડ છે. નિકના પરદાદા આવું કૌતુક કરતા મૃત્યુ પામ્યા હતા.
- **પાંચ પેઢી એક જ ઘરમાં :** ચાર પેઢીઓના એક સાથે હોવાના કિસ્સા તો અનેક છે પરંતુ મધ્યપ્રદેશમાં નાગદાથી ૨૦ કિ.મી. અંતરે મીનાવદા ગામમાં પાંચ પેઢી એક જ ઘરમાં સાથે રહે છે. ૧૨૨ વર્ષના કુંવરજી પાટીદાર પછી તેમના પુત્ર ૮૫ વર્ષના માંગીલાલ તેમના પુત્ર કનૈયાલાલ ૫૦ વર્ષના છે. તેમનો પુત્ર ૨૮ વર્ષનો પ્રહલાદ અને તેમનો પૌત્ર હરીઓમ ૬ વર્ષનો છે. આ પરિવારમાં હાલ ૬૫ લોકો એક સાથે જીવન વિતાવે છે.
- **રાષ્ટ્રપતિ ભવન :** રાષ્ટ્રપતિ ભવનના નિર્માણ માટે આર્કિટેક્ટ લ્યુટન હતા. આ ભવ્ય મહેલનું નિર્માણ બ્રિટીશરોએ કર્યું હતું. આનું માન વાઈસરોય લોર્ડ હાર્ડિન્જને ફાળે જાય છે. ૧૯૧૪માં રાષ્ટ્રપતિ ભવનનું ચણતર શરૂ થયું અને ૧૯૨૯માં બંધાઈ રહ્યું તેમાં પતિયાલાના કાળા આરસપહાણ જેસલમેરના પીળા આરસપહાણ અને વડોદરાની લીલી રાણી લાદી વાપરવામાં આવેલ. આ બાંધકામમાં ૧૪૦૦ ટન પોલાદ અને ૭૬૦૦૦ ટન સિમેન્ટ વાપરવામાં આવેલ. વિસ્તારમાં અને કદની દૃષ્ટિએ આપણા રાષ્ટ્રપતિ ભવન કરતાં જગતમાં માત્ર પેરીસ નજીકનો વરસેલ્સ પેલેસ જ મોટો છે.
- **પ્રથમ છાપું :** ભારતમાં યુરોપિયનોના પ્રવેશની સાથે જ સમાચાર પત્રોની શરૂઆત થઈ હતી. ગોવામાં ૧૫૫૭માં કેટલાક ખ્રિસ્તી પાદરીઓએ એક પુસ્તક છાપ્યું હતું. જે ભારતમાં છપાયેલું પ્રથમ પુસ્તક હતું. ભારતનું પ્રથમ અખબાર બહાર પાડવાનું શ્રેય જેમ્સ ઑગસ્ટ હિકી નામના અંગ્રેજને મળેલું છે. જેણે ૧૭૮૦માં 'બંગાલ ગેઝેટ'નું પ્રકાશન કર્યું હતું. કોઈ ભારતીય ભાષામાં પ્રકાશિત થનારું પ્રથમ માસિક અખબાર 'દિગ્દર્શક' હતું. ભારતનું સૌથી પહેલું મુખ્ય સમાચાર પત્ર 'સંવાદ કૌમુદી' હતું. આ સાપ્તાહિક પ્રકાશન ૧૮૨૧માં શરૂ થયું હતું.
- **સૌથી લાંબો દિવસ :** સૂર્યનું દક્ષિણાયન ૨૧ જૂનથી શરૂ થાય છે અને તે સૌથી લાંબો દિવસ છે. અમદાવાદમાં આ દિવસ ૧૩ કલાક અને ૩૩ મિનિટનો હોય છે. ૨૨ જૂનથી ૨૨ ડિસેમ્બર વચ્ચે સૂર્યનું દક્ષિણાયન રહે છે. પૃથ્વી લંબ વર્તુળમાં સૂર્યનું પરિભ્રમણ કરે છે. સૂર્યના ઉત્તરાયણ સમયે તાપ રહે છે તો દક્ષિણાયન સમયે ઠંડી વધે છે. ૨૧ જૂનના રોજ સૂર્યના કિરણો સીધા કર્ક રેખા પર પડે છે. વર્ષના સૌથી લાંબા દિવસની ઉજવણીના ભાગરૂપે ન્યુયોર્કમાં ટાઈમ્સ સ્ક્વેર ખાતે સમર સોલ્સ્ટિસ (સૂર્યના અનયકાળનો અંતિમ તબક્કો) નિમિત્તે સામૂહિક યોગ કાર્યક્રમ યોજવામાં આવે છે.
- **માલદીવ :** વસ્તી અને વિસ્તારની દૃષ્ટિએ એશિયા ખંડનો સૌથી નાનો દેશ દરિયાની સપાટીથી હાથવેંત દૂર હોવાથી તે ગ્લોબલ વોર્મિંગનો શિકાર બની શકે છે. પ્રાકૃતિક સૌંદર્ય ધરાવતો પરવાળાના બનેલા આ દેશના દરિયામાં રીફ માછલીથી માંડીને શાર્ક જેવી ૨૦૦૦ જેટલા પ્રકારની માછલીઓ જોવા મળે છે.
- **ભૂગર્ભ જળ :** ૧૨૧ કરોડની ભારતની વસ્તી બેફામ પાણી વાપરે છે. જેથી ભૂગર્ભમાંથી પાણી ખેંચવાના દરમાં ૩૦૦ ટકાનો વધારો થઈ ગયો છે. ભૂગર્ભ જળ ખેંચવાની બાબતમાં ભારત મોખરે છે. વિશ્વમાં જમીનની ગુણવત્તા ખરાબ કરવા તેમજ રણનો વ્યાપ વધારવા તેમજ દુષ્કાળ માટે ૨૬ ટકા ભારત જવાબદાર છે.
- **રક્તદાન :** દર વર્ષે ૧૪ જૂનના દિવસને 'વિશ્વ રક્તદાન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. બ્લડ ગ્રુપના 'એ', 'બી', 'ઓ' અને 'એબી' ગ્રુપના શોધક વિયેનાના ડૉ. કાર્લ લેન્ડસ્ટેઈનરને ૧૯૩૦ના વર્ષનો નોબલ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. ભારતમાં દર વર્ષે ૧૩૦ લાખ યુનિટ જેટલા રક્તની જરૂરત સામે ૯૦ લાખ યુનિટ જેટલું જ લોહી પ્રાપ્ત થાય છે. ગુજરાતમાં છ કરોડની વસ્તીમાં લગભગ ૮ લાખ યુનિટ જેટલું લોહી મળે છે. ભારતમાં રક્તદાન કરવામાં ગુજરાત, મહારાષ્ટ્ર અને બંગાળ – આ ત્રણ રાજ્ય સૌથી આગળ છે. વિશ્વમાં ૧૪ એવા દેશો છે જ્યાં ૫૧ ટકા રક્તદાન ફક્ત મહિલાઓ જ કરે છે જ્યારે ભારતની ફક્ત ૬ ટકા મહિલાઓ જ રક્તદાન કરે છે.
- **ભયાનક યુદ્ધ :** ૨૨ જૂન, ૧૯૪૧થી જર્મનીએ સોવિયેત રશિયા વિરુદ્ધ 'ઑપરેશન બાર્બરોસા' નામે ઓળખાતા ઈતિહાસનું સૌથી મોટું અને ભયાનક યુદ્ધ ખેલાયું હતું. જેમાં જર્મનીના ૩૦ લાખથી વધુ સૈનિકો, ૩૦૦૦ યુદ્ધ ટેન્ક અને ૨૫૦૦ યુદ્ધ વિમાન જોડાયેલા હતા. પ્રથમ દિવસે જ રશિયાના

Sathwara Construction
Engineers & Contractors
C/174, Ambica Krupa Society,
Nr. Someshwar Tenament, Ranip,
Ahmedabad.
Ph. : (079) 27525366
Mobile : 98985 76892

૧૦૦૦ વિમાનનો ખુડદો બોલી ગયો હતો. યુદ્ધ પૂરું થતામાં જર્મનીના પોણા આઠ લાખ, જ્યારે રશિયાના આઠ લાખ કરતાં વધુ સૈનિકોના મોત થયા હતા.

- **અનોખું કેલેન્ડર :** સોવિયેત રશિયાએ વર્ષ ૧૯૨૯માં 'એટર્નલ કેલેન્ડર' નામે એક કેલેન્ડર સ્વીકાર્યું હતું. આ કેલેન્ડરમાં ફેબ્રુઆરી સહિત વર્ષનો દરેક મહિનો ૩૦ દિવસનો હતો અને દરેક મહિનાને પાંચ દિવસના હિસાબે છ અઠવાડિયામાં વહેંચાયો હતો. બાકીના પાંચ દિવસ અને લીપ વર્ષમાં છ દિવસ જાહેર રજાના ગણવાના હતા. ૩૦ જાન્યુઆરી પછીના દિવસને લેનિન દિવસ, ૩૦ એપ્રિલ પછીના બે દિવસને મજૂર દિવસ અને ૭ નવેમ્બરના પછીના બે દિવસને ઉદ્યોગ દિવસ તથા લીપ વર્ષમાં ૩૦મી ફેબ્રુઆરી પછીના દિવસને લીપ દિવસ તરીકે નક્કી કર્યા હતા. ૧૯૪૦માં આ કેલેન્ડરનો ત્યાગ કરી ફરીથી ગ્રેગરિયન કેલેન્ડરને અપનાવવામાં આવ્યું હતું.
- **આર્કિટેક મહારાજા :** ગોંડલના મહારાજા ભગવતસિંહ તેમના સમયના ૨૦૦ આર્કિટેક્ટો પૈકી એક હતા. આજથી ૧૩૨ વર્ષ પહેલાં ૧૮-૧૨-૧૮૮૦માં આ મહારાજે ટ્રેન શરૂ કરી હતી. તે ટ્રેન રાજકોટ - જેતલસર વચ્ચે દોડી હતી. તે સમયે બનાવેલું ગોંડલનું રેલવે સ્ટેશન આજે પણ જોતાં ગમી જાય તેવું છે. આ ગોંડલ રેલવે સ્ટેશન સાથે 'અજય ચ સત્ય'ના સૂત્ર સાથે ગોંડલ રાજ્યનું રાજચિહ્ન જોવા મળે છે. સત્ય અજય છે. તેવી વાત કરતાં આ રાજચિહ્નની માફક જ ગોંડલના રાજવીની સ્થાપત્ય કલા પણ અદ્‌ભુત છે અને દુનિયાભરના વિદ્યાર્થીઓ તે જોવા આવે છે.
- **સાયન્સ ફોર લાઈફ :** પી.આર.એલ. દ્વારા વિક્રમ સારાભાઈ ઍવોર્ડ દેશના પાંચ વિજ્ઞાનીઓને આપવામાં આવેલ છે. આ પાંચ વૈજ્ઞાનિકોમાં ડૉ. તરૂણ સૌરદીપ અને ડૉ. બિશ્વજીત પોલને સ્પેસ સાયન્સ, ડૉ. એન.આર. પટેલને સ્પેસ એપ્લિકેશન, ડૉ. અશ્વિન ગૌમસ્તેને ઈલેક્ટ્રોનિક ટેલીમેટીક્સ ઓટોમેશન માટે અને ડૉ. વીનિત ગેહલોતને અર્થ અને પ્લેનેટરી સિસ્ટમ્સ ભૂકંપ કેવી રીતે સર્જાય છે તે અંગે આપવામાં આવેલ છે. ■

★ **એક સમાચાર :**
**રાષ્ટ્રપતિ પ્રતિભા પાટીલના વિદેશ પ્રવાસ પાછળ પાંચ વર્ષનો ખર્ચ રૂા. ૨૦૫ કરોડ.**
**એટલે દર વર્ષનો ખર્ચ રૂા. ૪૧ કરોડ.**
**એટલે સરેરાશ દરરોજના ખર્ચ રૂા. ૧૧.૨૩ લાખ.**

★ **એક સમાચાર :**
**સ્પીકર મીરાકુમારનો ૨॥ (અઢી) વર્ષના ૨૯ વિદેશ પ્રવાસનો ખર્ચ રૂા. ૧૦ કરોડ.**
**એટલે પ્રતિ વર્ષ રૂા. ૪ કરોડ**
**એટલે સરેરાશ દરરોજનો પ્રવાસ ખર્ચ રૂા. ૧,૧૦,૦૦૦/-**

## શબ્દ રમત-૭૨નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વિ | ક્ર | મ | સિં | ઘ | | પે | ટ્રો | લ | | | ર |
| ક | | દા | હ | | બા | ટ | લી | | | ભ | ક્ત |
| મા | હે | ર | | જ | | પૂ | | વા | | ર | |
| દિ | લ | | કો | ડ | | જા | પ | તો | | થા | ળી |
| ત્ય | | ડો | ર | બે | લ | | | ડિ | લ | ર | |
| | પા | ળી | | સ | | કો | ડિ | યું | | | |
| સ | ર્વ | | મ | લા | જો | | બ | ર | ત | ર | ફ |
| સ | તી | ત્વ | | ક | મ | ળ | | વે | લ | ણ | |
| રો | | રા | ણી | | હા | ર | | શ | ણ | ગા | ર |
| | | ગાં | ગુ | લી | વી | | | | પ્ર | હે | ત |
| મા | તા | | લા | તુ | ર | | જિ | ના | લ | ય | લા |
| સી | તા | | બ | | | | | ક | ય | | મ |

*એપ્રિલ-૨૦૧૨ના અંકમાં છપાયેલ*
*શબ્દ રમત-૬૯ના ઉકેલ મોકલાવનારના બાકી નામ*

| | | | |
|---|---|---|---|
| ૧. | કિશોર જે. શાહ | - ભુજ | ૧ ભૂલ |

*જૂન-૨૦૧૨ના અંકમાં છપાયેલ*
*શબ્દ રમત-૭૧ના ઉકેલ મોકલાવનારના બાકી નામ*

| | | | |
|---|---|---|---|
| ૧. | લક્ષ્મીચંદ વિશનજી ધરમશી | - બીજાપુર | ૨ ભૂલ |
| ૨. | શ્રીમતી વીણાબેન પ્રવીણચંદ્ર વોરા | - ગાંધીનગર | ૨ ભૂલ |

*જુલાઈ-૨૦૧૨ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૭૨ના ઉકેલ મોકલાવનારના નામ*

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રતાપ નારાણજી દંડ | - અમદાવાદ | બધા સાચા |
| ૨. | શાંતિલાલ વ. શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૩. | શ્રીમતી ચંદ્રાબેન એમ. શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૪. | શ્રી અરવિંદ જે. ભટ્ટ | - અમદાવાદ | બધા સાચા |
| ૫. | ઈલા નરેશ અંતાણી | - ભુજ | બધા સાચા |
| ૬. | ભૌમિ નરેશ અંતાણી | - ભુજ | બધા સાચા |
| ૭. | પ્રભા મહેન્દ્ર શેઠિયા | - વલસાડ | બધા સાચા |
| ૮. | અંકિત અનુપ ચંદુરા | - સુરત | ૧ ભૂલ |
| ૯. | સરોજ અનુપ ચંદુરા | - સુરત | ૨ ભૂલ |
| ૧૦. | રશ્મિકાંત એસ. સાવલા | - ભુજ | ૧ ભૂલ |
| ૧૧. | જયંતીલાલ વાલજી રાજગોર | - ભુજ | ૨ ભૂલ |
| ૧૨. | તારાચંદ ભવાનજી હેણિયા | - હૈદ્રાબાદ | ૪ ભૂલ |
| ૧૩. | ચંદ્રા મહેન્દ્ર શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૧૪. | હેતા કિરણ શાહ | - અમદાવાદ | ૩ ભૂલ |
| ૧૫. | નવીન શામજી લાલકા | - ગદગ | બધા સાચા |

*અહંકારની નિવૃત્તિ, એનું નામ મુક્તિ.*



સંકલન : દિનેશ આર. મહેતા

★ **રણકાંધીએ કંપનીને મંજૂરી** : ભુજ તાલુકાના રણકાંધીએ હાજીપીરથી વીસેક કિ.મી. દૂર રણમાં આર્ચિયન કંપનીને મંજૂરી કેમ અપાઇ તેવું પૂછાણું લેતી નોટિસ તાજેતરમાં રાજયની વડી અદાલતે તે કંપની ઉપરાંત કેન્દ્ર અને રાજ્ય સરકારને ફટકારી જવાબ ફાઇલ કરવા તાકીદ કરી હતી. જેને લઇને ચર્ચાસ્પદ કેસમાં મહત્ત્વનો વળાંક આવ્યો હતો.

★ **વૃક્ષારોપણ પ્રવૃત્તિ** : 'મન હોય તો માળવે જવાય', તે ઉક્તિને સાચી ઠેરવતાં લખપત તાલુકાના નાની વિરાણી ગામમાં પ્રવેશતાં જ રસ્તાની બન્ને બાજુ લહેરાતાં વૃક્ષો જોઇને એક વાત સ્પષ્ટ થઇ જાય છે કે આ ગામ વૃક્ષપ્રેમી છે. તે ગામમાં હજુ વધુ વૃક્ષો વાવવા માટે આયોજન કરવામાં આવ્યું છે.

સ્થાનિક સમાજના અગ્રણીઓ વૃક્ષારોપણ માટે એટલા ઉત્સાહિત હતાં કે છોડની સુરક્ષા માટે 'ટ્રી ગાર્ડ' છેક નડિયાદથી ટ્રક ભરીને આ ગામમાં લાવ્યા હતા. ગામમાં સભા ભરીને દરેક યુવકે પાંચ વૃક્ષો દત્તક દેવાનું નક્કી કર્યું હતું અને જેનું વૃક્ષ મોટું હોય તેને તે પ્રમાણે દર વર્ષે ઇનામ વિતરણ કરી પ્રોત્સાહિત કરવાની યોજના ઘડી કાઢી છે. કોઇપણ જાતના સ્વાર્થ વગર વૃક્ષારોપણની પ્રવૃત્તિમાં નાની વિરાણી ગામ મોખરે છે. કચ્છમાં આવું કામ દરેક ગામમાં થાય તો કચ્છ ખરેખર નંદનવન બની જાય, તેમાં બે મત નથી.

★ **ધગશ હોય તો પદોન્નતિ** : મહેનત અને ધગશના ગુણ હોય તો જરૂર પદોન્નતિની સિદ્ધિ મળે છે. કચ્છ જિલ્લા પંચાયતના એક કર્મચારીના કિસ્સામાં તેનું પ્રતિબિંબ આબાદ ઝીલાયું છે. મૂળ બિદડાના વતની શ્રી હરજીભાઇ એલ. નારોલા, વર્ષ ૧૯૭૯માં જિલ્લા પંચાયતમાં સિંચાઇ શાળામાં ચોકીદાર તરીકે જોડાયા હતા, તબક્કાવાર આગળ વધ્યા અને નાયબ ચીટનીસ તરીકે ફરજ બજાવતા હતા તે દરમિયાન તાલુકા વિકાસ અધિકારી તરીકેનો તાજેતરમાં ઑર્ડર મળતાં સહ-કર્મચારી તેમજ અધિકારી વર્ગમાં ખુશી ફેલાઇ હતી.

★ **ધારાસભ્ય શ્રી બાબુભાઇ શાહે વિધાનસભામાં પૂછેલા પ્રશ્ન** : વર્ષ ૨૦૦૮ની નવી જંત્રી પ્રમાણેના ભાવે નહીં પણ વર્ષ ૨૦૦૫માં પ્રવર્તમાન જંત્રીના ધ્રબ, મુંદ્રા, મોટા કાંડાગરા, નવી નાળ, ટુંડા, શિરાચાના જંત્રીના ઔદ્યોગિક અને વ્યાપારી હેતુના આંકડાઓ વિધાનસભામાં ધારાસભ્યશ્રી બાબુભાઇ શાહ દ્વારા પૂછાયેલા તારાંકિત પ્રશ્નોનો જવાબ અપાયો હતો. આ જમીનો ઉપરાંત પરત આવેલી જમીનો સહિત એક કરોડ એંસી લાખ મીટર જમીન એટલે લગભગ ૪૫૦૦ એકર જમીન ભાડા પટ્ટે અપાયેલી છે તેની કિંમત જંત્રીના ભાવે ગણવામાં આવે તો વર્ષે કિંમતના ૧૦ ટકા ભાડા પટ્ટેના ભાવે વર્ષે ૨૦ કરોડ જમા આવવા જોઇએ તેના બદલે ૨૦૦૧થી ૨૦૦૭-૦૮ સાત વર્ષ દરમિયાન માત્ર એક કરોડ એકસઠ લાખની જ વસુલાત થયાના આંકડા મુખ્યમંત્રીની પરામર્શ સમિતિમાં તેમને વર્ષ ૨૦૦૮માં મળ્યા છે, તેમ ધારાસભ્યશ્રીએ કહ્યું હતું.

★ **ભુજમાં જનરલ હોસ્પિટલ** : ભુજમાં જનરલ હોસ્પિટલનું નિર્માણ થયા બાદ વિવાદ ચાલુ જ રહ્યા છે. આટલી વિશાળ કદની, રૂપિયા સવા સો કરોડના ખર્ચે હોસ્પિટલ તો બની પરંતુ તેમાં સગવડતા શું છે તેની તપાસ કરવાની કોઇને જાણે પરવા નથી. આ હોસ્પિટલમાં સારવાર માટે ફિઝિશિયન કે ઓર્થોપેડિક ડોક્ટર જ નથી. એવી રીતે હોસ્પિટલમાં ૧૦થી વધુ નિષ્ણાત તબીબોની જગ્યા ખાલી છે.

જો વિવિધ નિષ્ણાત તબીબોની જગ્યા ભરાયેલી હોય તો અગાઉની જેમ હોસ્પિટલમાં આઠસોથી એક હજાર દર્દીઓને સારવાર મળી શકે તેમ જાણકારોએ કહ્યું હતું.

★ **ગાંધીધામમાં જમીન ફ્રી હોલ્ડ કરવા માંગણી** : કચ્છમાં મુંદ્રા પંથકમાં ઉદ્યોગોને આપી દેવાયેલી ગૌચરનો મુદ્દો અદાલતમાં પહોંચ્યો છે. બીજી તરફ કચ્છના વાણિજ્ય પાટનગર ગાંધીધામમાં જમીન મુદ્દે લડતનો માહોલ જામ્યો છે. ગુજરાતની સૌથી વગદાર એવી ગાંધીધામ ચેમ્બર ઑફ કોમર્સ દ્વારા જમીન ફ્રી હોલ્ડ કરવાની તાજેતરની માંગણી સાથે રણશિંગું ફૂક્યું છે. આ આંદોલનકારીઓ માટે વિલન કંડલા પોર્ટ ટ્રસ્ટ અને શિપિંગ મંત્રાલય છે. ચેમ્બરના મોવડીઓએ કહ્યું કે, આ વેપારીઓનું નહીં બલ્કે પ્રજાનું આંદોલન છે.

★ **વરુણદેવ પધારો** : કચ્છમાં ચોમાસું જામતું નથી, વાદળો ઘેરાય, નામ પૂરતું ઝરમર પડે.... એમ લાગે કે ઝાપટું થશે અને તે સાથે માહોલ વિખાય. આ રિસાયેલા મેઘરાજાને મનાવવા તાજેતરમાં ભુજ, માંડવી, નવી દૂધઇ અને ઠેઠ ઘલી ગામે પર્જન્ય યજ્ઞ યોજાયા હતા. જેમાં અગ્રણીઓ, સંતો અને શ્રદ્ધાળુઓ જોડાયા હતા અને શાસ્ત્રોક્ત વિધિવિધાન સાથે વરુણદેવને પ્રાર્થના કરી હતી કે... હવે આવો, પધારો અમારે દેશ!

★ **મગફળીનો પાક** : કચ્છમાં કોટડા (ચકાર) પંથકના ખેડૂતોને ઉનાળુ મગફળીના પાકે આ વર્ષે ન્યાલ કરી દીધા છે. ઊંચા ભાવ અને મબલખ પાકની આવક થતાં ગત વર્ષે કપાસ, એરંડાના ભાવોથી નારાજ ખેડૂતોને મગફળીના પાકે રાજીના રેડ કરી દીધાં છે. છેલ્લા દસેક વર્ષોમાં આ વર્ષે ઉનાળુ મગફળીની ખેતીને અનુકૂળ વાતાવરણ મળતાં આ વર્ષે આવક

*મદ વધી જાય ત્યારે લક્ષ્મીજી જવાની તૈયારી કરે.*

વધારે થઇ છે.

★ **શરાબ પીનારાઓ :** ગુજરાત-કચ્છમાં દારૂબંધી નામ માત્રની છે. ગેરકાયદે શરાબનું સેવન ધૂમ થાય છે. બીજી તરફ કચ્છમાં સત્તાવાર રીતે શરાબ પીનારાઓનો આંક હાલે ૨૦૦૦ને પાર કરી ગયો છે. જિલ્લા નશાબંધી ખાતામાંથી મળેલી વિગત મુજબ જૂન-૨૦૧૨ની સ્થિતિએ કચ્છમાં નિયમ ૬૪ હેઠળ હેલ્થ પરમીટ ધરાવનારા લોકો ૧૨૦૫ છે. જ્યારે નિયમ ૬૪-બી તળે રાજ્ય બહારથી આવેલા ૧૩ જણ પરવાનો ધરાવે છે, જ્યારે નિયમ ૬૪-સી હેઠળ એક્સ સર્વિસમેનો માટેની પરમીટ ૮૧૪ જણ પાસે છે. ત્રણ વર્ષ પૂર્વે ૫૪૨ જણ પાસે મેડિકલ એરિયા બોર્ડ અને સિવિલ સર્જનની ભલામણ મુજબ હેલ્થ પરમીટ ૫૪૨ જણ પાસે હતી. આમ તેમાં ત્રણ વર્ષમાં જ હેલ્થ પરમીટના આંકમાં ૬૦૫નો નોંધપાત્ર વધારો થયો છે. જિલ્લામાં પરમીટ ધારકોમાં એક મહિલાનો સમાવેશ હોવાનું જણાવાયું હતું.

★ **પ્રતિબિંબને રાષ્ટ્રીય એવોર્ડ :** કોઇપણ પ્રદેશની ભાષા એ પ્રદેશની ઓળખ અને ગૌરવ હોય છે. જેના જતનની જહેમત લેવા બદલ ભારતભરમાંથી દાવા નોંધાવનાર ૬૭૫ સંસ્થાકીય સામયિકોમાંથી ઍવૉર્ડ મેળવનાર ત્રીજા મેગેઝિન તરીકે નવાજાયેલા 'અભિયાન' સંસ્થાના મુખપત્ર 'પ્રતિબિંબ'ની સંચાલક ટીમે કચ્છને રાષ્ટ્રીય સ્તરે ગૌરવ અપાવ્યું છે.

તાજેતરમાં શૈલજા નાયર ફાઉન્ડેશન દ્વારા મુંબઇમાં યોજાયેલા ઍવૉર્ડ સમારોહમાં સ્થાનિક સ્વશાસન વિશેષાંકની પ્રાદેશિક ભાષાની કેટેગરીમાં આ ઍવૉર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો.

★ **ગાંધીધામ-બાંદ્રા ટ્રેન :** રેલવે બજેટમાં જાહેર થયેલી ગાંધીધામ-બાંદ્રા વાયા મોરબી સાપ્તાહિક ટ્રેનનો ૧૨મી જુલાઇથી ગાંધીધામ સ્ટેશનથી પ્રારંભ થયેલ. સાપ્તાહિક ટ્રેન પ્રત્યેક ગુરૂવારે સવારના સમયે ગાંધીધામથી ઉપડીને બીજા દિવસે બાંદ્રા-મુંબઇ પહોંચે છે. આ ટ્રેનનું ટાઇમટેબલ હવે પછી જાહેર કરાશે.

★ **૧૯૭૨માં કચ્છના મહેમાન દારાસિંહ :** બરજોર પટેલ દિગ્દર્શિત ફિલ્મ 'વાલો નામોરી'ના શૂટિંગ માટે દારાસિંહ વર્ષ ૧૯૭૨માં ભુજ આવ્યા હતા અને ત્રણેક દિવસ રોકાયા હતા. ટપકેશ્વરીની પહાડીઓમાં શૂટિંગ પતાવ્યા બાદ ગુરુદ્વારામાં અને મોડર્ન ટોકીઝમાં તેઓ પ્રશંસકોને ખુલ્લા દિલે મળ્યા હતા. તેઓ નિખાલસ અને નિરાડંબરી હતા. કચ્છવાસીઓને તેમના સ્વભાવનો પ્રત્યક્ષ અનુભવ થયો હતો.

★ **ખારેકના ટિસ્યૂકલ્ચર રોપા :** દેશી જાતની અલગ અલગ ખારેકના ટિસ્યૂકલ્ચર રોપા બનાવવાની ભલામણ અંજાર તાલુકાના ખેડોઈ ખાતે ફ્રેંચ ટિસ્યૂકલ્ચર લૅબ સાથે સંકળાયેલા બોથા હિના ફઝલે આપી હતી. મૂળ ઈરાકના સંયુક્ત આરબ અમીરાતમાં બોથા હિનાએ ખારેક પર પીએચ.ડી. કર્યું છે અને ખારેક પર એગ્રીકલ્ચર ડિગ્રી પણ મેળવી છે. ડૉ. બોથાએ ખારેકમાં થતી જુદી જુદી જાતો ઉપરાંત તેના વૃક્ષોમાં થતાં રોગો, દવાઓ તથા તેની સારસંભાળ વિશે પણ ખેડૂતોને માહિતી આપી હતી.

★ **ગૌરક્ષણાર્થે વિરોધ :** ભુજમાં કતલખાને ગાયો કપાતી હોવાનું પોલીસે પકડી પાડતાં પોલીસની કામગીરીને બિરદાવવા તથા કસાઈ કૃત્ય સામે વિરોધ પ્રદર્શિત કરી કડક વ્યવસ્થા ગોઠવવાની માંગ સાથે તાજેતરમાં કચ્છ જિલ્લાના મુખ્ય મથકે યોજાયેલી મૌન રેલીમાં સંતોની આગેવાનીમાં વિશાળ સંખ્યામાં કચ્છભરના ગૌપ્રેમીઓ જોડાયા હતા. કચ્છની ૨૪૪ જેટલી સંસ્થાઓએ સમર્થન આપીને મૌન રેલીના કાર્યક્રમમાં જોડાયા હતા. ભુજના વેપારીઓએ બપોર સુધી સજ્જડ બંધ પણ પાળ્યો હતો.

ભીડ વિસ્તારમાંથી ગાયો અને ગૌવંશનું ૮૦૦ કિલો માંસ ઝડપાયાના અહેવાલને પગલે જીવદયા પ્રેમીઓમાં વિરોધનો વ્યાપક વંટોળ ઊઠ્યો હતો.

★ **ભુજના મહેમાન બનેલા રાજેશ ખન્ના :** કચ્છની લોકસભાની ચૂંટણી માટે સપ્ટેમ્બર ૧૯૯૯માં સુપર સ્ટાર રાજેશ ખન્નાએ ભુજ તેમજ ગાંધીધામમાં કોંગ્રેસ ઉમેદવારના પ્રચારમાં જાહેરસભાઓ સંબોધી હતી. ■

## પુસ્તક એટલે....

પુસ્તક મિત્ર છે આપણા એકાંતનું. તે વડીલ છે સંસ્કાર સિંચતું. એ ભવિષ્ય છે આપણા બાળકનું.

પુસ્તક તમે ખોલો છો તેની સાથે જ ખૂલવા લાગે છે તમારું હૃદય. બે શબ્દો વચ્ચેની ખાલી જગ્યામાં તમે જોઈ શકો છો તમારી જાતને. પુસ્તક અંધકારમાં દીવો લઈને ઊભું હોય છે અજવાળું પાથરવા અને જીવનમાં ભૂલા પડો છો ત્યારે તેના વાક્યો અને યુક્તિઓ તમને રસ્તો બતાવે છે.

જ્યારે શ્રદ્ધા ડગી જાય, મન થાકી જાય, હૈયું હારી જાય ત્યારે પુસ્તકના પાનાંઓ તમારામાં પ્રાણ પૂરે છે.

પુસ્તક દીવાદાંડી છે.

પુસ્તક હૂંફ છે, ટેકો છે.

પુસ્તક બહારને ભીતરને જોડતો સેતુ છે.

પુસ્તક વિનાનો માણસ ફરી પાછો કોઈ આરંભકાળનો આદિવાસી બની જાય તે પહેલાં ચાલો પુસ્તકના જગતમાં પ્રવેશ કરીએ. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે આ દિશામાં કરેલા - આદરેલા પ્રયાસને સાર્થક કરીએ.

*ગુલાબચંદ ધારશી રાંભિયા - અમદાવાદ*

તીર્થ પટ

હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર

જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર

★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.

Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

# લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી



| | | | |
|---|---|---|---|
| (૧) ઉમેદવારનું નામ : | **અમિત** | **કૌશિક** | **કુણાલ** |
| (૨) પિતાશ્રીનું નામ : | અભયભાઈ | નવીનભાઈ | નવીનભાઈ |
| (૩) માતાશ્રીનું નામ : | હેમાબેન | વીણાબેન | વીણાબેન |
| (૪) અટક : | શાહ | સંઘવી | સંઘવી |
| (૫) જ્ઞાતિ : | ગુર્જર વીસા ઓસવાળ જૈન | ગુર્જર | ગુર્જર |
| (૬) સંપ્રદાય : | સ્થાનકવાસી | | |
| (૭) મૂળ વતન : | ભુજ | અંજાર | અંજાર |
| (૮) જન્મ તારીખ : | ૧૦-૩-૧૯૮૧ | ૨૪-૪-૧૯૭૭ | ૧૫-૧૧-૧૯૮૧ |
| (૯) ઉંમર વર્ષ : | ૩૧ | ૩૪ | ૩૦ |
| (૧૦) ઊંચાઈ : | ૫'૪" | ૫'૫" | ૫'૨" |
| (૧૧) વજન : | | — | — |
| (૧૨) દેખાવ : | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ - સારો દેખાવ | ઘઉંવર્ણ - સારો દેખાવ |
| (૧૩) અભ્યાસ : | B.Com., Microsoft certified System Engr., Oracle Database Administrator | B.Com. | C.A., F.C.A. |
| (૧૪) નોકરી ધંધો (પોતાનો) : | સ્વતંત્ર વ્યવસાય | ફોટોગ્રાફી એન્ડ વીડિયોગ્રાફી | સી.એ. ફર્મમાં નોકરી |
| (૧૫) ઉમેદવારની વાર્ષિક આવક : | – | | |
| (૧૬) નોકરી ધંધો (પિતાજીનો) : | વ્યવસાય | ફોટોગ્રાફી એન્ડ વીડિયોગ્રાફી | ફોટોગ્રાફી એન્ડ વીડિયોગ્રાફી |
| (૧૭) સરનામું : | કાંતિ બ્રધર્સ ઓઈલ્સ પ્રા.લિ. ૪૦/૩૨૩, બેલ્લારી રોડ, કર્નૂલ (આંધ્ર પ્રદેશ) | કૌશિક ફોટો સ્ટુડિયો બીઆરા રોડ, રૂરકેલા - ૭૬૯ ૦૦૧. (ઓરિસ્સા) | કૌશિક ફોટો સ્ટુડિયો બીઆરા રોડ, રૂરકેલા - ૭૬૯ ૦૦૧. (ઓરિસ્સા) |
| (૧૮) ફોન નંબર : | ૦૮૫૧૮-૨૨૦૦૪૨ | | |
| (૧૯) મોબાઈલ નંબર : | ૯૩૯૩૮ ૨૦૦૪૨ | ૦૯૪૩૯૨ ૩૨૨૬૨ | ૦૯૪૩૯૨ ૩૨૨૬૨ |
| (૨૦) ભાઈ – બહેન : | ૧ – ૦ | ૦ – ૧ | ૦ – ૧ |
| (૨૧) કુંડળીમાં માનો છો? : | હળવો મંગળ | **નિર્દોષ ડાયવોર્સી** | – |


સાબુ, બિસ્કિટ, બ્રેડ, અગરબત્તીના રેપર્સ અને કાર્ટન બનાવનાર

**કમર્શિયલ પેકીંગ સર્વિસીસ**

cps સ્થાપના ૧૯૫૮

ઓફસેટ પ્રિન્ટર્સ – પેપર કન્વર્ટર્સ

53/54, યુનીક ઈન્ડ. એસ્ટેટ, ડૉ. આર.પી. રોડ, જવાહર સિનેમા સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-80.
ફોન : 67993347, 25684567
ફેક્સ : 67993357
E-mail : compack@pin2piano.net

# લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી

| | | | | |
|---|---|---|---|---|
| |  |  |  |  |
| (૧) | **અંકિત** | **મનીષ** | **લેખા** | **પાયલ** |
| (૨) | પ્રવીણભાઈ | લક્ષ્મીચંદભાઈ | મુકેશભાઈ | ગૌતમભાઈ |
| (૩) | હર્ષાબેન | મધુબેન | જ્યોતિબેન | |
| (૪) | મારૂ | વોરા | દેઢિયા | શાહ |
| (૫) | કચ્છી વીસા ઓસવાળ | | કચ્છી વીસા ઓસવાળ | કચ્છી વીસા ઓસવાળ |
| (૬) | દેરાવાસી | આઠ કોટી નાની પક્ષ | | જૈન |
| (૭) | સાભરાઈ | સમાઘોઘા | દુર્ગાપુર (નવા વાસ) | |
| (૮) | ૦૫-૦૯-૧૯૮૫ | ૨૮-૦૭-૧૯૭૯ | ૧૫-૦૩-૧૯૮૬ | ૧૭-૦૪-૧૯૮૧ |
| (૯) | ૨૬ | ૩૩ | ૨૬ | ૩૧ |
| (૧૦) | ૫'૬" | ૫'૪" | ૫'૪" | ૫'૪" |
| (૧૧) | ૬૦ કિ.ગ્રા. | ૫૫ કિ.ગ્રા. | | ૪૮ કિ.ગ્રા. |
| (૧૨) | ઘઉંવર્ણ | સામાન્ય, ઘઉંવર્ણ | | |
| (૧૩) | T.Y.B.Com. | B.B.A. | T.Y.B.Sc. (Textile Fashion Designer) | B.Sc. |
| (૧૪) | પ્લાસ્ટિક હોલસેલ વેપારી | ઓ.પી. જીંદાલ સ્કૂલમાં (એડમિનિ.) | સ્વતંત્ર ડિઝાઈનર તેમજ વેડિંગ કોરિયોગ્રાફર | કન્સલ્ટિંગ કંપનીમાં HR એક્ઝીક્યુટીવ તરીકે નોકરી |
| (૧૫) | | | | |
| (૧૬) | ઉપર મુજબ | નિવૃત્ત | ફોટોગ્રાફી | નિવૃત્ત |
| (૧૭) | ૧, સૌરભ સોસાયટી, કરેલી બાગ, વડોદરા. | સમાઘોઘા, કચ્છ. | એ-૨૨, સત્કાર તેલીંગલી કોર્નર, અંધેરી (ઈસ્ટ), મુંબઈ. | ૨/૧૬, સેજલ એપાર્ટમેન્ટ, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭. |
| (૧૮) | ૦૨૬૫-૨૪૨૪૧૨૦ | ૦૨૮૩૨-૨૭૯૦૫૭ | | ૨૬૬૩૨૬૪૪ |
| (૧૯) | ૯૪૨૭૦ ૫૩૨૮૯ | ૦૯૫૩૭૩૭૪૫૩૫ | ૦૯૮૨૦૩ ૨૨૭૪૨ | ૯૪૨૯૩ ૦૪૩૦૯ |
| (૨૦) | | ૨ — ૦ | | ૧ — ૧ |
| (૨૧) | | હા. મંગળ છે. | **સગપણ છૂટું થયેલ છે** | **એક જ માસમાં ડાયવોર્સી** |

www.iepindia.com
ઈન્ટેગ્રેટેડ
Integrated
TOTAL FINANCIAL SOLUTIONS PROVIDER
G-21, Nirman, Opp. Havmor Restaurant, Navrangpura, Ahmedabad.
Tel. : 26443289 / 26447825 / 26448178 / 26445970
SERVICES...
■ Demat Services ■ Company Deposits
■ Stock Broking ■ PAN and e-TDS
■ Mutual Funds ■ National Pension System
■ Life Insurance ■ Postal Schemes
■ Bonds ■ IPO
ALSO AT....
Baroda
Surat
Rajkot

# લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી

| | | | | |
|---|---|---|---|---|
| | |  | |  |
| (૧) ઉમેદવારનું નામ | : | **ડૉ. પૂનમ** | **સુરભિ** | **કાજલ** |
| (૨) પિતાશ્રીનું નામ | : | નીતિનભાઈ | જીતેન્દ્રભાઈ | રામકૃષ્ણભાઈ |
| (3) માતાશ્રીનું નામ | : | વનિતાબેન | જોલીબેન | નયનાબેન |
| (૪) અટક | : | ફુરિયા | શાહ | સોની |
| (૫) જ્ઞાતિ | : | કચ્છી વીસા ઓસવાળ | ગુર્જર | હિંદુ |
| (૬) સંપ્રદાય | : | દેરાવાસી | દેરાવાસી | |
| (૭) મૂળ વતન | : | નાંગલપુર (માંડવી) | માંડવી | |
| (૮) જન્મ તારીખ | : | ૧૬-૦૯-૧૯૮૫ | ૦૨-૦૭-૧૯૯૧ | ૦૨-૧૨-૧૯૮૨ |
| (૯) ઉંમર વર્ષ | : | ૨૭ | ૨૧ | ૩૦ |
| (૧૦) ઊંચાઈ | : | ૫'૫" | ૫'૫" | |
| (૧૧) વજન | : | ૫૨ કિ.ગ્રા. | ૫૦ કિ.ગ્રા. | |
| (૧૨) દેખાવ | : | | ગોરો | ગોરો |
| (૧૩) અભ્યાસ | : | B.H.M.S. | B.Com. | S.S.C. |
| (૧૪) નોકરી ધંધો (પોતાનો) | : | કન્સલ્ટન્ટ | M.Com.નો અભ્યાસ ચાલુ | નોકરી |
| (૧૫) ઉમેદવારની વાર્ષિક આવક | : | — | | |
| (૧૬) નોકરી ધંધો (પિતાજીનો) | : | ડોક્ટર | ઈલેક્ટ્રિકલ સામાનના વેપારી | અણમોલ રતન કલર |
| (૧૭) સરનામું | : | પ્લોટ નં.-૬૨૮,<br>લીલાશાહ સર્કલ,<br>ગાંધીધામ,<br>કચ્છ. | ૧૨૮/એ, સુરભિ,<br>નંદનવન કોલોની,<br>નાગપુર. | સી/૩, હરેકૃષ્ણ ફ્લેટ પાછળ,<br>એલિસબ્રિજ,<br>અમદાવાદ. |
| (૧૮) ફોન નંબર | : | ૦૨૮૩૬-૨૩૦૩૬૨ | ૦૭૧૨-૨૭૧૫૭૦૯ | |
| (૧૯) મોબાઈલ નંબર | : | | ૦૯૮૯૦૬ ૩૧૯૩૧ | ૯૪૦૯૬ ૭૨૦૫૮ |
| (૨૦) ભાઈ - બહેન | : | ૧ – ૨ | ૦ – ૧ | ૧ – ૧ |
| (૨૧) કુંડળીમાં માનો છો? | : | — | — | **ડાયવોર્સી. બાળકો સોંપી દીધા છે.** |

Upendrabhai (M) 098241 91393 (O) 02646-226292, 222399, 226044 (R) 226506 Amitbhai (M) 098331 92294

**PRIYANKA ROADLINES** **PRAVIN ROADLINES**

15, Matangi Estate,
N.H. No.-8, G.I.D.C., Ankleshwar-393 002.

109, Vardhman Chamber, Kalyan St.
Dana Bunder, Mumbai-400 009.




## સરનામા ફેરફાર

- **નીપેશ જયકુમાર શાહ**
  ૧૦, કુંદન ટેનામેન્ટ, વિભાગ-૧, ભગીરથ સોસાયટી પાસે, વાસણા બસ સ્ટોપની પાછળ, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
- **દિલીપ વિશનજી શાહ**
  ૫૦૩, માંગલ્ય સ્કવેર, સરસ્વતી હાઈસ્કૂલ સામે, મણિનગર ચાર રસ્તા પાસે, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.
- **પથિક ભોગીલાલ સાવલા**
  એ-૨૮/૨૯, ગ્રાઉન્ડ ફ્લોર, ભાગ્યોદય સોસાયટી-૨, ઔડા ગાર્ડન પાસે, ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦ ૦૬૧.

## પુત્ર જન્મ

- **તા. ૧૮-૬-૨૦૧૨**
  **'વિહાન' ભાવના ચેતન શાંતિલાલ છેડા (કોડાય - મુંબઈ)**
  *અભિનંદન!*

## પુત્રી જન્મ

- **તા. ૧૪-૧૦-૨૦૧૧**
  **ચિ. આયુષી ધવલ દામજીભાઈ મોમાયા (જખૌ - અમદાવાદ)**
  માતુશ્રી : **મૌસમબહેન**
  *અભિનંદન!*

## અવસાન નોંધ

- **સુંદરબેન લક્ષ્મીચંદ દેવરાજ દંડ (સાંધવ - અમદાવાદ)** (ઉં.વ. ૫૭) શુક્રવાર, તા. ૨૯-૬-૨૦૧૨ના રોજ અરિહંત શરણ થયેલ છે.
- **પ્રેમીલાબેન માયાચંદ સંઘવી (આડેસર (કચ્છ) - અમદાવાદ)** (ઉં.વ. ૬૮) શનિવાર, તા. ૧૮-૭-૨૦૧૨ના રોજ અરિહંત શરણ થયેલ છે.

સદ્‌ગતોના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના.

## અભિનંદન



### કુ. સંજના જલદીપ શાહ

અમદાવાદ ખાતે શિવાનંદ આશ્રમ સંચાલિત સ્વામીશ્રી અધ્યાત્માનંદજીના માર્ગદર્શન હેઠળ ગુજરાત યુનિવર્સિટી દ્વારા પ્રમાણિત "યોગ શિક્ષક તાલીમ" રેસિડેન્શિયલ કોર્સ અંગ્રેજી માધ્યમ સાથે છેલ્લા ૨૭ વર્ષથી ચલાવવામાં આવે છે. જેમાં આસન, પ્રાણાયામ, મેડિટેશન, રેકી, ફુડ એન્ડ ન્યુટ્રીશન, એનેટોમી, ફીઝિઓલોજી, ગાયનેકોલોજી, ઓર્થોપેડિક્સ તથા આયુર્વેદ જેવા વિષયોનું સઘન શિક્ષણ પ્રદાન કરવામાં આવે છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સક્રિય કાર્યકર્તા તેમજ મહિલા ઉત્કર્ષ સમિતિના કન્વીનર શ્રીમતી સુલુબહેન શાહની પુત્રી કુ. સંજનાએ ઉપર જણાવેલ તાલીમ કોર્સના અંતે લેવામાં આવતી પરીક્ષા તાજેતરમાં **પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ** કરીને ગુજરાત હાઈકોર્ટના જજ શ્રીમાન રવિ ત્રિપાઠીના હસ્તે તે સંબંધી પ્રમાણપત્ર અને મોમેન્ટો પ્રાપ્ત કર્યા છે.

કુ. સંજનાએ બી.એસસી. (બાયોટેક) અને કોમ્પ્યુટર નેટ માર્કેટિંગનો કોર્સ પણ સફળતાપૂર્વક કરેલ છે. ■

## ઝળહળતી સિદ્ધિ - અભિનંદન



શ્રી રવીન્દ્ર ભાઈલાલ શાહ તથા શ્રીમતી દક્ષાબેન શાહ (માંડવી - અમદાવાદ)ના સુપુત્ર **તપન** એમ.ફાર્મસી કરીને 'સાઈટ સ્પેસીફિક ડ્રગ ડિલીવરી ટુ લંગ કેન્સર' પર મહાનિબંધ લખી તાજેતરમાં એમ.એસ. યુનિ. વડોદરામાંથી પીએચ.ડી.ની ઉપાધિ મેળવી છે. તેઓશ્રી હાલે આણંદ ખાતેની કોલેજમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે કાર્યરત છે. ■

*જેને પોતાના દોષ જોવા છે, સામાના દોષ જોવા નથી, તેનું આ જગતમાં કોઈ નામ લેનાર નથી.*

## અભિનંદન



**સી.એ. શ્રી પિનાંક છેડા**

શ્રી કિશોરભાઈ કુંવરજી વેલજી છેડા (પુનડી - માંડવી) અમદાવાદના સુપુત્ર ભાઈ પિનાંકએ તાજેતરમાં સી.એ.ની ફાઈનલ પરીક્ષામાં જ્વલંત સફળતા મેળવીને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની ડિગ્રી પ્રાપ્ત કરી છે.

આપશ્રી ઉત્તરોત્તર પ્રગતિના શિખરો સર કરો એવી શુભેચ્છા.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટી શ્રી મણિલાલભાઈ કુંવરજી ગોસરના શ્રી પિનાંક દોહિત્ર છે. ■

*પોતાનો નાનામાં નાનો દોષ દેખાય, એનુ નામ જાગૃતિ.*


**Deepak Dand**
(M) 98247 62141

**Viketa**
**Electronics**
An ISO 9001-2000 COMPANY

**MANUFACTURERS OF ELECTRICAL PANEL BOARDS**

4759, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch.
**Phone : 02646-226257 Fax : +91-2646-252759**
**E-mail : viketa53@rediffmail.com**


## ઘરમાં બિનવપરાશની પસ્તી

હાલે કોઈપણ શહેરમાં પ્લાસ્ટિકની થેલીનો વપરાશ સારા એવા પ્રમાણમાં વધી જવા પામેલ છે. આ પ્લાસ્ટિક થેલીઓ વપરાયા બાદ ફેંકી દેવામાં આવે છે અથવા તો કચરામાં નાખવામાં આવે છે, કે જેના કારણે અનેક મુશ્કેલીઓ સરજાવા પામે છે.

તેની સામે એક વર્ગે કાગળની થેલીના વપરાશની ઝુંબેશ આદરેલ છે. આ કાગળની થેલીઓ ૧/૨ કિલો કે ૧ કિલોના વજન માટે વપરાશમાં લઈ શકાય છે.

આ પ્રકારની થેલીઓ સમાચાર પત્ર (ન્યુઝ પેપર)માંથી બની શકે છે. આપણે છાપા વાંચી લીધા બાદ આ પસ્તી મહિનાના અંતે વેચી નાખીએ છીએ. આથી આપશ્રીને અપીલ કરવામાં આવે છે કે અગર આ પસ્તી વેચવાના બદલે 'શ્રી કચ્છી જૈન ભવન' પર દર મહિને જમા કરાવાય તો તેમાંથી ઉપયોગી કાગળની થેલીઓ બની શકે. અમદાવાદની એક સંસ્થા સાથે રહીને આ સમાજે આવી થેલીઓ બનાવવાનો નિર્ણય કરેલ છે.

ત્યારબાદ આ થેલીઓનું કરિયાણા વગેરેની દુકાને વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે કે જેના કારણે પ્લાસ્ટિકનો વપરાશ ઓછો થઈ શકે.

'મંગલ મંદિર' વાંચનાર સહુને અપીલ કરવામાં આવે છે કે હવે પછી તેઓ પોતાને ત્યાંની પસ્તી વેચવાના બદલે 'શ્રી કચ્છી જૈન ભવન - પાલડી' ખાતે જમા કરાવે. આથી પર્યાવરણની જાળવણીમાં તેવા પરિવારજનોનો સહકાર પણ મળી રહેલ છે તેવી ગણના કરી શકાશે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*તમે જે વસ્તુ આંતરશો, તે વસ્તુ તમને પ્રાપ્ત નહિ થાય.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### ચૂંટણી પંચની જાહેરાત

*તા. ૨૨-૭-૨૦૧૨*

બંધારણ મુજબ નિવૃત્ત થતા દાતા ટ્રસ્ટીઓ ૩ (ત્રણ), માનદ્ ટ્રસ્ટીઓ ૨ (બે) અને સ્વજન ટ્રસ્ટી ૧ (એક)ની ખાલી પડેલ જગ્યા ઉપર નીચે જણાવેલ દાતા ટ્રસ્ટીઓની ૩ (ત્રણ) જગ્યાએ ૩ (ત્રણ), માનદ્ ટ્રસ્ટીઓની ૨ (બે) ની જગ્યાએ ૪ (ચાર) અને સ્વજન ટ્રસ્ટીની ૧ (એક)ની જગ્યાએ ૧ (એક) ઉમેદવારી પત્રક આવેલ હતા. પરંતુ માનદ્ ટ્રસ્ટીની જગ્યા ઉપરના બે ઉમેદવાર **(૧) શ્રી કલ્યાણજી રવજી રાંભિયા, (૨) શ્રી પીયૂષ રવિલાલ પારેખે** પોતાનાં ઉમેદવારી પત્રકો પાછા ખેંચી લેતાં, બે ની જગ્યાએ બે (૨) જ ઉમેદવારો રહેતા, નીચેનાં તમામ ઉમેદવારોને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવે છે.

- **દાતા ટ્રસ્ટીઓ (જગ્યા - ૩)**

૧. ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા
૨. શ્રી મણિલાલ કુંવરજી ગોસર
૩. શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા

- **માનદ્ ગ્રુપ (જગ્યા - ૨)**

૧. શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
૨. શ્રી વીરેન્દ્ર રાઘવજી લોડાયા

- **સ્વજન ગ્રુપ (જગ્યા - ૧)**

૧. શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)

**સભ્યો ચૂંટણી પંચ**

**શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી** **આણંદજી વેલજી શાહ / વીરા**

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### ચૂંટણી પંચની જાહેરાત

*તા. ૨૨-૭-૨૦૧૨*

બંધારણ મુજબ કારોબારી સમિતિના નિવૃત્ત થતાં ૬ (છ) સભ્યોની જગ્યા માટે ૧૬ (સોળ) સભ્યોના ઉમેદવારી પત્રકો આવ્યા હતા. જેમાંથી નીચેના ૧૦ (દસ) સભ્યો —

૧. શ્રી અનિલ રામજી હરિયા
૨. શ્રી દિનેશચંદ્ર જગજીવન શાહ
૩. શ્રી ગિરીશભાઈ દામજી પોલડિયા
૪. શ્રી કમલેશ શામજીભાઈ લોડાયા
૫. શ્રી કેતન ઈન્દ્રજિત શાહ
૬. શ્રી નિરંજન પૂનમચંદ મૈશેરી
૭. શ્રી પીયૂષ હીરજી સાવલા
૮. શ્રી રાજેશ ખીમચંદ ધરમશી
૯. શ્રી સંદીપ અશોકકુમાર મહેતા
૧૦. શ્રીમતી સુલુબેન જલદીપ શાહ

ઉમેદવારી પાછી ખેંચી લેતાં, બાકી રહેતા નીચેનાં ૬ (છ) ઉમેદવારોને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવે છે.

૧. શ્રી ભોગીલાલ પ્રેમચંદ કોરડિયા (શાહ)
૨. શ્રી દિનેશભાઈ રતિલાલ મહેતા
૩. શ્રી લહેરચંદ પુનશી મૈશેરી
૪. શ્રી નીતિનભાઈ ધનજી ગાલા
૫. શ્રી રજનીકાંત ધરમશી પારેખ
૬. શ્રીમતી શિલ્પીબેન પ્રકાશ શાહ

**સભ્યો ચૂંટણી પંચ**

**શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી** **આણંદજી વેલજી શાહ / વીરા**

## વસતિ પત્રક - ૨૦૧૨ વિતરણ

સમાજના દરેક નોંધાયેલા સભ્ય પરિવારોને જણાવવાનું કે વસતિ પત્રક - ૨૦૧૨નું વિતરણ પરિવાર દીઠ - ૧ નકલના ધોરણે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સવારના ૧૦.૦૦થી સાંજના ૬.૦૦ વાગ્યા સુધી ચાલુ છે.

સભ્યોએ પોતાનું આઈ.ડી. પ્રુફ લાવવા વિનંતી. અન્ય પરિવાર માટે નકલ લઈ જનારને તે સંબંધી ઓથોરિટી લેટર લાવવું જરૂરી છે.

સહકાર બદલ આભાર.

***વસતિપત્રક સમિતિ***

*જે પારકા માટે જીવે છે, તેને કિંચિત્‌માત્ર દુઃખ નથી ને જે પોતાને માટે જીવે છે, તેને બધાં જ દુઃખો છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વર્ષ ૨૦૧૧-૨૦૧૨માં ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિની બેઠકોમાં સભ્યશ્રીઓની હાજરી

*ગત વર્ષ ૨૦૧૧-૨૦૧૨ દરમ્યાન ટ્રસ્ટ મંડળની કુલ ૧૧ બેઠકો મળેલ હતી. જેમાં દરેક ટ્રસ્ટીશ્રીઓની હાજરીની નોંધ નીચે પ્રમાણે છે.*

| | | |
|---|---|---|
| ૧. | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | ૧૧ |
| ૨. | શ્રી કાંતિલાલ વેલજી સાવલા | ૯ |
| ૩. | શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ | ૮ |
| ૪. | શ્રી પ્રતાપભાઈ નારાણજી દંડ | ૧૦ |
| ૫. | શ્રી હસમુખભાઈ બી. શાહ (ખાંડવાલા) | ૧૧ |
| ૬. | શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) | ૬ |
| ૭. | શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર | ૬ |
| ૮. | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | ૬ |
| ૯. | શ્રી હીરજી પાસુભાઈ શાહ | ૬ |
| ૧૦. | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી | ૫ |
| ૧૧. | શ્રી હસમુખભાઈ ઉગરચંદ ગઢેચા | ૫ |
| ૧૨. | શ્રી મણિલાલ કુંવરજી ગોસર | ૫ |
| ૧૩. | શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ | ૭ |
| ૧૪. | શ્રી શાંતિલાલ મૂળજી સાવલા | ૫ |
| ૧૫. | શ્રી નવીનચંદ્ર નાનજી શાહ | ૦ |
| ૧૬. | શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા | ૨ |
| ૧૭. | શ્રી આણંદજીભાઈ વેલજી વીરા | ૧૧ |
| ૧૮. | શ્રી કાંતિલાલ રામજી શાહ | ૮ |
| ૧૯. | શ્રી કલ્યાણજીભાઈ રવજી રાંભિયા | ૫ |
| ૨૧. | શ્રી અશ્વિન હીરજી સાવલા | ૧૦ |
| ૨૧. | શ્રી વીરેન્દ્ર રાઘવજી લોડાયા | ૭ |
| ૨૨. | શ્રી મુળજી નરશી શાહ | ૧ |

**શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ**

પ્રતિ વર્ષની જેમ સમિતિ આમંત્રિત કરે છે સમાજના સભ્ય પરિવારજનોમાંથી કોઇએ વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ બદલ કોઇ સ્થળે કે સંસ્થામાંથી માન, મેડલ, સર્ટિફિકેટ વગેરે મેળવ્યા હોય તો પૂરું નામ, સરનામું, ફોન નંબર સહિત જરૂરી વિગત એક કવરમાં કન્વીનરશ્રી, શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિના નામે તા. ૧૪-૯-૨૦૧૨ સુધી મોકલાવવા.

*- કન્વીનર*

*ગત વર્ષ ૨૦૧૧-૨૦૧૨ દરમ્યાન કારોબારી સમિતિની કુલ ૭ બેઠકો મળેલ હતી. જેમાં દરેક સભ્યશ્રીઓની હાજરીની નોંધ નીચે પ્રમાણે છે.*

| | | |
|---|---|---|
| ૧. | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | ૭ |
| ૨. | શ્રી કાંતિલાલ વેલજી સાવલા | ૫ |
| ૩. | શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ | ૪ |
| ૪. | શ્રી પ્રતાપભાઈ નારાણજી દંડ | ૬ |
| ૫. | શ્રી હસમુખભાઈ બાબુભાઈ શાહ | ૬ |
| ૬. | શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) | ૩ |
| ૭. | શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર | ૨ |
| ૮. | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | ૪ |
| ૯. | શ્રી પંકજ મેઘજી ગોગરી | ૬ |
| ૧૦. | શ્રી કિશોર મૂળજી લાલકા | ૩ |
| ૧૧. | શ્રીમતી શિલ્પીબેન પ્રકાશ શાહ | ૩ |
| ૧૨. | શ્રીમતી સુલુબેન જલદીપ શાહ | ૪ |
| ૧૩. | શ્રી પોપટલાલ નેણશી ધરોડ | ૦ |
| ૧૪. | શ્રી બચુભાઈ હીરજી રાંભિયા | ૩ |
| ૧૫. | શ્રી રજનીકાંત ધરમશી પારેખ | ૬ |
| ૧૬. | શ્રી હીરેન કુંવરજી શાહ | ૨ |
| ૧૭. | શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા | ૬ |
| ૧૮. | શ્રી નીતિન ધનજી ગાલા | ૩ |
| ૧૯. | શ્રી વિશાલ મહેન્દ્ર શાહ | ૫ |
| ૨૦. | શ્રી જશવંત જયંતીલાલ કોઠારી | ૫ |
| ૨૧. | શ્રી દિનેશ રતિલાલ મહેતા | ૪ |
| ૨૨. | શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ | ૬ |
| ૨૩. | શ્રી પદમશી ચત્રભુજ ડાઘા | ૫ |
| ૨૪. | શ્રી લક્ષ્મીચંદ શામજી વીરા | ૬ |
| ૨૫. | શ્રી નવીન જેઠાભાઈ લાલકા | ૨ |
| ૨૬. | શ્રી વિમેશ ગુલાબચંદ શાહ | ૪ |
| ૨૭. | શ્રી બાબુભાઈ ખેતશી મહેતા | ૧ |
| ૨૮. | શ્રી ગુલાબચંદ ધનજી દંડ | ૦ |
| ૨૯. | શ્રી દિનેશચંદ્ર જગજીવન શાહ | ૩ |

**દરેક જોડે 'એડજસ્ટમેન્ટ' થાય એ જ મોટામાં મોટો ધર્મ.**

*મન-વચન-કાયાથી ધનની ચોરી નથી કરવી, તેવી પ્રાર્થના કરે તો ઘેર બેઠાં ધનના ઢગલા થાય.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## તા. ૨૨-૭-૨૦૧૨ના રોજ સવારના ૧૦ વાગે મળેલ સમાજની ૨૫મી વાર્ષિક સામાન્ય સભાનો અહેવાલ.

★ ઉપરોક્ત સભા સવારના ૧૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળી હતી.

★ સભામાં નીચે મુજબના ટ્રસ્ટીશ્રીઓને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.

દાતા ટ્રસ્ટીઓ : (૧) ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા, (૨) શ્રી મણિલાલ કુંવરજી ગોસર, (૩) શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા

સામાન્ય ટ્રસ્ટીઓ (માનદ્ ગ્રુપ) : (૧) શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ, (૨) શ્રી વીરેન્દ્ર રાઘવજી લોડાયા

સામાન્ય ટ્રસ્ટીઓ (સ્વજન ગ્રુપ) : (૧) શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)

★ ઉપરોક્ત સભામાં નીચે મુજબના કારોબારી સભ્યોને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા :

(૧) શ્રી ભોગીલાલ પ્રેમચંદ કોરડિયા, (૨) શ્રી દિનેશભાઈ રતિલાલ મહેતા, (૩) શ્રી લહેરચંદ પુનશી મૈશેરી, (૪) શ્રી નીતિનભાઈ ધનજી ગાલા, (૫) શ્રી રજનીકાંત ધરમશી પારેખ, (૬) શ્રીમતી શિલ્પીબેન પ્રકાશ શાહ.

★ ગત વર્ષ દરમ્યાન થયેલ કાર્યવાહીનો અહેવાલ વાંચી સંભળાવવામાં આવેલ.

★ વર્ષ ૨૦૧૧-૨૦૧૨ના ઓડિટેડ હિસાબો સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ હતા.

★ વર્ષ ૨૦૧૨-૨૦૧૩ માટે ઓડિટર તરીકે શ્રી નૌતમ આર. વકીલની નિમણૂક કરવામાં આવી હતી.

★ અંદાજિત ૮૦થી વધુ સભ્યો આ સભામાં ઉપસ્થિત રહ્યા હતા.

## તા. ૨૨-૭-૨૦૧૨ના રોજ બપોરના ૧.૦૦ વાગે મળેલ સમાજના નવા ટ્રસ્ટ મંડળની પ્રથમ મિટિંગનો અહેવાલ

★ વર્ષ ૨૦૧૨-૨૦૧૩ માટે (૧) શ્રી અશ્વિન હીરજી સાવલા, (૨) શ્રી કલ્યાણજી રવજી રાંભિયાની કો-ઓપ્ટ ટ્રસ્ટીઓ તરીકે વરણી કરવામાં આવી હતી.

★ વર્ષ ૨૦૧૨-૨૦૧૩ માટે શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતાની મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવેલ હતી.

★ વર્ષ ૨૦૧૨-૨૦૧૩ માટે નીચે મુજબના ૬ ટ્રસ્ટીઓને કારોબારી સમિતિમાં મોકલવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૧) શ્રી કાંતિલાલ વેલજી સાવલા, (૨) શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ, (૩) શ્રી પ્રતાપ નારાણજી દંડ, (૪) ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા, (૫) શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ), (૬) શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર.

★ વર્ષ ૨૦૧૨-૨૦૧૩ની ટ્રસ્ટ મંડળની પ્રથમ મિટિંગમાં અંદાજિત ૧૫ ટ્રસ્ટીશ્રીઓની ઉપસ્થિતિ હતી.

## તા. ૨૨-૭-૨૦૧૨ના રોજ બપોરના ૨.૦૦ વાગે મળેલ સમાજની નવી કારોબારી સમિતિની પ્રથમ મિટિંગનો અહેવાલ

★ વર્ષ ૨૦૧૨-૨૦૧૩ માટે (૧) શ્રી દિનેશચંદ્ર જગજીવન શાહ, (૨) શ્રી નિરંજન પૂનમચંદ મૈશેરીની કો-ઓપ્ટ સભ્યો તરીકે તથા (૧) શ્રી સંદીપ અશોકકુમાર મહેતા, (૨) શ્રીમતી સુલુબેન જલદીપ શાહની આમંત્રિત સભ્યો તરીકે વરણી કરવામાં આવેલ હતી.

★ વર્ષ ૨૦૧૨-૨૦૧૩ માટે પ્રથમ ઉપપ્રમુખ તરીકે શ્રી કાંતિલાલ વેલજી સાવલા, દ્વિતીય ઉપપ્રમુખ તરીકે શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ, માનદ્ મંત્રી તરીકે શ્રી પ્રતાપ નારાણજી દંડ, સહમંત્રી તરીકે શ્રી દિનેશ રતિલાલ મહેતા, ખજાનચી તરીકે શ્રી ચંદ્રકાંત દામજી શાહ તથા સહ ખજાનચી તરીકે શ્રી રમણિકલાલ કુંવરજી ગોસરની વરણી કરવામાં આવેલ હતી.

★ વર્ષ ૨૦૧૨-૨૦૧૩ માટેની વિવિધ સમિતિઓના કન્વીનરશ્રી તરીકે નીચે મુજબની વ્યક્તિઓની વરણી કરવામાં આવેલ હતી.

| ક્રમ | સમિતિનું નામ | | કન્વીનરશ્રીનું નામ | ફોન / મોબાઈલ નંબર |
|---|---|---|---|---|
| ૧. | શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ | : | શ્રી હીરેન કુંવરજી શાહ | ૯૮૨૫૦ ૧૩૭૧૫ |
| ૨. | વિદ્યાર્થી પુરસ્કાર સમિતિ | : | શ્રી પંકજ મેઘજી ગોગરી | ૯૮૨૮૮ ૦૬૮૮૨ |

*મન-વચન-કાયાથી સત્ય બોલે તો વચનસિદ્ધિ પ્રાપ્ત થાય.*

| | | | | |
|---|---|---|---|---|
| ૩. | કોમ્પ્યુટર અને વેબસાઈટ સમિતિ | : | શ્રી વિમેશ ગુલાબચંદ શાહ | ૯૮૭૯૧ ૧૦૪૬૭ |
| ૪. | લાઈબ્રેરી સમિતિ | : | શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ | ૯૮૨૫૦ ૩૧૫૨૮ |
| ૫. | યુવા વિકાસ સમિતિ | : | શ્રી નવીન જેઠાભાઈ લાલકા | ૯૩૭૭૭ ૪૨૪૨૧ |
| ૬. | મહિલા ઉત્કર્ષ સમિતિ | : | શ્રીમતી સુલુબેન જલદીપ શાહ | ૨૬૬૦ ૭૯૯૦ |
| ૭. | બાળ કલ્યાણ સમિતિ | : | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી | ૨૬૮૭ ૧૯૨૫ |
| ૮. | દેહદાન, અવયવદાન સમિતિ | : | શ્રી કમલેશ બાબુભાઈ શાહ | ૯૮૯૮૭ ૪૨૬૨૪ |
| ૯. | રક્તદાન સમિતિ | : | ડૉ. કેતન ઈન્દ્રજિત શાહ | ૯૮૨૫૬ ૮૭૭૪૧ |
| ૧૦. | પરિચય મિલન સમિતિ | : | શ્રી હીરજી પાસુભાઈ શાહ | ૯૮૨૫૩ ૮૦૮૬૬ |
| ૧૧. | તબીબી સેવા સમિતિ | : | શ્રી કાંતિલાલ વેલજી સાવલા | ૯૮૨૫૦ ૩૬૬૫૧ |
| ૧૨. | તબીબી સહાય સમિતિ | : | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | ૯૭૨૬૮ ૨૦૧૮૪ |
| ૧૩. | વયસ્ક સમિતિ | : | શ્રી રજનીકાંત ધરમશી પારેખ | ૯૮૯૮૦ ૫૩૫૨૧ |
| ૧૪. | સામાજિક સુરક્ષા સમિતિ | : | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી | ૨૬૮૭ ૧૯૨૫ |
| ૧૫. | શૈક્ષણિક સહાય સમિતિ | : | શ્રી આણંદજી વેલજી વીરા | ૨૬૫૭ ૫૩૮૪ |
| ૧૬. | સાધર્મિક સહાય સમિતિ | : | શ્રી આણંદજી વેલજી વીરા | ૨૬૫૭ ૫૩૮૪ |
| ૧૭. | વૈયાવૃત્ય (વૈયાવચ્ચ) સમિતિ | : | શ્રી પદમશી ચત્રભુજ ડાઘા | ૯૪૨૭૪ ૧૭૬૮૩ |
| ૧૮. | મંગલ મંદિર સમિતિ | : | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | ૯૪૨૮૦ ૪૦૨૬૧ |
| ૧૯. | લીગલ સમિતિ | : | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | ૯૭૨૬૮ ૨૦૧૮૪ |
| ૨૦. | હિસાબી સમિતિ | : | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી | ૨૬૮૭ ૧૯૨૫ |
| ૨૧. | સભ્યપદ સમિતિ તથા મેડિકલ કાર્ડ સમિતિ | : | શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર | ૯૪૨૮૩ ૫૧૩૭૦ |
| ૨૨. | ફંડ રેઈઝિંગ સમિતિ | : | શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ | ૯૮૨૫૦ ૬૧૫૯૮ |
| ૨૩. | પાલડી ભવન સમિતિ | : | શ્રી પ્રતાપ નારાણજી દંડ | ૯૪૨૬૭ ૨૫૬૧૯ |
| ૨૪. | શાહીબાગ ભવન સમિતિ | : | શ્રી કલ્યાણજી રવજી રાંભિયા | ૯૮૨૫૦ ૨૨૨૬૧ |
| ૨૫. | ગીતામંદિર ભવન સમિતિ | : | શ્રી લહેરચંદ પુનશી મૈશેરી | ૯૮૨૪૩ ૫૨૧૦૯ |
| ૨૬. | કેન્ટીન સમિતિ | : | શ્રી મણિલાલ કુંવરજી ગોસર | ૯૪૨૭૫ ૫૭૮૭૭ |
| ૨૭. | જનરલ ખરીદ સમિતિ | : | શ્રી ચંદ્રકાંત દામજી શાહ | ૨૬૬૦ ૫૨૨૫ |
| ૨૮. | જમણવાર સમિતિ | : | શ્રી સંદીપ અશોકકુમાર મહેતા | ૯૮૯૮૯ ૩૩૦૦૦ |
| ૨૯. | મુંબઈ અતિથિ ભવન સમિતિ | : | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | ૯૭૨૬૮ ૨૦૧૮૪ |
| ૩૦. | બંધારણ સમિતિ | : | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી | ૨૬૮૭ ૧૯૨૫ |
| ૩૧. | ગૃહઉદ્યોગ સમિતિ | : | શ્રી સંદીપ અશોકકુમાર મહેતા | ૯૮૯૮૦ ૩૩૦૦૦ |
| ૩૨. | કચ્છ આર્ટ ગેલેરી સમિતિ | : | શ્રી કાંતિલાલ રામજી શાહ | ૯૩૨૮૦ ૦૧૧૪૦ |
| ૩૩. | લોન સમિતિ | : | શ્રી કાંતિલાલ રામજી શાહ | ૯૮૨૮૦ ૦૧૧૪૦ |
| ૩૪. | દર્દી સહાય સમિતિ | : | શ્રી બચુભાઈ હીરજી રાંભિયા | ૯૨૨૭૨ ૧૩૩૫૧ |
| ૩૫. | ડોનેશન ફોલો-અપ સમિતિ | : | શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા) | ૯૮૨૫૦ ૪૦૬૬૬ |
| ૩૬. | પ્રચાર - પ્રસાર સમિતિ | : | શ્રી દિનેશ જગજીવન શાહ | ૯૪૨૬૫ ૭૭૬૭૮ |
| ૩૭. | પર્યાવરણ સમિતિ | : | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | ૯૭૨૬૮ ૨૦૧૮૪ |
| ૩૮. | વોલન્ટિયર્સ સમિતિ | : | શ્રી વિમેશ ગુલાબચંદ શાહ | ૯૮૭૯૧ ૧૦૪૬૭ |
| ૩૯. | ક્રેડિટ સોસાયટી સમિતિ | : | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | ૯૭૨૬૮ ૨૦૧૮૪ |
| ૪૦. | મંજુલ હરખધામ સમિતિ | : | શ્રી રજનીકાંત ધરમશી પારેખ | ૯૮૯૮૦ ૫૩૫૨૧ |
| ૪૧. | સુવર્ણ જયંતી મહોત્સવ સમિતિ | : | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | ૯૪૨૮૦ ૪૦૨૬૧ |
| ૪૨. | કચ્છી યલો પેજીસ સમિતિ | : | શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ | ૯૮૨૫૦ ૩૧૫૨૮ |

★ વર્ષ ૨૦૧૨-૨૦૧૩ની પ્રથમ કારોબારી સમિતિની મિટિંગમાં અંદાજિત ૨૦ જેટલા સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

*અધિકારનો દુરુપયોગ કરો તો સત્તા જતી રહે છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ — અમદાવાદ

## ટ્રસ્ટ મંડળના ટ્રસ્ટીશ્રીઓની યાદી : વર્ષ ૨૦૧૨-૨૦૧૩

| ક્રમ | નામ | કચ્છમાં ગામ | હોદ્દો | ઘર | ઓફિસ | મોબાઈલ |
|---|---|---|---|---|---|---|
| ૧. | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | ભુજપુર | મેનેજિંગ ટ્રસ્ટી | ૪૦૦૦ ૮૨૧૦ | — | ૯૮૨૫૩ ૨૨૬૮૯<br>૯૪૨૮૦ ૪૦૨૬૧ |
| ૨. | શ્રી કાંતિલાલ વેલજી સાવલા | તુંબડી | કાયમી ટ્રસ્ટી | ૨૬૫૬ ૩૩૩૩<br>૨૬૪૪ ૯૯૪૪ | ૨૭૫૦ ૨૪૬૧/<br>૬૨/૬૩/૬૪ | ૯૮૨૫૦ ૩૬૬૫૧ |
| ૩. | શ્રી જગશી જેઠાભાઈ છેડા | લાયજા - મુંબઈ | કાયમી ટ્રસ્ટી | ૦૨૨-૨૪૧૬૭૨૭૧<br>૦૨૨-૨૪૧૪૧૮૭૯ | ૦૨૨-૨૪૧૮૧૦૯૬<br>૦૨૨-૨૪૧૪૨૦૩૧ | ૦૯૮૨૦૮ ૦૦૪૫૬ |
| ૪. | શ્રી બિપિનચંદ્ર કાનજી જૈન | નાની ખાખર-મુંબઈ | કાયમી ટ્રસ્ટી | ૦૨૨-૨૨૬૨૪૭૨૧<br>૦૨૨-૨૩૬૧૧૦૬૬ | ૦૨૨-૨૨૦૧ ૭૪૭૬ | ૦૯૮૯૨૨ ૮૮૦૦૧ |
| ૫. | શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ | ફતેહગઢ | ટ્રસ્ટી | ૨૬૪૪ ૬૪૧૩ | ૨૨૧૪ ૪૬૬૩<br>૨૬૪૦ ૧૧૫૦ | ૯૮૨૫૦ ૩૧૫૨૮ |
| ૬. | શ્રી પ્રતાપ નારાણજી દંડ | તેરા | ટ્રસ્ટી | ૨૬૪૦ ૫૦૪૭ | — | ૯૪૨૬૭ ૨૫૬૧૯ |
| ૭. | શ્રી હસમુખ બાબુભાઈ ખાંડવાલા | અંજાર | ટ્રસ્ટી | ૨૬૬૦ ૩૪૫૮ | ૨૬૬૦ ૫૪૫૩<br>૨૬૬૦ ૮૯૮૮ | ૯૮૨૫૦ ૪૦૬૬૬ |
| ૮. | શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) | ડુમરા | ટ્રસ્ટી | ૨૬૬૦ ૫૨૨૫ | — | — |
| ૯. | શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર | ગોધરા | ટ્રસ્ટી | ૨૬૬૫ ૦૨૯૯ | — | ૯૪૨૮૩ ૫૧૩૭૦ |
| ૧૦. | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | નાની ખાખર | ટ્રસ્ટી | ૨૬૩૦ ૫૮૬૦ | — | ૯૭૨૬૮ ૨૦૧૮૪ |
| ૧૧. | શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા | બાડા | ટ્રસ્ટી | ૨૬૭૫ ૧૪૧૫ | ૨૭૫૭ ૩૩૬૬ | ૯૮૨૫૦ ૦૭૨૫૪ |
| ૧૨. | શ્રી હીરજી પાસુભાઈ શાહ | શેરડી | ટ્રસ્ટી | ૨૬૬૦ ૧૦૭૦ | — | ૯૮૨૫૩ ૮૦૮૬૬ |
| ૧૩. | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી | મુંદ્રા | ટ્રસ્ટી | ૨૬૮૭ ૧૯૨૫ | ૨૫૬૨ ૦૦૫૧<br>૨૫૫૦ ૧૯૫૫ | — |
| ૧૪. | શ્રી હસમુખ ઉગરચંદ ગઢેચા | ફતેહગઢ | ટ્રસ્ટી | ૨૬૪૬ ૨૫૩૬ | ૨૬૪૨ ૭૦૦૧ | ૯૮૨૫૦ ૧૫૩૭૨ |
| ૧૫. | શ્રી મણિલાલ કુંવરજી ગોસર | ગોધરા | ટ્રસ્ટી | ૨૬૭૫ ૨૧૨૨ | — | ૯૪૨૭૫ ૫૧૮૭૭ |
| ૧૬. | શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ | તુંબડી | ટ્રસ્ટી | ૨૭૪૮ ૪૯૦૬ | ૨૬૮૫ ૩૨૭૯ | ૯૮૨૫૦ ૬૧૫૯૮ |
| ૧૭. | શ્રી શાંતિલાલ મૂળજી સાવલા | તુંબડી | ટ્રસ્ટી | ૦૨૭૧૭-૨૩૧૦૧૧<br>૨૩૪૪૫૫ | ૨૬૮૬ ૨૦૭૬/૭૮ | ૯૮૨૫૦ ૪૮૬૪૫ |
| ૧૮. | શ્રી નવીન નાનજી શાહ (પોલડિયા) | તલવાણા | ટ્રસ્ટી | ૦૨૭૧૭-૨૩૪૮૦૦ | ૬૬૩૦ ૫૦૦૦<br>૨૭૪૫ ૧૦૦૦ | ૯૮૨૫૦ ૦૯૨૦૦ |
| ૧૯. | શ્રી કાંતિલાલ રામજી શાહ | રામાણિયા | ટ્રસ્ટી | ૨૬૪૨ ૩૮૯૫ | ૨૫૮૯ ૪૫૫૬<br>૨૫૮૩ ૩૯૮૯ | ૯૩૨૮૦ ૦૧૧૪૦ |
| ૨૦. | શ્રી આણંદજી વેલજી વીરા | મેરાઉ | ટ્રસ્ટી | ૨૬૫૭ ૫૩૪૨ | ૨૬૫૭ ૫૩૮૪ | — |
| ૨૧. | શ્રી વીરેન્દ્ર રાઘવજી લોડાયા | બાંઢિયા | ટ્રસ્ટી | ૨૬૬૩ ૪૦૯૦<br>૨૬૬૩ ૬૦૧૯ | ૨૫૪૫ ૦૩૮૦ | ૯૮૨૫૦ ૦૯૮૦૩ |
| ૨૨. | શ્રી અશ્વિન હીરજી સાવલા | દેશલપુર | કો-ઓપ્ટ ટ્રસ્ટી | ૨૭૯૧ ૧૭૯૧ | ૨૬૫૬ ૪૪૩૨<br>૨૬૫૬ ૧૧૬૮ | ૯૮૨૫૯ ૩૮૭૭૧ |
| ૨૪. | શ્રી કલ્યાણજી રવજી રાંભિયા | રામાણિયા | કો-ઓપ્ટ ટ્રસ્ટી | ૨૭૫૦ ૬૧૬૧ | ૨૭૫૬ ૦૪૮૦ | ૯૮૨૫૦ ૨૨૨૬૧ |

*તિરસ્કાર અને નિંદા જ્યાં હશે ત્યાં લક્ષ્મી નહિ રહે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ — અમદાવાદ

## કારોબારી સમિતિના સભ્યશ્રીઓની યાદી : વર્ષ ૨૦૧૨-૨૦૧૩

| ક્રમ | નામ | કચ્છમાં ગામ | હોદ્દો | ઘર | ઓફિસ | મોબાઈલ |
|---|---|---|---|---|---|---|
| ૧. | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | ભુજપુર | મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ | ૪૦૦૦ ૮૨૧૦ | — | ૯૮૨૫૩ ૨૨૬૮૯<br>૯૪૨૮૦ ૪૦૨૬૧ |
| ૨. | શ્રી કાંતિલાલ વેલજી સાવલા | તુંબડી | કાયમી ટ્રસ્ટી અને પ્રથમ ઉપપ્રમુખ | ૨૬૫૬ ૩૩૩૩<br>૨૬૪૪ ૯૯૪૪ | ૨૭૫૦ ૨૪૬૧/<br>૬૨/૬૩/૬૪ | ૯૮૨૫૦ ૩૬૬૫૧ |
| ૩. | શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ | ફતેહગઢ | ટ્રસ્ટી અને દ્વિતીય ઉપપ્રમુખ | ૨૬૪૪ ૬૪૧૩ | ૨૨૧૪ ૪૬૬૩<br>૨૬૪૦ ૧૧૫૦ | ૯૮૨૫૦ ૩૧૫૨૮ |
| ૪. | શ્રી પ્રતાપ નારાણજી દંડ | તેરા | ટ્રસ્ટી અને માનદ્ મંત્રી | ૨૬૪૦ ૫૦૪૭ | — | ૯૪૨૬૭ ૨૫૬૧૯ |
| ૫. | શ્રી દિનેશ રતિલાલ મહેતા | ભુજ | સહમંત્રી | ૨૬૮૫ ૪૬૪૪ | — | ૯૯૨૪૩ ૪૨૬૨૮ |
| ૬. | શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) | ડુમરા | ટ્રસ્ટી અને ખજાનચી | ૨૬૬૦ ૫૨૨૫ | — | — |
| ૭. | શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર | ગોધરા | ટ્રસ્ટી અને સહ ખજાનચી | ૨૬૬૫ ૦૨૯૯ | — | ૯૪૨૮૩ ૫૧૩૭૦ |
| ૮. | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | નાની ખાખર | ટ્રસ્ટી | ૨૬૮૫ ૯૭૦૭ | — | ૯૭૨૬૮ ૨૦૧૮૪ |
| ૯. | શ્રી પોપટલાલ નેણશી ધરોડ | પત્રી | સભ્ય | ૨૭૪૮ ૫૮૧૨ | — | — |
| ૧૦. | શ્રી કિશોર મૂળજી લાલકા | લાલા | સભ્ય | ૨૫૪૩ ૦૪૩૪ | ૨૫૩૮ ૩૬૩૬ | ૯૮૨૫૦ ૬૫૮૪૪ |
| ૧૧. | શ્રી નીતિન ધનજી ગાલા | કોટડા રોહા | સભ્ય | ૨૨૮૬ ૫૪૩૧<br>૨૨૮૬ ૭૦૬૪ | ૨૨૧૨ ૩૨૧૦<br>૨૨૧૨ ૪૪૭૪ | ૯૩૭૬૧ ૧૪૦૨૪<br>૯૩૭૭૨ ૦૯૫૩૦ |
| ૧૨. | શ્રી હીરેન કુંવરજી શાહ | નલિયા | સભ્ય | ૨૬૭૪ ૭૯૨૫ | ૨૬૪૨ ૨૪૫૫ | ૯૮૨૫૦ ૧૩૭૧૫ |
| ૧૩. | શ્રી પદમશી ચત્રભુજ ડાઘા | વરાડિયા | સભ્ય | ૨૬૬૦ ૮૩૨૨ | — | ૯૪૨૭૪ ૧૭૬૮૬<br>૯૮૨૫૮ ૮૫૮૨૨ |
| ૧૪. | શ્રી પંકજ મેઘજી ગોગરી | ડોણ | સભ્ય | ૨૬૬૪ ૧૬૯૦ | — | ૯૪૨૮૮ ૦૬૮૮૨ |
| ૧૫. | શ્રી દામજી (બચુભાઈ) હીરજી રાંભિયા | રામાણિયા | સભ્ય | ૨૨૧૪ ૧૧૯૭<br>૨૨૧૪ ૯૫૫૦ | ૩૨૯૩ ૫૭૭૨ | ૯૨૨૭૨ ૧૩૩૫૧<br>૯૪૨૮૧ ૧૩૧૯૧ |
| ૧૬. | શ્રીમતી શિલ્પીબેન પ્રકાશ શાહ | ફતેહગઢ | સભ્ય | ૨૬૬૨ ૦૧૯૯ | — | ૯૩૨૭૦ ૧૪૬૨૫ |
| ૧૭. | શ્રી લક્ષ્મીચંદ શામજી વીરા | ફરાદી | સભ્ય | ૨૬૭૬ ૬૨૯૦ | ૨૫૫૦ ૭૪૮૦<br>૨૫૫૦ ૦૫૪૪ | — |
| ૧૮. | શ્રી વિમેશ ગુલાબચંદ શાહ | નાની ખાવડી | સભ્ય | — | ૨૭૫૪ ૪૬૪૬ | ૯૮૭૯૧ ૧૦૪૬૭ |
| ૧૯. | શ્રી વિશાલ મહેન્દ્ર શાહ | ભુજ | સભ્ય | ૨૬૭૬ ૩૬૪૮ | ૨૬૩૧ ૪૬૦૫ | ૯૪૨૮૩ ૫૦૦૩૮ |
| ૨૦. | શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા | માંડવી | સભ્ય | ૨૬૬૧ ૨૦૮૯ | ૨૬૫૭ ૪૫૪૬ | ૯૮૨૫૦ ૬૧૧૬૦ |
| ૨૧. | શ્રી રજનીકાંત ધરમશી પારેખ | અંજાર | સભ્ય | ૨૬૬૩ ૪૩૮૮ | — | ૯૮૯૮૦ ૫૩૫૨૧ |
| ૨૨. | શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ | ફતેહગઢ | સભ્ય | ૨૬૫૭ ૫૮૪૯ | — | ૯૮૨૪૪ ૪૯૨૯૬ |
| ૨૩. | શ્રી નવીન જેઠાભાઈ લાલકા | બાંઢિયા | સભ્ય | — | ૨૨૧૨ ૦૪૦૪ | ૯૩૭૭૭ ૪૨૪૨૧ |
| ૨૪. | શ્રી જશવંતકુમાર જયંતીલાલ કોઠારી | પલાંસવા | સભ્ય | ૨૬૬૩ ૩૩૨૪ | ૨૬૪૬ ૦૨૩૬ | ૯૮૨૫૧ ૪૨૩૯૭ |
| ૨૫. | શ્રી લહેરચંદ પુનશી મૈશેરી | માંડવી | સભ્ય | ૨૭૬૦ ૨૩૭૪ | | ૯૮૨૪૩ ૫૨૧૦૯ |
| ૨૬. | શ્રી દિનેશચંદ્ર જગજીવન શાહ | ભુજ | કો-ઓપ્ટ સભ્ય | ૨૬૫૬ ૫૭૩૦ | — | ૯૪૨૬૫ ૭૭૬૭૮ |
| ૨૭. | શ્રી નિરંજન પૂનમચંદ મૈશેરી | લાલા | કો-ઓપ્ટ સભ્ય | ૨૭૬૮ ૦૭૬૧ | — | ૯૮૨૫૩ ૮૨૯૪૧ |
| ૨૮. | શ્રીમતી સુલુબહેન જલદીપ શાહ | નલિયા | આમંત્રિત સભ્ય | ૨૬૬૦ ૭૯૯૦ | — | — |
| ૨૯. | શ્રી સંદીપ અશોકકુમાર મહેતા | ભુજપુર | આમંત્રિત સભ્ય | ૪૦૦૦ ૮૨૧૦ | ૪૦૦૦ ૮૨૦૦ | ૯૮૯૮૯ ૩૩૦૦૦ |

*ક્રોધનો બચાવ કરવો, એ જ ક્રોધનો ખોરાક છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સુવર્ણ જયંતી વર્ષનો ચતુર્થ મુખ્ય કાર્યક્રમ

## "જિન્દગી જલસો ભને વઈ"ની સફળ, અદ્‌ભુત અને જીવંત રજૂઆત

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે કચ્છીયતને ઉજાગર કરવા તેનાં સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું તબક્કાવાર આયોજન કરેલું છે. જેનો પ્રથમ મુખ્ય કાર્યક્રમ અમદાવાદ ખાતે ફિલ્મ અને કચ્છી કલા સંસ્કૃતિને વિશ્વ ફલક પર પહોંચાડનાર કચ્છી વિશિષ્ટ કલાકારોનું સન્માન, દ્વિતીય કાર્યક્રમ મુંબઈ ખાતે કચ્છી વિશિષ્ટ ઉદ્યોગપતિઓનું સન્માન, તૃતીય કાર્યક્રમમાં અમદાવાદ ખાતે કચ્છની સંસ્કૃતિની ઝાંખી કરાવતા ડાયરા બાદ ચતુર્થ મુખ્ય કાર્યક્રમમાં તા. ૨૨-૭-૨૦૧૨ના રોજ રાત્રે ટાગોર હોલમાં કચ્છી નાટક "જિન્દગી જલસો ભને વઈ"ની શાનદાર રજૂઆત થઈ હતી.

મુંબઈ સ્થિત કચ્છની ધીંગી ધરાના રંગમંચના કસબીઓ દ્વારા પોતાની રંગભરી કલા - કસબની રજૂઆતવાળો એક અનોખો, અવનવો અને સૌ પ્રેક્ષકોએ આનંદપૂર્વક માણેલો એક ખૂબ જ સફળ પ્રયોગ હતો.

**હોલ એકદમ ખીચોખીચ ભરાયેલ હતો... પ્રેક્ષકોએ ખૂબ જ એકાગ્રતાપૂર્વક નાટક નિહાળ્યું હતું... એટલું જ નહીં... જોરદાર અને અસરકર્તા સંવાદો બોલાતા હતા ત્યારે અને કલાકારોની અદ્‌ભુત એક્ટીંગના સમયે તમામ પ્રેક્ષકો વારંવાર તાળીઓના ગડગડાટથી કલાકારોની રજૂઆતને બિરદાવતા હતા... તેમની તારીફ પણ કરતા હતા... અગત્યની બાબત એ હતી કે નાટકની સમગ્ર રજૂઆત દરમ્યાન ખૂબ જ શાંતિ જાળવેલ હતી... જેનાં કારણે નાટકના સૂત્રધારો અને કલાકારો ખૂબ જ પ્રભાવિત થયા હતા... આ રીતે પ્રેક્ષકોએ, સમાજના નામને રોશન કરીને ચાર ચાંદ લગાવ્યા હતા.... સુવર્ણ જયંતી વર્ષ શોભીલું બન્યું હતું. બહુત ખૂબ... બહુત ખૂબ... લગે રહો...!**

અમદાવાદ - ગાંધીનગર સ્થિત સમાજ પરિવારજનો, કચ્છી સંસ્થાઓ અને સમાજોના પ્રતિનિધિઓ, સામાજિક આગેવાનો અને અનેક મહાનુભાવોની **લગભગ ૭૫૦ સભ્યોની ઉપસ્થિતિથી હોલ ખીચોખીચ ભરાઈ ગયો હતો.**

*આય વલો અસાંજો વતન,*
*મુંજી માતૃભૂમિ કે નમન....*

સતત ૨૦મા વર્ષે રજત જયંતીવાળો ૨૫મો પ્રયોગ મુંબઈ સ્થિત કચ્છ યુવક સંઘ નિર્મિત, શ્રી પ્રવીણ સોલંકી લિખિત, શ્રી વસંત મારૂ અને શ્રી વિજય ગાલા દિગ્દર્શિત, ડૉ. વિશન નાગડા દ્વારા રૂપાંતરીત અને કચ્છી કલાકારો દ્વારા અભિનીત કચ્છી દ્વિઅંકી નાટક "જિન્દગી જલસો ભને વઈ"ની ખૂબજ સફળતાપૂર્વક રજૂઆત હતી.

**નાટકની કથા નાસ્તિક વિરુદ્ધ આસ્તિકની, વેર વિરુદ્ધ ક્ષમાની અસરકારક હતી.**

કથામાં વણાયેલી વાત એટલે.... લગ્ન સંબંધે વિચારણીય બાબત એ છે કે ગાડી કે બસમાં કેવળ ચાર-પાંચ કલાકની મુસાફરીમાં પણ આપણે બાજુની સીટ પર કોઈ સારા મુસાફરની અપેક્ષા રાખતા હોઈએ છીએ. જીવનભરના સાથી માટે હજાર ગળણે ગાળીને પાણી પીવું પડે છે અને તોય સારો જીવનસાથી મળવો એ લોટરીના ઈનામ જેવી ભાગ્ય આધીન મામલો બનતો હોય છે. પ્રેમ હોય તો માણસ દુ:ખોના ઝેરી કટોરા પીનેય જીવી જાય પરંતુ પ્રેમ ન હોય તો ગૃહિણી આંસુડે રડતી હોય એવું બનતું હોય છે.

ભાગ્યવશાત્ પાત્ર સારું મળ્યું તો જીવન સફળ, નહિં તો ડગલે ને પગલે હીબકાં, ડૂસકાં અને રીબામણીનો પાર નહીં.... એટલું નિશ્ચિત કે માણસ ઘણી બધી રીતે સારો હોય તો જ આદર્શ પતિ બની શકે.

**આવા સમયે પાત્રોની જન્મ કુંડળી અને તે પ્રમાણેના બંનેના યોગની સ્થિતિ કેટલો અને કેવો ભાગ ભજવે છે...** પાત્રોની પરસ્પર પસંદગીના સમયે તેનો આધાર કેટલો મહત્ત્વનો બને છે અને જ્યારે પ્રેમલગ્ન હોય ત્યારે જન્મ કુંડળીની કોઈ આવશ્યક્તા ઊભી થતી નથી. દીકરો પ્રેમલગ્નમાં આગળ વધે છે.... અચાનક અકસ્માતે મૃત્યુ થાય છે... તેનાં મૃત્યુ માટે જવાબદાર યુવક તેનાં જ ઘેર નોકરીએ લાગે છે... ત્યારબાદ નોકરમાંથી ઘરનો પુત્ર બને છે... શેઠના પુત્રના અકસ્માતના સંજોગનો ઘટસ્ફોટ થાય છે... અંતે તે યુવક અને પેલી યુવતી નવી જિંદગીની શરૂઆત કરે છે.... વગેરે મુદ્દા નાટકની કથામાં ખૂબ જ સારી રીતે ઉપસાવેલ છે. આજના સમાજની વાત અને અગાઉના સમાજની બાબતે એક પ્લેટફોર્મ પર રજૂઆત કરવામાં આવી છે. યુવકની માતા રિવાજો જેવી બાબતોથી જકડાયેલ છે જ્યારે તેના પિતા અલગ દિશામાં હોય છે. આ રીતે નાટક આગળ વધતાં તેમાં અનેક વિવિધતા આપવામાં આવી છે. દ્વિતીય હિસ્સામાં વેર વિરુદ્ધ ક્ષમાની જોરદાર રજૂઆત કરીને નાટકની કથાવસ્તુ આગળ વધે છે. કથા વસ્તુ મુજબ મુડદા - મૃતકને સ્ટેજ પર અદ્‌ભુત રીતે રજૂ કરીને પ્રેક્ષકોને જકડી રાખવામાં દિગ્દર્શક સફળ રહ્યા છે.

**દરેક કલાકારની જોરદાર એકટિંગ, છટાદાર રીતે કચ્છી ભાષામાં બોલાતા સંવાદો અને સમગ્ર દિગ્દર્શન કાબિલેદાદ અને પ્રેક્ષકોને પ્રભાવિતકર્તા છે.** નાટક નિહાળીને હોલમાં પ્રથમ હરોળથી અંતિમ હરોળના તમામ પ્રેક્ષકોના દિલ દિમાગ હર્ષોલ્લાસમય બની ગયા હતા. "ઘણાં સમય બાદ ખૂબ સરસ કચ્છી નાટક જોવા મળ્યું".... તે હતો પ્રેક્ષકોનો સંયુક્ત પ્રતિભાવ!.

***દિનેશ આર. મહેતા***

*કોઈ પણ માણસને આપણા નિમિત્તે કષ્ટ કે દુ:ખ ના થાય, તેનું નામ આત્મધર્મ.*

# નવરાત્રી કાર્યક્રમ

## રવિવાર, તા. ૨૧-૧૦-૨૦૧૨ – છઠ્ઠું નવરાત્ર (આસો સુદ સાતમ)

## સપ્તક પાર્ટી પ્લોટ – ૧૩૨ ફૂટ રીંગ રોડ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે તેના સુવર્ણ જયંતી વર્ષના વિવિધ કાર્યક્રમોમાં નવરાત્રિના કાર્યક્રમને પણ સામેલ કરેલ છે અને તેને વ્યવસ્થિતપણે ઉજવવાનું નક્કી કરવામાં આવેલ છે.

સમાજની મધ્યસ્થ સમિતિના સુવર્ણ જયંતી વર્ષના આ સાતમા મુખ્ય કાર્યક્રમ માટે ૧૩૨ ફૂટના રીંગ રોડ પર આવેલ **"સપ્તક પાર્ટી પ્લોટ"** નવરાત્રી પર્વના આસો સુદ સાતમના છઠ્ઠા નવરાત્ર માટે એટલે કે **રવિવાર, તા. ૨૧-૧૦-૨૦૧૨** માટે બુક કરી લેવામાં આવેલ છે અને ત્યાં શેરી ગરબાનું આયોજન ગોઠવવામાં આવેલ છે.

અમદાવાદ સ્થિત કચ્છી સમાજ તથા વિવિધ કચ્છી ઘટક સમાજોનો પણ આ માટે સહયોગ મેળવવામાં આવનાર છે એ તે માટે અત્યારથી જ જરૂરી પ્રયાસો આદરી દેવામાં આવેલ છે. અંદાજિત ૧૫૦૦ વ્યક્તિ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે તેવી ગણના રાખીને આયોજનો ગોઠવવામાં આવેલ છે.

આ કાર્યક્રમ માટે મુખ્ય સ્પોન્સરશિપ માટે દાવડા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લિ.ના શ્રી હિતેશભાઈ દાવડાનો સહકાર સાંપડેલ છે, જે આપણા માટે ઉત્સાહની વાત છે.

આ કાર્યક્રમ માટે અન્ય કો-સ્પોન્સર્સ પણ લેવામાં આવનાર છે. આ માટે જેઓની ઈચ્છા હોય તેઓએ શ્રી સંદીપ મહેતાનો ૯૮૯૮૯ ૩૩૦૦૦ નંબર પર સંપર્ક સાધવા અપીલ કરવામાં આવે છે.

**કાર્યક્રમ દરમ્યાન પાર્ટી પ્લોટ પર ૧૦૦ જેટલા બેનર્સ મૂકવાનું આયોજન છે.** બેનરની સાઈઝ ૬' x ૨'ની રહેશે. જેઓએ પોતાના બેનર્સ મૂકવાના હોય તેઓએ પોતાના ધંધાની જાહેરાતના લખાણ સહિતના તૈયાર બેનર સંસ્થાને પહોંચાડવાના રહેશે. પાર્ટી પ્લોટમાં આ બેનર્સ વિવિધ સ્થળે લગાવવામાં આવશે. એક બેનરનો ચાર્જ રૂા. ૨૫૦૦/- રાખવામાં આવેલ છે. બેનર માટે શ્રી સંદીપ મહેતાનો ૯૮૯૮૯ ૩૩૦૦૦ પર સંપર્ક સાધી શકાશે.

કાર્યક્રમમાં પ્રવેશ વિના મૂલ્યે રહેશે પરંતુ તે માટે દરેકે જરૂરી પાસ મેળવવાના રહેશે. આ પાસનું વિતરણ વિવિધ સ્થળેથી અથવા જે તે ઘટક સમાજની ઓફિસેથી કરવામાં આવશે. **પાસ વગર કોઈને પણ પાર્ટી પ્લોટમાં એન્ટ્રી મળી શકશે નહિ.** આ પાસ કયા કયા સ્થળેથી મળી શકશે, તેની વિગત આવતા અંકમાં જણાવવામાં આવશે.

**કાર્યક્રમના સ્થળે પાર્ટી પ્લોટમાં વિવિધ ખાણી-પીણીના સ્ટોલ પણ મૂકવામાં આવનાર છે.** જે સભ્યોને સ્ટોલ બુક કરાવવાની ઈચ્છા હોય તેઓએ શ્રી કચ્છી જૈન ભવન પર તા. ૨૦-૯-૨૦૧૨ પહેલા સ્ટોલ દીઠ રૂા. ૧,૦૦૦/- સાથે પોતાના સ્ટોલ બુક કરાવી લેવા જરૂરી છે. એક જ પ્રકારના બે સ્ટોલ ના થાય તે માટે સ્ટોલ બુક કરાવતી વખતે દરેકે પોતાના સ્ટોલની વિગત આપવાની જરૂરી રહેશે.

*નવરાત્રી કાર્યક્રમની વિગત નીચે મુજબ રહેશે :*

- ★ **દિવસ : રવિવાર, તા. ૨૧-૧૦-૨૦૧૨ (આસો સુદ સાતમ – છઠ્ઠું નવરાત્ર)**
- ★ **સમય : રાત્રે ૮.૦૦ વાગ્યાથી**
- ★ **સ્થળ : સપ્તક પાર્ટી પ્લોટ, રિલાયન્સ પેટ્રોલ પંપની બાજુમાં, ટોરેન્ટ ઓફિસની બાજુમાં, ૧૩૨ ફૂટ રીંગ રોડ, નારાણપુરા, અમદાવાદ.**
- ★ **ઓરકેસ્ટ્રા : સૂરીલી સરગમ (સલીલ મહેતા તથા તેમનું ગ્રુપ)**
- ★ ગાયક : **દિવ્યાંગ અંજારિયા, કલ્યાણીબેન કોઠાડકર તથા કોરસ.**

## નીતિ નિયમો :

૧. ગરબા તથા રાસમાં ભાગ લેનાર દરેક વ્યક્તિએ ટ્રેડિશનલ ડ્રેસ પહેરવો જરૂરી છે.

*કોઈ પણ વસ્તુનો શોખ હોય તો તે નબળાઈ કહેવાય.*

૨. સહુ કોઈ સારી રીતે રમી શકે અને જોનાર વર્ગ પણ તે રમત માણી શકે તે માટે દરેકને એક સરખા રાઉન્ડમાં જ રમાડવામાં આવશે.

૩. દરેક વ્યક્તિએ રાસ રમવા માટે દાંડિયાની જોડી પોતાના ઘરેથી લાવવાની રહેશે.

૪. અવ્યવસ્થા સર્જનારને અથવા ગેરવાજબી વર્તન કરનારને મેનેજમેન્ટ પાર્ટી પ્લોટમાંથી બહાર કાઢી શકશે.

વોલંટિયર્સને સહકાર આપવા સર્વેને અપીલ કરવામાં આવે છે.

*વધુ જાણકારી માટે નીચેની વ્યક્તિઓનો સંપર્ક સાધી શકાશે :*

| | | |
|---|---|---|
| **૧.** | **સંદીપ મહેતા** | **૯૮૯૮૯ ૩૩૦૦૦** |
| **૨.** | **પ્રદીપ મહેતા** | **૯૮૨૫૦ ૬૧૧૬૦** |
| **૩.** | **દિલીપભાઈ પટવા** | **૯૩૭૬૧ ૨૧૪૦૩** |
| **૪.** | **રોહિત સંઘવી** | **૯૮૨૪૦ ૦૬૬૪૮** |

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**સંદીપ મહેતા**
**કાર્યક્રમ ઈન્ચાર્જ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## બારઈ ખારેક

શ્રી કચ્છી જૈન ભવન પરથી ગત મહિને બારઈ ખારેકનું વિતરણ સારા એવા પ્રમાણમાં કરવામાં આવ્યું. જ્યાં સુધી ખારેકની આવક ચાલુ રહેશે ત્યાં સુધી તેની વિતરણ વ્યવસ્થા જારી રાખવામાં આવશે. સહુ પ્રથમ શ્રી છબીલદાસ પટેલે મોકલાવેલ ખારેકનું વિતરણ શરૂ કરવામાં આવેલ હતું. મોટાભાગનું વિતરણ થઈ ગયા બાદ રતનાલથી શ્રી રાહુલ ગાલાએ તેમને ત્યાંની ઉપજેલ ખારેક મોકલવાનું શરૂ કરેલ છે. સહુને તે રૂા. ૧૦૦/- કિલોના હિસાબે વિતરણ કરવામાં આવેલ છે. ટોટલ વિતરણ ૧૦૦૦ કિલોની આસપાસ થવા જાય છે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## નિયાણી બહેનો

મેડિકલના ચાર્જિસમાં જે રીતે અન્યોને કન્સેશન આપવામાં આવે છે એ રીતે સમાજની નિયાણી બહેનોને પણ ૨૫ ટકા કન્સેશન આપવાની જુલાઈ-૨૦૧૨ના 'મંગલ મંદિર'ના અંકમાં જાહેરાત આવી ગયા બાદ ઉપરોક્ત વિગતે સમાજ દ્વારા ફેર વિચારણાના અંતે એવો નિર્ણય થયેલ છે કે, મેડિકલ ચાર્જિસમાં જે રીતે સમાજના પરિવારજનોને ૭૫ ટકા કન્સેશન આપવામાં આવે છે એ રીતે જ નિયાણી બહેનોને પણ ૭૫ ટકા કન્સેશન આપવામાં આવશે. સમાજની અંદાજિત ૫૦ જેટલી નિયાણી બહેનોને આ માટે પત્રો લખવામાં આવેલ હતા. આ સામે તા. ૨૫-૭-૨૦૧૨ સુધી ૨૦ જેટલી નિયાણી બહેનોએ પ્રતિસાદ આપી મેડિકલના કાર્ડ મેળવવાની વિધિ શરૂ કરી દીધેલ છે. બાકી રહેતા નિયાણી બહેનો પણ પોતાના આ સંબંધી ફોર્મ તાત્કાલિક સમાજના કાર્યાલયમાં મોકલાવી આપે તેવી અપીલ કરવામાં આવે છે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## લાઈબ્રેરી

શ્રી કચ્છી જૈન ભવન પરની લાઈબ્રેરીમાં વસાવવામાં આવેલ બુક્સને વ્યવસ્થિતપણે ગોઠવવામાં આવ્યા બાદ તેનું વિષયવાર લિસ્ટ તૈયાર કરીને અંદાજિત ૨૦૦ જેટલા સભ્યો કે જેઓએ આ બુક્સ વાંચવા માટે તૈયારી દાખવેલ હતી, તેઓને મોકલાવી આપવામાં આવેલ છે. અંદાજિત ૧૫૦૦ બુક્સ માટે ૩૦ પાનામાં આ લિસ્ટ તૈયાર કરવામાં આવેલ છે.

જેઓને આ લિસ્ટ મળી ગયેલ છે તેઓને પ્રથમ વાંચન સ્વરૂપે જોઈતી બુક્સ ભવન પર ફોન કરીને જાણ કરી દેવા અપીલ કરવામાં આવે છે. ટૂંક સમયમાં જ ઘેર-ઘેર બુક્સ મોકલવાની અને પરત લાવવાની વિતરણ વ્યવસ્થા શરૂ કરી દેવામાં આવનાર છે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*જે આપણું 'હાર્ટ' કબૂલ ના કરે તે ખોરાક ખાવો નહિ અને ખાશો તો 'હાર્ટ-ફેઈલ' થશે.*

## તબીબી સેવા સમિતિ

### જનરલ સ્વાસ્થ્ય કેમ્પ સફળતાપૂર્વક સંપન્ન થયું

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ સાવલા ચેક-અપ સેન્ટર દ્વારા 'સામાન્ય (જનરલ) સ્વાસ્થ્ય કેમ્પ'નું તા. ૧૫-૭-૨૦૧૨ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

ડાયાબિટીસ, થાઈરોઈડ, લૉ હિમોગ્લોબીનની તકલીફવાળા, વિટામિન 'બી-૧૨' અને 'ડી'ની ઉણપવાળા દર્દીઓને તેમજ 'બીએમડી' બૉન ડેન્સિટીના ટેસ્ટ વગેરેનું નિઃશુલ્ક નિદાન કર્યા બાદ નિષ્ણાત ડૉક્ટરો દ્વારા યોગ્ય સારવાર માટે ભલામણ કરવામાં આવી હતી.

ઉપરોક્ત નિઃશુલ્ક તબીબી નિદાન અર્થે કુલ ૨૩૭ વ્યક્તિઓએ રજિસ્ટ્રેશન કરાવેલ હતું. કેમ્પ દરમ્યાન ડાયાબિટીસ માટે રેન્ડમ બ્લડ સુગર ટેસ્ટ અને હાડકાંની ઘનતાનો બી.એમ.ડી. પરીક્ષણ નિઃશુલ્ક કરી આપવામાં આવ્યા હતા. જેમાં અનુક્રમે ૬૮ અને ૧૩૭ વ્યક્તિઓએ તેમજ ફિઝિશિયનો પાસે કુલ ૧૦૩ દર્દીઓએ નિઃશુલ્ક ચેક-અપનો લાભ લીધેલ હતો. તે ઉપરાંત આધુનિક યંત્ર સામગ્રીઓથી સજ્જ લેબોરેટરીમાં કુલ ૧૨૧ વ્યક્તિઓએ અલગ અલગ પ્રકારના તબીબી ક્ષેત્રના પરીક્ષણો કરાવ્યા હતા. મોટાભાગના દર્દીઓએ કેમ્પ દરમ્યાન ઉપલબ્ધ બધી સેવાઓનો લાભ લઈને કામગીરીની પ્રશંસા કરી હતી. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેની સુવર્ણ જયંતી ઉજવી રહ્યું છે અને તેના ઉપલક્ષ્યમાં **વર્ષ દરમ્યાનના તબીબી કેમ્પોના આયોજનની પણ મોટાભાગના લાભાર્થીઓ દ્વારા સરાહના કરવામાં આવી હતી.**

કેમ્પમાં ફીઝિશિયનો ડૉ. નીતુબેન પરીખ, ડૉ. નીતિન ગોસ્વામી, ડૉ. પંકજ આકોલકર અને ડૉ. દીપક સોલંકીએ પોતાની સેવા પ્રદાન કરી હતી તે બદલ તેઓશ્રીઓને મોમેન્ટો આપીને સન્માન કરવામાં આવ્યું હતું. તે રીતે મેડિકલ સેન્ટરના ઉપસ્થિત સ્ટાફ વર્ગે કેમ્પને સફળ બનાવવા તમામ પ્રયત્નો કર્યા હતા. સમાજ વતી શ્રી હીરજીભાઈ શાહ, શ્રી અશ્વિનભાઈ સાવલા, ડૉ. હિતેન્દ્રભાઈ શાહ, શ્રી દિનેશ આર. મહેતા, શ્રી નરેન્દ્રભાઈ ખોના તેમજ શ્રી કે.ડી. શાહે હાજરી આપી હતી.

## સંગીત અને નિબંધ સ્પર્ધાનું આયોજન

યુવા વિકાસ સમિતિ સંગીતના રસિયાઓ માટે લઇને આવી રહેલ છે..... સંગીતની વિવિધ હરીફાઇઓ.

તા. ૨૫-૧૧-૨૦૧૨ નાં રોજ નૃત્ય, કંઠ્ય અને વાધ્ય એમ સંગીતના ત્રણેય પ્રકારોની હરીફાઇનું આયોજન કરવામાં આવેલ છે. આ સાથે તા. ૨૫-૧૧-૨૦૧૨ ના દિવસે જ નિબંધ સ્પર્ધા પણ યોજેલ છે.

તો સંગીતના ચાહકો થઇ જાઓ તૈયાર અને પ્રારંભી દો તમારી તૈયારીઓ....

વધુ વિગતો આવતા અંકમાં....

*કન્વીનર : યુવા વિકાસ સમિતિ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## દર્દી સહાય સમિતિ

તબીબી સારવાર અર્થે સમાજ સંચાલિત અમદાવાદ ખાતે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, શાહીબાગ પધારતા જરૂરિયાતવાળા દર્દીઓની તબીબી સારવાર જેમકે, જરૂર હોય તો દર્દીઓને હોસ્પિટલ લઈ જવા - પરત લાવવા, હોસ્પિટલમાં તેમજ ડૉક્ટર પાસે દરેક પ્રકારની કાર્યવાહી - સારવારમાં મદદરૂપ થવું, તે માટે યોગ્ય માર્ગદર્શન આપવું વગેરે મહત્ત્વની સેવાકીય બાબતો પરત્વે આ સમિતિ નિરંતર કાર્યરત રહે છે. આ કારણે અનેક દર્દીઓ દ્વારા સમિતિની કામગીરી બાબત સંતોષ વ્યક્ત કરવામાં આવતો હોય છે.

સમિતિ દ્વારા થયેલ વિવિધ પ્રકારની સેવાકીય પ્રવૃત્તિઓની વિગત નીચે પ્રમાણે છે :

- ખાસ કરીને કચ્છથી અમદાવાદ આવેલા અનેક દર્દીઓની સારવાર અર્થે જરૂરી કામગીરી બજાવવામાં આવી છે.
- તાજેતરના એક કિસ્સામાં ગર્ભમાં બે બાળકોવાળા એક બહેનની શારીરિક સ્થિતિ ખૂબજ ગંભીર હતી. તે સંજોગોમાં છેલ્લી ઘડી સુધી તે બહેનને યોગ્ય તબીબી સારવાર અપાવીને ત્રણે જીવને બચાવ્યા હતા. તે સમયે દરેક કાર્યકર્તાઓએ ખડેપગે હાજર રહીને દરેક પ્રકારની તબીબી સગવડો પૂરી પાડવા ખૂબ જ કઠિન કામગીરી કરી હતી.
- મૃત્યુ પામેલા અમુક વ્યક્તિઓને તેમના વતનમાં પહોંચાડવામાં મદદરૂપ થઈને ઉત્તમ સેવા કરી છે.
- અમદાવાદ ખાતે બે મૃતકોના માનભેર અંતિમ સંસ્કાર કરવા સુધીની સેવા કરી છે.

સમિતિ દ્વારા ઉપર મુજબની ખૂબ જ મહત્ત્વની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ સતત ચાલુ રહેતી હોય છે. અલબત્ત આ પ્રકારની કામગીરીમાં અમદાવાદ ખાતેના ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ, તેમના મુખ્ય સંચાલક અને તેમના અન્ય સાથી કાર્યકરોનો તન-મન-ધનથી ખૂબ જ સારો સાથ-સહકાર અને માર્ગદર્શન હંમેશાં પ્રાપ્ત થતો હોય છે. તે કારણે જ આ પ્રકારની કઠિન કામગીરી હલ કરવાનું આસાન થાય છે. સમિતિ તે ટ્રસ્ટ અને તેના સંચાલકો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરે છે.

*કન્વીનર : બચુભાઈ રાંભિયા*

## વયસ્ક સમિતિ

સમિતિ તરફથી મંગળવાર, તા. ૨૮-૮-૨૦૧૨ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સાંજે ૪.૦૦ વાગે અંતાક્ષરી અને વિવિધ રમતો સાથેનો એક કાર્યક્રમ યોજવામાં આવેલ છે. કાર્યક્રમના અંતે ચા-નાસ્તાની વ્યવસ્થા છે.

ઉપરોક્ત કાર્યક્રમ દરમ્યાન દેશ-વિદેશના આગામી પ્રવાસની જરૂરી વિગતો જણાવવામાં આવશે.

*કન્વીનર : રજનીકાંત પારેખ*

## "સરસ્વતી સન્માન"

### તા. ૨૬-૮-૨૦૧૨, રવિવાર

### કાર્યક્રમમાં ફેરફાર

સમિતિ દ્વારા સરસ્વતી સન્માન કાર્યક્રમ જે અગાઉ તા. ૧૫-૮-૨૦૧૨ના રોજ જાહેર થયેલ હતો, તે અનિવાર્ય સંજોગો હેઠળ હવે રવિવાર, તા. ૨૬-૮-૨૦૧૨ના રોજ તેનું આયોજન કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| *સમય* | | | | |
|---|---|---|---|---|
| ૦૩.૦૦ | થી | ૦૩.૦૫ | : | મહાનુભાવશ્રીનું આગમન |
| ૦૩.૦૫ | થી | ૦૩.૧૦ | : | પ્રાર્થના |
| ૦૩.૧૦ | થી | ૦૩.૧૫ | : | આવકાર પ્રવચન |
| ૦૩.૧૫ | થી | ૦૩.૨૦ | : | દાતાશ્રીઓનું સ્વાગત |
| ૦૩.૨૦ | થી | ૦૩.૨૫ | : | દીપ પ્રાગટ્ય |
| ૦૩.૨૫ | થી | ૦૩.૩૫ | : | મહેમાનશ્રીનું વક્તવ્ય |
| ૦૩.૩૫ | થી | ૦૪.૪૫ | : | વિદ્યાર્થીઓનું સન્માન |
| ૦૪.૪૫ | થી | ૦૫.૨૫ | : | શ્રી જયરાજ પંડ્યાનું વક્તવ્ય |
| ૦૫.૨૫ | થી | ૦૬.૧૦ | : | શ્રી દીપક મકવાણાનું વક્તવ્ય |
| ૦૬.૧૦ | થી | ૦૬.૧૫ | : | આભારવિધિ |
| ૦૬.૧૫ | થી | | : | અલ્પાહાર |

***કન્વીનર : પંકજ ગોગરી, વિદ્યાર્થી પુરસ્કાર સમિતિ***

## ગૃહ ઉદ્યોગ સમિતિ

★ સમાજના સભ્ય પરિવારોમાંથી જે પરિવારો હાલે પોતાને ત્યાં ગૃહ ઉદ્યોગો ચલાવે છે, તેઓને તેઓના બનાવેલ માલના વેચાણમાં સહકાર આપવા 'ગૃહ ઉદ્યોગ સમિતિ'એ પોતાની કાર્યવાહી શરૂ કરી દીધેલ છે. આ બાબતે રસ ધરાવનાર વ્યક્તિએ કન્વીનર – ગૃહ ઉદ્યોગ સમિતિનો સંપર્ક સાધવા વિનંતી કરવામાં આવે છે.

★ તદુપરાંત જે કોઈ પરિવાર પોતાને ત્યાં ગૃહ ઉદ્યોગ સ્થાપવા ઈચ્છા ધરાવતા હશે તેમને સમાજની ગૃહ ઉદ્યોગ સમિતિ પૂરેપૂરો સહકાર આપવા કોશિશ કરશે. આ બાબતે પણ કન્વીનર - ગૃહ ઉદ્યોગ સમિતિનો સંપર્ક સાધવા વિનંતી કરવામાં આવે છે.

★ સમાજ પોતે પણ નવનીત ભવનમાં વિવિધ પ્રકારની વસ્તુઓ ગૃહ ઉદ્યોગ તરીકે બનાવવાની શરૂઆત કરવા માગે છે. જેઓને અહીં રહીને કામ કરવાની ઈચ્છા હોય તેઓને તેમની મહેનતનું પૂરેપૂરું વળતર ચૂકવવામાં આવશે. આ બાબતે પણ કન્વીનર - ગૃહ ઉદ્યોગ સમિતિનો સંપર્ક સાધવા વિનંતી કરવામાં આવે છે.

***સંદીપ મહેતા, કન્વીનર - ગૃહ ઉદ્યોગ સમિતિ***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***
***મો. ૯૮૯૮૯ ૩૩૦૦૦***

## ગત વર્ષમાં આયોજિત ચેસ અને ક્વિઝ સ્પર્ધાના તમામ હરીફોને
## ૧ વર્ષ સુધી 'સફારી' મેગેઝીનની ભેટ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની શિક્ષણ અને ઈતર ડેવલપમેન્ટ સમિતિ તથા યુવા વિકાસ સમિતિ દ્વારા બાળકો અને યુવા વર્ગના માનસિક અને બૌદ્ધિક વિકાસ માટે વિવિધ કાર્યક્રમો જેવા કે વર્કશોપ, સેમિનાર, લેક્ચર્સ, હરીફાઈઓ વગેરેનું આયોજન કરવામાં આવે છે અને આ કાર્યક્રમોમાં ઉત્તરોત્તર વધુ ને વધુ સંખ્યામાં લાભાર્થીઓ ભાગ લઈ રહ્યા છે.

ગત વર્ષ દરમ્યાન બૌદ્ધિક વિકાસના આવા કાર્યક્રમોમાં લાભ લેનારાઓને પ્રોત્સાહિત કરવા અને સાથે તેઓના સામાન્ય જ્ઞાનની વૃદ્ધિ માટે સારું વાંચન મળી રહે એવા ઉદ્દેશથી સમાજને એક સારી ઑફર મળેલ છે.

"સફારી" નામના એક માસિકથી વાંચકોને ઉત્કૃષ્ટ પ્રકારની વાંચન સામગ્રી ઉપલબ્ધ થતી હોય છે. ગત વર્ષ દરમ્યાન સમાજ દ્વારા આયોજિત ચેસ હરીફાઈ અને ક્વિઝ કોમ્પિટીશનમાં માત્ર વિજેતાઓને જ નહીં પણ સાથે ભાગ લેનાર બધા જ હરીફોને આ સફારી મેગેઝિન, એક વર્ષ સુધી નિયમિત મળતું રહે તે માટે તેનું એક વર્ષનું લવાજમ ભરપાઈ કરવાની ઑફર સંસ્થાના એક સભ્ય શ્રી મયૂર ચંદ્રકાંત દેઢિયા (અંધેરી - મુંબઈ) તરફથી મળેલ છે.

ગયા વર્ષે ચેસની હરીફાઈમાં ૨૭ વ્યક્તિઓએ અને ક્વિઝ કોમ્પિટીશનમાં ૧૮ વ્યક્તિઓએ ભાગ લીધેલ.

ઉપરોક્ત સફારી મેગેઝીન અંગ્રેજી અને ગુજરાતી એમ બે ભાષામાં પ્રકાશિત થાય છે. ગત વર્ષ દરમ્યાન આ બેઉ હરીફાઈમાં જે જે સ્પર્ધકોએ ભાગ લીધેલ હતો એ દરેકે, આ મેગેઝિન પોતે કઈ ભાષામાં મેળવવા માગે છે તેની જાણ સંસ્થાના કાર્યાલયમાં તા. ૧૫-૮-૨૦૧૨ સુધીમાં કરવાની રહેશે.

***કન્વીનર : યુવા વિકાસ સમિતિ***

## "સંકલ્પ"
### શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ

### આગામી કાર્યક્રમો

★ રવિવાર, તા. ૨-૯-૨૦૧૨નાં રોજ "સંકલ્પ" દ્વારા ગેટ-ટુ ગેધરનો કાર્યક્રમ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સાંજના ૫.૦૦ વાગે રાખેલ છે. જેમાં અંતાક્ષરી તથા અવનવી અને વૈવિધ્ય મનોરંજક રમતો રમાડવામાં આવશે. કાર્યક્રમ બાદ ચૌવિહારની વ્યવસ્થા સાથે સ્વરૂચિ ભોજન રાખેલ છે.

★ રવિવાર, તા. ૭-૧૦-૨૦૧૨ના રોજ સાંજે ૪ વાગે વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરેલ છે. જેની વધુ વિગતો 'મંગલ મંદિર'ના આગામી અંકમાં આપવામાં આવશે.

***પ્રમુખ : પંકજ શાહ (૯૮૨૫૦ ૩૩૯૭૮)***

*વડીલની સેવાનું ફળ આ ભવમાં રોકડું મળી જાય.*

## મહિલા ઉત્કર્ષ સમિતિ

### મહિલાઓ માટે કન્સેશનલ દરે સંપૂર્ણ બોડી ચેક-અપ કાર્યક્રમ (કેન્સર પરીક્ષણ સાથે)

ખૂબજ નજીવા દરે સંપૂર્ણ બોડી ચેક-અપ સાથે બ્રેસ્ટ - સ્તન કેન્સર અને યુટરસ - ગર્ભાશય કેન્સર માટેના ટેસ્ટ પણ આવરી લેવામાં આવે તેવા કેમ્પનું આયોજન કરેલ છે.

***જરૂરી એવા બધા જ પરીક્ષણો જેવા કે લોહી અને પેશાબની તપાસ, પૅપ ટેસ્ટ, મેમોગ્રાફી, સોનોગ્રાફી, બ્લડ સુગર, કોલેસ્ટ્રોલ, બ્લડ યુરિયા, ઈ.સી.જી., એક્સ-રે વગેરે કરવામાં આવશે.***

***કન્સેશનલ ચાર્જ : માત્ર રૂા. ૩૦૦/-***

ઉપર જણાવેલ બોડી ચેક-અપ માટે નામ નોંધણીનો કાર્યક્રમ રવિવાર, તા. ૩૦-૯-૨૦૧૨ના રોજ વાર્ષિક સ્નેહમિલન અને સ્વામિવાત્સલ્યના જમણવારના સ્થળ અને સમયે સવારે ૧૦.૦૦થી ૧.૦૦ દરમ્યાન રાખવામાં આવેલ છે.

વધુ વિગત 'મંગલ મંદિર'ના આવતા અંકમાં આપવામાં આવશે.

*કન્વીનર : સુલુ જલદીપ શાહ (ફોન : ૬૫૨૧૮૫૩૫)*

*'સિન્સિયારિટી' ને 'મોરાલિટી' ભગવાન પાસે જવાનો 'મેઈન રોડ' છે, બીજા બધાં જ 'બાય વે' છે.*

## યુવા પરિચય મિલન સમિતિ

### તા. ૧૬-૧૨-૨૦૧૨નાં રોજ યુવા પરિચય મિલન કાર્યક્રમ

અગાઉ આ સ્થળેથી કરવામાં આવેલ જાહેરાત મુજબ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે તા. ૧૬-૧૨-૨૦૧૨ના રોજ શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ મધ્યે લગ્નોત્સુક યુવા વર્ગના પરિચય મિલનનો એક કાર્યક્રમ યોજવામાં આવનાર છે.

કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર યુવા વર્ગ માટેના જરૂરી ફોર્મ અને વિગત હવે પછી જાહેર કરવામાં આવશે.

ઉપરોક્ત કાર્યક્રમ અર્થે રૂપિયા ૨.૫૦ લાખથી રૂા. ૩.૦૦ લાખનો ખર્ચ થવા અંદાજ છે. તે પૈકી રૂા. ૧.૨૫ લાખના અનુદાનની રકમ દાતાશ્રીઓ તરફથી જાહેર થયેલ છે. અન્ય દાતાઓ પણ આ સેવાકીય કાર્યક્રમમાં પોતાનો યથાયોગ્ય સાથ-સહકાર આપશે તેવી અપેક્ષા છે.

**રૂા. ૫૦,૦૦૦/-** કે તેથી વધુ **સૌજન્ય દાતા, રૂા. ૨૫,૦૦૦/-** કે તેથી વધુ **સહયોગી દાતા, રૂા. ૧૧,૦૦૦/-** કે તેથી વધુ **શુભેચ્છક દાતા** — એ પ્રમાણે દાતાશ્રીઓનાં નામ જાહેર કરવામાં આવશે.

*યુવા પરિચય મિલન સમિતિ*
*કન્વીનર : હીરજી પાસુભાઈ શાહ*


॥ અતિથી દેવો ભવઃ ॥

**અત્યાધુનિક યુગના 'શ્રવણ' ચેતન મોતા સંગાથે**

- શિખરજી
- સૌરાષ્ટ્ર દર્શન
- રાજસ્થાન
- પાલિતાણા-પંચતીર્થી
- ગિરનાર-સોમનાથ
- કચ્છ પંચતીર્થી
- જગન્નાથપુરી
- નાગેશ્વર-MP
- પૂના-કાવજ
- કાવી-ગંધાર-ઝઘડિયા
- કુલપાકજી-હૈદ્રાબાદ
- ચારધામ

**કોઈપણ 'ડેસ્ટિનેશન'માં જોડાવ...**
**મુંબઈથી મુંબઈ સુધી પરફેક્ટ પ્રેઝન્ટેશન સાથેની... 'સંપૂર્ણ પેકેજ'**

**ભારતભરના તમામ યાત્રા તેમજ ગિરિમથકો માટે વ્યક્તિગત કે ગ્રૂપમાં ટેલરમેડ કે અમારા બારે માસ ચાલતા આયોજિત ફેમિલી / હનીમૂન પ્રવાસોમાં બધી જ અત્યાધુનિક સગવડતાઓ સાથે....**

**CHETAN MOTA'S**

tmt holydays

**LANDMARK FOR PACKAGE TOUR**

- કાશ્મીર-વૈષ્ણોદેવી
- લેહ લદાક-કાશ્મીર
- દાર્જીલીંગ-સીક્કીમ
- હિમાચલ
- ઉત્તરાંચલ
- કેરાલા
- સાઉથ
- રાજસ્થાન
- ભુતાન
- નેપાલ

૩, હરિભવન, ૫૬, ઝવેર રોડ, જૈન દહેરાસરની બાજુમાં, મુલુંડ (વે.), મુંબઈ-૪૦૦ ૦૮૦.
**Ph. : 2593 4545 • 2568 3231 • 2565 0533 • 93222 82993 • Fax : 2565 3412**
**www.tmtholydays.in • tmtholydays@yahoo.co.in**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વાર્ષિક અહેવાલ : વર્ષ ૨૦૧૧-૨૦૧૨

સમાજનો વાર્ષિક અહેવાલ ૨૦૧૧-૨૦૧૨ સમાજ પરિવારજનો સમક્ષ રજૂ કરતાં હું ગૌરવ અને આનંદની લાગણી અનુભવું છું.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વર્ષોથી સામાજિક ક્ષેત્રે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં કાર્યરત છે. સમાજના સભ્યોની ધગશના કારણે સમાજની પ્રવૃત્તિઓનો વ્યાપ દિવસા-દિવસ વિસ્તૃત થતો જાય છે. સમાજના એકદમ શરૂઆતના દિવસોમાં માત્ર સ્વામિવાત્સલ્ય, અન્ય એકાદ-બે સ્નેહ મિલન જેવા મર્યાદિત કાર્યક્રમો થતા હતા. તેનો વિસ્તાર થતાં, આજે બારેમાસ સેવાકીય પ્રવૃત્તિઓથી સમાજ ધમધમે છે. તેનો શ્રેય સમાજના પરિવાર સભ્યોને કે જેઓએ સમાજના કાર્યકર્તાઓમાં સંપૂર્ણ વિશ્વાસ રાખેલ છે તથા સમાજના નાના-મોટા કાર્યકર્તાઓ કે જેઓએ તે વિશ્વાસને સાચો સાબિત કરવા રાત-દિવસ મહેનત કરી છે — તેઓ યશના ખરા અધિકારી છે.

હવે આપણે સમાજની અનેક પ્રવૃત્તિઓની ઝલક તરફ એક નજર ફેરવીએ....

### ★ ચતુર્થ લગ્નોત્સુક પરિચય સંમેલન :

ઉગ્ર ગરમીની વચ્ચે કુલ ૧૩૫ જેટલા યુવકો અને યુવતીઓ પોતાના જીવનસાથીની પસંદગી અર્થે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે તા. ૫-૬-૨૦૧૧ના આયોજિત એક પરિચય મિલન મેળામાં હિસ્સો લીધો હતો. જેમાં કચ્છ, ગુજરાત, મહારાષ્ટ્ર મધ્યપ્રદેશ, આંધ્ર પ્રદેશ, કર્ણાટક, તામિલનાડુ, પશ્ચિમ બંગાળ, કેરાલા રાજ્યો સહિત દૂરના સ્થળોએથી ભાગ લેવા ૭૭ યુવકો અને ૫૮ યુવતીઓ આ સંમેલનમાં હાજર હતા.

તે સમયે બહારગામથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - સુરતના પ્રમુખશ્રી લહેરચંદભાઈ મહેતા તેમજ ત્યાંના હોદ્દેદાર શ્રી ભરતભાઈ વોરા, શ્રી કચ્છી વીસા ઓસવાળ સમાજ - મધ્ય પ્રદેશના શ્રી સતીશભાઈ ગોસર તેમજ ત્યાંના સ્થાપક પ્રમુખ શ્રી શામજીભાઈ દેઢિયા વગેરે મહેમાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓને બિરદાવીને પરિચય મિલન કાર્યક્રમની તારીફ કરી હતી.

યુવતીઓ અને યુવકોનો મેળાપ કરાવીને જીવન દોરથી બાંધવા માટે આ સમાજનો ચતુર્થ પ્રયાસ હતો. અગાઉના મિલન મેળાથી સફળતાપૂર્વક લગ્ન કરનાર બે દંપતીજનો આ સંમેલનમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સંમેલનના પરિણામે ૪ થી ૫ યુગલ થયા હતા, જે સંમેલનની સફળતા સૂચવે છે.

આ કાર્યક્રમ માટે શ્રી હરખચંદભાઈ કે. સાવલા - ગાંધીનગર, શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રૂપ (પરિવાર) - ગાંધીધામ અને શ્રી હરખચંદભાઈ કે. ગડા (વિંઝાણ) અંકલેશ્વર (મે. કે. કે. ઈન્ડસ્ટ્રીઝ) તરફથી આર્થિક સહયોગ પ્રાપ્ત થયો હતો.

આ સંમેલન પ્રસંગે યુવતીઓ અને યુવકોની માહિતી સાથે એક પુસ્તિકા પણ બહાર પ્રકાશિત કરવામાં આવી હતી.

### ★ સુવર્ણ જયંતી વર્ષ ઉજવણી સમિતિની રચના :

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ટ્રસ્ટ બોર્ડની તા. ૧૭-૭-૨૦૧૧ના મળેલ મિટિંગમાં તા. ૧૪-૪-૨૦૧૨થી તા. ૧૩-૪-૨૦૧૩ના વર્ષને સુવર્ણ જયંતી વર્ષ (૫૦માં વર્ષ) તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

ઉપરોક્ત કાર્ય અંગે નીચે મુજબ "સુવર્ણ જયંતી સમિતિ"ની રચના કરવામાં આવી હતી : શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા - કન્વીનર તથા સમિતિના સભ્યો તરીકે શ્રી કાંતિલાલ વેલજી સાવલા, શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી હસમુખ બાબુભાઈ ખાંડવાલા, ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા.

### ★ ૨૪મી વાર્ષિક સામાન્ય સભા :

તા. ૧૭-૭-૨૦૧૨ના રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ૨૪મી વાર્ષિક સામાન્ય સભાનું આયોજન થયું હતું. જેમાં નિવૃત્ત થતાં ટ્રસ્ટ મંડળના ૬ તેમજ કારોબારીના ૬ સભ્યો બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.

સામાન્ય સભામાં કેટલાક બંધારણીય સુધારા પાસ કરી, ફરીથી લખવામાં આવેલ સળંગ બંધારણ મંજૂર કરવામાં આવ્યું હતું. તેમજ તા. ૧૪-૪-૨૦૧૨થી તા. ૧૩-૪-૨૦૧૩ (સંસ્થાનું ૫૦મું વર્ષ)ને સુવર્ણ જયંતી વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

*જે પુસ્તકો વાંચવાથી ક્રોધ - માન - માયા - લોભ ઘટે નહિ, તે પુસ્તકો તત્ત્વજ્ઞાનનાં કહેવાય નહિ.*

## ★ ધ્વજવંદન કાર્યક્રમ :

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા રાબેતા મુજબ સમાજના પાલડી ભવન ખાતે પટાંગણમાં ૧૫મી ઓગસ્ટ, ૨૦૧૧ના ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. સમાજના મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાના વરદ્ હસ્તે સવારના ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

ધ્વજવંદન બાદ 'સંભારણા' સ્પર્ધાનું આયોજન થયું હતું.

## ★ સરસ્વતી સન્માન કાર્યક્રમ :

સમાજ દ્વારા ગયા વર્ષથી અમદાવાદ - ગાંધીનગરમાં ધોરણ-૮ અને તેનાથી ઉપરના વર્ગમાં ભણતા સમાજના વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરવા "સરસ્વતી સન્માન કાર્યક્રમ" તા. ૨૧-૮-૨૦૧૧ના રોજ યોજવામાં આવ્યો હતો.

આ સમારંભમાં અતિથિ વિશેષ તરીકે ડૉ. અભય છેડા (ઝાયડસ) અને શ્રી ભરત ભાણજી ગાલા (રાજુ એન્ટરપ્રાઈઝ) હતા. દાતા માતુશ્રી વિમળાબેન શાંતિલાલ કેશવજી શાહ પરિવાર તરફથી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)માં ૮૦ ટકાથી ઉપર એવા સમાજના પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને તેમજ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરનાર અનુસ્નાતકોમાંથી ચાર તેજસ્વી વિદ્યાર્થીઓને શિલ્ડ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. તે ઉપરાંત દાતાશ્રી ઉમરશી જેઠાભાઈ કુરૂવા પરિવાર તરફથી ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ)માં ૮૦ ટકાથી ઉપર એવા સમાજના પ્રથમ ત્રણ સ્થાન પ્રાપ્ત કરનાર તેમજ દાતા શ્રીમતી પ્રમીલાબેન ઉમરશી કુરૂવા પરિવાર તરફથી ધોરણ-૧૦, ધોરણ-૧૨ (વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહ)માં સમાજમાં પ્રથમ સ્થાને આવનાર વિદ્યાર્થીઓને શિલ્ડ એનાયત કરવામાં આવ્યા હતા. તે ઉપરાંત ધોરણ-૮થી અનુસ્નાતક સુધીના તેજસ્વી વિદ્યાર્થીઓને સર્ટિફિકેટથી સન્માનિત કરવામાં આવ્યા હતા તેમજ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં શિલ્ડ મેળવનાર ૭ વિદ્યાર્થીઓને ઈનામ તરીકે મોબાઈલ હેન્ડસેટ આપવામાં આવ્યા હતા. તે સિવાય ધોરણ-૮થી અનુસ્નાતક સુધી ૬૦ ટકાથી ઉપર ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને ટ્રાવેલિંગ બેગથી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

પ્રો. શ્રી જયરાજ પંડ્યા દ્વારા યુવા વિદ્યાર્થીઓને તેમની કારકિર્દી વિશે માર્ગદર્શન આપીને રસપૂર્વક પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી.

## ★ વાર્ષિક સ્નેહ મિલન સમારંભ, સામૂહિક ક્ષમાપના તથા સ્વામિવાત્સલ્ય કાર્યક્રમ :

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા તેનો ૪૮મો વાર્ષિક સ્નેહ મિલન સમારંભ, સામૂહિક ક્ષમાપના તથા સ્વામિવાત્સલ્ય જમણના ત્રિવેણી સંગમરૂપી ત્રણ કાર્યક્રમોની ઉજવણીનું આયોજન શ્રી કચ્છી જૈન ભવન ખાતે તા. ૧૮-૯-૨૦૧૧ના કર્યું હતું.

કાર્યક્રમ દરમ્યાન જુદી જુદી વાર્ષિક સ્પર્ધાઓના વિજેતાઓને, ઉચ્ચ શિક્ષણ મેળવનારાઓને, ઇતર પ્રવૃત્તિ ક્ષેત્રે શ્રેષ્ઠ દેખાવ કરનારને તેમજ 'મંગલ મંદિર'ના વર્ષ ૨૦૧૦-૨૦૧૧ના ઘોષિત થયેલા 'શ્રેષ્ઠ લેખ' અને 'શ્રેષ્ઠ આંજો કાગર' વિભાગના લેખકોને ઈનામ, પારિતોષિક એનાયત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં અંદાજે ૧૮૦૦ લોકો ઉપસ્થિત હતા.

શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતેના કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ પ્રોજેક્ટની કામગીરીનો અહેવાલ માનદ્ મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડે રજૂ કર્યો હતો.

આ પ્રસંગે સ્વામિવાત્સલ્ય જમણવારના સંયુક્ત સૌજન્ય દાતાશ્રીઓ માતુશ્રી પાનબાઈ ધારશી ફુરિયા, માતુશ્રી વાલબાઈ વાલજી નાગડા, શ્રીમતી લક્ષ્મીબેન માવજી ધારશી ફુરિયા તથા શ્રીમતી સુશીલાબેન બાબુભાઈ નાગડાના પરિવારજનોનું ખાસ સન્માન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત મેડિકલ, આઈ.ટી. તેમજ ઉચ્ચ કેળવણીની પદવી પ્રાપ્ત કરનારા, વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનારા તેમજ 'મંગલ મંદિર' વર્ષ ૨૦૧૦-૨૦૧૧ના 'શ્રેષ્ઠ લેખ' અને 'શ્રેષ્ઠ આંજો કાગર' શૃંખલાના વિજેતાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

## ★ નૂતન વર્ષ મિલન સમારંભ (સંવત ૨૦૬૮)

ઝગમગતા દીપકનો 'દિવાળી પર્વ' આનંદ અને ઉમંગભેર ઉજવીને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પરિવારજનો નવા વર્ષની હાર્દિક શુભ કામનાની અભ્યર્થના સાથે તા. ૨૭-૧૦-૨૦૧૧ના શ્રી કચ્છી જૈન ભવનમાં મળ્યા હતા.

વિશિષ્ટતા રૂપે આ સમગ્ર કાર્યક્રમ દરમ્યાન કોઈપણ પ્રકારના પ્રવચન અથવા રજૂઆત વિના મુક્ત વાતાવરણમાં સૌ પરસ્પર મળ્યા હતા.

આ કાર્યક્રમમાં લગભગ ૪૦૦ વ્યક્તિઓ ઉપસ્થિત હતા.

*પોતાના દોષો ઢાંકીને જે પૂજ્ય બને છે, તે મોટા ગુનેગાર છે.*

## ★ ભાવવિભોર સ્મરણાંજલિ કાર્યક્રમ :

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારજનોમાંથી વર્ષ-૨૦૧૧ દરમ્યાન જે આપ્તજનોના અવસાન થયા હતા તેમને સામૂહિક સ્તરે ભક્તિ સંગીત સાથે શ્રદ્ધાંજલિ અર્પવાના એક વાર્ષિક કાર્યક્રમનું શ્રી કચ્છી જૈન ભવન ખાતે તા. ૮-૧-૨૦૧૨ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. સામૂહિક પ્રાર્થનાના અવસરે કુલ ૧૯ સદ્‌ગત આત્માઓના સંબંધીઓ સહિત લગભગ ૧૬૦ જેટલા સભ્યો ઉપસ્થિત હતા.

કાર્યક્રમનું સૌજન્ય નીચે મુજબના મહાનુભાવો તરફથી સાંપડ્યું હતું. શ્રી ઉગરચંદ પોપટલાલ ગઢેચા પરિવાર, શ્રી મૂળજી ચાંપશી સાવલા પરિવાર અને શ્રી રવિલાલ પ્રાગજી મહેતા પરિવાર.

## ★ તબીબી સેવા સંબંધિત કામગીરી :

- સાઈકોથેરાપી વિભાગના ડૉક્ટર સાથે ટ્રસ્ટીમંડળ અને કારોબારી સમિતિના સભ્યો સાથે વાર્તાલાપ.
- ઓર્થોપેડિક, ફિઝિયોથેરાપી તથા પેઈન મેનેજમેન્ટ કેમ્પ.
- ઈ.એન.ટી., ઓડિયોગ્રામ તથા ડેન્ટલ કેમ્પ, ગાયનેક તથા પીડિયાટ્રીક કેમ્પ.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સુવ્યવસ્થિત રીતે ચાલતા મેડિકલ સેન્ટરમાં લગભગ ૬૦ જેટલા તજજ્ઞ ડૉક્ટરો પોતાની સેવા અલગ - અલગ વિભાગોમાં આપે છે. સેન્ટરની સેવાઓમાં વધારો કરવા અને તેને આધુનિક મશીનોથી સુસજ્જ કરવા સમાજે કોમ્પ્યુટરાઈઝ્ડ લેબોરેટરી મશીન, ઓટો એનાલાઈઝર, ડીજિટલ એક્સ-રે મશીન, સોનોગ્રાફી માટે કલર ડોપ્લર મશીન, પેથોલોજી વિભાગ માટે સેમી ઓટોમેટીક મશીન, ડેન્ટલ વિભાગ માટે ઓટોમેટીક ડેન્ટલ ચેર તથા ડેન્ટલ એક્સ-રે મશીન વગેરે વસાવવામાં આવ્યા છે. જેને કારણે નિદાન પ્રક્રિયા ઝડપી અને સચોટ થઈ છે.

મેડિકલ સેન્ટરમાં વર્ષ દરમ્યાન ૯૭,૩૧૧ લોકોએ લાભ લીધેલ છે. ગત વર્ષે ૧,૦૦,૮૪૯ લોકોએ લાભ લીધેલ હતો. આ વર્ષે આંખના મોતિયાના ઑપરેશન, સોનોગ્રાફી, ટી.એમ.ટી., ફીઝિયોથેરાપી તથા બોડી ચેક-અપના કુલ દર્દીઓમાં વધારો થયો હતો. તેની સામે અન્ય કન્સલ્ટિંગ વિભાગમાં થોડો ઘટાડો નોંધાયો હતો.

સેન્ટરમાં સગવડ ન હોય તેવી સારવાર અને ટેસ્ટ માટે જુદી જુદી સંસ્થાઓ સાથે સંકલન કરી સમાજના સભ્યો તેમજ અન્ય દર્દીઓને તેવી સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. બહારની અમુક સંસ્થાઓ, આપણા મેડિકલ સેન્ટર સાથે સંકલન કરીને તેઓના સ્ટાફ અને સભ્યોને અત્રેના મેડિકલ સેન્ટરમાં તબીબ સારવાર અપાવે છે.

જ્યારે કોઈ વ્યક્તિ બહારગામ જાય અથવા અકસ્માત થાય ત્યારે તે સમયે ઉપયોગી થાય તે હેતુસર તેમના સ્વાસ્થ્ય સંબંધી માહિતીવાળી નાની પોકેટ બુકની યોજના દાખલ કરી છે.

દર્દીઓને સ્વાસ્થ્ય સંબંધી માહિતી આપવા સેન્ટરમાં એક એલ.સી.ડી. ટી.વી. મૂકવામાં આવેલ છે. વર્ષ દરમ્યાન જરૂરિયાત મુજબના નિઃશુલ્ક નિદાન માટેના અનેક તબીબી કેમ્પોનું આયોજન સંસ્થાના સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે કરેલ છે.

મેડિકલ સેન્ટર સારી રીતે કાર્યરત રહે તે માટે તબીબી સેવા સમિતિ સતત અનેક પ્રશ્નોનું નિરાકરણ કરે છે તેમજ નવા વિભાગો અથવા સાધન સામગ્રી વસાવવા નિરંતર કાર્યરત છે.

મેડિકલ સેન્ટરમાં કેટલીક વધારાની ઓ.પી.ડી. શરૂ કરવામાં આવી છે તેમજ લેબ., ઈ.સી.જી. અને ફીઝિયોથેરાપી વિભાગ અગાઉ કરતાં વધારે સમય સુધી કાર્યરત કરવામાં આવ્યા છે.

આ રીતે મેડિકલ સમિતિની કાર્યવાહી ખૂબ જ અસરકારક રહી છે તે માટે સમિતિના સર્વે સભ્યશ્રીઓને ધન્યવાદ આપવા ઘટે.

## ★ માસિક મુખપત્ર "મંગલ મંદિર" :

- સમાજના નોંધાયેલ પરિવારજનોની કુલ સંખ્યા લગભગ ૮૦૦ જેવી છે.
- દર મહિને 'મંગલ મંદિર'ની ૨૫૦૦ જેવી નકલો છપાવવામાં આવે છે.
- ઉપરની વિગતથી ફલિત થાય છે કે સમાજ સિવાય 'મંગલ મંદિર' વાંચવાવાળાની સંખ્યા લગભગ બે-ગણી છે.
- એ રીતે સમાજ પરિવારજનો સિવાયનો વાંચક વર્ગ 'મંગલ મંદિર'ની માહિતીથી માહિતગાર રહે છે.
- 'મંગલ મંદિર'ના ટાઈટલ પેઈજમાં વર્ષ દરમ્યાન અવનવો અને સુંદર સુધારો થયેલ છે.

***અનીતિની લક્ષ્મીની 'એક્સપાયરી ડેટ' અગિયાર વર્ષની હોય છે.***

- પ્રથમ વખત 'કચ્છ દર્શન'ના થીમ દ્વારા કચ્છની વિવિધ તસવીરો પ્રત્યેક માસે પ્રસિદ્ધ કરવામાં આવી હતી. જેની તેના વાંચકવર્ગ દ્વારા પ્રશંસા થઈ હતી.
- 'મંગલ મંદિર'નો ખૂબ જ સમૃદ્ધ કહી શકાય તેવો તેનો 'આંજો કાગર' વિભાગ છે. જેમાં દરેક પત્રો સુંદર રીતે એડિટ કરીને વ્યવસ્થિત રીતે રજૂ કરવામાં આવ્યા હતા અને તે કારણે તેના પ્રતિસાદ પ્રાપ્ત થયા હતા.
- તે રીતે મુક્ત મને તેનાં પ્રતિભાવો પણ પ્રસિદ્ધ થયા હતા અને વાંચક વર્ગ દ્વારા આવકારપાત્ર બન્યા હતા.
- વર્ષ દરમ્યાન માસ જુલાઈ-૨૦૧૧નો અંક 'અષાઢી બીજ', માસ ઓગસ્ટ-૨૦૧૧નો અંક 'કચ્છ : ગઈકાલ, આજ અને આવતીકાલ' (૪૦૦મો ખાસ અંક), માસ ઓક્ટોબર / નવેમ્બર-૨૦૧૧નો સંયુકત અંક દીપોત્સવી 'સંભારણા' અંક (ભાગ-૧ અને ૨) એમ ત્રણ અંકો વિશેષાંક તરીકે પ્રસિદ્ધ થયા હતા.
- ઉપરોક્ત ત્રણે અંકોનું સૌજન્ય અનુક્રમે શ્રી હરખચંદ કુંવરજી સાવલા - ગાંધીનગર, શ્રી ધનવલ્લભ ચેરિટેબલ ટ્રસ્ટ - મુંબઈ, માતુશ્રી કાનબાઈ વેલજી સાવલાની સ્મૃતિમાં શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા - અમદાવાદ તરફથી મળ્યું હતું. તે રીતે માસ ડિસેમ્બર-૨૦૧૧ના અંકનું સૌજન્ય શ્રી હીરેન મણિલાલ ફોફળીયા - મુંબઈ તરફથી પ્રાપ્ત થયું હતું.
- 'મંગલ મંદિર'માં પ્રસિદ્ધ થતા લેખ અને માહિતીની ઉત્કૃષ્ટતાના કારણે તે સામગ્રીઓ 'આભાર નોંધ' સાથે અવારનવાર અન્ય સામયિકોમાં પ્રસિદ્ધ થઈ હતી.
- ચાલુ પ્રણાલિકા મુજબ વર્ષ દરમ્યાન 'શ્રેષ્ઠ લેખ' અને 'શ્રેષ્ઠ આંજો કાગર'ની પસંદગી નિર્ણાયક સમિતિ દ્વારા કરવામાં આવી હતી અને તેઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.
- આ બધા કારણે 'મંગલ મંદિર'ના મુખ્ય તંત્રી શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા તેમજ તંત્રી મંડળના સ્વ. શ્રી સૂરજલાલભાઈ મહેતા, શ્રી મનુભાઈ શાહ તેમજ શ્રી દિનેશ મહેતાને અભિનંદન આપી તેઓની કામગીરીને બિરદાવીએ છીએ.

## ★ શિક્ષણ અને ઇતર ડેવલપમેન્ટ ક્ષેત્ર :

● પેરેન્ટલ કેર વર્કશોપ ● "આવો! આપણી જિંદગીમાં નવો પ્રાણ પૂરીએ" – એક અદ્‌ભુત વર્કશોપ ● એપ્ટીટ્યૂડ ટેસ્ટ

ઉપરોક્ત સમિતિ તરફથી શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે દરેક વયના બાળકો અને યુવાવર્ગ માટે તેમજ તેમના વાલીઓ માટે જુદા જુદા પ્રકારના સેમિનાર, વર્કશોપ, શિબિર વગેરેના આયોજનો સતત રીતે કરવામાં આવ્યા હતા. બાળક અને યુવા વર્ગના સર્વાંગી વિકાસમાં ઉપયોગી થાય તેવા જીવન ઘડતર, અભ્યાસ માટે, વ્યક્તિત્વ સંબંધી અને વ્યવસાય માટે ઉત્તમ કક્ષાના કાર્યક્રમોનું વર્ષ દરમ્યાન આયોજન કરીને જે-તે વિષયના નિષ્ણાતોને બોલવાની જરૂરી માર્ગદર્શન પૂરું પાડેલ છે. જેનાં કારણે બાળકો, યુવાવર્ગ તેમજ તેમના વાલીઓને સમગ્ર રીતે ઘણી ઉપયોગી જાણકારી તેમજ યોગ્ય માર્ગદર્શન પ્રાપ્ત થયેલ છે.

## ★ વયસ્ક માટેના કાર્યક્રમો :

● રંગારંગ ગીત સંગીત ● સંગીત સંધ્યા ● વિદેશ પ્રવાસ ● યાત્રા તથા પિકનિક પ્રવાસ ● હાઉઝી ● અંતાક્ષરી ● બલસાણા યાત્રા પ્રવાસ

વયસ્ક સભ્યો માટે વર્ષ દરમ્યાન અનેક કાર્યક્રમોનું આયોજન થયું હતું. આનંદની વાત એ છે કે, વર્ષ દરમ્યાનના મોટા પ્રમાણના કાર્યક્રમો વડીલ વર્ગે કોઈપણ જાતની તકલીફ કે વિઘ્નો વિના માણ્યા હતા. જેમાં વિદેશ પ્રવાસનો પણ સમાવેશ થાય છે.

વર્ષ દરમ્યાન સમિતિની કામગીરી ખરેખર ઉત્તમ રહી હતી, જે ખરા અંતરથી બિરદાવવાપાત્ર છે.

## ★ ત્રણે ભવનની હિસાબી કામગીરી :

- દૈનિક ધોરણે હિસાબો તૈયાર કરાવીને તેમજ રૂટિન મુજબ તેનું આંતરિક અને આખરી ઑડિટ કરાવવામાં આવ્યું છે.
- સમયસર અને વ્યવસ્થિત રીતે હિસાબો સમાજ સમક્ષ રજૂ થયેલ છે.
- હિસાબ સંબંધી દરેક પ્રકારની કામગીરી ખૂબ કઠિન રહેતી હોય છે. તેમ છતાં હિસાબી કામગીરી ઉત્તમ અને અસરકારક જોવા મળી છે.

*ક્ષમા માંગવાથી ખૂબ જ શક્તિ વધે.*

## ★ બાળકો, યુવાવર્ગ માટેના કાર્યક્રમો અને કામગીરી :

● બાળકો માટે ક્રિએટીવિટી વર્કશોપ ● નિબંધ સ્પર્ધા ● જનરલ નોલેજ સ્પર્ધા ● ઈન્ટરનેટના માધ્યમથી ઘેર બેઠાં કામગીરી બાબતની શિબિર ● ચેસ વર્કશોપ અને સ્પર્ધા ● કેરમ વર્કશોપ અને સ્પર્ધા ● વક્તૃત્વ સ્પર્ધા ● 'સંભારણા' સ્પર્ધા ● રંગોળી હરીફાઈ ● નવરાત્ર મહોત્સવ ઉજવણી ● શરદ પૂનમોત્સવ ઉજવણી ● દાંડિયા રાસ સ્પર્ધા ● ગાર્ડન મીટ ● નોટબુક વગેરેનું વિતરણ ● બુક બેંક યોજનાનું અમલીકરણ.

## ★ શૈક્ષણિક લોન યોજના :

સમાજ પરિવાજનના વિદ્યાર્થીઓને શૈક્ષણિક હેતુસર જરૂર મુજબ આર્થિક લોનની સગવડ કરવામાં આવી હતી. જેથી બાળકો અને યુવાવર્ગને તેમના અભ્યાસમાં ફીના કારણે કોઈ તકલીફ ન થાય અને પોતાનો અભ્યાસ આગળ કરી શકે.

*જુદા જુદા ક્ષેત્રની અન્ય કામગીરી જોઈએ તો.....*

## ★ મહિલા ઉત્કર્ષના કાર્યો :

વર્ષ દરમ્યાન ગૃહ ઉદ્યોગ, લગ્નગીત અને બ્યુટી સ્પર્ધા વગેરેનું આયોજન થયેલ છે.

## ★ ત્રણ ભવન પરની કામગીરી :

- ત્રણ ભવન પર દૈનિક દેખરેખની કામગીરી વ્યવસ્થિત રીતે થાય તેવા પ્રયત્નો થયેલ હતા.
- નાના - છૂટક કામો તાત્કાલિક કરવા માટે તેનાં યોગ્ય કારીગરોની ખેંચના કારણે ક્યારેક તે માટે ઢીલ થઈ હતી.
- આમ છતાં ત્યાં રોકાણ કરનાર યાત્રીઓને કોઈ તકલીફ ન થાય તે બાબતે સંપૂર્ણ કાળજી રાખવામાં આવી હતી.
- ત્રણે ભવનના નાના-મોટા કામો વ્યવસ્થિત રીતે થાય તેવા પ્રયત્નો વર્ષ દરમ્યાન થયા હતા.
- ત્રણે ભવનો પરના કોમ્પ્યુટરોને વ્યવસ્થિત ચાલુ હાલતમાં રાખવા તેમજ પરસ્પર એકબીજા સાથે સંલગ્ન કરી તેનાં દ્વારા દૈનિક ધોરણે તાલમેલ મેળવાયેલ.
- ત્રણે ભવન પરના સી.સી. કેમેરા કાર્યરત રહે અને ત્યાંની હલચલ પાલડી ભવનમાં જોઈ શકાય તેવી યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી છે.

## ★ દેહદાન, અવયવ દાન સંબંધી કામગીરી :

- વર્ષ દરમ્યાન કુલ ૪ વ્યક્તિઓનું દેહદાન તથા ચક્ષુદાન કરાવવામાં આવ્યું હતું.
- જરૂરિયાતવાળા વ્યક્તિઓને રક્ત ઉપલબ્ધ કરાવવામાં આવ્યું હતું.
- બ્લડ ડોનેશન કેમ્પ દ્વારા ૫૩ વ્યક્તિઓ તરફથી દાન થયેલ બ્લડ એકત્ર કરવામાં આવ્યું હતું.

## ★ કચ્છથી આવતા દર્દીઓ માટેની કામગીરી :

- કચ્છથી તબીબી સારવાર માટે અમદાવાદ આવતા દર્દીઓને શાહીબાગ ખાતે આવેલ શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં કન્સેશનલ ચાર્જથી રહેવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.
- તેમજ જરૂરતમંદ દર્દીઓને સારવાર માટે આર્થિક સહાય પણ આ સમાજ દ્વારા આપવામાં આવી હતી.
- શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ખાતે પધારતા દર્દીઓ તેમજ તેમની દેખરેખ માટે સાથે રહેનારને શાહીબાગ ભવન પર શ્રી જલારામ અન્નક્ષેત્ર યોજના હેઠળ નિઃશુલ્ક ચા-નાસ્તા તેમજ બંને સમય ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

## ★ મુંબઈ ખાતે અતિથિ ગૃહ :

- મુંબઈમાં આકાર લઈ રહેલ અતિથિ ગૃહનું બાંધકામ કેટલીક ટેકનિકલ મુશ્કેલીઓના કારણે અટકેલ છે.

*ઘરમાં શાંતિ થાય એ જ મોટામાં મોટું ભણતર!*

- તે મુશ્કેલીઓ દૂર થાય તેવા પ્રયત્નો સમાજના હોદ્દેદારો દ્વારા વર્ષ દરમ્યાન અનેક વખત મુંબઈ જઈને કરવામાં આવ્યા હતા.
- ઉપરોક્ત સતત પ્રયત્નોના કારણે બાંધકામનું કામ નજદીકના ભવિષ્યમાં શરૂ થાય તેવી અપેક્ષા છે.

### ★ કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ :

શાહીબાગના શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ખાતે કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની રચના કરવા છેલ્લા લાંબા સમયથી સમાજના માનદ્ મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડ અને અન્ય હોદ્દેદારો દ્વારા ખૂબ કઠિન કામગીરી થઈ રહી હતી જે આ અહેવાલના વર્ષ દરમ્યાન પૂરી કરવામાં આવી હતી.

### ★ દાતાશ્રીઓના દાન :

વર્ષ દરમ્યાન નાના મોટા દાનની સરવાણી કરીને સમાજની પ્રગતિમાં જે દાતાશ્રીઓએ પોતાના તન - મન અને ધનથી સમાજને સાથ - સહકાર આપેલ છે તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે.

### ★ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ :

- વતનમાં લોકો માટે કચ્છમાં આર્કિટેક્ચરલ કૉલેજ સ્થાપવાની કાર્યવાહી છે.
- કચ્છમાં નર્મદાના પાણી માટે વારંવાર કાર્યવાહી થઈ હતી.
- વર્ષ દરમ્યાન કચ્છનો ઇતિહાસ તૈયાર કરેલ છે. જેના વિમોચન માટે કાર્યવાહી થઈ રહી છે.

ઉપરોક્ત મુખ્ય કામગીરી સિવાય લાઈબ્રેરી, બાળ કલ્યાણ, સામાજિક સુરક્ષા, સાધર્મિક સહાય, લીગલ વિષયે, સભ્યપદ અને મેડિકલ કાર્ડ, ફંડ રેઈઝિંગ, કેન્ટીન, જનરલ ખરીદ, જમણવાર, બંધારણ, ગૃહ ઉદ્યોગ અને લોન ક્ષેત્રે અનેક નાની મોટી કામગીરી ચાલુ વર્ષ દરમ્યાન થઈ હતી.

સમાજના શિરમોર સમી ત્રિપુટી શ્રી સૂરજલાલ મોતીલાલ મહેતા, શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી અને શ્રી પોપટલાલ નેણશી ધરોડની કામગીરીને આપણે દર વર્ષે બિરદાવવાની હોય જ. દુર્ભાગ્યે શ્રી સૂરજલાલભાઈ હવે આપણી વચ્ચે નથી તેમજ શ્રી પોપટલાલભાઈ તેમની નાદુરસ્ત તબિયતના કારણે સમાજમાં નિયમિત રીતે આવી શકતા નથી. આ કારણે તેઓ બંનેની ખોટ ખૂબ સાલે તેમ છે. સૌથી વયસ્ક શ્રી મગનલાલભાઈ સંઘવી આજે પણ સંસ્થાની કાર્યવાહીમાં સક્રિય રસ લઈને કામગીરી કરી રહ્યા છે. તે જ રીતે સમાજના વડીલ શ્રી હીરજી પાસુભાઈ શાહ પણ સક્રિય રહીને આજે પણ જરૂરી માર્ગદર્શન સમાજને આપી રહ્યા છે તે આનંદની વાત છે.

વર્ષ દરમ્યાન આટલા બધા કાર્યક્રમો અને પ્રવૃત્તિઓમાં સહભાગી થયેલા દરેક સમિતિઓના સભ્યોનો અથાગ પ્રયત્ન કેમ ભૂલાશે? સર્વે સમિતિઓના ઉત્સાહિત કન્વીનરો અને સભ્યોનો આભાર. જેમની મહેનતથી દરેક કાર્યક્રમો સુંદર રીતે ઉજવાયા અને સમાજના સભ્યોને તેનો સર્વાંગી લાભ પ્રાપ્ત થયો. વિવિધ સમિતિઓની રચના થકી સમાજના ઘણા સભ્યો આ પ્રકારની સેવાકીય પ્રવૃત્તિઓમાં જોડાયા છે એન ખંતપૂર્વક વિવિધ ક્ષેત્રે મહેનત કરી રહ્યા છે, જે એક નોંધનીય અને ઉત્સાહપ્રેરક બાબત છે.

ઉપરોક્ત તમામ કામગીરીમાં સહકાર આપવા બદલ ત્રણે ભવનના તમામ સ્ટાફ સભ્યોનો પણ આભાર.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## શ્રી ગુણવંત શાહની ઉત્તમ વિચારસરણી

ગુણવંત શાહે વર્ષ ૧૯૯૨માં સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી હતી. પાંચ વર્ષ થવા છતાં તેમનું પેન્શન મંજૂર થયું ન હતું. તેમણે શિક્ષણ નિયામકની કચેરીને એક પત્ર લખ્યો હતો. (અન્ય નાગરિકો આ પ્રકારનો પત્ર લખી શકે ખરા?) ગુણવંત શાહે લખ્યું :

“પ્રામાણિક માણસને માનવતામાંથી શ્રદ્ધા ઊઠી જાય એવા વિલંબ માટે આપની ઓફિસ જાણીતી છે. યાદ રાખજો કે આપ પણ ક્યારેક નિવૃત્ત થવાના જ છો અને પેન્શન પામવાના છો એ વાત ખ્યાલમાં રાખીને આ પત્ર પર પગલાં લેશો તો યોગ્ય ગણાશે.

પૂરતી લાગવગ હોવા છતાં તે ન વાપરવાની જીદને કારણે તથા લાંચ આપી શકું તેમ છું છતાં ન આપવાની ટેકને કારણે આ વિલંબ થતો હોય તો એ મને કબૂલ છે.”

***‘નયા માર્ગ’, તા. ૧-૬-૧૨***
***પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## જૂન / જુલાઈ - ૨૦૧૨

- **સોમવાર, તા. ૨-૭-૨૦૧૨**

કચ્છ યુવક સંઘ - થાણાના ઉપક્રમે 'ગડકરી રંગાયતન' - થાણામાં ભજવવામાં આવેલ કચ્છી નાટક 'જિન્ધગી જલસો ભને વઈ'માં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી અશોક મહેતા, અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહેલ હતા. સાથે અન્ય અતિથિ વિશેષ તરીકે શ્રી પ્રકાશભાઈ તલકશી સાવલા (થાણા - ભુજપુર) તથા શ્રી નરોત્તમભાઈ હીરજી જમ્બુઆણી (થાણા - દોલતપર) પણ ઉપસ્થિત રહેલ હતા.

★

આજરોજ થાણા ખાતે શ્રી દીપકભાઈ ભેદાને શ્રી અશોક મહેતા મળેલ હતા અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાર્યક્રમો અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. એ સમયે છેડા સ્ટોર્સ - માટુંગા સ્થિત શ્રી યોગેશભાઈ છેડા તથા ઘાટકોપરના શ્રી પ્રભુભાઈ સંઘવી પણ ઉપસ્થિત રહેલ હતા.

- **મંગળવાર, તા. ૩-૭-૨૦૧૨**

આજરોજ મુંબઈ ખાતે શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીની રૂબરૂ મુલાકાત લેવામાં આવેલ હતી અને 'કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ', અમદાવાદ આવાસ યોજના વગેરે અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

- **શનિવાર, તા. ૭-૭-૨૦૧૨**

આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી કાંતિલાલભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા અને શ્રી મનુભાઈ શાહ અનૌપચારિક રીતે રૂબરૂ મળેલ હતા અને વર્ષ ૨૦૧૨-૨૦૧૩ના સમાજના કાર્યો વિષે રૂબરૂમાં ચર્ચા કરેલ હતી.

★

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલે જે ઇતિહાસ લખાવેલ છે તેના બંને ભાગ તૈયાર થઈ જતાં વિમોચનની આગળની કાર્યવાહી અંગે શ્રી મૂકેશભાઈ ઝવેરીને મોકલી આપવામાં આવેલ હતા.

- **રવિવાર, તા. ૮-૭-૨૦૧૨**

શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ દ્વારા 'કિંમત અને મૂલ્ય' વિષયે ૧૧ વર્ષ સુધીના બાળકોના વાલીઓ માટે એક પરિસંવાદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

- **મંગળવાર, તા. ૧૦-૭-૨૦૧૨**

આજરોજ શ્રી કે.કે. ગજ્જર શ્રી કચ્છી જૈન ભવન પર આવેલ હતા. તેમની સાથે બેસી, ત્રણે ભવનના ઈમ્પેક્ટની વિગતો તૈયાર કરેલ હતી. ઈમ્પેક્ટને લગતું મોટા ભાગનું ક્લેરીફિકેશન્સ સરકારશ્રી તથા મ્યુનિસિપાલિટી તરફથી આવી જતાં, વિવિધ ઈમ્પેક્ટ ફીની વિગતોના તારણ પર આવી શકાતું હોવાથી, જરૂરી ફોર્મ ભરીને તેને મ્યુનિ.માં રજૂ કરવા અંગે વિચારણા કરવામાં આવેલ હતી.

- **બુધવાર, તા. ૧૧-૭-૨૦૧૨**

આજરોજ શ્રી હસમુખભાઈ ખાંડવાલા, શ્રી પ્રતીકભાઈ ફડિયાને લઈને ભવન પર રૂબરૂ આવેલ હતા અને ભવનની ઈમ્પેક્ટની વિગતો અંગે તેમનું માર્ગદર્શન મેળવવામાં આવેલ હતું.

★

આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ રૂબરૂ મળી હવે પછી સમાજ તરફથી હાથ પર લેવામાં આવનાર વૃક્ષારોપણના કાર્યક્રમ બાબતે તથા મુંબઈના અતિથિ ભવનના પ્રશ્ને રૂબરૂમાં વિગતવાર ચર્ચા કરેલ હતી.

- **ગુરુવાર, તા. ૧૨-૭-૨૦૧૨**

આજરોજ સવારના ભાગે પાપા ટ્રસ્ટવાળા શ્રી સિદ્ધાર્થભાઈ તથા શ્રી હેમાંગભાઈ શ્રી કચ્છી જૈન ભવન પર રૂબરૂ આવેલ હતા. (તેઓ બંને સહજાનંદ કૉલેજમાં પ્રોફેસર્સ છે.) તેઓએ એક વર્ષ અગાઉ અમદાવાદમાં વૃક્ષારોપણની કાર્યવાહી શરૂ કરી દીધેલ હોવાથી તેઓની સાથે વૃક્ષારોપણ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને અમદાવાદ ખાતેના વૃક્ષારોપણમાં તેઓની વોલન્ટિયર ટીમ સહિતનો સારો સહયોગ મળી રહેશે તેવું તેમણે જણાવેલ હતું. પર્યાવરણને નુકસાન થાય તેવી પ્લાસ્ટિકની થેલીઓના બદલે કાગળની થેલીઓ બનાવડાવી તેના વિના મૂલ્યે વિતરણ અંગેની પણ ચર્ચા કરવામાં આવેલ હતી. આ સમાજ તરફથી તેઓની આ પ્રવૃત્તિઓમાં સહકાર આપવાની ઈચ્છા વ્યક્ત કરવામાં આવેલ હતી. તેના પ્રથમ કાર્ય તરીકે આ સમાજ ઘરે ઘરેથી છાપાની પસ્તીઓ એકત્રિત કરે તેવું નક્કી કરવામાં આવેલ હતું. આ મિટિંગમાં સમાજ તરફથી શ્રી અશોકભાઈ મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા ઉપસ્થિત રહેલ હતા.

- **શુક્રવાર, તા. ૧૩-૭-૨૦૧૨**

ગુરૂકુળ પાસે આ સીઝનમાં શરૂ થયેલ ખારેક બજારની મુલાકાત શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી નવીનભાઈ હરિયાએ લીધેલ હતી. મોટાભાગના સ્ટોલો ભુજપુરના ગઢવીઓના હતા. બે-ત્રણ સ્થળની ખારેક સિવાય મોટાભાગની ખારેક ચાલુ વિભાગની હતી. કચ્છમાં જે ખારેકના રૂા. ૫૦/-

*ધર્મ એટલે કોઈપણ જીવને કોઈ પણ પ્રકારે સુખ આપવું તે, અને કોઈ પણ જીવને કોઈ પણ પ્રકારે દુઃખ આપવું તે અધર્મ.*

કિલો ભાવ ચાલતા હોય તે અત્રે રૂા. ૧૦૦/- કિલો વેચાઈ રહેલ હતી. નવનીત પબ્લિકેશન્સના શ્રી છોટુભાઈ ગાલાએ આ પ્રવૃત્તિમાં સારો રસ દાખવી અનેક સ્થળોએ પત્રો લખી, આ ખારેક મેળાની મુલાકાત લઈ, આ ખેડૂતોને ઉત્તેજન આપવા જણાવેલ હતું.

★

આજે રાત્રે શ્રી હીરેન કે. શાહ, શ્રી નવીનભાઈ લાલકા, શ્રી સંદીપ મહેતા તથા ડૉ. કેતન શાહ શ્રી કચ્છી જૈન ભવન પર એકત્રિત થયેલ હતા અને સંસ્થાના સુવર્ણ જયંતી વર્ષમાં ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિની ખાલી પડેલી સીટો માટે ચૂંટણી ન થાય પરંતુ સમજાવટથી કેટલાક લોકો પોતાની ઉમેદવારી પાછી ખેંચી લે તે અંગે હકારાત્મક વાતાવરણમાં યોગ્ય ચર્ચાઓ કરેલ હતી. તેઓએ રાત્રે જ પોતાની કાર્યવાહી અંગેનો સંસ્થાના પ્રમુખશ્રીને રીપોર્ટ આપેલ હતો.

- **શનિવાર, તા. ૧૪-૭-૨૦૧૨**

રાપર પાંજરાપોળના પ્રમુખ શ્રી વેલજી ઈંદરજી મહેતાને તાજેતરમાં જ ઈન્ડિયન કાઉન્સિલ ઑફ સોશિયલ વેલફેર દ્વારા ગ્લોરી ઑફ ગુજરાતનો ઍવોર્ડ મળતા, તેમને સન્માનવા શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન દ્વારા આજરોજ ભુજ ખાતે એક કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમનું અધ્યક્ષસ્થાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ શ્રી અશોક મહેતાએ સંભાળેલ હતું. આ કાર્યક્રમમાં કચ્છની અનેક પાંજરાપોળોના અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. લગભગ ૨૦૦ની સંખ્યા ઉપસ્થિતશ્રીઓની રહેવા પામેલ હતી.

★

ઉપરોક્ત કાર્યક્રમ બાદ કોટી વૃક્ષ અભિયાનના શ્રી એલ.ડી. શાહ, કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠનના પ્રમુખ શ્રી વશનજીભાઈ સોની, સંગઠનના ખજાનચી શ્રી નવીનભાઈ નેમચંદ મહેતા, શ્રી ધીરજભાઈ છેડા, શ્રી હીરાલાલભાઈ ઉનડોઠવાલા તથા સરકારી અધિકારીશ્રી પટેલ સાથે શ્રી અશોકભાઈ મહેતાએ વૃક્ષારોપણ અંગે જરૂરી ચર્ચા કરેલ હતી અને કચ્છના જુદા જુદા ત્રણેક ગામોમાં આ કાર્યવાહી હાથ પર લઈ શકાશે તેવું તારણ કાઢવામાં આવેલ હતું.

★

આજરોજ શ્રી તારાચંદભાઈ છેડાનો ૬૨મો જન્મ દિવસ હોવાથી તેમના ભુજ ખાતેના અભિવાદન સમારોહમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી શ્રી અશોકભાઈ મહેતાએ હાજરી આપેલ હતી.

★

આજરોજ ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કાંતિલાલભાઈ સાવલા તથા શ્રી પ્રતાપભાઈ દંડ મુંબઈના અતિથિ ભવનના પ્રશ્ને ચર્ચા કરવા મુંબઈ ગયેલ હતા.

- **રવિવાર, તા. ૧૫-૭-૨૦૧૨**

આજરોજ સવારમાં ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કાંતિભાઈ સાવલા તથા શ્રી પ્રતાપભાઈ દંડ અતિથિ ભવનના બિલ્ડર શ્રી પૂનમચંદ નેણશી બાબરિયા તથા શ્રી પારસભાઈ બાબરિયાને મળી આ પ્રશ્નની છેલ્લામાં છેલ્લી માહિતી મેળવેલ હતી. તેઓ સાથે એગ્રીમેન્ટ અંગે પણ ચર્ચા કરવામાં આવેલ હતી.

★

મુંબઈ ગયેલ ટીમ બપોરના બે વાગે મિડાઝ ટાવરમાં મળેલ મિટિંગમાં ઉપસ્થિત રહેલ હતી. ત્યાં મિડાઝ ટાવરના એસોસિએશનના અધિકારીશ્રીઓ, શ્રી અસીતભાઈ દોશી, શ્રી પારસભાઈ બાબરિયા વગેરે ઉપસ્થિત રહેલ હતા. એસ.આર.એ.માં ભરવાપાત્ર રકમ અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. આ બાબતે બંને બિલ્ડર એકત્રિત થઈને લેખિતમાં પ્રપોઝલ મોકલી આપે તેવું તેઓને જણાવવામાં આવેલ હતું.

★

મુંબઈ ગયેલ ટીમે શ્રી વલ્લજીભાઈ ગડાની રૂબરૂ મુલાકાત લીધેલ હતી. તેઓ સાથે વૃક્ષારોપણ અંગે પણ વિગતે ચર્ચા કરવામાં આવેલ હતી.

★

સમાજ સંચાલિત મેડિકલ સેન્ટર દ્વારા શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે જનરલ સ્વાસ્થ્ય કેમ્પનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. ડાયાબિટીસ, થાઈરોઈડ, લૉ-હિમોગ્લોબીનની તકલીફવાળા, વિટામિન 'બી-૧૨' અને 'ડી'ની ઉણપવાળા દર્દીઓને તેમજ 'બીએમડી' વગેરેનું નિઃશુલ્ક નિદાન કરીને નિષ્ણાત ડૉક્ટરો દ્વારા યોગ્ય સારવાર માટે દર્દીઓને ભલામણ કરવામાં આવી હતી. કેમ્પ માટે કુલ ૨૩૭ વ્યક્તિઓએ રજિસ્ટ્રેશન કરાવેલ હતું. ડાયાબિટીસ માટે રેન્ડમ બ્લડ સુગર ટેસ્ટ અને હાડકાંની ઘનતાનો બી.એમ.ડી. પરીક્ષણ નિઃશુલ્ક કરી આપવામાં આવ્યા હતા.

- **સોમવાર, તા. ૧૬-૭-૨૦૧૨**

આજરોજ શ્રી કાંતિલાલભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ પ્રથમ શ્રી જગશીભાઈ છેડાની અને ત્યારબાદ નવનીતમાં શ્રી ડુંગરશીભાઈ ગાલાની રૂબરૂ મુલાકાત લીધેલ હતી અને અનેકવિધ બાબતે ચર્ચા કરેલ હતી.

★

ઉપરોક્ત ટીમે આજે સાંજના આપણા સોલીસીટર શ્રી શશાંકભાઈની ઓફિસમાં શ્રી શશાંકભાઈ તથા શ્રી પારસ બાબરિયા સાથે મિટિંગ કરેલ હતી અને મુંબઈના સૂચિત અતિથિ ભવનના એગ્રીમેન્ટની ટર્મ્સ વિષે ચર્ચા વિચારણા કરેલ હતી.

- **મંગળવાર, તા. ૧૭-૭-૨૦૧૨**

ટ્રસ્ટ મંડળના માનદ્ ગ્રુપની બે સીટ માટે ૪ ઉમેદવારી પત્રો આવેલ હતા.તેમાંથી બે સભ્યોએ આજે પોતાની

*આ જગતમાં 'નમ્ર' થજો, પણ 'દીન' તો ક્યારેય ના થતા.*

ઉમેદવારી પાછી ખેંચી લેતા તા. ૨૨-૭-૧૨ની વાર્ષિક સામાન્ય સભામાં આ ગ્રૂપની ચૂંટણી નિવારી શકાઈ હતી. એજ રીતે કારોબારી સમિતિની ખાલી પડતી ૬ સીટ માટે ૧૬ ઉમેદવારી પત્રો આવેલ હતા. તેમાંથી બે સભ્યોએ અગાઉ જ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી અને બાકી રહેતા ૮ ઉમેદવારોએ આજે ઉમેદવારી પાછી ખેંચી લેતા (લેખિતમાં ચૂંટણી પંચને જાણ કરતાં) હવે ૬ સીટ માટે માત્ર છ ઉમેદવારો રહેતા કારોબારી સમિતિની ચૂંટણી પણ નિવારી શકાયેલ હતી. સંસ્થાના સુવર્ણ જયંતી વર્ષમાં ચૂંટણી ના થાય અને સભ્યોમાં એકરાગતા ખૂબ જ સારી રીતે જળવાઈ રહે એ ભાવનાથી જે જે સભ્યોએ આ માટે જરૂરી કાર્યવાહી કરેલ હતી, તે સભ્યોની ઈચ્છા આજરોજ પરિપૂર્ણ થયેલ હતી.

★

આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી કૈલાસદાન ગઢવી તથા શ્રી સુરેશ મહેતા રૂબરૂ મળેલ હતા અને કચ્છની વિવિધ બાબતે ચર્ચા કરેલ હતી.

- **બુધવાર, તા. ૧૮-૭-૨૦૧૨**

આજરોજ કચ્છથી શ્રી અમૂલ દેઢિયા તથા શ્રી પંકજ મહેતા ભવન પર રૂબરૂ આવેલ હતા. તેમની સાથે શ્રી અશોક મહેતા તથા શ્રી કાંતિભાઈ સાવલાએ વિવિધ બાબતો અંગે ચર્ચા કરેલ હતી.

- **ગુરૂવાર, તા. ૧૯-૭-૨૦૧૨**

આજરોજ ભવન પર શ્રી પંકજ મગનલાલ દેઢિયા રૂબરૂ આવેલ હતા. ત્રણે ભવન પર ઈલેક્ટ્રિક વપરાશનું બીલ કઈ રીતે ઓછું આવે તે અંગેની ચર્ચા તેમની સાથે શ્રી અશોક મહેતા તથા શ્રી પરાશર વ્યાસે કરેલ હતી. આ માટે સી.એફ.એલ. ટ્યુબ / બલ્બ વાપરવાની કાર્યવાહી હાથ પર લેવાનું નક્કી કરવામાં આવેલ હતું.

★

શ્રી પંકજભાઈ મગનલાલ દેઢિયાએ સમાજની વૃક્ષારોપણ પ્રવૃત્તિ માટે ૫ (પાંચ) વૃક્ષ માટેનું અનુદાન પણ લખાવેલ હતું.

★

સમાજ સંચાલિત મેડિકલ સેન્ટરના અલગ અલગ વિભાગોની જરૂરિયાત અર્થે શ્રી કાંતિલાલભાઈ સાવલા, ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા, ડૉ. હિતેન્દ્રભાઈ શાહ, શ્રી અશ્વિનભાઈ સાવલા તેમજ શ્રીમતી હાસ્યલતાબહેન મહેતાએ જનરલ ફિઝિશિયન, ન્યૂરો સર્જન, ડેન્ટીસ્ટ વગેરે માટે ૨૪ જેટલા ડૉક્ટર ઉમેદવારોના ઈન્ટરવ્યૂ લીધા હતા.

- **શનિવાર, તા. ૨૧-૭-૨૦૧૨**

વર્ષ ૨૦૧૨-૨૦૧૩ના ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિમાં ઉમેદવારી નોંધાવ્યા બાદ, સમજાવટના કારણે જેઓએ ઉમેદવારી પાછી ખેંચી લીધી તેવા ૧૨ સભ્યો સાથે સમાજના જરૂરી સેવાકીય કાર્યોની ચર્ચા કરવા માટે ભવન પર આમંત્રિત કરવામાં આવ્યા હતા. એ સમયે હોદ્દેદારો શ્રી અશોક મહેતા, શ્રી કાંતિલાલભાઈ સાવલા તથા શ્રી પ્રતાપ નારાણજી દંડ ઉપસ્થિત રહેલ હતા. જ્યારે જેઓએ ઉમેદવારી પાછી ખેંચી લીધી તેમાંથી શ્રી કલ્યાણજીભાઈ સાવલા, શ્રી પીયૂષ રવિલાલ પારેખ, શ્રી દિનેશ જગજીવન શાહ, શ્રી સંદીપ મહેતા, ડૉ. કેતન શાહ, શ્રી રાજેશ ધરમશી, શ્રી પીયૂષ સાવલા તથા શ્રી નિરંજન મૈશેરી ઉપસ્થિત રહેલ હતા. સમાજની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓની ચર્ચા કરવામાં આવેલ હતી. વિવિધ સમિતિઓની પણ ચર્ચા કરવામાં આવેલ હતી. ઉપસ્થિત સહુએ પોતાને અનુરૂપ હોય તેવી સમિતિઓમાં રહી સેવાના કાર્યો કરવાનું ચાલુ રાખશે તેવું જણાવેલ હતું.

- **રવિવાર, તા. ૨૨-૭-૨૦૧૨**

આજરોજ સવારના ભાગે શ્રી કચ્છી જૈન ભવન પર સમાજની વાર્ષિક સામાન્ય સભા મળેલ હતી. આ સમયે ૮૦થી વધુ સભ્યો ઉપસ્થિત રહેલ હતા. આ મિટિંગમાં ગત મિટિંગની મિનિટનું વાંચન, ત્યારબાદ વર્ષ ૨૦૧૨-૨૦૧૩ માટેના સભ્યોની બિનહરીફ વરણી, વર્ષ ૨૦૧૧-૨૦૧૨ના હિસાબોની રજૂઆત, વર્ષ ૨૦૧૨-૨૦૧૩ માટે ઓડિટરશ્રીની નિમણૂક વગેરે એજન્ડાની વિગતો રજૂ કરવામાં આવી હતી અને તે અંગે જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

★

આજરોજ વાર્ષિક સામાન્ય સભા બાદ બપોરના સમયે વર્ષ ૨૦૧૨-૨૦૧૩ માટેના ટ્રસ્ટ મંડળની પ્રથમ મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. આ મિટિંગમાં ગત મિટિંગની મિનિટનું વાંચન, વર્ષ ૨૦૧૨-૨૦૧૩ માટે બે કો-ઓપ્ટ ટ્રસ્ટીશ્રીઓની વરણી, મેનેજિંગ ટ્રસ્ટીની વરણી તથા કારોબારી સમિતિમાં મોકલવા માટે ૬ ટ્રસ્ટીઓની વરણી કરવામાં આવેલ હતી.

★

આજરોજ ટ્રસ્ટ મંડળની મિટિંગ બાદ વર્ષ ૨૦૧૨-૨૦૧૩ માટેની કારોબારી સમિતિની પ્રથમ મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. આ સભામાં ગત મિટિંગની મિનિટનું વાંચન, બે કો-ઓપ્ટ સભ્યોની વરણી, બે આમંત્રિત સભ્યોની વરણી કરવામાં આવી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૧૨-૨૦૧૩ માટે પ્રથમ ઉપપ્રમુખ, દ્વિતીય ઉપપ્રમુખ, માનદ્ મંત્રી, સહમંત્રી, ખજાનચી તથા સહ ખજાનચીની વરણી કરવામાં આવેલ હતી.

★

આજરોજ કારોબારી સમિતિની મિટિંગ બાદ વર્ષ ૨૦૧૨-૨૦૧૩ની કેટલીક પ્રવૃત્તિઓની ચર્ચા કરવા ભવન પર શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી મનુભાઈ શાહ, શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી હીરેન શાહ, શ્રી નવીન લાલકા, શ્રી વિમેશ શાહ, શ્રી પંકજ ગોગરી તથા શ્રી વિશાલ શાહ એકત્રિત થયા હતા અને તેઓએ કેટલીક પ્રવૃત્તિઓ અંગે વિગતવાર ચર્ચા કરેલ હતી.

★

*માણસ કપડાંથી નથી શોભતો પણ વાણી, વર્તન અને કર્મની સુગંધથી શોભે છે.*

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી મહોત્સવનો ચતુર્થ કાર્યક્રમ કચ્છી નાટક “જિન્ધગી જલસો ભને વઈ” ટાગોર હોલ ખાતે આજે ભજવવામાં આવ્યો હતો. કચ્છ યુવક સંઘ નિર્મિત તથા શ્રી વસંત મારૂ અને શ્રી વિનય ગાલા દિગ્દર્શિત આ નાટક ખૂબજ ઉત્કૃષ્ટ કક્ષાનું સામાજિક નાટક રહેવા પામેલ હતું. નાટકના કલાકારોની ભૂમિકા કાબિલેદાદ હતી. ઉપસ્થિત સહુને આ નાટક માણવાની ખૂબ જ મજા પડી ગયેલ હતી. ટાગોર હોલ કચ્છી પ્રેક્ષકોથી ખીચોખીચ ભરાયેલ હતો. આ પ્રસંગે મુંબઈથી યુવક સંઘના અગ્રણી શ્રી કોમલ છેડા, યુવક સંઘના પ્રમુખ શ્રી જયંત શેઠિયા તથા શ્રી ભરત કારાણી ખાસ ઉપસ્થિત રહેલ હતા. ■

## ઊડતી નજરે....

### જૂન-૨૦૧૨ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>કે જેમાંથી – | ૯,૩૦૬ |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ........ ૪૫૪ | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ........ ૧૧૦ | |
| | (ખ) | મોતિયા - આંખનાં ઑપરેશન ........ ૧૬ | |
| | (ગ) | સોનોગ્રાફી ........ ૮૧૦ | |
| | (ઘ) | ટી.એમ.ટી. ........ ૨૫ | |
| | (ચ) | બોડી ચેક-અપ ........ ૩૦૨ | |
| | (છ) | અન્ય ........ ૭,૫૮૯ | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ ૧,૮૮૯<br>શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં લાભ લેનાર અન્ય વ્યક્તિઓ... ૪,૧૭૪<br>શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર વ્યક્તિઓ ........<br>કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ ........ ૧૧૦૪ | ૭,૧૬૭ |
| ૩. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન,<br>પાલડી, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ ૧,૦૩૮<br>શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ........ ૩,૩૮૪ | ૪,૪૨૨ |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ ૬૭૩ | ૬૭૩ |
| | | જૂન - ૨૦૧૨ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ........ | ૨૧,૫૬૮ |

*હિંસા કોની કરશો? જીવમાત્રમાં પરમાત્મા છે. કોને દુઃખ દેશો?*